

હ.ભ.પ. સંતકવિ શ્રી દાસગણૂ મહારાજ કૃત

# ॥ શ્રી ગજાનન વિજય ॥



▲ 'શ્રી'ની પાલખી



▲ શિવ મંદીર



▲ શ્રી વિઠ્ઠલ સંતોની સાથે

હ.ભ.પ. સંતકવિ શ્રી દાસગણૂ મહારાજ કૃત

# ॥ શ્રી ગજાનન મહારાજ વિજય ગ્રંથ: પ્રારંભ ॥

ગુજરાતી અનુવાદ

**પ્રકાશક**
શ્રી શિવશંકર સુકદેવ પાટીલ
વ્યવસ્થાપકીય વિશ્વસ્ત
શ્રી ગજાનન મહારાજ સંસ્થાન, શેગાંવ (મધ્ય રેલ્વે)
જિ.બુલડાણા - ૪૪૪૨૦૩, મહારાષ્ટ્ર.

**મુદ્રક**
શ્રી. વિ.ના.ભંડારે
સ્વાનંદ પ્રિંટર્સ
૧૨૦૪/૨૪ ડેક્કન જિમખાના,
પુણે ૪૧૧૦૦૪


ગુજરાતી ગ્રંથ અનુવાદ - શ્રી મહેન્દ્રભાઈ જમીયતરામ જોષી, વડોદરા.

પ્રકાશન : પ્રથમ આવૃત્તિ, ભાદરવા સુદ ૫ (ઋષી પંચમી) શકે ૧૯૦૬ ગુરુવાર તા.૩૦ ઑગસ્ટ ૧૯૮૪, પ્રતી : ૫૦૦૦
બીજી આવૃત્તિ, મહા વદ (શ્રીનો પ્રાગટ્ય દિન) શકે ૧૯૧૯ બુધવાર તા.૧૮ ફેબ્રુઆરી ૧૯૯૮, પ્રતી : ૫૦૦૦
તૃત્તીય આવૃત્તિ, ચૈત્ર સુદ ૯ (શ્રીરામ નવમી) શકે ૧૯૩૨, બુધવાર તા.૨૪ માર્ચ ૨૦૧૦, પ્રતી : ૫૦૦૦
ચતુર્થ આવૃત્તિ : ભાદ્રપદ શુ.૫ (ઋષીપંચમી) શકે ૧૯૩૯ શનિવાર તા.૨૬ ઑગસ્ટ ૨૦૧૭, પ્રતી : ૨૦૦૦


આ ગ્રંથના સર્વ શ્રી ગજાનન મહારાજ સંસ્થાન, શેગાંવ (મહારાષ્ટ્ર)ને સ્વાધીન રહેશે.



શ્રી ગજાનન મહારાજ શેગાંવ







શ્રી ગજાનન મહારાજ એઠાં પતરાળામાં બચેલાં ચોખાના દાણા ખાઈ રહ્યા છે.

## અધ્યાય - પહેલો

શ્રી ગુણેશાય નમઃ, હે ગૌરીપુત્ર ગણેશ, મોરનું વાહન જેનું છે તેવા હે કાર્તિક સ્વામી, આપ સર્વને અમારા વંદન. દરેક કાર્યમાં પ્રથમ મોટા મોટા સંતપુરુષો વિદ્વાનો આપનું સ્મરણ કર્યા વગર આગળ વધી શકતા નથી, કેમકે જ્યારે આપની કૃપા થાય છે ત્યારે જેમ અગ્નિ કપાસને સ્પર્શતાં કપાસ ભસ્મ થઈ જાય છે તેમ આપની કૃપાથી દરેક જાતની મોટામાં મોટી ઉપાધિઓ દૂર થાય છે. અને તેથી જ હું પણ આપને નમ્ર થઈ હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું કે આપ મને આ ગુજરાતી અનુવાદ કરવામાં તેમજ સુંદર વાક્યરચના કરવા માટે (તેમજ હિન્દી ઉપરથી સારામાં સારું ગુજરાતી બની શકે તેવી આપ) મને શક્તિ આપો (જેથી મારા મનની પંગુતા દૂર થાય). હું પોતે બુદ્ધિહીન છું. મારી બુદ્ધિ મંદ છે, મારામાં કવિત્વ નથી તો હે પ્રભુ, જો આપ મારા ઉપર આશીર્વાદ વરસાવશો તો આ લખવાનું કાર્ય સફલ થશે. અને માતા સરસ્વતી કે જે બ્રહ્માના પુત્રી રૂપે માનવામાં આવે છે, અને લખાણ લખવામાં લેખકની ધ્યેયમૂર્તિ છો એવા કુમારી શારદાજીને પણ હું સાષ્ટાંગ નમસ્કાર કરું છું. હું તો આપનો બાળક છું. મારી લાજ અને કાજ તમારા હાથમાં છે. જે ચઢી ના શકાય તેવો ઊંચો ખાડા ટેકરા વાળો પહાડ પણ આપની કૃપાથી લૂલો ચઢી શકે છે. મૂંગો આપની કૃપા થતાં બોલી શકે છે. એવો આપનો મહિમા છે. એ મહિમાને લાંછન ન લાગે માટે દાસગણૂના હસ્તે લખાયેલ મરાઠીના ઉપરથી હિન્દી થયેલ, (અને હિન્દી ઉપરથી ગુજરાતી)અનુવાદ કરવામાં આપ મદદ કરો. હવે હે પુરાણોમાં મહાન, હે પંઢરપૂરના વાસી, હે સચ્ચિદાનંદ સ્વરૂપ, હે દીનના બેલી, દીનાનાથઆપની પણ હું ક્ષમા માગું છું. આપ ચર અને અચરમાં વ્યાપેલા છો, કર્તા, હર્તા તમે છો. એટલું જ નહિ, પણ સર્વ આપજ છો. તમે પૃથ્વી ઉપર, મનુષ્યમાં સર્વવ્યાપક છો, આપ સગુણ, નિર્ગુણના જુદા જુદા રૂપે છો, આપનો અગાધ મહિમા મોટા મોટા મહાન પુરુષો પણ જાણી શક્યા નથી. તો આ આપનો બાળક, આ દાસગણૂ વિરચિત ગજાનન વિજયગ્રંથનો ગુજરાતી અનુવાદ કેવી રીતે કરી શકશે? પરંતુ રામની કૃપાથી વાનર, કૃષ્ણકૃપાથી ગોવાળિયા બળવાન બની ગયા, તેમ હે પરમાત્મા આપની કૃપા માટે તો ધન, દોલતની પણ જરૂર નથી, જે ખરા અંતરના પ્રેમથી આપના શરણમાં આવે છે, તેના ઉપર જરૂર આપની કૃપા થાય છે જ, તે સંત મહાત્મા ખુલ્લે ખુલ્લું જ કહી ગયા છે. અનેએ જ વિશ્વાસથી તો હું આપને દ્વાર, આપના ચરણમાં આવ્યો છું.

હે રમાવર, હવે આપ મારા ઉપર કૃપા કરો. હે પ્રભુ મને કશુંયે આપ્યા વગર ખાલી હાથે પાછો ના મોકલશો. હે પંઢરપુરના પંઢરીરાય, આ દાસગણૂના મરાઠી ઉપરથી હિન્દી અનુવાદ કરેલ છે તેનું ગુજરાતી સંત ચરિત્ર લખી રહ્યો છું તેમાં આપ સહાયભૂત થાઓ જેથી આ કાર્ય પરિપૂર્ણ થઈ શકે, હે ભવભવના સ્વામી હે ભવાનીવર, હે નીલકંઠ, હે ગંગાધર, ૐકારરૂપ ત્ર્યંબકેશ્વર આપનો કૃપા-હસ્ત મારા મસ્તક ઉપર મૂકો, અને સદાય આપનો હાથમારા ઉપર રહે તેમ હું ઈચ્છું છું આપની કૃપા થતાં જ યમરાજનો પણ ભય રહેતો નથી. પારસમણિનો સ્પર્શ થતાં લોખંડ પણ સોનુ બની જાય છે. આપની કૃપા પારસ છે. અને હું લોખંડ છું. જડ છું. તો હે પ્રભુ, મારા જેવા અભણ, અનાડી બાળક ઉપર આપ કૃપા જરૂર કરશો, આપની કૃપા વગર મને પાછો ના મોકલશો. જો આપની દરેક કૃપાના આધારે, આપ સર્વસ્વ હોવાથી આપની મારા ઉપર કૃપા કરવી તે તો ડાબા હાથની રમત છે, તો આપ મને આ ગુજરાતી અનુવાદ કરવામાં સરળ બને અને આ અનુવાદ કરવાનું કાર્ય સફળ બને તેવી આપ મને સહાયતા કરો. કોલ્હાપુરમાં બિરાજમાન જગતમાતા જગદંબા મારી કુલદેવતા છે. આ કાર્યમાં દરેક રીતે સફળતા મળે તેવી આશાએ હું આપના ચરણમાં નતમસ્તક છું. હે દુર્ગાભવાની દરેક રીતે આપ સર્વ ચર, અચરમાં વ્યાપેલ છો અને આપ આપનો વરદ હસ્ત દાસગણૂના મસ્તક ઉપર મૂકો અને સદાય આપની છત્રછાયા રહે તેવી મારી પ્રાર્થના છે. હવે ત્રિમૂર્તિ દત્તાત્રેયને વંદન કરીને પ્રાર્થના કરું છું કે આ ગજાનન ચરિત્રગાન કરવા માટે મને સ્ફૂર્તિ આપો. શાંડિલ્ય આદિ ઋષીશ્વર, વશિષ્ઠ, ગૌતમ, પરાશર તેમજ જગદ્‌ગુરુ જ્ઞાન આકાશના દિનમણિ શંકરાચાર્ય સર્વને હું પ્રણામ કરું છું. સંત મહાત્મા સર્વને સવિનય પ્રાર્થના છે કે દાસગણૂને સંતચરિત્ર લખવામાં મદદ કરશો. ગહિનીનાથ, નિવૃત્તિનાથજ્ઞાનેશ્વર મહારાજ અને તુકારામ મહારાજ આ ભવબન્ધનથી મુક્તિ અપાવવા વાળા છે. સાથે સાથે શ્રી સમર્થ રામદાસ સ્વામીજીને પણ મારા પ્રણામ છે. હે શિરડીના સાઈબાબા, પુણ્યવંત વામન શાસ્ત્રીજી આપ સર્વ દાસગણૂને અભયદાન આપો. આપ સર્વ સંતોની કૃપા થાય તો આ મારું કાર્ય સફળ બનશે દાસગણૂ તો આપનો નાનો બાળક છે. તેનાથી મુખા ના ફેરવશો. આપની સંપૂર્ણ મમતાને લીધે આ બાળકમાં બોલવાની શક્તિ પેદા થાય છે. આપની અને મારી સગાઈ તો મા અને બાળક જેવી છે. કલમથી અક્ષર ક્યારે




લખાય છે કે જ્યારે કોઈ લખનાર હોય, કલમની પાછળ આપ સૂત્રધારની જરૂરત છે જ. અને તેથી આપ સર્વ સંત મહાત્માઓને દાસગણૂની પ્રાર્થના છે કે, આપ સર્વ મારા સૂત્રધાર બનો. હે શ્રોતાગણ, સજાગ અને એકાગ્ર ચિત્તે આપ સંતકથા સાંભળશો કે જેથી આપ સર્વનું કલ્યાણ થાય. સંતમહાત્મા તો પૃથ્વીના દેવ છે. વૈરાગ્યના સાગર છે. અને આ નાશવંત દુનિયાથી મુક્તિ આપવામાં તેઓ આપણા ભોમિયા છે. સંતની ચરણરજથી તેમજ તેમના શરણમાં જે જાય છે તેનું સદાય કલ્યાણ થાય છે. સંતચરિત્ર, સંતમહિમા આપ સર્વ એકચિત્ત થઇને સાંભળો. આજ સુધી કોઈ પણ સંતે કોઈને ઘોખો આપ્યો નથી જ. સાધકને સારા કાર્યમાં, પરમાર્થ કાર્યમાં, જ્ઞાની, સંત મહાત્મા સાચું માર્ગદર્શન દેતાં, સાધકનું માનવજીવન ધન્ય બની જાય છે. જેમને સંતો, મહાત્માઓ ઉપર અતૂટ શ્રધ્ધા છે તેમના તો રૂકમણીવર સદાય ઋણી રહે છે, એટલા માટે શ્રોતાગણ, આપ સર્વ એકાગ્ર ચિત્ત રાખીને આ ગજાનન-ચરિત્ર સાંભળો. ભારતભૂમિ એક એવી મહાન પુણ્યભૂમિ છે કે ત્યાં ખાસ કરીને અનેક સંતમહાત્માઓએ જન્મ લીધો છે. આ સૌભાગ્ય જવલ્લે જ અન્ય બીજા દેશોને મળ્યું હશે. એટલા માટે તો આ ભારત ભૂમિનો એક ખંડ એવો છે કે ત્યાં સુવર્ણ ધુમાડો નીકળતો અને તેનું પણ કારણ હોઈ શકે કે અનાદિ કાળથી સંતોની સહાય, સંતચરણ રજ લાગલગાટ આ ભૂમિને પાવન કરતી આવી રહી છે. નારદ, ધ્રુવ યા ધ્રુવકુમાર, ઉદ્ધવ, સુદામા, સુભદ્રાવર મહાબલી અંજનીકુમાર અજાત શત્રુ, ધર્મરાજ, અને સાધકના આધ્યાત્મિક વિદ્યાના મેરુપર્વત જે માનવામાં આવે છે તેવા જગદગુરુશ્રી શંકરાચાર્યનો જન્મ પણ આ ભૂમિ પર જ થયો છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં માધવાચાર્યે વલ્લભાચાર્યે અને રામાનુજાચાર્યે પણ ભારતનું ગૌરવ વધાર્યું છે. નરસિંહ મહેતા, તુલસીદાસ, કબીર, કમાલ, સુરદાસ ગૌરાંગપ્રભુ એ સર્વોએ આ પુણ્યભૂમિ ઉપર જન્મ લઈ જે લીલાઓ કરી છે તેનું વર્ણન કોણ કેટલું કરી શકે ? રાજકન્યા મીરાબાઈના ભક્તિમાર્ગનું વર્ણન તો સામાન્ય બુદ્ધિ માર્ગથી થઈ શકે એમ પણ નથી. શેષશાયી એટલે કે નાગની શૈયા ઉપર શયન કરનાર વિષ્ણુ ભગવાને તો પોતે તેનું ઝેર પીને બચાવી લીધેલ હતા. ગોરખનાથ, મછંદર અને જાલંદરનાથને તો યોગેશ્વર માનવામાં આવે છે. તેમણે જે નરલીલાઓ કરી તેનું વર્ણન નવનાથભક્તિસાર માં શબ્દેશબ્દમાં થઈ ગયું છે. બીજાઓએ જેમણે સાધનામાર્ગ

વગર ફક્ત ભગવાનની ભક્તિ કરીને ભગવાનને પ્રાપ્ત કર્યા તેમાંના નામદેવ નરસિંહ, સુનાર, જનાબાઈ, કાન્હોપાત્ર, સંત સકુબાઈ, ચોખામહાર, સાવતામાળી, કુર્મદાસ દામાજીપંત વિગેરે મુખ્ય છે. દામાજીપંત માટે તો પ્રભુએ મહારજ બનીને રાજદરબાર પહોંચી  તેમનું દેવું યુક્તે કરી આપેલુ અને સંકટ ટાળ્યું હતું, શ્રી કવિ મહિપતિજીએ તો મુકુંદરાજ, જનાર્દન બોધલા નિકટ નિરંજન વિગેરે સંતોની ચરિત્રગાથા કરી છે. વધારે જાણકારી માટે ભક્તિ-વિજય ભક્તમાલા નામનો ગ્રંથઅવશ્ય વાચવો. ત્યારપછી જે સંતમહાત્માઓ થઈ ગયા તે સારાંશરૂપે મેં ત્રણ ગ્રંથોમાં લખેલ છે. આગળ જે સંતોનો મહિમા કહ્યો તેમની સરખામણીમાં સંતશ્રી પૂજ્ય ગજાનન મહારાજ પણ છે. સંતોનો પ્રભાવ હંમેશા પ્રજાના માનસ પર અવિરત વહ્યા જ કરે છે. મને મારા પૂર્વના પુણ્યને લીધે શ્રી ગજાનન મહારાજનું ચરિત્ર લખવાનું તેમની ગાથા ગાવાનું પુણ્ય પ્રાપ્ત થયું. શ્રી ગજાનન મહારાજ નું પ્રથમ દર્શન મને અકોટ ગામમાં જ થયું હતું. જેમ માળાના મણકા દોરામાં પ્રથમ પરોવીને જ છેલ્લે પરોવાય છે. તેવી સ્થિતિ આ ચરિત્ર ગાનમાં થઈ છે. વિદર્ભમાં વરાડ પ્રાંતમા ખામગાંવની નજીક જ એક શેગાંવ નામનું ગામડું છે. આમ તો આ એક નાનકડું ગામડું છે. પરંતુ એક ઓલિયાની રહેણીકરણીથી તેનો મહિમા ચારે તરફ ફેલાઈ ગયો છે. શેગાંવરૂપી તળાવમાં ગજાનનરૂપી કમળ ખીલ્યું હતું. તેની સુવાસ ટૂંકા સમયમાં જ  ચારે તરફ પ્રસરી ગઈ. ગજાનન મહારાજે લીલાઓ કરી છે તેનું હું મારી ટૂંકી બુદ્ધિથી આપની સમક્ષ ગાન કરવા ચાહું છું. ગજાનન મહારાજના ચરણકમળમાં શ્રધ્દા રાખી આપ જો સાંભળશો અથવા તો સંભળાવશો તો પણ આપનો ઉદ્ધાર થઈ જશે. માનો કે ગજાનનચરિત્ર એક મેઘ છે અને સાંભળવાવાળા મોર છે. ગજાનનચરિત્રરૂપી વર્ષા થવાથી સાંભળનારના મન એકદમ જ ઉછળવાકુદવા લાગી જશે. શેગાંવના રહેવાસી ખરેખર જ ભાગ્યવંત જ હશે જેથી તેમને સંતરત્ન ગજાનન મહારાજ મળ્યા છે. એવું કહેવાય છે કે જ્યારે અપાર પુણ્ય જે ગામમાં થાય છે ત્યારે ત્યાં સંતના ચરણની રજ તે ગામને પવિત્ર કરી મૂકે છે. ભગવાન કરતાં પણ તેમનો ભક્ત ઉત્તમ ગણાય છે, મહાન ગણાય છે તેમા જરાયે શંકાને સ્થાન નથી. કારતક માસમાં રામચંદ્ર પાટીલ પંઢરપૂર આવ્યા અને મને ગજાનન મહારાજનું ચરિત્ર લખવાનું કહ્યું. ગજાનનચરિત્ર લખવાની મારી ભાવના બહુ દિવસોથી હતી જ, પરંતુ મારા







દુર્ભાગ્યને લીધે તેમના સાંનિધ્યમાં રહેવાનું, સહવાસમાં રહેવાનું, સહવાસમાં રહેવાનો એક પણ અવસર મળ્યો જ નહિ. પરંતુ જ્યારે સારો સમય આવે છે ત્યારે કોઈના થકી પ્રભુકૃપા થઈ જાય છે અને તે ભાવના મહારાજશ્રીએ રામચંદ્ર પાટીલને મોકલીને પૂરી કરી દીધી. ગજાનન મહારાજ તો અત્યારના કાળમાં સંત ચૂડામણિ જ મનાય છે. મહારાજશ્રીનો જન્મ ક્યાં અને ક્યારે અને તે ક્યા ગામથી આવ્યા તેની જાણકારી કોઈને પણ નથી. ખરેખર જો બ્રહ્મને માણસે જાણ્યું છે તો આ વાત સમજી શકે? જ્યારે અસલ હીરો નજરે પડે છે ત્યારે માનવ તેના તેજમાં બીજું બધું જ ભૂલી જઈને આકર્ષાઈ જાય  ને અને ખરેખર ગજાનન મહારાજશ્રી માટે પણ એવું જ બન્યું. તે કોણ છે, અને ક્યાંથી  આવ્યા વિગેરે વાત જાણવા કોઈ પણ સમર્થ થયું જ નથી. તા. ૨૩-૨-૧૮૭૮ ને શકે ૧૮૦૦ મહા વદ સાતમને દિવસે અચાનક જ બાલ્યાવસ્થામાં શ્રીગજાનન મહારાજ પ્રગટ થયા. લોકોનું એવું કહેવું છે કે શ્રી ગજાનન મહારાજ સમર્થ રામદાસ સ્વામીજીનું મૂળ નિવાસ સ્થાન જે સજ્જનગઢ છે ત્યાંથી આવ્યા પરંતુ આ બધી વાતોના સારાંશમાં કોઈ પણ નક્કી કહી શકતું જ નથી. પરંતુ આ બધી સાંભળેલી વાતમાં જરૂર કાંઈ તથ્ય હશે જ. તે સમયે લોકો પોતાના આચારવિચાર ભૂલી વિવેક વગરના થઈ ગયા હતા અનેક જાતના સંકટ આપત્તિઓનો સામનો કરી રહ્યા હતા. લોકોની, પ્રજાની આવી કફોડી હાલત જોઈ પરમકૃપાળુ પરમાત્માએ શ્રી ગજાનન રૂપમાં જન્મ લીધો હશે. લોકકલ્યાણર્થે પ્રભુ ધરતી ઉપર ગમે તે સ્વરૂપે પ્રગટ થાય છે. ગોરખનાથે બહાર ફેંકેલા કચરામાં જન્મ લીધો હતો. કાનીફનાથનો જન્મ કાનમાંથી થયો હતો. ચાંગદેવનો જન્મ નારાયણના દેહમાંથી થયો. શ્રી ગજાનન મહારાજમાં સિદ્ધ યોગીઓ, મહાત્મા સંતોના જેવાં બધા જ લક્ષણો એમ જ દેખાતાં હતાં. તેમની લીલાઓ વાંચનાર આગળ જરૂર અનુમાન કરી શકશે. મહા વદ સાતમને દિવસે ગજાનન મહારાજ શ્રી શેગાંવમાં આવ્યા અને તેમને લીલાઓ કરી તેનું હું વર્ણન કરું છું. પાત્રકર વંશમાં મઠાધિપતિ દેવીદાસ નામે એક સજ્જન હતા તે મહાન ધાર્મિક પ્રવૃત્તિવાળા હતા. તેમણે તેમના છોકરાની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે બ્રાહ્મણોને જમવા માટે આમંત્રણ આપ્યુ હતું. જમણવાર પછી એઠાં પતરાળાં બહાર ફેંકી દીધા હતાં. આ એઠાં પતરાળાં પાસે જ મહાન સિદ્ધ સમર્થ યોગીરાજ ગજાનન મહારાજ બેઠા હતા. ઉપાધિ વગરના હોવાથી તેમની પાસે

કોઈ પણ ચીજવસ્તુ ન હતી. ફક્ત પાણી પીવા માટે એક તુંબડાનું પાત્ર જ હતું. અને હાથમાં કાચી માટીની પોતે જ બનાવેલી પકવ્યા વગરની ચલમ સિવાય કાંઈ જ ન હતું. તેમનું શાંત મુખ, સ્થિર દષ્ટિ અને તેમના તપોબળને લીધે ઉગતા સૂર્યની લાલિમા જેવી પ્રભાવિત અંગ આકૃતિ લોભામણી લાગતી હતી. દેહ છે છતાં પણ તેમને દેહનું ભાન ન હોવાથી વિદેહી થઈ જવાથી પોતે નાગા ફરતા હતા. તેમની વૃત્તિમાં મારા તારાનો ભેદ જ ન હતો. તેમણે સર્વરસ ત્યજેલા હોવાથી ખાવામાં પણ કાંઈજ રુચિ દેખાતી ન હતી. આ આવા નિર્મોહી, અહીં પડેલા એંઠા પતરાળાંમા કાંઈક ખોળી રહ્યા હતા. અને તે પતરાળાંમાં જરા પણ અન્ન પોતાના હાથમાં આવતાં, પોતે આરોગી જતા હતા. કદાચ તેઓ અન્ન પરબ્રહ્મ છે તેવી લીલા બતાવવા તો આવું નહિ કરી રહ્યા હોય? મોટા મોટા ઉપનિષદોમાં પણ કહ્યું છે કે અન્ન બ્રહ્મીતિ અન્નનું મહત્વ જીવનમાં ઘણું જ છે તે બતલાવવા, લોકોને દેખાડવા પોતે પતરાળમાં ફેકેલું આરોગી રહ્યા હતા. પરંતુ રૂઢિચુસ્ત આ મહાન વાત જાણે ત્યારે ને ! બંકટલાલ અગરવાલ અને તેમના સાથી દામોદર પંત કુલકર્ણીએજ સમયે રસ્તા ઉપરથી પસાર થઈ રહ્યા હતા. મહારાજની આવી ક્રિયા જોઈ બન્ને સ્તબ્ધ, આશ્ચર્ય ચકિત થઈ ગયા. તેઓ અંદરોઅંદર વાતકરી રહ્યા હતા, કે જેમ ગાંડો માણસ કરે તેવો વર્તાવ આ માણસ પણ કરી રહ્યો છે. અગર તેઓ અન્નાર્થી( ભિખારી) હોત તો જરૂર માગીને લેત. અને દેવીદાસ પણ સજ્જન છે તે તેમને જરૂરથી કાંઈકતો આપત જ. ગૃહસ્થીને ઘેર માંગવા આવેલ ભિખારી કદાપિ પણ ખાલી હાથે પાછો જતો નથી. અને આ હાલતમાં તે જે કૃત્ય કરી રહ્યા હતા, તેમાં જરૂર કાંઈક રહસ્ય છુપાયેલ હશે જ. મહારાજશ્રીનું આ કૃત્ય જોવા માટે બંને જણ થોડો સમય રોકાઈ ગયા. ભાગવતગ્રંથમાં વ્યાસજીએ લખ્યું છે કે મહાન વિરક્ત સાધુ કોઈ કોઈ વખત પાગલ જેવો વર્તાવ કરે છે. આ કાર્ય મહારાજશ્રી કરી રહ્યા હોવાથી પાગલ કરે તેવું કાર્ય દેખાતું હતું છતાં પણ આટલી નાની વયમાં તેમનું તેજ કહી દેતું કે તે પોતે કોઈ સિધ્દ સાધુ મહાત્મા જ હશે. તે સમયે રસ્તા ઉપરથી કેટલાક માણસો જતા આવતા હતા. પરંતુ આ બન્ને સિવાય કોઈની પણ નજર આમના ઉપર પડી જ નહિ. તેમજ કોઈએ પણ નજર કરીને આ કાર્યને નિહાળ્યું સરખું પણ નહિં. ખરેખર હીરાની પરખ તો ઝવેરીજ કરી શકે. થોડો ઘણો સમય મહારાજશ્રીને નિહાળીને બંકટલાલ અગરવાલ




શ્રી ગજાનન વિજય
અધ્યાય ॥ ૧ ॥

મહારાજશ્રી [illegible] તરફથી બોલવા લાગ્યા કે, મહારાજ, આ એંઠા પતરાળાનું અન્ન [illegible] ખાઓ છો? અગર આપને જો ભૂખ લાગી હો તો અન્નની વ્યવસ્થા જરૂર થઈ જશે. આ સાંભળીને, આ વાત ઉપર મહારાજશ્રીએ કાંઇજ હા કે ના નો જવાબ આપ્યો જ નહિ. એકદમ તેઓ બંનેની તરફ તાકીતાકીને જોવા લાગ્યા. ત્યારે પહોળી છાતી, સુંદર ગરદન, ભક્કમ શરીર, ભૃકુટિ ઉપર સ્થિર નજર અને તેજસ્વી મનુષ્ય લાગતા, પોતાની મસ્તીમાં મસ્ત આ સિધ્ધયોગીને દેખતાં તેમના ચિત્તમાં શાંતિ અને સંતોષ થયો અને તેમણે બન્નેએ મહારાજશ્રીને મનોમન પ્રણામ કર્યા પછી તેમણે (બંકટલાલને) દેવીદાસજીને બધી વાતો બતાવીને જમવાનું પાત્ર લાવવા માટે કહી દીધું. દેવીદાસે એક થાળીમાં દરેક જાતના પકવાન પીરસીને મહારાજશ્રીના સામે મૂકી દીધા. ભોજનની થાળી સામે જેતાં મહારાજશ્રી ખાવા લાગ્યા. તેઓ ખાતા હતા ત્યારે, તેમને જમવામાં જરા પણ રુચિ જણાતી ન હતી. જે બ્રહ્મરસ પીને તૃપ્ત થયા હોય તેને આ મામૂલી અન્ન થોડું જ સારું લાગવાનું છે? આખી ધરતીના રાજાને થોડીઘણી મિળકત મળે તો તે થોડો કાંઈ ખુશી દેખાવાનો છે? મહારાજશ્રીએ આ બધી જ પીરસેલી વાનગી થાળીમાં એકરસ કરીને સ્વાદની પરવા કર્યા વગર બપોરે જઠરાગ્નિ શાંત કર્યો. આ બધી જ બીના જોતાં બંકટલાલ દામોદરને બોલ્યા કે મહારાજને આપણે ગાંડા સમજ્યા, તે એક મહાન ભૂલ કરી છે. કૃષ્ણની બહેન સુભદ્રા માટે કૃષ્ણમિત્ર અર્જુન પાગલ થઈ આમતેમ વાતો કરવા લાગ્યો હતો, તેમ આ યોગીરાજ મુક્તિરૂપી સુભદ્રા માટે જ પાગલ થયા હશે. મહારાજની ચરણરજને લીધે આ આપણું શેગાંવ ધન્ય, ધન્ય થઈ ગયું છે. સુરજદેવ સાથે આવ્યા હોવાથી વાયુમંડળમાં ગરમી પ્રસરતાં સખત લાગતી હતી. મુક્ત ગગનમાં વિહાર કરનારા પક્ષીઓ પણ ક્યાંક છાંયડો શોધતાં હતાં અને છાંયડે ઝાડની ડાળી ઉપર જઈને બેઠાં હતાં અને આટલી કડક ગરમીમાં ખુલ્લામાં મહારાજશ્રી તો નિજાનંદમાં જ બેઠેલા હતા. ખરેખર માનો તો તે બ્રહ્મ જ દેખાતા હતા. મહારાજશ્રીએ જમણ તો કરી લીધું પરંતુ તેમની પાસે તુંબડાનું પાત્ર પણ પાણી વગર ખાલી છે તે આ બન્ને જાણી ગયા એટલે દામોદરે મહારાજશ્રીને પૂછ્યું. કે તુંબડામાં પાણી તો નથી. જો આપની ઈચ્છા હોય તો આ આપનો સેવક પાણી લાવી આપશે. હવે તે શબ્દો સાંભળીને મહારાજશ્રી મનમાં હસ્યા અને તેઓ શું

બોલ્યા તે સાંભળો : મહારાજશ્રીએ કહ્યું કે, અગર આપને જરૂર હોય તો પાણી લાવી આપો. એક જ બ્રહ્મ આખાય જગતમાં વસેલ છે. હું અને તમે આ ભેદ તેનામાં નથી પરંતુ લૌકિક જગતમાં દેહ ટકાવી રાખવા કંઈક વસ્તુની જરૂર પડે છે. જ્યારે અન્ન જમ્યો છું ત્યારે પાણી પીવાનું પણ અતિ આવશ્યક છે, જરૂરી છે. એટલા માટે તમારી ઈચ્છા હોય તો પાણી માટે વ્યવસ્થા કરો. આ સાંભળીને બંન્ને જણ આનંદિત થયા, કેમકે થોડી પણ સેવા કરવાનો અવસર મળ્યો તો ખરો. આમ ખૂબ જ ઉત્સાહ સાથે દામોદર પંત દેવીદાસના ઘરની તરફ દોડયા આ બાજુ કૂવા પાસે જાનવરોનું પીવા માટેનું ભરી રાખ્યું હતું. તે પીને તેમણે સંતોષનો ઓડકાર ખાધો. એટલામાં પંત શુધ્ધ પાણી લઈને આવી પહોંચ્યા અને બોલ્યા કે, મહારાજશ્રી આપ જે પાણી પી રહ્યા છો તે અશુધ્ધ અને જાનવરો માટે છે, ગંદુ છે, અને તે ફક્ત જાનવરો માટે જ છે માટે તમે હું જે શુધ્ધ પાણી લાવ્યો છું. તે જ પીઓ. આ વાત સાંભળી ને મલકાતા મહારાજશ્રી બોલ્યા કે, આવી વ્યાવહારિક વાતો મારી સાથે ન કરશો. બ્રહ્મ તો આખાયે ચરઅચરમાં વ્યાપેલ છે. ત્યાં શુધ્ધ- અશુધ્ધ ખોટું ખરું કશું જ નથી તેમજ તેમાં કશો જ ભેદ પણ નથી. પાણી ઈશ્વર છે એટલું જ નહિ પરંતુ તેને પીવાવાળા પણ તે જ છે પરંતુ ભગવાનની લીલા અપરંપાર છે. એને સામાન્ય નર અને નારી જાણી શકતાં નથી. એટલા માટે ભગવાનની વિશ્વ વ્યાપકતા સમજવાની કોશિશ કરો. મહારાજશ્રીની આ અમૃતવાણી સાંભળી, તેમનો દેહ હોવા છતાં પણ વિદેહી વૃત્તિ જોતાં બંને જણ મનમાં ને મનમાં અત્યંત પ્રસન્ન થયા. નતમસ્તક થઈને પ્રણામ કરવા જ્યાં જતા હતા ત્યાં તો મહારાજ પવનવેગે દોડી ગયા. તેમના વાયુવેગે દોડવાને કોણ રોકી શકે? બીજા અધ્યાયની કથા આગળ સાવધાનીથી સાંભળજો. આ ગજાનન વિજયગ્રંથસાંભળનારાને સદાય પ્રસન્ન રાખે એ જ દાસગણૂ ભગવાનને પ્રાર્થના કરે છે.

શ્રી હરિહરાર્પણમસ્તુ ॥ શુભં ભવતુ ॥
॥ ઈતિ પ્રથમો અધ્યાય : સમાપ્ત : ॥
શ્રી ગજાનનવિજયગ્રંથ: પહેલો અધ્યાય સમાપ્ત





શ્રી ગજાનન મહારાજ બંકટલાલના ઘરમાં.

## અધ્યાય બીજો

શ્રી ગણેશાય નમ: હે સર્વેશ્વર, ચંદ્રભાગાના તટે વિહાર કરવાવાળા, હે પૂર્ણબ્રહ્મ, રુકમણીવર દીનબંધુ પાહિ મામ્. આ જગતમાં આપના વગર ચેતન કેવી રીતે આવશે ? જ્યારે શરીરમાં પ્રાણ નહિ રહે તો મૃતકને કોણ પૂછશે ? સરોવર જ્યારે પાણીથી ભરેલું હોય ત્યારે જ તે સારું લાગે છે. ફળમાં અમૃતરસ હોય છે તેથી તો તેના છોડમાં શોભા આવે છે. શરણાગત ઉપર જ્યારે આપની કૃપા થાય છે ત્યારે તે ભયરહિત સમર્થ બની જાય છે. એટલા માટે આપને અમારી પ્રાર્થના છે કે અમારામાંથી પાપ તેમજ દુર્બળતાનો નાશ કરો. મહારાજશ્રી વાયુવેગે કેવા દોડ્યા હતા તેનું વર્ણન ગયા અધ્યાયમાં થયું. મહારાજશ્રીના જતા રહેવાથી જાણે કે તેમને તેની સુખ, શાંતિ છીનવી ના લીધી હોય તેમ બંકટલાલ બહુ જ દુઃખી થયા. તેમને તો મહારાજશ્રી ગયા છતાં પણ આંખો સમક્ષ મૂર્તિ જ દેખાવા લાગી. એકજ દિવસમાં તેમનો ખાનપાનમાંથી રસ ઓછો થઈ ગયો. જળ, સ્થળ અને લાકડામાં તેમને આ ઈષ્ટની મૂર્તિ દેખાવા લાગી. તેને ધ્યાન અને લગન કહે છે. મતલબ કે તેમને મહારાજનું ધ્યાન બરાબર જ લાગી ગયું. જેમ ગાયનું વાછરડું, તેની માથી જુદું પડે છે ને વાછરડા વિનાની માની જે હાલત થાય છે તે હાલત બંકટલાલની થઈ ગઈ. આ મનની વ્યથા કહેવા માટે તેમની પાસે કોઈ પોતાનો મિત્ર પણ ન હતો આવા સંજોગમાં આ વાત પિતાજીને કહેવા માટે પણ પોતે વિચાર કરતા હતા કે આ કેવી રીતે કહેવું ? આવી હાલતમાં ને હાલતમાં બંકટલાલે આખુંય શેગાંવ ખોળી નાખ્યું. ગલીએ ગલી, જંગલ, ખેતર વિગેરે સ્થળે તપાસ કરી. છતાંય મહારાજશ્રીનો પત્તો લાગ્યો જ નહિ. ઘરમાં પાછા આવેલ પુત્રનું ઉદાસીન મોઢું જોતાં, પિતા ભવાનીરામે પૂછ્યું કે, બેટા તું આમ મૂંઝાયેલો કેમ દેખાય છે ? તારી તબિયત તો સારી છે ને ? તું હેરાન પરેશાન કેમ દેખાય છે ? આમ દિલગીર રહેવાનું કારણ શું છે ? તું તો જુવાન છોકરો છે. અને ભગવાનની કૃપાથી હજુ સુધી કોઈપણ જાતની ફિકર કરવાની વારી તારા ઉપર આવી પડી નથી. તું બતાવ કે તું શાને લીધે આટલો બધો ચિંતાતુર રહે છે ? તું કાંઈ કોઈ શારીરિક બિમારીથી પીડાતો તો નથી ને ? પિતા પાસે પુત્રે કોઈ પણ વાત છુપાવવી જોઈએ નહિં. આટલું બધું કહ્યા છતાં પણ બંકટલાલે પોતાની મનની વ્યાથા પિતાશ્રીને કહી જ નહિં.

કાંઇક મામૂલી વાતો પિતાશ્રીને બતાવીને બંકટલાલે છુટકારો મેળવ્યો અને પાછા શેગાંવ મહારાજને ખોળવા લાગ્યા. બંકટલાલના પડોશમાં એક વૃધ્ધ જમીનદાર રહેતા હતા. તેઓ ખૂબજ સદાચારી ગુણવાન હતા તેમને જરાપણ ગર્વ કે મોટાપણુ હતું. નહિ. તેમનું શુભનામ રામજીપંત દેશમુખ હતું. આખરે બંકટલાલે મહારાજના બાબતમાં સઘળીયે બનેલી વાત શ્રી રામજીપંતને સંભળાવી. બંકટલાલની બધી જ વાતો સાંભળીને કહ્યું કે, તું જે વાત, જે યોગી પુરુષની વાત કરે છે તે અવશ્ય મહાન સિધ્ધ યોગી પુરુષ જ હશે. ખરેખર જે યોગી બહુજ આગળ પહોંચી ગયા હોય, તેમનામાંજ આવા ગુણો હોય છે. ભાગ્યવાન વ્યક્તિને જ આવા મહાન યોગીનાં દર્શનનો લાભ મળે છે. પછી તેમણે તેમની અંતરની ભાષામાં બંકટલાલને કહ્યું કે, અરે બંકટ, તમને જે આ એક એવા યોગીના દર્શનનો લાભ મળ્યો છે, તેથી તમારું માનવજીવન ખરેખર કૃતાર્થ થઈ ગયું છે, અગર કોઈ દિવસ તક મળે તો જરૂર મને તેમની પાસે લઈ જશો. આ વિમાસણમાં ચાર દિવસ વીતી ગયા, પરંતુ મહારાજની લગનમાં બંકટલાલનું તડપવાનું ઓછું જ ના થયું. ગોવિંદબુવા નામના એક પ્રખ્યાત કીર્તનકાર હતા. તેમના કીર્તન ઉપર ખુદ ભગવાન પ્રસન્ન રહેતા હતા. વરાડ પ્રાંતમાં તે કીર્તનકારનો ડંકો ચારેય બાજુ વાગી રહ્યો હતો. તે સમયે તે કીર્તન કરવા માટે શેગાંવ આવેલા હતા. ભગવાન શંકરના મંદિરમાં કીર્તનની તૈયારી થઈ રહી હતી. ગામની નરનારી કીર્તન સાંભળવા માટે એકઠાં થયા હતાં. રસ્તામાં તેમને પીતામ્બર નામનો એક મિત્ર મળ્યો તે જાતનો દરજી હતો. પીતાંબર એક ભાવિક અને સજ્જન માણસ હતો. જતાં જતાં બંકટલાલે મહારાજશ્રીની બાબતમાં કહી નાંખ્યું. બંને વાતો કરતા કરતા જઈ રહ્યા હતા, એટલામાં ત્યાં મંદિરની પાછળ મહારાજશ્રીને બેઠેલા જોયા. જેમ નિર્ધન માણસ દ્રવ્યોનો ભરેલો ચરુ જોઈને તેની પાસે દોડી જાય છે, તેમ મહારાજશ્રીને જોતાં જ બંને મંદિરમાં ન જતાં તેમની પાસે દોડી આવ્યા. ચકોર ચંદ્રમાં જોઈને, મોર વાદળ જોઈને જેમ રાજી થાય છે, તેમ આ બંને મહારાજશ્રીને જોઈને ખૂબજ રાજી થયા, અને આનંદ પામ્યા અને તેમની નજીક જઈને ઉભા રહી ગયા અને વિનયથી બોલ્યા, મહારાજ, કાંઈ ખાવા માટે લાવું કે? મહારાજ બોલ્યા કે, તમારે જરૂર હોય તો માલણને ઘરેથી જવારની રોટલી અને બેશન લાવો. બંકટલાલ તરતજ ત્યાંથી દોડતા દોડતા ગયા અને જવારની અડધી રોટલી અને







બેશન લાવીને મહારાજના હાથમાં મૂકી દીધું. રોટલી ખાતાં ખાતાં મહારાજ બોલ્યા કે, જરા તુંબડું ભરીને પાણી લાવો. સામેજ એક નાનું નાળું છે. તેમાંથી જ પાણી લાવો. આ સાંભળીને પીતાંબર બોલ્યા કે, મહારાજ, તે પાણી તો ખુબ જ ગંદુ છે, અને તેમાં આ તુંબડુ ડૂબી પણ નહિ શકે, અગર તમે ચાહો તો બીજી કોઈ જગ્યાએથી હું શુધ્ધ પાણી લઈ આવું. મહારાજ બોલ્યા કે, મારે બીજી કોઈપણ જગ્યાનું પાણી જોઈતું જ નથી મેં જે કહ્યું તે જ તમે કરો પણ હાથથી તુંબડામાં પાણી ન નાખતા, સીધું તુંબડુ ડુબાવીને જ પાણી ભરી લાવો. તુંબડુ લઈને પીતામ્બર નાળા પાસે આવી ગયા પરંતુ તુંબડુ ડુબાડાય તેવુ પાણી કોઈપણ જગ્યાએ નજરમાં આવતું ન હતું. કેમકે નાળામાં તો પગના તળિયા ડૂબે, તેટલું પણ પાણી ન હતું. આવી હાલતમાં આ તુંબડામાં પાણી કેવી રીતે ભરી લાવવું? પીતામ્બર ભારે વિચારમાં પડી ગયો. પરંતુ આખરે મહારાજની આજ્ઞાનું પાલન તો કરવું જ જોઈએ અને તેથી તે તુંબડુ પાણી ઉપર મૂક્યું. પરંતુ આશ્ચર્ય એ થયું કે જ્યાં જ્યાં તુંબડું મૂકે ત્યાં તુંબડું ડૂબવા લાગ્યું. એટલું જ નહિ નાળામાં ગંદુ પાણી દેખાતું હતું પરંતુ તુંબડામાં જોયું તો કાંચ જેવું સ્ફટિક જેવું સ્વચ્છ અને નિર્મળ શુધ્ધ જ પાણી દેખાયું. પીતાંમ્બર દરજી તો દાંત નીચે આંગળી દબાવી વિચારવા લાગ્યો કે આવી અભૂતપૂર્વ વાત તો એક સિધ્ધ યોગી વગર થવી અસંભવ છે. પીતામ્બરે તુંબડું ભરી લાવીને મહારાજશ્રીની સામે મૂક્યું. મહારાજે જમવાનું જમીને પછી તે તુંબડામાંથી પાણી પીધું પછી મહારાજ બંકટલાલ ને ખોલ્યા કે, શું તું માલણને ઘેરથી ખાવાનું લાવીને મારી સેવા કરવા ચાહે છે? ગજવામાંથી સોપારી કાઢો અને તેને ફોડીને મને આપી દો આ સાંભળીને બંકટલાલ બહુ જ ખુશ થયા અને સોપારીની સાથે મહારાજના હાથમાં બે પૈસા કે જે તે સમયે વિદર્ભપ્રાંતમાં ચલણમા ચાલતા હતા તે મૂક્યા. પૈસા જોઈને મહારાજશ્રી હસતાં હસતાં બોલ્યા કે, શું તેં મને વેપારી સમજીને આ પૈસા આપ્યા છે? અરે મને તેની જરૂર નથી, હું તો ભકતની ભાવનાથીજ ભક્ત ઉપર ખુશ રહું છું. તમારી પાસે મેં ભક્તિભાવ જોયો એટલે તો હું આજે તમને મળ્યો. હવે તમે બંને જઈને કીર્તન સાંભળો. હું તો આ લીમડાના ઝાડ નીચે બેઠો બેઠો જ કીર્તન સાંભળીશ. બંને ઉઠીને જતા રહ્યા અને મહારાજ લીમડાના ઝાડ નીચે આવીને બેસી ગયા. કીર્તન શરૂ થઈ ગયું. ગોવિંદબુવાએ ભાગવતના અગિયારમા સ્કંધના હંસગીતા

શ્રી ગજાનન વિજય

પ્રસંગના એક શ્લોક ઉપર કીર્તન શરૂ કર્યું. કીર્તનકારે પૂર્વાર્ધ ભાગ સમાપ્ત કર્યો તો ઉત્તરાર્ધ ભાગ મહારાજશ્રી બોલી ગયા. ગોવિંદબુવા મનમાં વિચારવા લાગ્યા કે ઉત્તરાર્ધ સાચે સાચ બોલવાવાળા જરૂર કોઈ મહાન સંતમહાત્મા જ હશે. અને એટલા માટે તેઓએ મહારાજને મંદિરમાં લાવવા વિચાર કર્યો. બંકટલાલ, પીતામ્બર તથા એક સજ્જન મહારાજશ્રી પાસે ગયા અને મંદિરમાં પધારો તેમ પ્રાર્થના કરી, પરંતુ મહારાજે મંદિરમાં આવવા માટે ના પાડી. આખરે ગોવિંદબુવા જાતે જ મહારાજશ્રી પાસે ગયા અને કહ્યું કે, તમે તો શિવનો અવતાર છો અને નમ્ર વાણીથી કહેવા લાગ્યા કે, આપ મંદિરમાં પધારો, આપને મંદિર બહાર બેસાડવામાં શોભા નથી દેખાતી, માલિક વગર ઘર સૂનું સૂનું જ લાગે છે. મારા સદ્‌ભાગ્યથી હું આજે આપના ચરણના દર્શન માટે સૌભાગ્ય પ્રાપ્ત કરી શક્યો છું આજદિનપર્યંત કીર્તન કરીને બની શકે તેટલી સેવા કરી તેનું ફળ આજે મને મળ્યું છે. એટલા માટે હે ગુરુરાજ, મંદિરમાં પધારીને આપ મારી ઈચ્છા પૂર્ણ કરો. ત્યારે મહારાજ બોલ્યા કે હરિદાસે તો એકસૂત્રતા કહેવામાં રાખવી જોઈએ. હમણાં જ આપ કીર્તનમાં કહી રહ્યા હતા કે ઈશ્વર સર્વવ્યાપી છે, અંદર બહાર સર્વત્ર વસેલો છે. અને જો એમ જ છે, તો આ સ્થિતીમાં તમે મને મંદિરમાં આવવાનો આગ્રહ શા માટે કરો છો ? જે વાત માણસના મોઢેથી નીકળતી હોય, તેવોજ વર્તાવ પોતાનો હોવો જોઈએ. જે જે સાધક છે, તેમણે તો આ નિયમનું અવશ્ય પાલન કરવું જ જોઈએ. ભાગવતના શ્લોક ઉપર હમણાં તમે પોતે જે ચર્ચા કરી રહ્યા હતા, તેના વિરુદ્ધ જ તમારું આ કાર્ય છે. કિર્તનકારે તો જે બોલે તેનું અવશ્ય પાલન કરવું જોઈએ અને કાર્ય પણ એવું જ કરવું જોઈએ. ફક્ત પેટના પોષણ માટે તમે આ હરિકથા ગાતા ન ફરો અને હવે તમે જાઓ ને મંદિરમાં કીર્તન સમાપ્ત કરો. હું તો અહીંથી જ સાંભળીશ. ઉપરના વાક્ય સાંભળીને કીર્તનકાર ઘણાજ પ્રભાવિત થયા, અને આવેલ જનસમુદાય તરફ જોઈને મોટેથી બોલવા લાગ્યા કે, શેગાંવને મહાન અનમોલ રત્ન પ્રાપ્ત થયું છે, જેનું ખૂબજ સારી પેઠે જતન કરશો. મહારાજની હાજરીમાં જે કીર્તન થયું તે મોટા મોટા જયઘોષ સાથે સમાપ્ત થયું, અને નરનારીઓ ખૂબજ પ્રફુલ્લિત બની સૌ સૌને ઘેર ગયા. બંકટલાલ પણ જ્યારે ઘેર પાછા આવ્યા ત્યારે તેમનો આનંદ પણ આકાશમાંય સમાતો ન હતો. બંકટલાલે ખુલ્લા હૃદયથી બધી જ વાત પોતાના પિતાજી ભવાનીરામને કહી અને મહારાજને ઘેર

અધ્યાય ॥ ૨ ॥



શ્રી ગજાનન વિજય

બોલાવવાની રજા માગી. પોતાના પુત્રના મુખથી વાત સાંભળી તેમના પિતાજી ખૂબ જ આનંદિત થયા અને મહારાજને ઘરે લાવવાની દિલથી અનુમતિ આપી. પિતાજીના આ કહેવા ઉપરથી  ખૂબ જ આનંદ પામ્યા અને વિચારવા લાગ્યા કે હવે આ ગુરુમૂર્તિના દર્શન ક્યારે થાય ?  અને હું ખૂબ આદર સત્કાર કરી તેમને ઘરે લઈ આવું. ચાર દિવસ પછી સાંજના સમયે બંકટલાલને મહારાજ માણેકચોકમાં મળ્યા અને મહારાજ મળ્યા ત્યારે સમય પણ ખૂબ જ સુંદર હતો. એક તરફ સૂરજ આથમી રહ્યો હતો અને મહારાજ માણેકચોકમાં બંકટલાલના સૌભાગ્યથી હાજર થયા. સાંજના સમય ગોવાળિયા ગાયોને ચરાવીને ઘેર પાછા લાવી રહ્યા હતા. મહારાજને જોતાં તેમને કૃષ્ણકનૈયો માનતાં ગાયો ચારે તરફ વીંટળાઈ વળી. ઝાડ ઉપર નીરવ વાતાવરણમાં પક્ષીઓ બહુ જ કલબલ કરી રહ્યા હતા. આ બાજુ સાંજ પડવાની તૈયારી હોવાથી બધા જ દુકાનદારો દિવાબત્તી કરવાની તૈયારીમાં લાગી ગયા હતા. આવી મંગળવેળા ઉપર બંકટલાલ મહારાજશ્રીને પોતાના ઘરે લઈ ગયા. પિતાજીએ મહારાજશ્રીને જોયા અને તેઓ ખૂબજ આનંદ પામ્યા અને મહારાજને તેમને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ગાદી-તકિયા જેવા સુખાસન ઉપર મહારાજશ્રીને બિરાજમાન કર્યા, અને પ્રાર્થનાપૂર્વક વિનંતી કરીને કહ્યું કે, આજે અમારે ત્યાં જરૂરથી પ્રસાદ લેશો. આગળ બોલતાં કહ્યું કે, આજે પ્રદોષ જેવા શુભ સમયે આપ પધારવાવાળા સાક્ષાત પાર્વતીકાન્ત જ છો, સ્કંદપુરાણમાં લખ્યું છે કે પ્રદોષના સમયે શિવજીની પૂજા કરવાવાળા ઘણાજ ભાગ્યવાન કહેવાય છે. અને મહારાજશ્રીને તેમ કહેતાં કહેતાં અંદર ગયા અને શિવજી તરીકે જ આદરમાન આપી તેમના ચરણમાં બિલિપત્ર મૂક્યાં. ભવાનીરામ ચિંતામાં પડ્યાં કે મહારાજશ્રીને મેં જમવાનું નોતરું તો આપ્યું, પણ જમવાનું બનાવતા સમય તો થશે જ, ત્યાં સુધી જો મહારાજશ્રી નહિ રોકાય અને ચાલ્યા જશે તો, આ પ્રદોષના સમયે પાર્વતીકાન્તને ઉપવાસી રાખવાનું પાપ મને જ લાગશે. બંકટલાલને ઘેર મહારાજશ્રી પધાર્યા છે, તે વાત તરત જ ફેલાઈ જતાં મહારાજશ્રીના દર્શન માટે ત્યાં ખૂબજ ભીડ થઈ ગઈ. જમવાનું થતાં વાર થશે અને મહારાજ જો જતા રહેશે, તો તે માટે ભવાનીરામને એક વિચાર આવ્યો કે બપોરની બનાવેલી પૂરીઓથી મહારાજને કેમ જમાડી ના દઈએ? એમણે વિચાર કર્યો કે આવું કરવામાં કોઈપણ પાપ નથી. ઉમાપતિ તો ખરા પ્રેમભાવનાથી

અધ્યાય ॥ ૨ ॥

જ પ્રસન્ન થાય છે. વાસી ખાવાનું તો હું તેમને જમાડતો નથી. કેમકે પાકી રસોઈ કાંઈ વાસી કહેવાતી નથી જ. મનમાં વાત નક્કી થતાંજ ભવાનીરામે અંદરથી થાળી ભરી લાવીને મહારાજશ્રીની સામે મૂકી દીધી. તેમાં પૂરી, ઘુઘરા, બદામ, નારંગી વિગેરે વસ્તુઓ હતી. તેમણે મહારાજશ્રીને કંકુનો ચાંલ્લો કર્યો અને કંઠમાં ફુલનો હાર પહેરાવ્યો. ગુરુમૂર્તિ તો જે જે ખાવાનું પીરસાય તે પ્રસન્નચિત્તથી જમતા જતા હતા. ઓછામાં ઓછું મહારાજ ત્રણશેર જેટલું જમવાનું જમ્યા જ હશે અને તે રાત મહારાજ બંકટલાલને ત્યાંજ રોકાઈ ગયા. બંકટલાલે બીજે દિવસે ગુરુમહારાજને જે મંગલસ્નાન કરાવ્યું તે સ્નાનવિધિનું વર્ણન થઇ શકે તેમ જ નથી. મહારાજને પ્રફુલ્લિત થઈ, તેલથી મર્દન કરી, કસ્તૂરી કેશર મિશ્રિત લેપ શરીરે લગાડયો, અને એવા પ્રેમથી જ મહારાજશ્રીના પગ ઉપર હાથફેરવતા હતા અને આવી જ રીતે સો (૧૦૦) થી પણ અધિક ઘડા ગરમ પાણીથી નરનારીઓએ મહારાજશ્રીને સ્નાન કરાવ્યું. સ્નાનવિધિનું વર્ણન ખરેખર થઈ શકે તેમજ નથી કેમકે બંકટલાલના ઘરમાં કોઈ ચીજવસ્તુની ખામી જ નથી. સ્નાન પછી પ્રેમથી મહારાજશ્રીને પીતામ્બર પહેરાવ્યું અને માન, આદર સત્કારથી (સુખાસન) ગાદી-તકિયા પર બેસાડયા. કપાળે કેસર-ચંદનનો ચાંલ્લો કર્યો, ગળામાં ફુલની (કિસ્મ) માળા પહેરાવી. આમ અનેક પ્રકારનો મહારાજને ભોગ ચઢાવ્યો. માનો કે ચારેય બાજુઓથી બંકટલાલનું ભાગ્ય વરસવા લાગ્યું. અને તે દિવસ એ શિવજીનો પ્રિય દિવસ સોમવાર હતો. તે દિવસ એવો લાગતો હતો કે બંકટલાલને ત્યાં શ્રી કૃષ્ણપ્રભુની દ્વારકા જ આવી છે. આ બધામાંથી બંકટલાલના કાકાનો છોકરો કે જેનું નામ ઈચ્છારામ છે તેને સોમવારનો ઉપવાસ હોવાથી પ્રસાદ લઈ શકેલ ન હતો, જે વિચારવા લાગ્યો કે જે ચાલતા શંકર મારે ઘેર આવ્યા છે તેમની સાંજે પૂજા બાદ આ ઉપવાસ છોડીશ. સાંજના ઠીક સમયે ઈચ્છારામે સ્નાન કર્યું. અને પૂજા સાહિત્ય લઈને મહારાજની પૂજા કરી પૂજા કર્યા પછી નમ્ર વાણીથી મહારાજશ્રી ને ઈચ્છારામે કહ્યું કે, બપોરે તો આપે પ્રસાદ લીધો છે. પરંતુ અત્યારે પણ કાંઈક લેવું જ પડશે. મારે તો આજે ઉપવાસ છે. અને તમારા લીધા વગર હું કશું જ લઈશ નહિ. બધાની મનોકામના તો આપે પૂરી કરી છે તો તેમાંનો એક હું જ અભાગી રહી ગયો છું તો આપ મારી આ ભાવના પૂરી કરો. મહારાજ હવે શું લીલા કરશે તે હાજર રહેલા માણસો આતુરતાથી જોઈ રહ્યા હતા






ઈચ્છારામે એક મોટા થાળમાં પ્રસાદ મહારાજ સામે મૂકી દીધો ભાત, શાક સાથે અનેક જાતનાં પકવાન પીરસેલા હતાં. જલેબી રાઘવદાસ મોતી ચૂરના લાડુ, માલપુડા, અને અનારસાં વગેરે પકવાનો બનાવ્યા હતાં. તેનું વર્ણન કોણ,ક્યાં સુધી કરે? અનેક પ્રકારની ચીજ વસ્તુઓથી ખીચોખીચ ભરેલી થાળી જોઈને મહારાજ પોતાને બોલ્યા કે, ખાઈશું ખાઈશું એમ કાયમ બોલો છો ને? તો હવે આ બધી વસ્તુ જમી નાખો. ત્યાર પછી મહારાજશ્રી બધી જ પીરસેલી વાનગીઓ ખાઈ ગયા., જોડે મીંઠુ તેમજ લીંબુનું છોડું પણ ના છોડયું. આગ્રહ કરવાનું પરિણામ શું થાય છે તેનો પાઠ હાજર રહેલાઓને સારી રીતે ભણાવ્યો. મહારાજે ઉલ્ટી કરી, અને જમેલું બધું જ બહાર કાઢયું. આવો જ ચમત્કાર સજ્જનગઢના રામદાસસ્વામીએ કર્યો હતો તેમને એક વખત ખીર ખાવાની ઈચ્છા થઈ હતી. જે સાધક છે તેને કોઈપણ વસ્તુની લગન નુકશાનકારક જ થાય છે. અને એટલે રામદાસસ્વામીએ ખીર એટલી બધી ખાધી કે તેમને ઉલ્ટી થઈ ગઈ. ઉલ્ટી જે થઈ તે પણ તેઓ ખાઈ ગયા અને આમ જ તેમને ખીર માટે ઘૃણા ઉત્પન્ન થઈ. જમવાનું પચાવી શકવાની તાકાત હોવા છતાં પણ ઉલટી કરીને મહારાજે બીજાને પાઠ શિખવાડચો કે ખૂબ આગ્રહ કરવાનું પરિણામ ખરાબ આવે છે. પ્રકૃતિના ધર્મો રીતરિવાજનું પાલન સંત પુરુષ જ કરે છે કેમકે તે જોઈને બીજાને પણ કોઈ પાઠ ભણાવાય. ઉલ્ટીથી જે જગ્યા બગડી હતી તે લોકોએ સ્વચ્છ કરી દીધી અને મહારાજશ્રીને ફરી નવરાવ્યા અને ફરીથી પાછા તે જ જગ્યાએ બેસાડયા. મહારાજ પોતાની મસ્તીમાં મસ્ત હતા, ત્યાં ભજન મંડળીના બે જુથઆવ્યાં ભજન ગાવાવાળાનો અવાજ તો સુંદર હતો. તેઓ તેમનાથી પ્રમુદિત થઈ મોટા અવાજથી વિઠ્ઠલનું નામ દેવા લાગ્યા. ભજન સાંભળતાં જ મહારાજ પણ આનંદિત થઈ ગયા અને ગણ ગણ ગણાંત બોતે એ પોતાનું ભજન ગાવા લાગ્યા. આવી રીતે આખી રાત ત્યાં આનંદમય વાતાવરણ બની ગયું હતું. પોતે ગણ ગણ એ જે ભજન નિત્ય કરતા હતા તે ઉપરથી લોકોએ તેમનું નામ ગજાનન રાખ્યું. જે પોતે બ્રહ્મમય છે તેમને નામરૂપની જરૂર કાંઈ જ નથી. નામની જરૂર તો તેને છે કે જે પ્રકૃતિના આધાર ઉપર જ નભી રહ્યા છે. યોગેશ્વર તો હંમેશા પોતાની મસ્તીમાં જ મસ્ત રહે છે. અષાઢ મહિનામાં સિંહસ્થની શુભવેળા ઉપર ગોદાવરી કિનારે કુંભમેળા વખતે હરિદ્વારમાં લોકોની ભીડ રહે છે., તેમ ગજાનન મહારાજ

બંકટલાલને ત્યાં શેગાંવ આવવાથી તેમનું ઘર એક તીર્થ બની ગયું હતું. તેમને ત્યાં હંમેશા લોકોની ભીડ રહેવા લાગી. સ્વામી ગજાનન મહારાજને પંઢરપુરમાં કેડે હાથદઈને ઉભેલા વિઠલનો અવતાર માનવામાં આવે છે બંકટલાલનું ઘર જાણે કે વિઠલમંદિર જ બની ગયું હોય તેમ લાગતું હતું. રોજ દૂરદૂરથી લોકો ગજાનન મહારાજના દર્શન માટે આવવા લાગ્યા. અને અનેક જાતના ભોગ ધરાવવા લાગ્યા તેમનું વર્ણન કરતાં કરતાં તો શેષજી થાકી જશે તો, મારા જેવા મૂઢ માણસની શી તાકાત ? હું તો એક મતહિન સૂક્ષ્મ જીવ જેવો જ છું. હું જે કહી રહ્યો છું તે તો ખુદ ગજાનન મહારાજ જ કહેડાવે છે. હું મહારાજની દિનચર્યા બતાવવાની કોશિષ કરું છું કેમકે તેમના ચરિત્રગાનની  મારામાં કોઈ જ ક્ષમતા નથી.કોઈ વખત તે ખુલ્લી જગ્યામાં જઈને બેસતા તો કોઈક વખત ગંદુ પાણી પણ પીતા હતા. પવનની ગતિ માપી શકાતી નથી તેમ તેમની દિનચર્યા પણ કાંઈ નક્કી કહી શકાતી નથી. કેમકે તેનું કાંઈજ ઠેકાણું નથી. ચલમ પર તેઓ ખુશ રહેતા હતા. ચલમ લોકોને દેખાડવા માટે જ પોતે ઉપયોગમાં લેતા હતા. તેમને ચલમની આદત લાગેલી ન હતી. હવે આગળનો અધ્યાય ધ્યાનથી સાંભળજો. આ ગજાનન ચરિત્ર, સાંભળવાવાળાને માટે મંગલમય થઈ જાય એ જ પ્રાર્થના દાસગણૂ પ્રભુને કરે છે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥
॥ ઈતિ બીજો અધ્યાય સમાપ્ત :॥

શ્રી ગજાનનવિજય ગ્રંથ: બીજો અધ્યાય સમાપ્ત





શ્રી ગજાનન મહારાજના ચરણ-તીર્થથી જાનરાવ દેશમુખ વ્યાધિ મુક્ત થયા.

## અધ્યાય ત્રીજો

શ્રી ગણેશાય નમઃ, જય જય સચિદાનંદ શ્રી હરિ., જલ્દીથી મારા ઉપર કૃપા કરો. જે આપના શરણમાં આવે છે તેના ઉપર આપ કઠોર થતા જ નથી. આપ તો કરુણાસાગર છે. તમે તો દીનદુઃખિયાનું પિયર છો. ભકતના તો આપ કલ્પવૃક્ષ કે ચિંતામણિ છે. સંત-સજ્જન તમારો મહિમા ગાતાં ગાતાં કદાપિ થાકતાં નથી. શાંત થતાં નથી. એટલે દાસગણૂ આપને પ્રાર્થના કરે છે કે પ્રભુ હવે વહેલી તકે આપ મારા ઉપર દયા કરો. દીનદુઃખિયાઓને તારવાવાળા સમર્થ સાક્ષાતકારી શ્રી ગજાનન મહારાજ બંકટલાલના ઘરમાં જ  રહેતા હતા. સમાચાર મળતાં જ લોકો દૂરદૂરથી ગજાનન મહારાજનાં દર્શન માટે આવવા લાગ્યા. મધની ખબર પડતાં જ જેમ મધમાખીઓ દોડી આવે છે, તેમ લોકો વગરતેડે આવી જતા હતા. હવે એક દિવસ શું થયું તે હું આપને કહું છું. મહારાજ એક દિવસ નિજાનંદમાં ખોવાઈને બેઠેલા હતા તે સમય સવારનો હતો. પૂર્વમાં અરૂણોદય થઈ રહ્યો હતો. ઝાડ ઉપર પક્ષી , કલરવ મચાવી રહ્યા હતાં. ધીમો ધીમો મંદ મંદ પવન વાતો હતો જેને લીધે ગુલાબી ઠંડી જેવું લાગતું હતું. સૂરજના ઉગવાને લીધે અંધકાર પોતાનું મોં છુપાવી લીધું હતું., ઘરમાં સ્ત્રીઓ, છાણ પાણીથી લીંપીને રંગોળી પાડી રહી હતી. વાછરડું માની તરફ જવા માટે આકર્ષાઈ રહ્યું હતું. આવા સોહામણા સમયે કાશીના એક ગોસાઈ, મહારાજનાં દર્શન કરવા માટે શેગાંવ હતા. તેમણે તો સર્વસંગપરિત્યાગ કરેલો હતો આવા માણસને ધનથી તેમજ સામાજીકકાર્ય માં પ્રતિષ્ઠા પામેલ લોકો શું સ્થાન આપે? માથા ઉપર એક ભગવા રંગની ચિંદડી, બગલમાં એક ફાટેલી ઝોળી અને પીઠ ઉપર મૃગચર્મ. એવી કંગાલ હાલતમાં તે ગોસાઈ એક ખૂણામાં બેઠા હતા. મહારાજશ્રીનાં દર્શન માટે લગાતાર લોકોની ભીડ જ હતી. અને આવી હાલત, આવા સંજોગોમાં બિચારા ગોસાંઈને દર્શનનો લાભ કેવી રીતે મળે? તે તો ખૂણામાં બેઠા બેઠા પ્રભુચિંતનમાં મગ્ન હતા. અને વિચાર કરતા હતા કે મને સમર્થ દર્શન ક્યારે આપશે? દર્શનનો લાભ મને ક્યારે મળશે? સમર્થનો મહિમા કાશીમાં જાણીને મેં મનમાં નક્કી કર્યું કે જવું અને શેગાંવ જઈને સમર્થને ભાંગ અર્પણ કરી આવું. અહીંની ભીડ અને વાતાવરણ જોઈને એમ દેખાય છે કે મારી ઈચ્છા ફળીભુત થવી મુશ્કેલ છે. આ હાજર રહેલ લોકોમાં હું

મનમાં નક્કી કરેલ વાત કેવી રીતે કહી શકીશ. કેમકે મારા મોંઢેથી ગાંજાની વાત સાંભળીને લોકો ગુસ્સે થઈ મારી તો હાલત જ બગાડી નાંખશે. પણ હું તો શેગાંવ ગાંજો આપવાની મારી ઈચ્છા પરિપૂર્ણ કરવા માટે જ આવ્યો છું આ લોકોમાં મારા જેવો ગાંજાની બાધા રાખવાવાળો ભક્ત ભાગ્યે જ હશે. આવી હાલતમાં હું મારા મનની વાત પણ કોને કરું? જેને જે ચીજ વહાલી લાગે છે તે ચીજ મનુષ્ય ભગવાનને અર્પણ કરે છે. અથવા અર્પણ કરવા વિચારે છે, ઈચ્છે છે. આમ આ વિચારોના વંટોળમાં ગોસાઈ દર્શન માટે તલસી રહ્યો હતો. પરંતુ મહારાજ અંતરજ્ઞાની હોવાને લીધે ગોસાઈના વિચારો જાણી ગયા. અને હાજર રહેલ સજ્જનમાંથી એક જણને મહારાજે કહ્યું કે, બહાર એક ખૂણામાં ગોસાંઈ જે સંતાઈને બેઠો છે તેને મારી પાસે લઈ આવો. મહારાજશ્રીનો સંદેશો સાંભળી ગોસાંઈ ખુશ થઈ ગયો કેમકે હવે તેની ઈચ્છા ફળીભૂત થશે જ અને તેથી તે આનંદમાં આવી ગયો. તેના મનની ધારણા પાકી થઈ કે સંત સાચે જ ત્રિકાળજ્ઞાની હોય છે. મારા મનમાં જે ઈચ્છા હતી તે તો જાણી ગયા. અને ઉપરાંત બધી જ જગ્યાએ, પરંતુ એટલું જ નહિ સ્વર્ગલોકમાં પણ જે વાત થાય છે તે વાત સંતપુરુષ પોતાની જગ્યાએ બેસીને જાણી શકે છે. તેવું જ્ઞાનેશ્વરી ના છઠ્ઠા અધ્યાયમાં લખેલું છે અને આનો અનુભવ મેં પોતે કર્યો છે. ત્રિકાલજ્ઞ મહાત્માની જય હો. મારી માનતા હવે તે પોતેજ જાણી જશે. આમ ગોસાંઈ, મહારાજશ્રીને સામે આવીને ઉભા રહી ગયા. ત્યારે મહારાજશ્રી બોલ્યા: થેલીમાં જે વસ્તુ રાખી છે તે તરત જ બહાર કાઢો. પાછલા ત્રણ માસથી તેં જે બુંટ્ટી સંતાડી રાખી છે તેને હવે બહાર કાઢ અને મને અર્પણ કરી તારી બાધામાંથી મુક્ત થા અને તારા વ્રતની શાંતતા અનુભવ. મહારાજ, ગોસાંઈની વાત જાણી ગયા તેથી ગોસાંઈએ એકદમ આનંદમાં, ઉર્મિમાં આવીને ભાન ભૂલીને મહારાજશ્રીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા., તેની આંખમાંથી આંસુ વહેવાં લાગ્યાં અને એક બાળકની માફક તે પ્રભુના ચરણમાં આળોટી રહ્યો. ગોસાંઈની આવી હાલત જોઈ મહારાજશ્રી બોલ્યા કે, હવે ઉઠો અને થેલીમા રાખેલી બુટ્ટી કાઢો, જ્યારે બાધા માની ત્યારે શરમ ના આવી અને હવે આપવામાં આનાકાની કેમ કરે છે? ગોસાંઈ તો બહુજ ચાલાક હતો. તે બંને હાથજોડી ડરતાં ડરતાં બોલ્યો કે, મહારાજ, તમન્ના પૂરી કરવા માટે તો હું બુટ્ટી બહાર કાઢી રહયો છું પણ પહેલાં મને વચન આપો કે આપ તે વસ્તુનો ઉપયોગ હંમેશા કરશો. આ







મારી મનોવાંછિત ઈચ્છા છે તે આપ પૂરી કરો. હું સારી રીતે જાણું છું કે આપને આ વસ્તુની જરાપણ જરૂર નથી પરંતુ જેમ બાળકની ઈચ્છા માતા પૂર્ણ કરે છે. તેમ મારા અંતરની ઈચ્છા આપ પૂર્ણ કરો. ભક્ત જે વસ્તુની ઈચ્છા રાખે છે તે તો સંત મહાત્મા કે ભગવાન જ પૂર્ણ કરે છે. અંજની (રામભક્ત હનુમાનની માતા) નો દાખલો યાદ કરો. અંજની તો વાનરરૂપ હતી તેણે શંકરભગવાનને પ્રાર્થના કરી કે, પ્રભુ, આપ મારે ત્યાં પુત્રરૂપમાં જન્મ લો તેની ઈચ્છા તો ત્રિપુરારિએ જ પૂરી કરી વાનરીની ઈચ્છા પૂરી કરવામાં ભગવાનને જરાપણ આપત્તિ માલૂમ જ ના પડી, આખરે મારી ઈચ્છા તો છે, જેને આપ સહેલાઈથી પરિપૂર્ણ કરી શકશો. તમે પોતે તો કપૂરગૌર એટલે કપૂરના જેવા સફેદ શંકરભગવાન છો. મારી આ બુટ્ટીનો આપ અનાદર ના કરશો. શંકરજીએ તો આ બુટ્ટીને જ્ઞાન વહ્નિ કહી છે. આને વાપરવામાં બીજાને તો હાનિકાર થશે. પરંતુ આપને માટે તો એક શોભાદાયક વાત થશે. ગોસાંઈની આ વાત સાંભળી મહારાજશ્રી એક પળ તો વિચારમાં પડી ગયા. પણ તરતજ તેની વાત માની ગયા. જેવી રીતે માતા બાળકની સારી, ખોટી ઇચ્છા પૂરી કરે છે તેમ ગોસાઈએ ઝોળીમાંથી બુટ્ટી બહાર કાઢી, પછી હાથમાં લઈને સાફ કરી, અને પછી ચલમમાં મૂકીને ગજાનન મહારાજ ને પીવા માટે આપી. આ રીતે બુટ્ટીની વાત કહી નાખી. પણ દરેકે આ બાબતનો વિચાર કરવો જોઈએ. ત્યાર પછી ગોસાઈ શેગાંવ થોડા દિવસ રોકાયો, અને મહારાજશ્રીની કૃપા પામીને પોતે પોતાને ભાગ્યવાન સમજવા લાગ્યો, અને રામેશ્વર જવાની માગણી કરી ને રામેશ્વર બાજુ ગયો. મહારાજ ત્યારથી ગાંજો પીવા લાગ્યા પરંતુ આદતથી મજબૂર થઈને તો નહિ જ. તે તો હંમેશા કમલપત્રની વૃત્તિ ધારણ કરી કાયમ પોતાની મસ્તીમાં જ મસ્ત રહેતા હતા. આખરે સિધ્ધ યોગીની તુલનામાં માણસ થોડા જ આવે ? ગજાનન મહારાજ કોઈ કોઈ વખત તો શુધ્ધ શાસ્ત્રપધ્ધતિથી વેદવાણી ઉચ્ચારતા હતા તેમની વેદવાણી સાંભળીને પંડિતો મોંઢામાં આંગળા ચાવતા હતા. આ શાસ્ત્રોક્ત વેદવાણીને લીધે ઘણા માણસો તેમને બ્રાહ્મણ માનતા હતા. કોઈ કોઈ વખત તો ગવૈયાની માફક એક જ પદ અનેક રાગોમાં ગાતા હતા. કોઈક વખત ગણ ગણાંત આ પોતાનું ભજન ગાતા, તો કોઇક વખત વળી બિલકુલ શાંત જ બેસી રહેતા, તો કોઈક વખત પથારીમાં સુઈ રહેતા. તે પોતે કોઈક વખત પાગલ જેવું વર્તન કરતા, તો કોઈક વખત એકાંત સ્થાન

ઉપર જઈને બેસતા, કોઈક વખત ઓચિંતા જ કોઈને ઘરે જઈ પહોંચતા. આવી એમની દિનચર્યા હતી. અસ્તુ. શેગાંવમાં જાનરાવ દેશમુખ નામના એક સજ્જન રહેતા હતા. પોતે ખૂબ બિમાર હતા, અને છેલ્લો શ્વાસ લઈ રહ્યા હતા. શરીરમાં રોગ ફેલાયેલો હોવાથી શકિત વગરના દૂબળા પાતળા તેઓ થઈ ગયા હતા. વૈદરાજે તેમને બચાવવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા પરંતુ તેમાં વૈદરાજ નિષ્ફળ નીવડયા આખરે વૈદ્ય બોલ્યા કે, આ દરદી હવે છેલ્લો શ્વાસ લઈ રહ્યો છે, માટે તેને નીચે કામળા ઉપર સૂવડાવો, વૈદ્યની આ વાત સાંભળીને જાનરાવના આપ્તજનો બહુજ દુ:ખી થયા, અને છાતી કુટી કુટી ને કહેતા હતા કે, જાનરાવ, અમને છોડીને જશો નહિ. તેઓ સારા થાય તે માટે અમે ઘણી જ બાધાઓ માની, છતાં અમે અમારા દુર્દૈવે નિષ્ફળ જરહ્યા. જ્યારે વૈદ્યરાજ નિષ્ફળ ગયા, ત્યારે અમે આખરી પ્રયત્ન કરવા જઈ રહ્યા. બંકટલાલને ઘેર એક સાક્ષાત્કારી મહંત આવીને રહ્યા છે, જેમના વ્યવસાયથી શેગાંવ એક પંઢરપૂરજ બન્યું છે. સાક્ષાત્કારી મહંત ચાહે તે કરી શકે તેવા જ હોય છે. જ્ઞાનેશ્વર મહારાજે એમના તપોબળથી મરેલા સચ્ચિદાનંદબાબાને જીવતા કર્યા હતા. જાનરાવ હવે થોડા જ સમયના મહેમાન છે એટલે કોઈ તે મહારાજશ્રીની પાસે મોકલો. અને જાનરાવ માટે પ્રાર્થના કરો, તરત જ આપ્તજનમાંથી કોઈ બંકટલાલ ને ત્યાં પહોંચી ગયું, અને જાનરાવની ખરાબ હાલત બતલાવી મહારાજશ્રીના ચરણતીર્થની માંગણી કરી, અમૃત માંગ્યુ. પરંતુ બંકટલાલ બોલ્યા, આ બાબતમાં મારાથી કાંઈક જ બની શકે નહિ, તમે મારા પિતાશ્રીને મળો, તે આવેલ માણસે બધી જ વાત ભવાનીરામને કહી અને સમર્થનું તીર્થ માંગ્યું. ભવાનીરામ પણ સજ્જન હતા, તેઓ બીજાના દુ:ખને જોઈ શકતા ન હતા તેઓ બીજાનું દુ:ખ જોઈને પોતે પણ ખૂબજ દુ:ખી થઈ જતાં હતાં. જાનરાવની હાલત સાંભળીને ભવાનીરામે એક પ્યાલામાં પાણી લીધું અને મહારાજશ્રીના ચરણને અડકીને બોલ્યા કે, આ તીર્થ હું જાનરાવ ને આપું છું. મહારાજે તેમાં સંમતિ આપી. ચરણતીર્થ જાનરાવને આપી દીધું. ચરણતીર્થની અસર તરતજ દેખાવા લાગી. ગળામાં ઘરઘર અવાજ થતો હતો તે બંધ થઈ ગયો. હાથપગ હલાવવા લાગ્યા અને પછી આંખો પણ ખોલી. આ બધુ જોઈને લોકો ખૂબજ આનંદ પામ્યા અને સત્પુરૂષ કેવા કેવા કીમિયા કરે છે તેનો અનુભવ કરવા લાગ્યા. પછી દવાદારૂ બંધ કરી સમર્થના તીર્થ ઉપર જ ભરોસો રાખીને બેઠા. સમર્થના







પ્રભાવથી જાનરાવ, ઉત્તમ બની ગયા. આઠ દિવસ પછી જાનરાવ મહારાજશ્રીનાં દર્શન માટે ભવાનીરામને ઘેર પોતે જ આવ્યા. સંતચરણતીર્થ જાનરાવ માટે એક અમૃત સમાન જ બની ગયું. આવા ઘોર કલિયુગમાં પરમેશ્વર જ છે. આ આંખે દેખેલી બીના ઉપરથી કોઈને શંકા આવશે કે ગજાનન મહારાજ શેગાંવ આવ્યા ત્યાર પછી કોઈનુંય મૃત્યુ થયું જ નહિ હોય, પણ તે શંકા બિલકુલ પાયા વગરની છે. સંત કોઈનુંય મરણ ટાળી શકતા જ નથી. તેઓ વિધિનું લખેલું કદાપિ ટાળતા નથી. પરંતુ  તેઓ અચાનક જ સંકટકાળ આવે તેને થોડો સમય રોકી શકે છે જ્ઞાનેશ્વર મહારાજે નેવાસામાં સચ્ચિદાનંદ બાબાને જીવંત કર્યા હતા તો પણ તેમને જે કાર્ય કરવાનૂં હતું, તે કાર્ય પૂર્ણ થતાં જ તે (આળંદી ગામમાં) ચાલી ગયા હતા. આનો ભાવાર્થ એ જ છે કે ભક્ત ઉપર દરેક જાતની આફત થોડા સમય માટે સંતમહાત્માઓ કાઢી શકે છે. હકીકતમાં આ મૃત્યુલોકમાં મૃત્યુના ત્રણ પ્રકાર છે એમ માનવામાં આવે છે. એક તો આધ્યાત્મિક, બીજું આધિભૌતિકઅને ત્રીજું આધિદૈવિક. આ ત્રણેયમાં બળવાન તો ફક્ત આધ્યાત્મિક મૃત્યુ જ છે. આધિભૌતિક મૃત્યુની તૈયારી તો આપણે પોતે પરેજી ના પાળીએ અને પથ્ય કુપથ્ય ખોરાક લઈએ તેનાથી જ થાય છે. શરીરમાં અનેક રોગ પેદા થઈ જાય છે. એવી રીતે આ વ્યાધિથી જર્જરિત થયેલ શરીરને તો છોડવું જ પડે છે. તો પણ જો સમયસર સારી રીતે ઈલાજ કરવામાં આવે તો મૃત્યુમાંથી બચી શકાય છે. પરંતુ ડોક્ટર હોય કે વૈદ્ય તે પોતે પોતાના શાસ્ત્રની કળામાં નિષ્ણાત હોવો જ જોઈએ. આધિદૈવિક મૃત્યુને બાધા આખડી રાખીને પણ ટાળી શકીએ છીએ, પણ તે બહુ આગળ ન વધ્યું હોય તો જ, આ મૃત્યુના પણ બે પ્રકાર છે. એક તો ભૌતિક, બીજુ દૈવિક, અને ત્રીજું જે આધ્યાત્મિક મૃત્યુ છે તેને કોઈ પણ ટાળી  શકતું નથી. ભગવાન શ્રીકૃષ્ણ હાજર હતા તો પણ અર્જુનના પુત્ર અભિમન્યુનું મોત રણમાં જ થયું હતું. જાનરાવનું મોત તો આધિદૈવિક હતું અને તેથી જ સમર્થના ચરણતીર્થથી ટાળી શકાયું. આધિભૌતિક મૃત્યુ તો નિષ્ણાત ડોકટરોથી જ ટળે છે. અને આધિદૈવિક મૃત્યુ તો સંતકૃપાથી થોડા સમય સુધી જ રોકી શકાય છે. પરંતુ આ બન્નેની પાછળ અતૂટ શ્રધ્ધાવાળા અંત:કરણની જરૂર હોય છે. અને સામે સાધુ પણ  તેટલો ઉચ્ચ કક્ષાનો જ જોઈએ. સાધુ બે જાતના હોયછે, એક અસલી અને બીજો નકલી સાધુથી કોઈ ચમત્કાર કરી શકાતો નથી, કેમકે

માટીમાંથી કસ્તુરી બની શકતી જ નથી. સાધુએ તો છ વિકારો ઉપર કાબૂ મેળવ્યો હોય છે. તેથી તો જે ના થઈ શકે તે તેમનાથી બની શકે છે. એટલા માટે લોકોએ અસલી તેમજ પાખંડી સાધુ ઓળખી લેવા જ જોઈએ કેમકે પિત્તળ કોઈ દિવસ સોનું બની શકતું નથી. ગજાનન મહારાજ તો અસલી હીરા જ હતા, ત્યારે તો તેમના ચરણતીર્થથી વ્યાધિ મુક્ત બની ગયા અને વ્યાધિમુક્ત બનવાની ખુશીમાં તેમણે બંકટલાલને ત્યા એક મોટો ભંડાર અન્નદાન માટે તૈયાર કર્યો. ચરણતીર્થથી જાનરાવ તંદુરસ્ત તો થઈ ગયા, પરંતુ મહારાજશ્રીની આગળ એક સમસ્યા ઉભી થઈ ગઈ. આ રીતે લોકોનું સંકટ દૂર કરીશ તો પ્રપંચી માણસો આનો લાભ ઉઠાવશે અને આ કામ થયા કરશે તો લોકોની ભીડ બહુ જ વધતી જશે, માટે થોડું કડક સ્વરૂપ મારે રાખવું જ પડશે. બીજા દિવસે મહારાજે ઉપરથી ઉગ્ર રૂપ ધારણ કર્યું. તેમનું આ ઉગ્ર સ્વરૂપ બીજા માટે અસહ્ય બની ગયું. પરંતુ તેમના ખાસ ભક્તો ઉપર કશી જ અસર ના પડી ભગવાન જયારે નૃસિંહરૂપ ધારણ કરીને આવ્યા. ત્યારે બધાં જ લોકો ડરી ગયા હતા, પરંતુ ભક્ત પ્રલ્હાદને એમાં શું ડર હોય? વાઘનો બીજાને તો ડર લાગે પરંતુ તેના બચ્ચાં તો ડર્યા વગર દિન-રાત તેની પાસે જ રહે છે. ચંદનના સ્પર્શથી હિબર પર થોડી અસર થાય જ છે આ તો કુદરતનો નિયમ છે. જો પોતાને ચંદન માની બેસે તો તે ચોક્કસ ફજેત થાય. જ્યાં શેરડી થાય છે ત્યાં જ શેહુડ થાય છે. મોગરાની સાથે પિંગુળા આવે છે. એવી રીતે જ્યાં સાધુ પુરુષો રહેતા હોય ત્યાં અસાધુ પણ રહે તે નક્કી જ છે. હીરા અને કાંચ એક જ ખાણથી મળે છે. પરંતુ હીરો અને કાંચ એક સાથે રહેવા છતાં તેની કિંમત એક સરખી હોતી નથી, હીરાના તેજથી કાચ શોભે છે. પરંતુ કાંચ તે કાંચ જ રહે છે, જે પગ નીચે ઠોકરાય છે. જ્યારે હીરો રાજાના મુગટ ઉપર બિરાજમાન થાય છે. ગજાનન મહારાજ પાસે એક ઘમંડી અને સ્વાર્થીમાણસ રહેતો હતો, તે સંત સેવા કરતો હતો તેથી તે ઘમંડી બન્યો હતો. તે સંત સેવા તો એક બનાવટીરૂપથી જ કરતો હતો. તેના અંતરની અભિલાષા તો કાંઈ બીજી જ હતી. પેંડા, બરફી તે બધું મહારાજનું નામ લઈને ખાઈ જતો હતો અને તે બીજાને એવું દેખાડવા માંગતો હતો કે હું જ મહારાજનો ખરો સેવક છું. મારા વગર મહારાજ કશું જ કામ કરતા નથી. તે હંમેશા બણગા મારતો કે મારા સિવાય બીજો કોઈ પણ મહારાજની સેવા કરી શકે તેમ નથી. રામદાસસ્વામીના કલ્યામ (નામનો શિષ્ય) ની





[illegible] હું જ છું. [illegible] તો હું જ મહારાજની [illegible] રાખું છું આવા ઘમંડીનું નામ [illegible] વિઠોબા [illegible] હતું. તે પોતાને જ નંદિકેશ્વર માની બેઠો હતો. જેમ નંદિના દર્શન કર્યા વગર શંકરના દર્શન નથી થતા તેમ, તેવી રીતે તે આવતાંજતાં લોકોને આંખો દેખાડયા કરતો. તેની આવી ચાલાકી મહારાજશ્રી ઘણા જ દિવસોથી જોઈ રહ્યા હતા. એક દિવસ મહારાજશ્રીએ વિચાર્યુ, કે હવે આ ઘમંડીને કોઈક પાઠ ભણાવીશ. એક દિવસ બહારથી કેટલાય લોકો ગજાનન મહારાજનાં દર્શને શેગાંવ આવ્યા તે વખતે મહારાજશ્રી ખાટલા ઉપર આડા પડ્યા હતા. મહારાજને જગાડવાની હિંમત કોઈનાથી ના થઈ અને લોકો જે દર્શન માટે આવ્યા હતા તેમને આગળ પણ કાંઈક જવાનું હતું. હવે શું કરવું તેના વિચારમાં તેઓ પડી ગયા. તેમણે વિઠોબાને વિનંતી કરી કે, કાંઈક જરૂરી કામને લઈને અમારે આગળ પણ જવાનું છે અને મહારાજ સૂઈ ગયા અને દર્શન કર્યા વગર આગળ જવાની હિંમત પણ થતી નથી. આવી હાલતમાં વિઠોબા, તમે મદદ કરી શકો તેમ છો અને આવી વાણીથી વિઠોબા તો ફૂલ્યો સમાતો ન હતો. તેણે અંદર જઈને વગર વિચાર કર્યે મહારાજશ્રીને જગાડ્યા તેથી આવેલા લોકોની તમન્ના તો પૂરી થઈ જ પરંતુ વિઠોબાએ તો આ એક સંકટને આવાહન આપ્યું તેવું જ થયું. જેવું કરે તેવું ભોગળે. એ વખતે મહારાજની પાસે એક લાંબી લાકડી હતી તેનાથી મહારાજે વિઠોબાની ધોલાઇ શરૂ કરી દીધી અને મહારાજશ્રી મારતાં મારતાં બોલતા હતા કે, બેટો પોતે પોતાની અસલિયત ભૂલી ગયો છે. એણે તો વ્યાપાર શરૂ કર્યો છે. મઠમાં મને કેટલાયે કલાકો સુધી બેસાડી રાખે છે. કોઈ કોઈ વાર તો એ ભૂતસંચારને પણ પ્રગટ કરે છે. આવી નીચતા તો હદ કરતાં વધી ગઈ છે. તેનું ફળ તો તેને મળવું જ જોઈએ એક બાજુ મહારાજ આમ કહ્યા કરતા હતા. અને બીજી બાજુ તેની ધોલાઈ પણ સાથે સાથે કરી રહ્યા હતા. ઝેરને કદાપિ ખાંડ માનવી જ ના જોઈએ. ચોરને પણ કોઈ વખત ગળે લગાડવો જ ન જોઈએ મહારાજે વિઠોબાને એટલો માર્યો કે તે સહન ના કરી શક્યો, તે ત્યાંથી ભાગી છૂટયો ત્યારબાદ તે કોઈ દિવસ નજરે પડયો નથી. જે પહોંચેલા સંત મહાત્માઓ છે, તે ચાંપલા અને ઘમંડી ભક્તની જાળમાં કદાપિ આવતા જ નથી. જે નકલી સંત હોય તે આંપલા ભક્તની હામાં હા કરે છે. અને


સામાન્ય માણસો ને મુરખ બનાવીને પોતે મઝામાં રહે છે. આવું કરવું તે એક આફત વહોરી લેવા જેવું છે. અને સામન્ય માણસને ધૂળમાં મેળવવા જેવું છે. જે અસલી સંત હોય છે અને તે સંત તો લોકોને ઠગ બનાવવામાં પાપ માને છે તેઓ પાખંડી સંતને પોતાની પાસે આવવા દેતા જ નથી. કેમકે એક પતિવ્રતા નારીને વેશ્યાની સાથે જવાનું શું સારૂ લાગે? સોનામાં પિત્તળની ભેળશેળ શોભા આપતી નથી. અસલી સંત ધૂર્ત માણસને પોતાની પાસે જગ્યા આપે છે, પરંતુ તેના નકલીપણા ઉપર ધ્યાન આપતા નથી. તે પાછલું કર્મ ભોગવવા આવ્યો છે તેમ સમજીને તેના ઉપર ધ્યાન આપતા નથી. મોગરો, નાગની ફેણ, અને થોરિયા આ બધાં એક જ ધરતી ઉપર પેદા થાય છે પરંતુ તેમના ગુણ જોઈને તેમની કિંમત કરાય છે. મોગરાને સુરક્ષિત રાખવા નાગફણી બાળી નાખવામાં આવે છે. ડાંસ મચ્છરથી બચવા તો કુમારપાટુ દરવાજે બાંધવામાં આવે છે. સંતમહાત્માનો અવતાર તો જનકલ્યાણ માટે જ થાય છે. તેમની પાસે જે લોકો ભેગા થાય છે તેની કિંમત તેમનો પ્રકૃત્તિ ધર્મ જોઈને જ કરે છે. બિચારો વિઠોબા તો કમભાગી નીકળ્યો. સંતની કૃપા પામવા છતાં પોતે પોતાના ખરાબ નસીબને લીધે અલગ થઈ ગયો. અગર તેણે આવો ખરાબ વર્તાવ ના કર્યો હોત તો, તેને આ સંતની કૃપાથી મોક્ષ મળી ગયો હોત તે તો એટલો ખરાબ નસીબનો હતો કે કલ્પવૃક્ષની નીચે બેઠા પછી પણ ચકમકની ઈચ્છા થઈ, અથવા તો માગી માગીને કામધેનું પાસે ફક્ત નારિયેળ માંગ્યું. એટલા માટે જ્યારે સંતની કૃપા થાય ત્યારે ખૂબ જ વિચારી ને માનવીએ એવું માંગવું જોઈએ કે તેનું જીવન ધન્ય બની જાય. આ દાસગણુએ રચેલો શ્રી ગજાનન વિજયગ્રંથવાંચનારની હંમેશા રક્ષા કરે.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ ઇતિ ત્રીજો અધ્યાય સમાપ્ત:॥

શ્રી ગજાનનવિજય ગ્રંથ: ત્રીજો અધ્યાય સમાપ્ત





શ્રી ગજાનન મહારાજની ચલમ પાસે બંકટલાલે દિવાસળીની કાંડી ધરતાં જ ચલમ સળગી.

## અધ્યાય ચોથો

શ્રી ગણેશાય નમઃ, હે સર્વના સાક્ષી સર્વેશ્વર નીલકંઠ, ગંગાધર, મહાકાલ, ત્ર્યંબકેશ્વરશ્રી ૐ આકારવાળા, જલ્દીથી કૃપા કરો. તમે અને રૂકિમણીપતિ બન્ને આલિન્ન (એકજ) છો. પાણીને તોય (જલ) અથવા વારી (જલ) કહે છતાં કાંઈ થોડો જ બન્નેનો ગુણધર્મ જુદો પડવાનો છે ? તેવી રીતે આપ બન્નેલો એક જ છો? જેને જેવી મનમાં લાગણી છે ઈચ્છા છે, તે તેવા જ તેના આરાધનાના દેવ નક્કી કરી લે છે. અને તેની જ ભક્તિ કરે છે. દરેક રીતે જયારે આપના શરણે ભક્ત આવે છે ત્યારે આપ તેના ઉપર કૃપા કરો છો માતા તેના બાળક ઉપર નિષ્ઠુર, કઠોર કદાપી બનતી નથી. હું તો આપનો એક અનાડી બાળક છું. આપ મારા ઉપર કૃપા કરો. આપ સાક્ષાત્ કલ્પવૃક્ષ છો. કલ્પવૃક્ષ દરેકની મનોકામના પૂર્ણ કરે છે. બંકટલાલને ઘેર મહારાજશ્રી રહેતા હતા. ત્યારે આ અદ્ભુત બનાવ બન્યો હતો. વૈશાખ સુદ ત્રીજને દિવસે અખાત્રીજનો તહેવાર હતો. તે દિવસે પિતૃઓને પાણીનો ઘડો આપીને શ્રાધ્ધ મનાવવાની પ્રથા છે. વિદર્ભ પ્રાંતમાં અક્ષય તૃતીયાના દિવસને મહાન પવિત્ર માનવામાં આવે છે.  લોકો તે દિવસને મોટો તહેવાર માને છે. હવે તે દિવસે શું થયું તેના બાબતમાં સાંભળો. મહારાજ બંકટલાલના ઘર સામે છોકરાઓ સાથે વાતો તેમજ રમત કરતા હતા  ત્યાં જ અચાનક તેમને કાંઈક લીલા દેખાડવાની ઈચ્છા થઈ આવી. મહારાજ છોકરાઓને બોલ્યા  કે, ચલમમાં તમાકુ ભરો અને દેવતા લાવો, કેમકે સવારથી ચલમ પીધી નથી, તેથી બેચેની આવી ગઈ છે. તો હવે ચલમ ભરી આપો. મહારાજની આવી આજ્ઞા છોકરાઓ કેવી રીતે ટાળી શકે? ઘણી ખુશીથી બાળકોએ ચલમ ભરવાની તૈયારી કરી નાખી, ચલમ તમાકૂ ભરીને તૈયાર કરી, પણ દેવતા વગર તેને સળગાવવી કેવી રીતે? ઘરમાં જઈને તપાસ કરી તો અત્યાર સુધી દેવતા સળગાવ્યો ન હતો. છોકરાં ચિંતામાં પડયાં કે ચલમ સળગાવવા દેવતા તો જોઈશે જ, હવે શું કરીશું? તેના વિચારમાં છોકરાં પડી ગયા. આમ છોકરાંને ચિંતાતુર થયેલ જોવાથી બંકટલાલ બોલ્યા, તમે લોકો દેવતાની ચિંતા કેમ કરી રહ્યા છો? આપણા ફળિયામાં જાનકીરામ સોની છે. તેમની પાસેથી અગ્નિ લઈ આવો. જ્યાં સુધી સોની પહેલાં તેમને ત્યાં અગ્નિ સળગાવે નહી, ત્યાં સુધી તેમનો ધંધો શરૂ કરતા નથી. સળગાવેલા અગ્નિને પ્રથમ પ્રણામ કર્યા

બાદ જ સોનીનો દિવસ શરૂ થાય છે. આવી મુદ્દાની વાત સાંભળતાં છોકરાઓ જાનકીરામને ત્યાં દોડી ગયા અને ચલમ સળગાવવા માટે દેવતા જોઈએ છે તો તમે આપો તેમ નમ્ર બની માંગણી કરી. છોકરાઓની આવી વાત સાંભળી જાનકીરામના ગુસ્સાનો પાર રહ્યો નહિ અને કહેવા લાગ્યા કે, આજે અખાત્રીજનો પવિત્ર દિવસ છે. માટે હું કોઈને પણ દેવતા આપતો નથી. આવું જાનકીરામનું સાંભળીને છોકરાં તેમને ફરીથી વિનંતિ કરવા લાગ્યા કે આ દેવતા અમે તો મહારાજની ચલમ સળગાવવા માટે જ લેવા આવ્યા છીએ. આપને તો ખબર છે કે મહારાજ દેવોમાં ઉત્તમ છે, અને અમારે તો અગ્નિ તેમના માટે જ જોઈએ છે. સાધુ માટે માંગેલી વસ્તુ જો તેને આપો તો તેમાં કશું જ અશુભ થવાનું નથી. ભલેને તે દિવસ કેટલોય મંગલમય હોય? વ્યાવહારિક વાતો તમે અમને ના સંભળાવો. અમે તો તમારાથી બહુજ નાના છીએ, પરંતુ તમે તો મોટા છો છતાં પણ આપ અમારી વાત કેમ સમજતા નથી? તમારે ત્યાંથી જો દેવતા મળી જશે તો મહારાજની ચલમ સળગી જશે અને તેથી મહારાજ પ્રસન્ન થશે અને તમારી ધન દોલતમાં બરકત આવશે. આવું સાંભળવા છતાં જાનકીરામ એકના બે ન થયા ઉલટા તે ગમે તેમ વાતો કરવા લાગ્યા. જ્યારે માણસની મતિ બગડે છે, ત્યારે તેને ઉંધો રસ્તો જ સૂઝે છે. જાનકીરામ છોકરાંને બોલ્યા, તમારા ગજાનન મહારાજની મોટાઈ (મોટાપણું) મને વધારે ખબર છે. કાયમ ચલમ પીવાવાળા ગાંડાને તમે સાધુ કેમ કહો છો? તે તો હમેશા ગાંજો, તમાકુ પીએ છે નગ્ન હાલતમાં ફરે છે, ગાંડપણ કરે છે, અને પાણી પણ ગંદુ પીવે છે. તેમની જાતનું પણ કોઈ જ ઠેકાણું નથી. એવા ગાંડા માણસને હું તો બિલકુલ સાધુ માનતો જ નથી. બંકટલાલ એક ઓછી અક્કલનો માણસ છે તે જ એની ભક્તિમાં લાગેલ છે. હું તો કોઈ પણ શરતે તેમણે તમાકુ પીવા માટે અગ્નિ આપીશ જ નહિ. અરે જે પોતે સાક્ષાત્કારી છે તેને અગ્નિની જરૂર કદાપિ પડતી જ નથી. તે પોતાની દૈવી શક્તિ થી શું અગ્નિ પ્રગટ નથી કરી શકતો? સાધુ જલંધરનાથતો ખૂબ જ ચલમ પીતા હતા, પરંતુ દેવતા માટે તેઓ કદાપિ ઘેર ઘેર ભીખ માંગતા ન હતા, તો છોકરાં તમે પાછાં જાઓ, તમને મારે ત્યાંથી દેવતા નહિ જ મળે, મારી નજરમાં તો તે પાગલની જરાપણ કિંમત નથી. બિચારાં છોકરાં ખાલી હાથે પાછાં આવ્યા અને મહારાજને તમામ વાત કહી બતાવી. મહારાજ મનમાં હસ્યા, પછી બોલ્યા, હવે દેવતાની જરૂર નથી ચલમ







તેમણે પોતાના હાથમાં લીધી અને બંકટલાલને તેના ઉપર દિવાસળી મૂકવા ઈશારો કર્યો. બંકટલાલ બોલ્યા કે, મહારાજ થોડું ઉભા રહો, હમણાંજ હું દિવાસળીથી ચલમ સળગાવી આપું છું. મહારાજે તેમને કહ્યું કે, તેમ કરવાની જરૂર નથી પરંતુ મેં જે કહ્યું તે જ તમે કરો. એટલામાં નવાઈ પમાડે તેવી વાત એ બની કે, મહારાજની આજ્ઞા મસ્તકે ચઢાવી જેમ મહારાજે કહ્યું તેમ કરતાંજ વગર દેવતાએ દેવતા પ્રગટ થયો, અને મહારાજનું ચલમનું કામ પૂર્ણ થયું. આ બધું મહારાજની શક્તિ પ્રાગટ્યનું જ કામ હતું. કેમકે દિવાસળી તો એમને એમજ રહી, અને ચલમ પણ સળગી ગઈ. અસલી સાધુત્વવાળાને ઉપરની કોઈ પણ શક્તિની જરૂર પડતી નથી. મહારાજે જે ચમત્કાર બતાવ્યો તેને જ સાધુત્વ કહે છે. એ કાંઈ જેવા તેવા નકામાનો પાખંડ થોડો જ હતો? આ બાજુ સોનીને ઘેર બહુ જ ખરાબ ઘટના બની અખાત્રીજના દિવસે ખાટીયા નામની ચટણી બનાવવામાં આવે છે. તે આંબલી ગોળ વિગેરે નાંખીને બનાવવામાં આવે છે. ગુડીપડવાને દિવસે જેમ લીમડાંના ફૂલ તેમજ પાનનું મહત્વ છે. તેમ અખાત્રીજને દિવસે ખાટીયાનું મહત્વ છે. જાનકીરામને ત્યાં તે દિવસે ખાટીયું બનાવ્યું હતું. ઘણા માણસોને તે દિવસે જમવા માટે આમંત્રણ આપ્યું હતું લોકો જમવા માટે બેસી ગયા હતા અને દરેક વસ્તુની જમવા માટે જોડે પડીયામાં આ ખાટીયું પણ પીરસ્યું હતું. લોકોએ જોયું કે આ ખાટીયામાં કીડા અને ઈયળો પડેલી હતી. તેથી લોકોને ખાવાના ઉપર ઘૃણા ઉત્પન્ન થઈ અને તેવું ને તેવું જ ખાવાનું છોડીને બધાં જતાં રહ્યાં. આવું કેમ થયું તે વિચારતાં જાનકીરામ ખિચારા ચિંતાતુર બેસી રહ્યા. ખાટીયું ખરાબ થયું તેને લીધે આ આખોય જમણવાર બગડ્યો આવું થવામાં પોતેજ જવાબદાર છે તે તેમણે મનોમન નક્કી કરી લીધું. મેં સાધુને અગ્નિ ના આપ્યો અને ઉપરથી તેમને ગમે તેમ કહેવા લાગ્યો તેનું જ, આ હું જે જોઈ રહ્યો છું તે ફળ છે, ચોક્કસ આ લીલા તો ગજાનન મહારાજની કરેલી હોવી જોઈએ. ગજાનન મહારાજ તો એક પવિત્ર પાણી સમાન છે. પરંતુ મેં તેમને એક ગંદા પાણી સમાન માન્યા. ગજાનન તો રાજરાજેશ્વર છે. પરંતુ મેં જ તેમને એક ભિક્ષુક માન્યા. કલ્પવૃક્ષને મેં પોતે બાવળિયો માન્યો ગજાનન જેવા આખી પૃથ્વીની ચિંતા કરવાવાળા ચિંતામણિ વિષ્ણુને હું કાયર જ સમજ્યો. રામચંદ્રપ્રભુની પદવી આપવાને બદલે મેં તેમને ઢોંગી સાધુ જ માન્યા. મારી આ ખરાબ બુદ્ધિને લીધે જ મને આ સજા થઈ,

કેમકે જે જે સંતની સેવા કરવાનો મને અવસર મળ્યો હતો તે મેં મારા દુર્ભાગ્યને લીધે ખોઈ નાખ્યો. મારી આ પશુ જેવી જીંદગી ઉપર ધિક્કાર છે. આવી ભૂલ કરીને મેં પૃથ્વીને ખોટી જ ભારે કરી છે. ખરેખર તો હું પણ બે પગવાળું પશું જ સાબિત થયો છું. આજે મારૂં ભાગ્ય જે પગે ચાલીને આવ્યું હતું, તે મારી ભ્રાંત બુદ્ધિને લીધે જ ઠોકર મારીને મેં પાછુ ધકેલ્યું. મારું ભાગ્ય ફળવાનો સમય આવીને ઉભો ત્યારે જ મેં મોઢું ફેરવી લીધું હવે જે થયું તે થઈ ગયું. હું હવે મહારાજશ્રીની પાસે જઈને તેમના પગમાં પડીને અંતરથી ક્ષમા માંગી લઉં. આમ વિચારમાંને વિચારમાં તે બંકટલાલને ત્યાં ગયા અને બનેલી બધી જ હકીકત કહેતા બોલ્યા કે ખરેખર આજે મને બહુ જ આઘાત લાગ્યો છે. આ ખાટીયામાં જે જીવડાં, ઈયળો પડી જવાથી જમવાવાળા જમ્યા વગર પાછા જતા રહ્યા છે. અને તેનાથી પિતૃઓને અન્ન ન મળવાથી શ્રાધ્ધકને નુકશાન થયું છે. આખરે જે કાંઈ બન્યું છે તેનો જવાબદાર હું પોતે છું. કેમકે આજે સવારે છોકરાઓ મહારાજશ્રીની ચલમ માટે દેવતા માંગવા આવ્યા હતા. પરંતુ મેં તેમણે અગ્નિ આપ્યો નહિં. અને મેં જે ના પાડી તેનું આ ફળ છે. આ બધું સાંભળીને બંકટલાલ બોલ્યા કે, ચીજ વસ્તુ ખરાબ હશેગ્ન તેથી જ આમ બન્યું હશે. સોની બોલ્યો કે, આંબલી તો નવીજ લાવ્યા હતા. તે નવી છે કે જૂની તે તમે જાતે જ તપાસ કરી શકો તેમ છો. ફક્ત શેઠજી, હવે તો મારી એટલીજ વિનંતી છે કે તમે મને મહારાજની પાસે લઈ જાઓ હું તેમની પાસે મારી ભૂલની અંતરથી માફી માગીશ. કેમકે સાધુ તો દયાના સાગર જ હોય છે. આખરે જાનકીરામ મહારાજની પાસે ગભરાતા ગભરાતા આવ્યા અને બોલ્યા કે, હે દયાધના મારા ઉપર રહેમ કરો, દયા કરો. તમારા ઉપર મારાથી જે ખરાબ વર્તાવ થયો તેની હું ક્ષમા માંગુ છું. અને આપની પાસે હું ક્ષમાની ભીખ માગું છું. આપ પોતે ઉમાપતિ શેગાંવમાં બિરાજો છો તે મારા ખરાબ કિસ્મતને લીધે આપના મહિમાને હું જાણી શક્યો નહિ. આપની કૃપા રૂપી અગ્નિમાં મારા આ અપરાધરૂપી તણખલા ને બાળી નાંખો. મહારાજ આજથી હું આપની નિંદા અને નાસ્તિકતા કદાપિ નહિ કરું, મારા ખરાબ કૃત્યના બદલ મને જે સજા થઈ તે બહુ જ છે. આપ તો અનાથના નાથછો. મારા તરફથી મોઢું ફેરવી ના લેશો. મહારાજ બોલ્યા કે, જુઠું ના બોલીશ. ખાટીયામાં કોઈજ ખરાબી નથી તું સારી રીતે જરા જો તો ખરો? જાનકીરામ તેમજ ત્યાં હાજર રહેલ માણસોએ જોયું તો તે ખાટીયામાં કોઈ જ







ખરાબી ન હતી, બધાંજ દાંત નીચે આંગળા દાબવા લાગ્યા. મહારાજે કરેલ ચમત્કારની વાત ચારેય તરફ પ્રસરી ગઈ. કસ્તૂરીની સુવાસ કદાપિ છૂપી રહી શકતી નથી. શેગાંવના એક સજ્જન ચંદુમુખી મહારાજના વહાલા ભક્ત હતા. હે શ્રોતાગણ હવે તેમની કથા સાંભળો : જેઠ મહિનો હતો અને આજુબાજુ તેમનાં ભક્તો હાથજોડી તેમના પગ તરફ નજર રાખીને બેઠા હતા. ભક્તોમાંથી કોઈ, મહારાજને કેરી કાપીને આપતો હતો, તો કોઈ પંખો નાખતા હતા, તો કોઈ મહારાજને ગળામાં હાર પહેરાવતા હતા, તો કોઈ મહારાજને શરીરે ચંદન લગાડતા હતા. એટલામાં મહારાજે ચંદુને કહ્યું તે કેરી મારે નથી જોઈતી, અખાત્રીજને દિવસે (ગુઝીયા) ચણાના લોટની બનાવેલી તીખી વાનગી બચી છે તે મને લાવી આપ. તેની ખબર ચંદુને ન હતી તેથી તે બોલ્યા કે, મહારાજ ગુઝીયા હું ક્યાંથી લાવું? અને આપને ક્યાંથી ખવડાવું? અગર જો તમારે તે ખાવી જ હોય તો હું નવી બનાવીને લઈ આવું. તે સાંભળીને મહારાજ બોલ્યા કે મારે નવી બનાવેલી નથી જોઈતી, મારે તો માટલાંમાં સંતાડીને મૂકી છે તે જ જોઈએ. ગુરુની આગળ કદાપિ જુઠું બોલવું જ નહિ, કોઈપણ બહાનું બતાવ્યા વગર મને તે જલ્દીમાં જલ્દી લાવી આપો. મહારાજની પાસે બેઠેલા લોકો બોલ્યા કે, મહારાજ જે સંકેત કરે છે તેમાં જરૂર કાંઈક તાત્પર્ય છે ચંદુ ઘરમાં આવીને પત્નીને કહેવા લાગ્યો કે, ગુઝીયા માટલાંમાં સંતાડી રાખી છે. તે મહારાજને જોઈએ છે, તે સાંભળીને પત્ની બોલી કે, ગુઝીયા બનાવ્યાને તો એક મહિનો થઈ ગયો હવે તો હું તે ક્યાંથી લાવું? હે નાથ, અખાત્રીજના દિવસે જે બનાવી હતી તે તો તેજ દિવસે ખલાસ થઈ ગઈ હતી. અગર તમે જો ચાહો તો સમર્થ માટે હું નવી જ તાજી બનાવી આપું. આ જુઓ કડાઈ ચુલા ઉપર મુકી દીધી છે. ઘરમાં દરેક વસ્તુ તૈયાર છે. તમે થોડી વાર રોકાઈ જાઓ. પત્નીને બોલતી વચમાં રોકીને ચંદુ બોલ્યો કે, મહારાજને અત્યારે બનાવેલી ગુઝીયા જોઈતી નથી. અંદર માટલીની અંદર જે બે ગુઝીયા (ઘંઉની સેવ જેવું) છે, તે મહારાજને જોઈએ છે. યાદ કર તેં કાંઈ સાચેસાચ સંતાડી ના રાખી હોય. પતિનું આ વચન સાંભળીને પત્ની એક પળ માટે તો વિચાર કરતી થઈ ગઈ અને વિચારવા લાગી કે તેમાં કાંઈક તથ્ય હશે જ. કાઈક જરૂર છુપાયેલુ છે. અને માટલામાં ભરેલી ઘંઉની સુકી વાનગી તે તપાસવા લાગી. તે ખોળતાં ખોળતાં એક માટલામાં બે ગુઝીયા નજરે પડી, તે તેના પતિને કહેવા લાગી કે, મેં જ મૂકી હતી તેને હું આજ સુધી ભુલી ગઈ હતી. ગુઝીયા તો એક મહીના પહેલા બનાવેલી છે. છતાં પણ આજે તેની હાલત

ખાવા જેવી છે. સંતના વચનો કદાપિ જુઠા સાબિત થતાં નથી. ગુઝીયા જોઈને મનોમન બન્ને આનંદ પામ્યા અને બોલ્યા કે, ધન્ય સાધુ ગજાનન મહારાજ તમે તો સિદ્ધયોગી છો તમારી જય થાઓ. ચંદુ ગુઝીયા લઈને દોડતો મહારાજ પાસે આવ્યો અને મહારાજને તે ગુઝીયા અર્પણ કરી. મહારાજ બોલ્યા કે. દ્રદ્રવાત સાચી નીકળી ને?ગ્ર આ જોઈને ત્યાં હાજર રહેલા સર્વ આશ્ચર્ય પામ્યા. અંતરની ભાવનાથી બોલવા લાગ્યા કે, ખરેખર મહારાજ તો ત્રિકાળજ્ઞાની છે. જે ભૂત, ભવિષ્ય અને વર્તમાન અહીંયા બેઠા જાણી શકે છે. જેમ શબરીના આપેલા બોર શ્રી રામચંદ્રપ્રભુએ આનંદથી ખાધાં હતા તેમ ચંદુની આપેલ બે ગુઝીયા મહારાજે ખૂબ જ પ્રેમપૂર્વક આરોગી. શેગાંવની દક્ષિણમાં ચિંચોલી નામનું એક ગામ આવેલ છે. ત્યાં એક બ્રાહ્મણ રહેતો હતો તેનું નામ માધવ હતું. હમણાં તેની ઉંમર ૬૦ વર્ષ ઉપરની હતી. તેમનાં બધાં અંગો નબળા પડી ચુક્યાં હતા. જવાનીમાં સંસાર જ તેના માટે સર્વસ્વ હતો. કાળની ગતિ આગળ બધાનેં નમવું પડે છે. બ્રહ્માદેવે જેનું નામ લખ્યું છે, તેના ઈશારાઓ ઉપર જ દરેકને પોતાની જીંદગી વીતાવવી પડે છે. સમય વીતતાં પત્ની અને પુત્રનું અવસાન થઈ ગયું. માધવ એકલા જ રહી ગયા તે બીનાથી તેને વૈરાગ્ય આવી ગયો જેને સ્મશાન વૈરાગ્ય કહે છે, ઘરમાં જે સામાન હતો તે વેચીને થોડા દિવસો કાઢ્યા. હવે તે લાચાર બની પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો, હે દીનબંધુ, મે આપને એક પળ માટે પણ સંભાર્યા નથી. હવે મારી રક્ષા કોણ કરશે? આપના વગર મને બીજા કોઈનો આશરો નથી. મારું આ એકલવાયું રુદન કોણ સાંભળશે. છેવટે ખરાબ પરસ્થિતિમાં તે શેગાંવ આવ્યો અને મહારાજના ચરણ પકડીને જીદ લઈ સામે બેસી ગયો. માધવે ખાવાપીવાનું છોડી દીધું અને અખંડ પ્રભુનામ લેવા લાગ્યો. આવી રીતે આખોય દિવસ પસાર થઈ ગયો, તો પણ તે, જગ્યાએથી ઉઠ્યો જ નહીં. ત્યારે મહારાજ તેને બોલ્યા કે, દ્રદ્રઆ રીતે જીદ પકડવી સારી નથી. ભગવાનની તું અત્યારે પ્રાર્થના કરે છે. જેમની યાદ તને આજ સુધી આવી નથી. જ્યારે પ્રાણે શરીર ત્યાજી દીધું હોય, ત્યારે વૈદ્યને બોલાવવાથી થોડો કોઈ લાભ થવાનો હતો ? તે તો એવું થયું કે જવાનીમાં બ્રહ્મચારી રહી અને ઘડપણમાં લગ્ન કરી શરીરસુખ મેળવવું. પરંતુ જિંદગીમાં દરેક વાત સમય પ્રમાણે જ કરવી જોઈએ. આજે જ્યારે ઘરમાં આગ લાગી છે ત્યારે કૂવો ખોદવાનો શું ફાયદો છો જે વસ્તુ થકી તારા પુત્રો માટે તે તારું જીવન બરબાદ કર્યું. તે બધા તો તને છોડીને ચાલ્યા ગયા છે. તે ક્ષણભંગુર સુખ પાછળ જ દોટ મુકી છે, જે સદાય સુખ આપે તેવી વસ્તુ તરફ તો તે








કદાપિ જોતું જ નથી. હવે આ બધું જ નકામું છે. કેમકે આપણા કર્મનું ફળ તો ભોગવ્યે જ છૂટકો છે. અને તે ભોગવ્યા વગર તારી મુક્તિ જ નથી. એટલા માટે તું આ તારી જીદ છોડીને કાંઈક વિવેક શીખ.ગ્ર મહારાજના કહેવા છતાં તે જરાપણ ચલિત થયો નહિ. લોકોની તેમજ વિશેષ શેગાંવના કુલકર્ણીની વિનંતી પણ ન માનતા (ખાવા માટેની,) તે મહારાજની પાસે ભગવાનનું નામ લેતો બેસી રહેતો. બે પહોર જેટલી રાત પસાર થઈ અને ખૂબ જ અંધકારમાં બધી જ જગ્યાએ શાંતિ છવાઇ ગઈ. પાસે કોઇ નથી જાણીને મહારાજે લીલા બતાવી. મહારાજે ભયાનક રૂપ ધારણ કર્યું. માનો કે સાક્ષાત્ યમરાજ-તેના મોંઢેથી એક શબ્દ પણ નીકળવા ન પામ્યો અને માધવ એકદમ બૂમ પાડીને દોડવા લાગ્યો. માધવ સમજ્યો કે મને સાક્ષાત યમ લેવા માટે જ આવ્યા છે. તે ડરી ગયો અને તેના મોંઢેથી એક શબ્દ પણ ના નીકળ્યો તે ઉઠીને નાસવા લાગ્યો. તેની આવી હાલત જોઈને મહારાજે શાંત સ્વરૂપ ધારણ કર્યું અને બોલ્યા કે, શું આ તારું મક્કમપણું છે? તારે જે કરવું હોય તે કર, પરંતુ કાળપુરુષ (યમરાજ) તને જરૂર ખાઈ જશે. તારું શું થવાનું છે તેનું મેં આ એક દર્શન બતાવ્યું. તું યમલોકમાં ક્યાં નાસતો ફરીશ? માધવ ખૂબ જ નમ્ર બનીને કહેવા લાગ્યો બસ મહારાજ યમલોકની વાત તમે કરશો નહીં. હું આપને છેલ્લી પ્રાર્થના કરું છું કે આપ મને યમલોકના સિવાય વૈકુંઠલોકમાં મોકલી દો. કેમકે યમલોકમાં શું થવાનું છે, મને શું વીતવાનું છે તેનું એક દૃશ્ય મેં હમણાં જ જોઈ લીધું. હું તો મહાન પાપી છું. મારા પાપનો વિનાશ આપ સહેજમાં કરી શકો તેમ છો. મારું પાછલા જન્મનું કાંઈક સારું કર્મ હશે તે આપણા ચરણોમાં આવી શકવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું સંતોના સહવાસમાં તેમજ સંતની સેવાનો જેને લહાવો મળ્યો હોય તે કદાપિ યમલોકમાં જતા જ નથી. માધવની અંતરમાંથી નીકળેલી વાણી સાંભળીને મહારાજશ્રી મનમા હસ્યા. મહાપાપીને સાધુ જ પાપમાંથી છોડાવે છે. મહારાજે તેને કહ્યું કે, માધવ તું શ્રીમન્નારાયણ નારાયણ એ જ નામ લે, કેમકે તારું મૃત્યુ તો હવે નજીક જ આવી રહ્યું છે. હવે તું ચિત્ત સાવધાન રાખીને રહે. અગર થોડો સમય તારે વધારે જીવવું હોય તો તેનો પણ હું બંદોબસ્ત કરું. બોલ તારો શું વિચાર છે? માધવે નમ્રતાપૂર્વક મહારાજને કહ્યું કે, મારે હવે વધારે આવરદા જોઈતી નથી. પ્રપંચ, માયા એ તો ખરાબ વસ્તુ છે. હવે હું તેના પંજામાં ફસાવા માંગતો નથી. મહારાજે તથાસ્તુ કહીને તેના ઉપર કૃપાહસ્ત મૂકીને બોલ્યા કે, મેં તારી ઇચ્છા પૂરી કરી દીધી છે હવે તને જન્મ મરણના ફેરામાંથી છૂટકારો મળી જશે. આ

ગુપ્ત સંવાદ ફક્ત મહારાજ અને માધવ બન્નેની વચ્ચે જ થયો. ખરેખર હું પણ તેનું સાચું વર્ણન કરવા સમર્થ નથી. સમય આવતાં માધવનું મૃત્યુ થયું. સાચી હકીકત ન જાણતા હોવાથી માણસો પોતાના સ્વભાવ પ્રમાણે માધવના મૃત્યુની ચર્ચા કરવા લાગ્યા. અહીં તેનું વર્ણન પણ કરવું અર્થ વગરનું છે. માધવનું મોત તો સમર્થની હાજરીમાં જ થયું ગજાનન મહારાજની કૃપા થવાથી તેને જન્મમરણના ફેરામાંથી છૂટકારો મળ્યો. એક વખત મહારાજને જે ઈચ્છા થઈ હતી, તે તેમણે તેમના ભક્તોને સંભળાવી. વેદશાસ્ત્રમાં પારંગત પંડિતો પાસે મંત્રજાગરણ કરવાવુ કેમકે વેદ સાંભળવાથી ભગવાન પ્રસન્ન થાય છે. પેંડા બરફી, ખાજા, મીઠાવાળા ચણા તેમજ દક્ષિણા આપવા માટે એક સો રૂપિયાનો પ્રબંધ કરો. આ સાંભળીને ભક્તોએ પોતે મહારાજશ્રીને પૂછ્યું કે આવા પવિત્ર બ્રાહ્મણ અમને શેગાંવમાં કઈ જગ્યાએ મળશે? બાકીનો બધો જ બંદોબસ્ત થઈ જશે. પણ બ્રાહ્મણ ક્યાં મળશે? તમે પ્રથમ સંપૂર્ણ તૈયારી તો કરો. વસંતપૂજાને દિવસે ભગવાન પોતે જ બ્રાહ્મણોને મોકલી આપશે મહારાજનું આવું આશ્વાસન મેળવીને ભક્તો ખૂબ આનંદિત થયા, અને તૈયારીમાં પડી ગયા. ભક્તજનોએ એકસો રૂપિયા ભેગા કર્યા અને બધો જ સામાન લઈ આવ્યા. કેસર મેળવીને, ચંદનઘસી તૈયારી કરીને તેઓ બ્રાહ્મણોની રાહ જોવા લાગ્યા. શેગાંવમાં બપોરના સમયે વૈદિક બ્રાહ્મણો પધાર્યા. તે તેમની વેદવાણીથી સંપૂર્ણ સિદ્ધ દેખાતા હતા. મહા ધામધૂમ સાથે વસંતપૂજાની પૂર્ણાહૂતિ થઈ. વૈદિક બ્રાહ્મણ ખુશ થયા, અને તેમની પાસેથી દક્ષિણા અને પ્રસાદ લઈને બીજે ગામ જવા રવાના થયા. સંતમહાત્માની ઈચ્છા તો ભગવાન રમાનાથપોતે પૂરી કરે છે. કેમકે ભગવાન ઉપર સંતમહાત્માનો પ્રભાવ જ એવો હોય છે. તે સમયથી શરૂ થયેલ વસંત પૂજા બંકટલાલના પુત્ર તેમજ પૌત્રૌ થયા છતાં પણ આજ દિવસ સુધી ચાલુ જ રાખી છે. આ દાસગણૂરચિત શ્રીગજાનન વિજયગ્રંથસાંભળવાવાળાને પ્રભુભક્તિ તરફ લઈ આવે એવી પ્રભુને પ્રાર્થના છે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥ ॥ ઈતિ ચતુર્થો અધ્યાય સમાપ્તઃ॥

શ્રી ગજાનનવિજય ગ્રંથઃ ચોથો અધ્યાય સમાપ્ત





શ્રી ગજાનન મહારાજે સુકાઈ ગયેલા કૂવામાંથી પાણી પેદા કર્યું ભાસ્કર પાટીલ ક્ષમાયાચના માંગે છે.

## અધ્યાય પાંચમો



શ્રી ગણેશાય નમ:, હે અજ (જન્મ વગરના) અજિત (ન જીતાય એવા, અદ્રય (અદ્વિતીય), સચ્ચિદાનંદ સ્વરૂપ દયાંનિધિ, તમારે શરણે આવેલ આ દાસગણૂને અભય આપજો હે પ્રભુ, હું નીચ છું, ગરીબ છું, એટલું જ.નહિ હું પાપી પણ છું. જે દુ:ખી ગરીબ છે તેના ઉપર તો આપની કૃપાનો હસ્ત સહાય રહે છે. ભગવાનશ્રી શંકરે આખાયે શરીર ઉપર ભસ્મ લગાવી છે. દુ:ખી માણસોની અશક્તિને લીધે મોટા લોકોને કાંઈપણ માનહાનિ નથી. આ વાત તમે ધ્યાનમાં રાખીને હે નારાયણા દાસગણૂને આપની પાસે રાખો. માતા બાળકની દરેક હઠો પૂરી કરે છે. દાસગણૂનો ભાર તો, પ્રભુ, તમારા ખભા ઉપર છે. પ્રભુ આપ ગમે તે પ્રમાણે કરો, પણ એનાથી તમે મોં ફેરવી લેશો નહિ, કેમકે આપના ભરોસે આપના ઉપર જ દાસગણૂની આ બધી કુદાકુદ છે. શેગાંવમાં બંકટલાલને ત્યાં મહારાજના દર્શન માટે ખૂબ જ લોકોની ભીડ  થવા લાગી, તેનું તો વર્ણન જ થઈ શકે તેમ નથી અને આ ઉપાધિથી છૂટકારો મેળવવા માટે હવે મહારાજે જંગલમાં ફરવાનું શરૂ કર્યું. એક મહિનો પૂરો, તેઓ કોઈને દેખાય નહિ તેમ જંગલમાં રહેતા હતા. પરંતુ તે ક્યાં રહેતા હતા, કઈ જગ્યાએ રહેતા હતા તેનો પત્તો લાગતો ન હતો. કોઈને જરા પણ ખબર આપ્યા વગર મહારાજ પિંપલ ગામમાં આવ્યા. અને ત્યાં શું બન્યું તેના વિશે હવે સાંભળો. પિંપલગામની સીમા નજદીક એક જંગલમાં શિવમંદિર હતું. ત્યાં આ સાક્ષાત્કારી મહારાજ પધાર્યા, અને પદ્માસન લગાવી ધ્યાનમગ્ન થઈ ગયા. આ ગામમા ભરવાડો સાંજના સમયે ગાયોને લઈને ઘેર જઈ રહ્યા હતા. ત્યાં મંદિર પાસે એક નાનું નાળું હતું. ગાયોને લઈને તે માણસો ત્યાં પાણી પીવડાવવા માટે આવ્યા. તે માણસોમાંથી એક જણ શ્રીશંકરજીના દર્શન માટે અંદર ગયો, તો ત્યાં મહારાજને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો. આજ સુધી તેમણે કોઈપણ  અજાણ્યા માણસને આ મંદિરમાં જોયો ન હતો. જે દર્શન કરવા ગયો હતો તેણે તેના બહાર ઉભેલા મિત્રોને અંદર બોલાવ્યા, અને મહારાજ સાથે આજુબાજુ બેસી ગયા. મહારાજ સમાધિઅવસ્થામાં હતા, તેથી હાલ્યા ચાલ્યા વગર બેઠા હતા. મહારાજ કશું જ બોલતા ન હતા, કે આંખો પણ ખોલતા ન હતા. આવું કેમ છે? તેની ખરી હકીકત તો માણસો જાણતા ન હતા. કોઈએ એમ પણ વિચાર કર્યો કે કદાચ મહારાજ

થાકી ગયેલ, ભૂખ્યા હશે. અને તેથી જ બોલવાની શક્તિ પણ તેમનામાં બિલકુલ જ નથી. મહારાજ ભૂખ્યાં હશે તેમ સમજીને કોઈએ રોટલી આપવા માટે વિચાર્યું અને કોઈએ મહારાજ ના મોઢા સામે રોટલી ધરીને તેમને જગાડવાની કોશિષ કરી. આટલી કોશિષ કરવા છતાં પણ મહારાજના તો જાગ્યા કે ના કાંઈ બોલ્યા, તેથી ગોવાળિયાઓને આશ્ચર્ય થયું. તેઓ અંદરઅંદર વાતચીત કરવા લાગ્યા કે, મહારાજ જીવે છે કે નહિ તે નક્કી કહેવું અસંભવ છે. અગર જો આપણે માનીએ કે મહારાજ મૃત્યુ પામ્યા છે, તો તે બેઠા છે. શ્વાસ પણ ચાલી રહ્યો છે. શરીર પણ ગરમ લાગે છે અને તેથી તેઓ જીવતા તો છે. તેમા શંકા જ નથી. તેમાંથી કોઈ બોલ્યા કે, કદાચ માયાવી ભૂત હશે તેના ઉપર એક જણે શંકા કરી કે શંકરના મંદિરમાં ભૂત કેવી રીતે આવી શકે? તો કોઈ બોલ્યું કે ભગવાન હશે, અને તે આપણા ભાગ્યને લીધે અહીં આવ્યા છે, હવે તો આપણે બધાં જ મળીને તેમની પૂજા કરીશું. કોઇ નાળામાંથી પાણી લઈ આવ્યું અને તેણે મહારાજના પગ ધોયા, કોઈ જંગલી ફૂલો લઈ આવ્યો અને તેણે તે ફૂલોની માળા બનાવી ને મહારાજના ગળામાં પહેરાવી. કોઈએ એક પાંદડા ઉપર રોટલી તેમજ ડુંગળી મહારાજની સામે મૂકી મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કર્યા, અને મહારાજની સામે બેસીને ભજન ગાવા લાગ્યા આવી રીતે આનંદમા ભજન ગાવામાં તલ્લીન થઈ ગયા હતા, ત્યાં એક ગોવાળ બોલ્યો કે, હવે સાંજ પડી છે, માટે આપણે હવે આપણા ઘેર જવું જોઈએ. સૂર્યાસ્ત થઈ ગયો છે, છતાં પણ ગાયોને લઈને આપણે ઘેર ગયા નથી તેથી ઘરનાં બધાં ચિંતા કરતાં હશે. આપણને ખોળવા માટે તેઓ કદાચ જંગલમાં પણ આવશે. ગાયો માટે તેમના વાછરડાં પણ તલસી રહ્યા હશે. મહારાજની બાબતમાં આપણે આપણા ઘરવાળાંને વાત કહી દઈશું, એટલે મહારાજનું શું કરવું તેનો તેઓ પણ વિચાર કરે, આ વાત દરેકને ગળે ઉતરી અને સાચી પણ લાગી. તેથી દરેક પોતાને ઘેર પાછા આવ્યા. ઘરે આવતાંની સાથે મહારાજની આખીય હકીકત ઘરવાળાને કહી સંભળાવી. સવાર થતાં જ ગામના બધા લોકો ગોવાળિયાઓ સાથે મહારાજને જોવા માટે શિવમંદિરમાં આવ્યા. મંદિરમાં જોયું તો તેજ હાલતમાં મહારાજને બેઠેલા જોયા. સાંજે બાળકોએ જે રોટલી મહારાજની સામે મૂકેલી હતી તે તેવી જ પડી હતી. કોઈએ કહ્યું કે, શિવમંદિરમાં બેઠેલ આ ઓલિઓ, ખરેખર જ કોઈ સિદ્ધયોગી જ હશે.







કોઈક તો બોલ્યા કે, સાક્ષાત્ શંકર જ આપણને દર્શન આપવા માટે અહીં આવીને બેઠા છે. જ્યારે તેઓ સમાધિ છોડશે ત્યારે કાંઈક બોલશે. ત્યાં સુધી તેમને તકલીફ આપવી જોઈએ નહિ. બંગાળમાં જાલંધરનાથબાર વર્ષ સુધી સમાધિ અવસ્થામાં રહ્યા હતા, આખરે લોકોએ નિર્ણય કર્યો કે પાલખી લાવીને મહારાજને ગામમાં લઈ જઈએ. એક પાલખી લાવવામાં આવી અને મહારાજને ઉંચકીને પાલખીમાં બેસાડચા અને ગામ તરફ પાલખી લઈ જઈ રહ્યા હતા. ગામનાં બધાં જ પાલખીની સાથે હતા. વાજા, શહનાઈ, વાગી રહ્યાં હતાં., અને લોકોનો ઉત્સાહ ઉભરાઈ રહ્યો હતો, તેનું તો વર્ણન જ થઈ શકે તેમ નથી. સ્ત્રી પુરુષો વચ્ચે વચ્ચે મહારાજ ઉપર તુલસીપત્ર તેમજ અબીલ ગુલાલ ઉછાળી રહ્યા હતા. ગુલાલ ને લીધે મહારાજનું આખુંય શરીર લાલ થઈ ગયું હતું. ઘંટ તેમજ ઘડિયાળ વાગી રહ્યા હતા. જય જય જોગીરાજ ભજન મોટેથી ચાલી રહ્યું હતું. જેનો પડઘો આકાશમાં પડી રહ્યો હતો. મહાન ઠાઠમાઠ સાથે આ સરઘસ હનુમાનજીના મંદિરમાં આવી પહોચ્યું. મહાન આદર સાથે મહારાજને મંદિરની એક મોટી બેઠક ઉપર બેસાડચા, તે દિવસે પણ મહારાજની સમાધી છૂટી ન હતી. લોકોએ વિચારવા માંડયું કે ખાધાપીધા વગર જ મહારજની સામે બેસી તેમની સ્તુતિ કરીએ. લોકો એમ કરવાના હતા. એટલામાં મહારાજની સમાધિ પૂર્ણ થઈ અને ગજાનન સદ્‌ગુરુમૂર્તિ યોગીઓના મુકુટના મણિ સમાન શરીરના ભાનમાં આવ્યા. તેઓને ભાનમાં આવેલ જોતાં લોકો ખુશીથી ઉછળકૂદ કરવા લાગ્યા અને અતિઆનંદમાં તેઓ જાણે કે ગાંડા થઈ ગયા હતા. દરેક જણ મહારાજના ચરણસ્પર્શ કરવા લાગ્યા. અને કૃપા, આશીર્વાદ મળશે તેમ ઈચ્છવા લાગ્યા. લોકોમાં જાણે મહારાજને ભોગ ધરવાની હરિફાઈ ના ચાલતી હોય તેમ લાગવા માંડ્યું, દરેક જણ પોતાની સ્થિતિ પ્રમાણે થાળ સજાવી ને હનુમાનજીના મંદિર તરફ દોડવા લાગ્યા. મહારાજે દરેકની થાળીમાંથી થોડું થોડું લઈને દરેકની મનોકામના પૂર્ણ કરી અને દરેક ઘરનાં માણસોએ શ્રધ્ધાથી આ પ્રસાદ પોતે લઈને પોતાને ધન્ય માન્યા આ આવી શુભદ્ર કરવા વાળી વાત પવનગતિથી ચારે તરફ ફેલાઈ ગઈ. પછીના મંગળવારને દિવસે પિંપલગામના લોકો શેગાંવ આવ્યા કેમકે તે દિવસે ત્યાં બજાર ભરાતું હતું. વાતો કરતાં કરતાં પિંપલગામના લોકોમાંથી કોઈ બોલ્યું કે, અમારા ગામમાં પણ એક ઓલીયા પધાર્યા છે. તે મહાન સિધ્ધયોગી જણાય છે.

અરે માનો કે સાક્ષાત શ્રી હરિ અમારા ગામમા આવ્યા છે. તેમની ચરણરજથી અમારું આખુંય ગામ ધન્ય ધન્ય (કૃતાર્થ) થઈ ગયું છે. હવે તો અમે તેમને બીજી કોઈ પણ જગ્યાએ જવા દઈશું નહિ. જે રત્ન હાથમાં આવ્યું છે, તે રત્ન કાંઈ બીજાને થોડું જ જવા દેવાય આ વાત આખાય શેગાંવના બજારમાં ચોરે ને ચકલે બધી જ જગ્યાએ ફેલાઈ ગઈ. બંકટલાલના મકાન ઉપર પણ આ વાત પહોંચી ગઈ. બંકટલાલ તેમની પત્ની સાથે પિંપલગાંવ આવ્યા અને મહારાજને હાથજોડીને ખૂબજ વિનયથી બોલ્યા કે, મહારાજ હમણાં જઈને હું આવું છું. તેમ કહીને આપ નીકળી ગયા અને આજ પંદર દિવસ પછી આપનાં દર્શન થયાં મહારાજ આપના વગર અમારું ઘર સૂમસાન લાગે છે. એટલું જ નહિં પરંતુ આખુંય શેગાંવ ચિંતામગ્ન થઈ ગયું છે. આપના માટે હું ગાડી લાવ્યો છું, તો હે જ્ઞાનરાજ, આપ શેગાંવ પાછા પધારો. મા અને બાળક એક બીજાથી વિખૂટા પડે તે સારી વાત નથી. શેગાંવમાં આપનાં દરરોજ દર્શન કરવાવાળા ભક્તજનોએ તો ખાવાપીવાનું પણ છોડી દીધું છે. આપ જો શેગાંવ પાછા નહિ આવો તો હું મારા દેહનો ત્યાગ કરીશ તેમ મેં નક્કી કરી લીધું છે. હે ગુરુરાજ તમારા વગર અમારી વિનંતી બીજું કોણ સાંભળશે.? બંકટલાલની આવી આજીજી સાંભળીને મહારાજ ગાડીમાં બેસીગયા અને પાછા શેગાંવ આવ્યા. પિંપલગાંવના લોકો બંકટલાલને શેગાંવ લઈ જનાર કૃષ્ણમિત્ર અક્રૂરજી જેવા ક્રૂર માનવા લાગ્યા. મહારાજ પાછા જઈ રહ્યા છે, તે જોઈને નારાજ થયેલ લોકોને બંકટલાલે સમજાવ્યા કે, મહારાજ શેગાંવમાંજ રહેશે, અને તમે જ્યારે ચાહો ત્યારે, તે વખતે તમે આવીને દર્શન કરી શકશો. જ્યાંની વસ્તુ ત્યાં રાખીએ તો જ તે શોભા દે છે. પિંપલગાંવના લોકો બંકટલાલની પાસે ઉધારે વસ્તુ લેતા હતા. એટલા માટે શાહુકાર આગળ તેઓ કશુંજ બોલી શક્યા નહિ. ગાડીમાં બેસીને મહારાજને જતા જોઈને લોકો જેમ મનની વાત મનનાં જ રહી જાય તેમ મન ના લાડવા મનમાં જ ખાતા રહી ગયા. જતાં જતાં મહારાજ બંકટલાલને બોલ્યા કે, ભાઈ, વાહ શાહુકારની રીત તો બહુ જ અજબ જેવી છે. જેમ ચોર, કોટવાલ ને દંડે છે તેમ મહારાજ આગળ બોલ્યા કે, મને તારા ઘરે આવતા ડર લાગે છે. કેમકે જે લોકમાતા છે, મહાવિષ્ણુના ધર્મપત્ની છે. જેમની આગળ શક્તિનો પાર જ નથી તે લક્ષ્મીને તમે ઘરમાં કેદ કરી રાખ્યાં છે. આ લોકમાતાની તેં આવી હાલત કરી છે તો મારી શું હસ્તી ? અને તે જ ડરને લીધે હું





તારા ઘરેથી નાસી ગયો હતો. મહારાજની આવી વાત સાંભળીને બંકટલાલ હસવા લાગ્યા. પછી વિનયથી બોલ્યા [illegible] સાંભળો બંકટલાલ બોલ્યા મહારાજ, લક્ષ્મી જે મારે ત્યાં રોકાયાં છે, તેનું એક કારણ બીજું પણ હોઈ શકે તેમ છે. આપનો નિવાસ મારે ત્યાં છે તેટલા માટે જ લક્ષ્મીનો વાસ મારે ત્યાં છે. જ્યાં બાળક રહે છે ત્યાં માતાને રહેવું જ પડે છે. મારા જેવો મામુલી માણસ તો કેદ કેવી રીતે રાખી શકે? ત્યાર પછી બંકટલાલ મનની વાત કહેતા આગળ બોલ્યા, મહારાજ આપના આગળ મારી આ માલ મિલકતને હું તણખલાં સમાન માનું છું આપ જ મારું સર્વસ્વ છો. એટલે કે જે કાંઈ મારું છે તે બધું જ આપનું છે. હું હવે સોના વગરનો થઈ ગયો છું. તમે તો મારા ઘરના માલિક થયા અને હું તો આપનો સેવક રહીશ. આપ હવે મનમાં આવે તેમ જ્યાં જવું હોય ત્યાં જઈ શકો છો. મારી ઈચ્છા એટલી જ છે કે ગમે ત્યાં જાઓ, પરંતુ આપનું મુખ્ય કેન્દ્ર શેગાંવને જ રાખીને રહો. દિવસે ગાય જંગલમાં જાય છે. પરંતુ સાંજ પડે તે પોતાના વાછરડાં માટે ઘેર પાછી આવે છે. તેવી રીતે જગતની ભલાઈ માટે આપ ગમે ત્યાં, કોઈપણ જગ્યાએ ભલે જાઓ, પણ વચમાં શેગાંવ આવવાની કૃપા કરશો એ જ આપને નમ્ર પ્રાર્થના કરીએ છીએ, બંકટલાલની સાથે મહારાજ ફરીથી શેગાંવ આવ્યા. શેગાંવ થોડા દિવસ રોકાઈને મહારાજ ફરીથી કોઈ જગ્યાએ ચાલ્યા ગયા. ક્યાં ચાલ્યા ગયા તે બાબતમાં હું તમને હવે કહું છું. વિદર્ભ પ્રાંતમાં અડગાંવ નામનું એક ગામડું હતું. શેગાંવના લોકોને ખબર ના પડે તેમ એક દિવસ ચૂપચાપ મહારાજ તે ગામ તરફ ચાલી નીકળ્યા. મહારાજ વાયુવેગે તે ગામની બહાર નીકળી ગયા. એવું લાગતું હતું કે અંજનીપુત્ર શ્રી હનુમાનજી ફરીથી અવતરિત થઈને જઈ રહ્યા છે. તે દિવસો વૈશાખ મહિનાના હતા. ખૂબજ ગરમીને લીધે વાતાવરણ ઉકળાટવાળું હતું. સૂર્ય માથા ઉપર આવ્યો તે વખતે મહારાજ અકોલા ગામની પાસે આવ્યા. મહારાજને ખૂબ જ તરસ લાગી. ચારેય તરફ જોયું. પરંતુ ક્યાંય પાણીનું ટીપુ પણ નજરે પડતું ન હતું. પરસેવાથી રેબઝેબ થઈ ગયા હતા. મહારાજ તરસને લીધે પરેશાન હતા. પાણી વગર તેમના હોઠ સુકાવા લાગ્યા. આવી ભયંકર ગરમીની અંદર ભાસ્કર નામનો એક ખેડૂત તેના ખેતરમાં કામ કરી રહ્યો હતો. ખેડૂત આખો દિવસ ખેતરમાં મહેનત કરે છે. તેથી જ તો બીજા લોકો આરામથી અનાજ ખાઈ શકે છે. અને તેથી તો ખેડૂતને અન્નદાતા કહીએ

છીએ. પોતે અન્નદાતા હોવા છતાં પણ તેને મહેનત તો કરવી જ પડે છે. ટાઢ, તડકો વરસાદ વિગેરેનો સામનો પણ કરવો પડે છે. અકોલાની જમીનમાં પાણીની બહુ જ ખેંચ હતી. માંગવાથી એક વાર દૂધ મળી જાય પણ પાણી કેટલાય પ્રયત્નો કરવા છતાંય મળી શકતું ન હતું. પોતાને પીવા માટે ભાસ્કર ઘેરથી માટીનો એક ઘડો ભરીને પાણી લાવતો હતો . બપોરના સમયે જમવા માટે રોટલી અને માટીનો પાણી ભરેલો ઘડો દરેક ખેડૂતને માથાઉપર ઉંચકીને લઈ જવો પડતો હતો. ભાસ્કરે પાણી ભરેલો માટીનો ઘડો ઝાડ નીચે મૂક્યો હતો. મહારાજે ઘડા પાસે જઈને ભાસ્કરને કહ્યું કે, મને ખૂબ જ તરસ લાગી છે. તું મને થોડું પાણી આપ મારે પીવુ છે, અને પાણી પીવડાવ્યાનું તને બહુ જ પુણ્ય મળશે. પાણી વગર પ્રાણને જીવવું મુશ્કેલ છે. પૈસાદાર માણસો રસ્તા વચ્ચે પરબ કેમ રાખે છે. તેનો તું ખ્યાલ કર. ભાસ્કર નારાજ થઈને બોલ્યા, તું તો નાગો થઈને આખાય ગામમાં ફરે છે. અને મફતનું ખાતો ફરે છે. કશું જ કામ કરતો નથી. આવાને પાણી પીવડાવ્યાનું શું પુણ્ય મળવાનું છે ? અનાથ, લૂલા અશક્ત અથવા સમાજના હિતાં જે કાર્ય કરી રહેલ છે તેવાને મદદ કરવી તે પુણ્યનું કામ છે, અને તે શાસ્ત્રનું વચન છે. પરંતુ તારા જેવા પાખંડીને મદદ કરવી તે તો પાપને લેવા જેવું જ છે. પ્રાણી માત્ર પરની દયાથી, કોઈએ સાપને કાંઈ પોષ્યો છે ? અથવા તો ચોર ડાકૂઓને ઘરમાં રાખીને આશરો થોડો અપાય? તમે તો ભીખ માગીને શરીરને મજબૂત બનાવ્યું છે. તમારા કામોથી તમે પૃથ્વી પરના ખોટા ભાર બન્યા છો. મારા માટે જ સવારે હું અહીં આવતી વખતે પાણી સાથે લેતો આવ્યો છું. બીજાની કમાણી ઉપર મોજ ઉડાવવાવાળા તને હું પાણી આપીશ નહિ, ભલે જે થવાનું હોય તે થાય. હવે અહીંથી રસ્તો છોડ. અરે ચંડાલ તારું મોઢું કાળું કર. તમારા જેવા નકામાઓના અમારે ત્યાં જન્મવાથી આ અકાળ ની આપત્તિ રહી છે. ભાસ્કરના આ કટુવચનો સાંભળી મહારાજ ફક્ત મનમાં હસ્યા અને ત્યાંથી ચાલી નીકળ્યા. પાસે જ ઉંડો અંધારિયો એક સૂકો કૂવો હતો. મહારાજ તે કૂવા તરફ જવા લાગ્યા. તે સૂકા કૂવા તરફ મહારાજને જતા જોઈને ભાસ્કર પાટીલે મોટેથી કહ્યું કે, અરે મૂર્ખ તે બાજુ  શા માટે જઈ રહ્યો છે? તે કૂવો તો કેટલાય વર્ષોથી સૂકો પડેલ છે. કૂવો તો હાજર છે પરંતુ એક કોસ (બેમાઈલ) સુધી તને પાણીનું એક ટીપું પણ નહીં મળે. તેની વાત પર મહારાજ બોલ્યા કે, કુવામાં પાણી નથી તે તારી વાત સાચી છે પરંતુ







હું કોશિશ તો કરી જોઉં [illegible] મહેનત કરવા [illegible] પાણી વગર ચિંતાતુર છે. આ [illegible] જો કાંઈ પ્રયત્ન ના કરું તો સમાજના હિત તરફ પણ મેં મોઢું ફેરવી લીધું એવું થઈ જશે. જે માણસ શુદ્ધ ભાવથી પ્રયત્ન કર્યા કરે છે તેને ભગવાન પણ ચોક્કસ સહાયભૂત બને છે. મહારાજ કુવાની પાસે પહોંચ્યા. પરંતુ સાચે જ એક પણ ટીપું પાણીનું નજરે ના પડ્યું. મહારાજ નિરાશ થઈને એક ઝાડ નીચે બેસી ગયા. તેમણે આંખો બંધ કરીને નારાયણ જેઓ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે ગરીબોના બેલી છે, જે જગતના ગુરુ છે. તેમનું ધ્યાન ધરવા માંડ્યું. તે ભગવાનને નમ્ર થઈને બોલ્યા કે, હે વામન, વાસુદેવ, પ્રધુમ્ન, રાઘવ, વિઠ્ઠલ, નરહરિ ભગવાન, આ અકોલી ગામડું પાણી વગર ત્રાસ પામી રહેલ છે. કૂવામાં પાણીનું એક પણ ટીપુ દેખાતું નથી. માનવીના બધા જ પ્રયત્નો અસફળ સાબિત થયા છે. એટલા માટે હું પ્રાર્થના કરું છું કે આ કુવામાં પાણીનો ઝરો ફૂટી નીકળે અને કુવો ભરાઈ જાય. આપની કૃપા જો થાય તો શું એ અસંભવિત છે ? હે પાંડુરંગ, તમે તો અગ્નિમાંથી બિલાડીઓને બચાવી હતી. ભક્ત પ્રહ્લાદના માટે આપ થાંભલામાંથી પ્રગટ થયા. હે મુરારિ, તમે તો આંગળી ઉપર ગોવર્ધન પર્વત અધ્ધર કરીને લોકોને બચાવ્યા. આ જગતમાં તમે જ કૃપાના સાગર છો. દામાજી પંતના માટે આપ હરિજન બન્યા. ચોખોબા  માટે તમે ઢોર ખેચ્યાં. સાંવતા માળીના ખેતરોની તમે પંખીઓથી રક્ષા કરી ઉપમન્યુને તમે (ક્ષીરનો) દૂધનો સમુદ્ર પ્રાપ્ત કરી આપ્યો. નામદેવને પાણી પીવડાવાના બહાને નપાણિયા મારવાડ પ્રાંતને આપે પાણીથી ભરપૂર કરી દીધો. એક બાજુ મહારાજ પ્રભુને પ્રાર્થના કરતા હતા તો બીજી બાજુ થોડીક જ ક્ષણોમાં કૂવો પાણીથી ભરાઈ ગયો. ભગવાન જેને મદદ કરે. તે શું નથી કરી શકતો? ઈશ્વરની સત્તા તો અગમ્ય છે. તેમની સત્તાથી તો જે અસંભવ છે તે પણ સહેલાઈથી સંભવ બની જાય છે. મહારાજે પાણી પીને તરસ છીપાવી. આ બધું જ ભાસ્કર એકીટશે જોઈ રહ્યો હતો. કુવામાંથી  મહારાજ ને પાણી પીતા જોઈને તેણે દાંત નીચે આંગળી દબાવી અને તે વિચારવા લાગ્યો કે આ કુવામાં તો પાછલાં બાર વર્ષથી એક ટીપું પણ પાણી નથી. પણ આ ઓલિયાની કૃપાથી જ એક પળમાં તો આખોયે કૂવો પાણીથી ભરાઈ ગયો. ખરેખર આ ઓલિયો કોઈ સાક્ષાત્કારી હોવો જોઈએ લોકોથી બચવા માટે જ તેમણે એક ગાંડા માણસ જેવો સ્વાંગ કર્યો છે. તે વાત હવે દેખાઈ આવે છે.

ખેતરમાં ભાસ્કર જે કામ કરી રહ્યો હતો તે તરતજ બંધ કરીને તે મહારાજની તરફ દોડીને ગયો અને તેમના ચરણો ઉપર પડીને મોંથી સ્તુતિ કરવા લાગ્યો, હે મનુષ્યનો દેહ ધારણ કરનાર પરમેશ્વર હે દયાના સાગર, હું તો આપનો બાળક છું મારા ઉપર કૃપા કરો. તમારો મહિમા ન જાણતો હોવાને લીધે મારા મોઢામાં જેમ આવ્યું તેમ બોલીને મેં તમારું અપમાન કર્યું છે. અને હું આપની ક્ષમા-યાચના ચાહું છું. ગોકુલની નારીઓ આપને સારું, ખોટું કહેતી ગમે તેમ બોલતી હતી. તો પણ આપે તે વાતો ઉપર ધ્યાન ન રાખતાં તમે તમારો આશીર્વાદ જ પોતાને હાથે આપ્યો છે. હે દયાળુ પ્રભુ, આપનું આ બાહ્ય સ્વરૂપ જોઈને મને ગેરસમજ થઈ હતી. ચમત્કાર દેખાડીને આપે મારી આ ગેરસમજ દૂર કરી છે. ભગવાનનું અસલી સ્વરૂપ આપે ચમત્કારી રીતે જ બતાવીને મારી આંખો ખોલી છે કૂવામાં પાણી પેદા કરીને આપે આપ કોણ છો? તે જોવાનું અંજન મારી આંખોમાં આંજ્યું એટલે હવે તો, પ્રભુ હું આપને ઓળખી જ ગયો છું. મહારાજ મારાથી જે ભૂલ થવાની હતી, તે થઈ ગઈ છે. હે સદ્‌ગુરુનાથહવે હું આપના ચરણોથી કદાપિ અલગ પડવાનો જ નથી. માતાને મળ્યા પછી બાળક કેવી રીતે જુદું રહી શકે. આ દુનિયાદારીની માયાજાળ મિથ્યા છે. તેની ખરી ખબર મને આજે જ પડી હવે આ દુઃખી, અનાથબાળકને કદાપિ આપના ચરણથી દૂર ના કરશો. ભાસ્કરની અંતરની વાણી  સાંભળીને તેણે મહારાજએ કહ્યું કે, દ્રદ્રહવે દુઃખી થવાની તારે કશી  જ જરૂર નથી. માથા ઉપર ઘડો ઉંચકીને પાણી લાવવાની હવે તારે જરૂર નથી. તારા માટે  કુવામાં સદાય પાણી રહે તેવો બંદોબસ્ત કરેલે છે. હવે તારે કોઈ પણ વાતની ફિકર ચિંતા કરવાની જરૂર રહેતી નથી. તું હવે આ સંસાર અને પ્રપંચ છોડવા માટે કેમ ઈચ્છે છે? પાણી તો આવ્યું, હવે ખૂબ જ ઉત્સાહથી ખેતીમાં આગળ વધોગ્ર.  ત્યારે ભાસ્કર બોલ્યો, હે મહારાજ, હવે મને જુઠું પ્રલોભન ના દેખાડો. મારો નિશ્ચય આ સૂકા કૂવા જેવો જ સમજો. આજ સુધી તે સૂક્કો હતો, પરંતુ આપે તો સાક્ષાત્કારનો સરસ રંગ લગાવીને ભક્તિ ભાવનાનું સરોવર પેદા કરી આપ્યું છે. હવે તો ભક્તિમાર્ગના બગીચા જ બનાવીશ. મારી વૃત્તિની માટી બનાવી સુનીતિના ઝાડ ઉછેરીશ હવે આ લૌકીક જીવનની માયાથી મને અરૂચિ થવા માંડી છે. હે શ્રોતાગણ થોડો જ સત્સંગ મળવાથી ભાસ્કરમાં કેટલો બધો ફેરફાર થઈ ગયો. સાચા સંતના દર્શન અને સાધના તે બન્ને જુદા છે. સંતની ચરણરજ થી શું





ચમત્કાર થઈ શકે છે? તેનું વર્ણન તો તુકારામ મહારાજે તેમના એક અભંગ (કાવ્ય) માં કર્યું છે. આત્મા કલ્યાણ માટે અને હિત માટે જાતે તે અભંગ (કાવ્ય) વાંચીને, તેનો આસ્વાદ લઈએ અને અનુભવ મેળવીએ. કુવામાં પાણીના ઝરણા ફૂટ્યા છે તે જાણીને લોકો મહારાજના દર્શન માટે દોડવા લાગ્યા. જેમ મધ જોઈને મધમાખીઓ આકર્ષાઈ જાય છે તેમ ત્યાં લોકોની ભીડ જામી, અને દરેક જણ પાણી પીને સંતોષ માનવા લાગ્યા. આ નિર્મળ ઠંડુ પાણી અમૃતના કરતાં પણ ખૂબજ મીઠું લાગ્યું અને બધા ભેગા મળીને ગજાનન મહારાજનો જયજયકાર બોલવા લાગ્યા, તેનો પડઘો આકાશમાં પણ ઊઠ્યો હતો ત્યારપછી મહારાજ અડગાંવમાં ન રહેતા ભાસ્કરને લઈને શેગાંવમાં આવ્યા. શ્રી ગજાનન સિધ્ધયોગી. સ્વસ્તિ  શ્રી દાસગણૂ રચિત આ ગજાનન વિજયગ્રંથસંત મહિમા સમજવાને માટે એક દિવ્ય આદર્શ સિધ્ધ થશે જ.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ઈતિ પાંચમો અધ્યાય સમાપ્તઃ॥
શ્રી ગજાનનવિજય ગ્રંથ: પાંચમો અધ્યાય સમાપ્ત



શ્રી ગજાનન મહારાજની પાસે મકાઈ છોડીને મધમાખીના ડરથી લોકો નાસવા લાગ્યા.

## અધ્યાય છઠ્ઠો

શ્રી ગણેશાય નમઃ, હે પરમ મંગલ શ્રી હરિ, આપની કૃપાથી અશુભનો નાશ થાય છે. આનો અનુભવ સંતોએ કર્યો છે, સંતના વચનો ઉપર દઢાપાવ રાખીને હું હે શ્રીનિવાસ મંગલમય થવાની આશા લઈને આપના દ્વારે આવ્યો છું. હવે મને જો તમે એમને એમ કોરો પાછો કાઢશો તો, લાંછન આપને લાગશે અને સંતનું વચન ખોટું પુરવાર થશે. એટલા માટે હે માધવ મારો સ્વીકાર કરીને આ અણસમજુ બાળક ઉપર કોઈ દિવસ રોષ કરશો નહિ. બાળકમાં જે નબળાઈ દેખાય છે. તેની જવાબદારી તો માતા ઉપર જ આવે છે. આ વાત ખાસ ધ્યાનમાં રાખીને જે કરવું હોય તે કરજો. બંકટલાલના ઘરે જ્યારે મહારાજ હતા, ત્યારે આ ચમત્કાર થઈ ગયો. શેગાંવની દક્ષિણમાં એક દિવસ બીજાઓની સાથે મહારાજ બંકટલાલના ખેતરમાં મકાઈના ડૂંડાખાવા માટે ગયા. ખેતરમાં એક મોટો કૂવો હતો, અને પાસે જ એક આંબલીનું મોટું ઝાડ હતું. ઝાડની ઘટાદાર છાયામાં બધાં મકાઈ શેકવા માટે બેસી ગયા. જેવી દેવતાની ગરમી અને ધૂમાડો આંબલીના ઝાડમાં લાગ્યો કે તરત જ આંબલીના ઝાડ ઉપર બેઠેલી મધમાખીઓના ઝૂંડે ઝૂંડ ઉડવા લાગ્યા અને નીચે બેઠેલા ઉપર જ હૂમલો કર્યો ચારેય બાજૂ મધમાખી જોઈને લોકો આમતેમ નાસવા લાગ્યા. જ્યારે આફત આવે છે. ત્યારે દરેક જણને પોતપોતાનો જીવ જ વહાલો લાગે છે. બધાં તો નાસી ગયા. પરંતુ મહારાજ એકલા નિશ્ચિત થઈને આસન પર બેઠા હતા. તે તો હાલ્યા પણ નહિ કે ચાલ્યા પણ નહિ. તેઓ બેઠા બેઠા જ શાંત ચિત્તથી મધમાખીઓ માટે વિચારવા લાગ્યા કે, સાચું કહીએ તો મધમાખીઓ, માળો, મકાઈ અને હું, એક જ છું ભગવાન જ અનેક રૂપમાં વ્યાપેલા છે. ભગવાનની લીલા, નાટક જોવામાં મહારાજ નિજાનંદમાં મગ્ન બની ગયા. આ બાજુ બધી જ મધમાખીઓ મહારાજ ઉપર તૂટી પડી. જાણે કે એમ જ લાગે કે મહારાજે માખોનો કામળો ઓઢેલો ન હોય? સિધ્ધયોગીની મહાનતા કોણ જણી શકે? મહારાજને દરેક જગ્યાએ માખો કરડી, છતાં પણ મહારાજ શાંત જ બેઠા હતા, કેમકે તેઓ જાણતા હતા કે અનેક તત્ત્વ સમાયેલ છે. આવી રીતે એક કલાક વીતી ગયો. સુરક્ષિત જગ્યા ઉપર જઇને બેઠેલા ભક્તોને હવે મહારાજની યાદ આવી. બંકટલાલ તો દુઃખથી વ્યાકુળ થઈ ગયા. તે પોતે મનમાં વિચારવા લાગ્યા કે, મેં શા માટે

મહારાજને અહીં લાવીને મુસીબતમાં મૂકી દીધા. મારા લીધેજ મહારાજ ઉપર આ આફત આવી પડી. મારા કમનસીબ ઉપર મને ધિક્કાર જ છે. આખરે સંકટનો સામનો કરવાનું બંકટલાલે નક્કી કરી લીધું. બંકટલાલના મનની વાત મહારાજ જાણી ગયા. અને તેમણે લીલા કરી. તેમણે માખોને કહ્યું કે, હવે તમે તમારી જગ્યા ઉપર જઈને બેસો, મારો વહાલો ભક્ત બંકટલાલ મારી તરફ આવી રહ્યો છે, તેને જરા પણ તકલીફ ન થાય. આવેલા લોકોમાં ફક્ત એક જ મારો સાચો ભક્ત બંકટલાલ છે, તેથી તે વ્યાકુળ થઈને મારી તરફ આવી રહ્યો છે. મહારાજે આવું મધમાખીઓને સંભળાવીને કહ્યું કે તરત જ મધમાખીઓ પોતપોતાની જગ્યાએ જઈને બેસી ગઈ. આ લીલા બંકટલાલે નજરો નજર નિહાળી. બંકટલાલને સામે ઉભા રહેલ જોઈને મહારાજ બોલ્યા, તે આજે મને સારું આમંત્રણ આપ્યું છે. બધી જ માખો મારા ઉપર તૂટી પડી, અને જોયું કે સંકટ આવતાં બધા જ લાડૂના ભક્તો નાસી ગયા. એટલા માટે બંકટ તારે ધ્યાન રાખવાનું છે કે સંકટ આવતાં તને ભગવાન સિવાય કોઈ જ સહાય કરી શકે તેમ નથી. જલેબી, પેંડા, બરફી જ્યારે મળે છે. ત્યારે લોકો સામો હાથધરે છે. પણ મુસીબત આવે છે. ત્યારે જે નાસી જાય છે તે તો સ્વાર્થીભક્ત કહેવાય છે. થોડીવાર પછી બંકટલાલે નમ્રતાથી મહારાજને કહ્યું કે, હું કોઈ સોનીને લઈ આવું છું તે મધમાખીના કાંટા કાઢી આપશે. હે ગુરુરાજ, હું મહાન પાપી છું. મેં પોતે જ આજે તમને મહાન ઉપાધિમાં મૂકી દીધા છે. કાંટા આપના શરીરમાં ઘણી જગ્યાએ પેસી ગયા છે. મહારાજ હવે આ ઉપાધિને કેવી રીતે દૂર કરી શકાય? બંકટલાલની અપરાધી વાણી સાંભળીને મહારાજ બોલ્યા કે, એમાં ડરવાની શી વાત છે? કરડવું એ તો મધમાખીઓનો પોતાનો સ્વભાવ જ છે. તેનાથી મને જરા પણ તકલીફ થઈ નથી, કેમકે માખી પણ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, તે મેં જાણી લીધું છે. જે ભગવાન માખીમાં વસેલા છે, તે ભગવાન મારા શરીરમાં પણ રહેલ છે. એક પ્રાણી, બીજા પ્રાણીને દુ:ખ થોડું જ પહોંચાડી શકે છે? આવી અમર વાણી સાંભળીને બંકટલાલ એકદમ મૌન થઈ ગયા. આટલું થવા છતાં પણ મહારાજે થોડીવાર પછી જોયું તો સોની સામે આવીને ઉભો હતો. તેને જોઈને મહારાજ બોલ્યા, કે તારો આ ચીપીયો કોઈ પણ કામમાં આવશે નહિ. કાંટા કાઢવા માટે જુઓ હવે હું શું કરુ છું? આટલું કહીને મહારાજે પોતાનો શ્વાસ રોકી લીધો. એક જ ક્ષણમાં બધાંએ જોયું તો બધા. જ





કાંટા બહાર નીકળી ગયા હતા. આ ચમત્કાર બધા લોકોએ નજરે જોયો, અને ગજાનન મહારાજની દૈવી અલૌકિક શક્તિ છે તેની જરા પણ શંકા તેઓના મનમાં ના રહી. થોડાક સમય પછી મકાઈ શેકીને હાજર રહેલા લોકોને ખવડાવી. અને ત્યાર પછી લોકો સાંજના પોતપોતાને ઘેર ગયા. એક વખત મહારાજ તેમના ગુરુભાઈ નરસિંહને મળવા માટે અકોટ ગામમાં આવ્યા. નરસિંહજી જે કોતશ્યાઅલી નામના એક મહાનપુરુષના શિષ્ય હતા. તે મરાઠા જાતના હોવા છતાં પણ ભગવાનની ભક્તિના બળથી વિઠ્ઠલના ગળાના હારની જેમ જ છે. આ નરસિંહજીનું ચરિત્રગાન મેં ભક્તલીલામૃતમાં સવિસ્તર રૂપમાં કરેલું છે. એટલે હવે અહીં ફરી વખત હું કરવા ઈચ્છતો નથી. આ અકોટ નામનું ગામ શેગાંવથી આશરે અઢાર કોસ દૂર આવેલું છે. ભક્તજનોના બેલી કલ્પવૃક્ષ શ્રી ગજાનન મહારાજ એકદમ પવનવેગરૂપી ઘોડા ઉપર સવાર થઈને અકોટ આવ્યા. અકોટ ગામની નજીક જ એક ગાઢ જંગલમાં નરસિંહજી મહારાજ રહેતા હતા. તેઓ સાધનાને માટે જનસંપર્કથી દૂર એકાંતવાસમાં જ રહેવાનું પસંદ કરતા હતા. જે ગાઢ જંગલમાં કોઈ પણ વસ્તી ના હોવાને લીધે ખૂબ જ બીક લાગે તેવુ ભયાનક હતું. તે જંગલમાં લીમડો, પીપળો અને રાતાંજન જેવા ઘણાં જ જંગલી વૃક્ષો હતા. ઝાડના આધારે જંગલમાં નાની વેલો પણ ચઢેલી હતી. જમીન ઉપર ઘાસ પણ ખૂબજ ઉગેલુ હતું. નાની જાતના સાપ તેમજ મોટા મોટા નાગ પણ સ્વૈર વિહાર કરતા હતા. આવા ગાઢ જંગલમાં પોતાના ગુરુભાઈને મળવા માટે ગજાનન મહારાજ આવ્યા. જેમની પ્રકૃતિ એક હોય તેજ એકબીજાને મળી શકે છે. પાણી પાણીને જ મળે છે. જુદી જુદી જાતના દ્રવ્યો, એક બીજાની અંદર ભળી જવા પણ મુશ્કેલ છે. કેમકે તે તરત જ જુદા દેખાઈ આવશે. ગજાનન મહારાજને પોતાની સામે જોતા જ નરસિંહજી ખૂબ જ આનંદ પામ્યા. તેનું વર્ણન કરવું પણ અશક્ય છે. એક હરિ (વિષ્ણુ) અને બીજા હર (શિવશંકર) જાણે કે ચાલતા ફરતા પરમેશ્વર જ, એક દશરથના પુત્ર રામ, તો બીજા વાસુદેવ અને દેવકીના પુત્ર શ્રીકૃષ્ણ, એક મુનિ વસિષ્ઠજી તો બીજા ઋષિઓમાં શ્રેષ્ઠ પરાશરજી, એક ગંગાનો કિનારો તો બીજો ગોદાવરીનો પવિત્ર કિનારો, એક હીરો તો બીજો કૌસ્તુભ-મણિ એક વૈનતેય (ગરૂડ) તો બીજા અંજનીપુત્ર હનુમાન બન્નેને મળીને ખૂબ જ આનંદ થયો. બન્ને એક આસન ઉપર બેસીને કોઈપણ સાંભળી ના શકે તેમ વાતો કરવા લાગ્યા, બંને

પોતપોતાના અનુભવ બતાવવા લાગ્યા. ગજાનન મહારાજ બોલ્યા કે, નરસિંહજી, તમે તો બહુ જ સારું કર્યું કે દુનિયામાં રહીને પણ તમારાથી લોકોનું કલ્યાણ થયું મેં તો દરેક વસ્તુનો ત્યાગ કરી યોગવિદ્યાના સહારે સચ્ચિદાનંદમાં મળી જવાની કોશિષ કરી છે. યોગવિદ્યા એટલી બધી રહસ્યમય છે કે તેમાં એવી વિલક્ષણ ઘટનાઓ બને છે કે તેને સામાન્ય મનુષ્ય સમજી શકતો નથી. આ યોગવિદ્યામાં જે સદાય ટકી રહે તેવા તત્વો છે, તેને છુપાવવા માટે મારે એક ગાંડા માણસનો વેશ રાખવો પડયો છે. સામાન્ય જિન (ભૂત) થી જાતને છોડાવવા માટે હું ગાંડો બનીને બેઠો. ઈશ્વરીય તત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રકારો એ ત્રણ રસ્તા બતાવ્યા છે. એક તો કર્મ, બીજુ ભક્તિ અને ત્રીજું યોગ. આ ત્રણેય માર્ગ જુદા જુદા હોવા છતાં તે ત્રણેયનું ફળ તો એકસરખું જ છે. તેનાથી પરમકૃપાળુ પરમેશ્વરને પ્રાપ્ત કરવા યોગીપુરુષ જો તેની યોગવિદ્યાનું અભિમાન તેના મનમાં રાખશે, તો તેને અંતિમ સત્ય જાણવામાં સફળતા કદાપિ નહીં મળે. કમળપત્ર (કમળનાપાન) ની માફક યોગી જો બરાબર એકચિત્ત થશે તો તેને છેવટનું ફળ, (સત્ય) જાણવામાં સફળતા જરૂર મળશે. હે નરસિંહા, પ્રપંચમાં તો આવી હાલત રહે છે. પતિ-પત્ની, છોકરા, છોકરી આ બધાં આપ્તજનો માટે પણ આપણે સંગ વગરના રહેવું જોઈએ. પત્થર પાણીમાં પડી રહે છે, પણ તે પોતાની અંદર પાણીને પ્રવેશ થવા દેતો નથી. તેવી રીતે પ્રપંચથી સંગરહિત થઈને રહેવું જોઈએ. એ રીતે તમે પ્રપંચમાં અપેક્ષાઓથી દૂર રહીને ભગવાનને જરાપણ તમારા ચિત્તથી અલગ કરશો નહિ તો જ તમારા માટે કોઈ પણ વાત અસંભવ નથી. તમે હું અને શેષશાયી ભગવાન એક જ છીએ. જુદા નથી. અદ્વૈતજ્ઞાનથી જન અને જનાર્દનમાં અભેદ ભાવ હંમેશા રહે છે. આવી મુદ્દાની વાત સાંભળીને નરસિંહજી બોલ્યા કે, હે બંધુ મને મળવા માટે તમે જાતે આવ્યા કે મારું સૌભાગ્ય છે. આપે જે મારા ઉપર દયા બતાવી તેને વ્યક્ત કરવા માટે મારી પાસે શબ્દો નથી. અનિત્ય નાશ પામે એ જ પ્રપંચનું સાચુ સ્વરૂપ છે. તેની કોઈ કિંમત નથી. બપોરનો જે છાયડો હોય છે તેને થોડો જ કોઈ નિત્ય માને છે? આપે જેવું કહ્યું છે તેવું જ હું કરીશ. હવે આપને એ જ પ્રાર્થના છે કે વચ્ચે વચ્ચે અહીં આવવા માટે જરૂરથી તકલીફ લેશો. આ દુનિયામાં જે દેહનું જેવું પ્રારબ્ધ છે, તે પ્રમાણે સારા માઠા ફળ લોગવવા પડે છે. આપને અને મને ભગવાને જે કાર્ય માટે મોકલ્યા છે તે કાર્ય આપણે જરૂરથી કરીશું. હું







આપનો નાનો ભાઈ, હવે આપને પ્રાર્થના કરુ છું. કે મને તમે આશ્વાસન આપો કે આ પ્રકારનો વ્યાવહારિક મેળાપ ક્યારેક ક્યારેક થતો રહે. જેવી રીતે રામના પાછા આવવાની રાહ નંદિગ્રામમાં (ગામનું નામ) ભરતજી જોઈ રહ્યા હતા. તેવી જ રાહ હું અહીં અકોટ ગામમાં જોઈશ. યોગક્રિયાના પ્રભાવ વડે તો આપ મને એક જ ક્ષણમાં મળવા આવી શકો તેમ છો. યોગક્રિયાનો પ્રભાવ જ એવો હોય છે કે પાણીમાં પગ અડકાડયા વગર યોગી આખાયે ત્રિભુવનમાં ફરીને પાછો આવી શકે તેમ છે. આવી રીતે ધર્મની ચર્ચા તેમજ પોતાની વાતોમાં તેમણે આખીય રાત પસાર કરી. બંને ચિત્તથી ખૂબ જ પ્રસન્ન હતા. જે અસલ સંતજીવ હોય છે, તેમાં આવી અપૂર્વ વાતો ચાલ્યા કરતી હોય છે. નકલી સંતો તો ભેગા થતા જ વિવાદ તેમજ ઝઘડા કર્યા કરે છે. એટલા માટે નકલી સંતોથી સાધકોએ માઈલો દૂર રહેવું જોઈએ કેમકે તેઓ પોતાના મૂરખાઓનો અડ્ડો બનાવે છે છેવટે તૂટેલી નાવડી ની અંદર બેઠેલાઓને થોડી પાર કરાવી શકે છે? સાચા કરતા નકલી સાધુ સામે જ જનસમુદાય ઝુકે છે. સંતતત્વ (સાચું-સાધુપણું) મઠમાં નથી. જ્ઞાનમાં નથી, કે કવિની શક્તિમાં પણ નથી, પરંતુ પોતાના અનુભવમાં જ સમાયેલું છે. જેણે અનુભવ કર્યો છે તે કદાપિ ખોટા સોનાને પસંદ નહિ કરે. તે વેશ્યાને પત્નીના સ્થાન પર ક્યારેય લાવશે નહિ મહારાજ અને નરસિંહજી બંને સાક્ષાત્કારી હોવાને લીધે તો ઢોંગીપણા ઉપર નફરત કરતા હતા. કોઈ ગોવાળ પાસેથી માહિતી સાંપડી કે મહારાજ તે નરસિંહજીને મળવા માટે અકોટ ગામે આવ્યા છે. લોકો ખુશ થઈને નારીયેળ લઈને મહારાજના દર્શન માટે દોડી આવ્યા. જતાં જતાં લોકો અંદર વાતો કરતા હતા કે આપણે જલ્દીથી ચાલવું જોઈએ કેમકે ગોદાવરી અને ભાગીરથીનો સંગમ જંગલમાં થયો છે, તે મિલનરૂપ પ્રયાગમાં જઈને સ્નાન કરીને પવિત્ર થઈ જવાશે. આ મહાન પર્વ આપણે હાથથી ખોવો જોઈએ નહિ. પરંતુ લોકોના દુર્ભાગ્યને લીધે તેમના ત્યાં પહોંચતા પહેલા જ મહારાજ નરસિંહની વિદાય લઈને ચાલી નીકળ્યા હતા. એક વખત ગજાનન મહારાજ તેમના શિષ્યો સાથે ફરતા ફરતા દરિયાપુર નામના ગામની પાસે પહોંચી ગયા. પાસેજ એક શિવર નામનું નાનું ગામડું છે. તે ચંદ્રભાગા નદીના કિનારા પર છે. ત્યાં બ્રિજભૂષણ નામના એક સજ્જન રહેતા હતા. શ્રોતાગણ આ ચંદ્રભાગા નદી જે પંઢરપૂરમાં આવેલી છે તે નથી. આ એક નાની સરખી ત્યાંની નદી છે. બ્રિજભૂષણ ચારેય

ભાષાઓના પંડિત હતા. તેમની કીર્તિ આખાયે વિદર્ભપ્રાંતમાં ફેલાયેલી હતી, બ્રિજભૂષણ સૂર્યના ભક્ત હતા. તે દરરોજ ચંદ્રભાગા નદી ઉપર સ્નાન માટે તેમજ સૂર્યને અર્ધ્ય આપવા માટે આવતા હતા. સૂર્યના કિરણ નીકળતાં પહેલાં પ્રાતઃકાળમાં ઉઠીને સવારની વિધિ પતાવીને સ્નાન કરતા હતા. સ્નાન પણ ઠંડા પાણીથી જ કરતા હતા. તે પોતે ખૂબ જ કર્મકાંડી હોવા છતાં વિદ્વાનોમાં તેમનું ખૂબ માન હતું. મહારાજના શિવરગાંવ આવવાનું કારણ આ પણ એક કોઈ શકે, કે બ્રિજભૂષણને પોતાની તપસ્યાનું ફળ આપે. મહારાજ નદીના તટમાં જે ખુલ્લી જગ્યા પડી હતી ત્યાં જઈને બેસી ગયા. સવારનો સમય હતો. સૂર્યનો પ્રકાશ ચારે તરફ ફેલાઈ રહ્યો હતો. મરઘાની કૂકડે કુક નો અવાજ સંભળાઈ રહ્યો હતો. ચાતકપક્ષી, ભારદ્વાજપક્ષી પણ જાણે કે પૂર્વ દિશા તરફ સૂર્યનું સ્વાગત કરવા માટે દોડી રહ્યા હતા. અરૂણોદય થતા જ જાણે અંધકારે પોતાનું મોઢુ છુપાવી લીધું. જેમકે સભામાં પંડિતોનું આગમન થાય છે, ત્યારે મૂર્ખાઓ તરત જ રસ્તો પકડે છે . તેમ આવા સવારના સમયે મહારાજ બ્રહ્માનંદમાં મગ્ન થઈને નદીના કિનારે બેઠા હતા. તેમના શિષ્યો ચારેય બાજુ ગોળ બેઠા હતા તે જાણે કે ગજાનન રૂપી સૂર્યના કિરણો સમાન દેખાતા હતા. વ્રજભૂષણ સૂર્યને અર્ધ્ય આપવા માટે આવી રહ્યા હતા, તો સામે આ તેમણે જ્ઞાન સૂર્યને જોયા. મહારાજશ્રીનું સૂર્યના જેવું લોભમણું તેજ, જેના હાથઢીંચણથી પણ નીચે છે તેવા આજાનુબાહુ, નાકના અગ્રભાગ પર સ્થિર દષ્ટિ તેણે જોઈ આવા મહાન પુરૂષને જોઈને વ્રજભૂષણ આનંદ પામ્યા અને પૂજાને માટે સાહિત્ય લઈને મહારાજની તરફ દોડયા. તેમણે મહારાજના ચરણો ઉપર અર્ધ્ય આપીને મહારાજની પ્રદક્ષિણા પણ પૂરી કરી. મિત્રાય નમઃ, સૂર્યાય નમઃ, ભાનવે નમઃ, ખગાય નમઃ, આવી રીતે સૂર્યનું સ્તવન કરીને બાર નમસ્કાર કર્યા, ત્યારપછી મહારાજની આરતી ઉતારી સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને મહારાજની સ્તુતિ કરવા લાગ્યા. તે નમ્ર વાણીથી બોલવા લાગ્યા કે, મેં આજ સુધી જે થોડું ઘણું તપનું આચરણ કર્યું છે, તેનું ફળ મને આજે સાક્ષાત દર્શનથી થયું મારૂં જીવન ધન્ય ધન્ય થઈ ગયું. આજ સુધી મેં સૂર્યમંડળના ભાસ્કરને જ અર્ધ્ય આપ્યા હતા, પરંતુ આજે તો મને સૂર્યભગવાન (જ્ઞાનભંડાર યોગેશ્વર) ને સાક્ષાત્ અર્ધ્ય આપવાનું સૌભાગ્ય મળ્યું. હે પૂર્ણબ્રહ્મ, જગચાલક, જ્ઞાનરાશિ આમ યુગયુગમાં કેટલીવાર આપને અવતાર લેવો પડે છે જેને આપના







ભક્તોને લાભ મળે છે. તે તો આ ભક્તના રોગથી તથા ચિંતાથી મુક્ત થાય છે હે ગજાનન ગુરુ, મારા ઉપર પ્રસન્ન થઈને કૃપા આશીર્વાદ આપશો. આવી રીતે પ્રાર્થના કરીને સ્તવન પૂરું કરીને તેણે મહારાજના ચરણ ગ્રહ્યા. મહારાજે તેને ઉઠાવીને ખૂબ જ પ્રેમપૂર્વક છાતીએ ચાંપ્યો. જેવી રીતે માતા બાળકને પ્રેમથી વળગી પડે છે તેમ મહારાજે તેને છાતી સરસો ચાંપ્યો. તેના માથા ઉપર કૃપાનો વરદહસ્ત મૂકીને મહારાજ બોલ્યા કે, હે વ્રજભૂષણ તારો હંમેશા જયજયકાર થશે. તામારે કર્મમાર્ગનો કદાપિ ત્યાગ કરવો ન જોઈએ. તે જ રીતે કર્મવિધિને નિરર્થક માનશો નહિ. છતાંય યાદ રાખો કે તમને કોઈ જાતનો સંગ રહેવો ન જોઈએ. તમારે કમળના પાંદડાની જેમ રહેવાનું છે. કર્મ કરીને જે ફળની આશા રાખતો નથી તેને જ ભગવાનની આસક્તિ (સંગ) વગર કાર્ય કરવાથી કર્મનું ફળ ભોગવવું પડતું નથી. હવે તું તારા ઘરે જા. મે જે કાંઈ કહ્યું તે શ્રધ્ધાભાવથી ધ્યાનમાં રાખજે. જ્યારે તું સાચાં અંતરથી મને યાદ કરીશ, ત્યારે તને મારાં દર્શન અવશ્ય થશે. આવી રીતે ઉપદેશ આપીને ગજાનન મહારાજે વ્રજભૂષણને શ્રીફળનો પ્રસાદ આપ્યો, અને શેગાંવ પાછા આવ્યા શેગાંવનું અસલ નામ શિવગાંવ હતું. પરંતુ શિવગાંવનો અપભ્રંશ થવાથી તે શેગાંવ થઈ ગયું . તે નામ હાલમાં પણ વિદર્ભ પ્રાંતમાં પ્રચલિત છે. આ એક જ ગામના સત્તર પાટીલ હતા. મહારાજ શેગાંવ પાછા આવ્યા. પરંતુ સ્થાયી થઈને કદાપિ રહ્યા નથી. હંમેશા પોતાની મરજી માફક ફરતા જ રહ્યા. આકોટ, અકોલા, મલકાપૂર વિગેરે કેટલા નામ બતાવું? નક્ષત્ર અને તારાની ગણત્રી થોડી જ થઈ શકે છે? જેઠ મહિનો પૂરો થઈ ગયો. શ્રાવણમાસ બેસતા હનુમાનજીના મંદિરમાં ઉત્સવ શરૂ થઈ ગયો. શેગાંવનું આ હનુમાનજીનું મંદિર વિશાળ અને બહુ જ જૂનું હતું. ગામના પાટીલ હનુમાનજીના ભક્ત હતા. પાટીલ ગામના મુખી હતા. અને તેથી તેમનો પ્રભાવ લોકો ઉપર રહેતો. પાટીલની ઈચ્છા પ્રમાણે લોકોને વર્તવું પડતું. હતું. આ ઉત્સવ આખો મહિનો ચાલતો. અભિષેક, પોથી-પઠન, કથા કીર્તન અને અન્નદાન વિગેરે ધાર્મિક કર્મ કરતાં હોવાને લીધે લોકો સંતોષ પામતા હતા. આ ઉત્સવના મુખ્ય પ્રબંધક ખંડુ પાટીલ હતા. તે સજ્જન માણસ હતા. શ્રોતાજનો આ પાટીલપણાની પદવી એક નકલી વાઘ મુખવટા જેવી હતી. તેથી ગામના લોકો આ મુખી પાટીલથી બહુ જ ડરતા હતા. ગાંવસે જો હોતા હૈં વહ રાવસે નહિં બન પાતા (ગામથી જે થાય છે તે


રાજાથી થતું નથી.) આવી એક મરાઠીમાં કહેવત છે. શ્રાવણ માસમાં ઉત્સવ જોવા માટે મહારાજ આવ્યા. મહારાજે બંકટલાલને કહ્યું કે, હવે તો હું આ હનુમાનજી મંદિરમાં જ રહીશ. આથી દુ:ખી થઈશ નહિં કેમકે ગોસાંઈ સન્યાસી અને ફકીર જેવાઓએ આ સંસારી લોકોના ઘરે હંમેશા રહેવું તે સારું નથી. હું તો એક પરમહંસ સન્યાસી છું. માટે હવે હનુમાનજીના મંદિરમાં જ રહેવા ઇચ્છું છું. જ્યારે તું કોઈને બોલાવવા માટે મોકલીશ ત્યારે હું આવીશ. આ મારા અંતરનું રહસ્ય મેં તને કહ્યું લોકોના કલ્યાણ માટે જગદગુરુ શંકરાચાર્ય હંમેશા ભ્રમણ જ કર્યા કરતા હતા ગોસાંઈ, મછંદરનાથ, જલંદરનાથતો હંમેશા વૃક્ષની છાયામાં જ રહેતા હતા. રાજા શિવાજી તો બહાદૂર વીરપુરુષ હતા, તેમણે દુષ્ટ મુસલમાનોનો સામનો કરીને હિન્દુ રાજ્યની સ્થાપના કરી. શિવાજીના ગુરુ સમર્થ રામદાસસ્વામી તેમને હંમેશા ખૂબ જ ચાહતા હતા. આટલું હોવા છતાં પણ સમર્થ રામદાસ તેમનાથી દૂર સજ્જનગઢ માં રહેતા હતા. આ બધી વાતોનો વિચાર કરતાં તું મને ઘેર પાછા લઈ જવાની જીદ ના કરતો. હું જે કહી રહ્યો છું, તેમાં તારી જ ભલાઈ રહેલી છે. વિવશ થઈને મહારાજની વાત બંકટલાલે માની લીધી. મહારાજને મંદિરમાં જોઈને લોકો બહુ જ આનંદિત થયા. ભાસ્કર પાટીલ, મહારાજની પાસે હંમેશા રહીને સેવા કરતો હતો. આ દાસગણૂ રચિત શ્રી ગજાનનવિજયગ્રંથભક્તોને સંતચરણની સેવા કરવાનો સાચો માર્ગ બતાવશે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ ઈતિ છઠ્ઠો અધ્યાય સમાપ્ત :॥

॥ ઈતિ છઠ્ઠો અધ્યાય સમાપ્ત:॥





શ્રી ગજાનન મહારાજને છોકરાઓ શેરડીના સાંઠા વડે મારી રહ્યા છે.

## અધ્યાય સાતમો

શ્રી ગણેશાય નમ: જય જય હો રાઘવરામ, જય જય હો મેઘ જેવા કાળા શ્યામનો, સંતોના આશ્રયદાતા, સીતાના પતિ અને દશરથપુત્ર, આપની કૃપાથી વાનર પણ બળવાન થઈ ગયા, જેમણે દૈત્યરાજ રાવણનો વધ કર્યો. જ્યારે આપની કૃપા થાય છે, ત્યારે દરેક કામમાં સફળતા મળે છે. ભક્ત મનમાં જેની ઈચ્છા રાખે છે, તે ઇચ્છા જરુર પરમાત્મા પૂર્ણ કરે છે. હે ભગવાન, જેના ઉપર રાજાની કૃપાદૃષ્ટિ થાય છે. તે દિવાનનો પણ આદરપાત્ર બને છે. ચાહે પછી તે ગમે તેવો હલકો મનુષ્ય કેમ નથી હોતો? જ્યારે હું વિચાર કરું છું કે શું મારા ઉપર આપની કૃપા થશે ? ત્યારે હું અનુભવ કરું છું કે મારી પાસે તો જ્ઞાન પણ નથી અને ભક્તિ પણ નથી. હૈ શ્રીપતિ, મારી આ હાલત વિચારવા જેવી તો છે જ. મનતો સદાય કોઈને કોઈ આશાના ચક્કરમાં રહે છે. તે કોઈપણ વખત સ્થિર રહેતું નથી. અને આશાના વિકલ્પો જ દોડાવ્યા કરે છે. આવા પાપીને મનુષ્ય પણ નજીક આવવા દેતા નથી, તો ભગવાન તેને પોતાનો કેવી રીતે માનશે? પરંતુ આ વાત તો ભૌતિક દૃષ્ટિથી થઈ. હે દીનબંધુ, શાસ્ત્રગ્રંથોની તો સાક્ષી છે કે આપ હંમેશા પાપી મનુષ્યને વધારે ચાહો છો. જે પુણ્યવાન લોકો છે તેનો તો ઉધ્ધાર થઈ જ જાય છે. તેમાં કોઈ મોટી વાત નથી. પરંતુ મોટાઈ તો જે પાપી લોકોનો ઉધ્ધાર કરે છે તેમાં જ છે. આ દુનિયામાં આપનાથી મહાન બીજું કોઈ જ નથી હે પ્રભુ, એટલા માટેજ મારા પાપ ઉપર ધ્યાન ન આપશો. આપ તો મહાન છો. આપને શરણે આવેલા આ દાસગણુ પર કૃપા કરશો. તેમાંજ આપની મોટાઈ છે. હનુમાન મંદિરમાં ઉત્સવ તો લોકોના લિધે જ થતો હતો પરંતુ તેમાં આગેવાના ખંડેરાવ પાટીલ જ હતા. પાટીલ કુટુંબ બહુજ જુનું હતું. ઘણી જ ખેતી હોવાથી કુટુંબ પૈસે ઘરેણે ભરપૂર હતું. સંતની સેવા તેમના કુટુંબમાં પહેલેથી થતી આવી છે. પાટીલ જ્યારે ગામના મુખી બન્યા, અને સત્તા હાથઉપર આવી પછી તેમાં કહેવાનું કે પૂછવાનું જ શું હોય? મહાદાજી પાટીલને બે છોકરાઓ હતા. તેમાંથી મોટા છોકરાનું નામ હતું કડતાજી અને બીજા છોકરાનું નામ કુકાજી હતું. કુકાજી તો પંઢરપૂરમાં બિરાજેલા વિઠ્ઠલના ભક્ત હતા. આ પાટીલ પરિવારને સંત ગોમાજીએ ઉપદેશ આપ્યો હતો. પાટીલ કડતાજીને તો છ છોકરા હતા. પરંતુ કુકાજીને એકેય સંતાન ન હતું, જ્યારે કડતાજી આ દુનિયા

છોડીને ગયા, ત્યારે તેના છ એ છોકરાંઓની દેખરેખ રાખવાનું કામ કુકાજીને માથે આવ્યું. કુકાજીના શુધ્ધ આચરણ તેમજ ભક્તિ ને લીધે ધનવૈભવ ખૂબ જ વધી ગયો, માનો કે પાટીલને અષ્ટસિધ્ધિ વરી ગઈ હતી. કુકાજી પાટીલનો જ્યારે સ્વર્ગવાસ થયો ત્યારે આખાય ઘરની જવાબદારી ખંડુ પાટીલના માથે આવી પડી. તે પોતાનો સ્વભાવ તેજ હોવાને લીધે કોઈનું પણ સાંભળતો નહિ. ખંડુ પાટીલને પાંચ ભાઈ હતા. જેમના નામ છે, ગણપતિ, નારાયણ, મારૂતિ, હરિ અને કૃષ્ણાજી. ખંડુ પાટીલની પાસે સંપત્તિની સાથે સાથે સત્તા આવી હોવાથી તેઓ બધા ભાઈઓ ખૂબજ અભિમાની થઈ ગયા. આ બધા જ ભાઈઓને કસરતનો ખૂબ જ શોખ હતો. તેમને કુસ્તી, પટ્ટા રમવામાં બહુ જ શોખ હતો. ખાસ કરીને હરિપાટીલ કુસ્તી લડવામાં પ્રખ્યાત હતો. દરેક વર્ષે હનુમાન ઉત્સવ થતો, પરંતુ તેમાં જય જયકાર તો આ પાટીલ કુટુંબનો જ થતો. પાટીલની સામે બોલવાની લોકોને જરાપણ હિંમત થતી નહિ. આ ઘમંડી પાટીલ પરિવારને લીધે હંમેશા શેગાંવમાં ઝઘડો થયા કરતો હતો. તેમની નજરમાં કોઈ નાનો કે મોટો હતું નહિં. ધનવાન–ગરીબ બ્રહ્મચારી–ગૃહસ્થ, સાધુસંત વિગેરેને તે એક જ ત્રાજવે તોલતો હતો, અને મોઢામાં જેમ આવે તેમ બક્યા કરતો હતો. હવે આ પાટીલ બંધુએ મહારાજની પણ પજવણી શરૂ કરી દીધી. કોઈ બોલતા કે હે પાગલ ગણ્યા (ગાંડીયા) શું છે? છાશને રોટલો ગાંડા માણસને મોઢામાં આવે તેવા શબ્દોથી લોકોની જેમ ઉડાડે છે તેમ આ પાટીલ બંધુએ મહારાજની પણ ઠઠ્ઠા મશ્કરી કરવા માંડી. કોઈ કહેતા કે, અલ્યા ગણ્યા, મારી સાથે કુસ્તી લડ. તને તો લોકો યોગેશ્વર કહે છે. તેની પ્રતીતિ અમને તો થવા દે. નહિંતો ધ્યાનમાં રાખ કે અમે તને મારીશું. આવો બકવાસ તેમના મોઢેથી સાંભળવા છતાં મહારાજ એક શબ્દ પણ બોલ્યા નહિં. આવું બોલવા છતાં પણ ગુસ્સો ન લાવતા મહારાજ હસવા લાગ્યા. અને આવી રીતે મંદિરમાં મહારાજ પ્રત્યે વર્તન કરવાનું શરૂ કરી દીધુ. ભાસ્કર પાટીલ જે મહારાજની સેવાચાકરી કરતો હતો. તે આવી વાત સહન કરી શક્યો નહિ. તેણે કહ્યું કે મહારાજ હવે આપણે અહીંયા રહીશું નહિ. અકોલા પાછા જતા રહીએ. કારણ કે આ પાટીલબંધુ અહંકારી અને અભિમાની થઈ ગયા છે. તેમનાથી દૂર રહેવામાં જ આપણી ભલાઈ છે. તેઓ કોઈની જરાપણ પરવા કરતા નથી કે કોઈની આબરૂ સાચવતા નથી. શક્તિનું બળ હવે તેમના ઉપર સવાર







થઈ ગયું છે, અને લક્ષ્મીએ તેમને બેહોશ બનાવ્યા છે. શક્તિ, ધન અને સત્તા વિગેરેને લીધે શું સારું અને શું ખોટું તે ભૂલી ગયા છે. આ સાંભળીને મહારાજ બોલ્યા કે, અરે ભાસ્કર, થોડી ધીરજ રાખ. આ પાટીલ પરિવાર મારો પ્રિય ભક્ત છે. એ વાત ચોક્કસ જ છે કે ઘમંડી હોવાને લીધે તેમની પાસે નમ્રતા બિલકુલ જ નથી. છતાં પણ જો અંતરથી વિચારીએ તો આ પાટીલ પરિવાર મારા પુત્રો છે. તેમના ઉપર તો સંતોની કૃપાનો હાથછે. સત્તા આવવાથી તેઓ ઉધ્ધત બની ગયા છે. વાઘનો સ્વભાવ તેમજ તેને ગુણધર્મ થોડો જ ગાયોમાં આવે છે? તલવાર ધારદાર અને ચકચકાટ રહે છે તેથી તો તેની શોભા દેખાય છે. અગ્નિમાં કોઈ દિવસ પણ ઠંડક હોય છે? થોડો સમય બદલાતા તેમના સ્વભાવમાં પરિવર્તન આવી જશે જ વરસાદમાં ગંદુ થયેલું પાણી શિયાળામાં સ્વચ્છ દેખાય છે. એક દિવસ એક મહાન વિચિત્ર પ્રસંગ બની ગયો. હરી પાટીલ મંદિરમાં જઈને મહારાજનો હાથપકડીને બોલ્યો કે, ચલ ઉઠ, અને મારી સાથે કુસ્તી લડ. ગણ ગણ ગણાત બોતે આવું અર્થવગરનું ગણગણાટ ના કરો. તમારા નામનું એક મોટું તોફાન મચ્યું છે. તેની સત્યતા આજ હું જોવું છું કુસ્તીમાં તમે જીતી ગયા તો હું તમને બહુ જ મોટું ઈનામ આપીશ. મહારાજે પાટીલનો આ પડકાર ઝીલી લીધો અને બંને અખાડામાં ગયા. મહારાજે જે ચમત્કાર કર્યો તે હવે તમે સાંભળો. અખાડામાં મહારાજ નીચે બેસી ગયા અને હરિને કહેવા લાગ્યા કે, તું જ મોટો પહેલવાન છે ને? પહેલા મારો હાથપકડીને મને ઉભો કર પછી જ આપણે કુસ્તી લડીશું. આ વાત મામૂલી સમજીને હરિ પાટીલ આગળ આવ્યો. અને મહારાજનો હાથપકડીને ઉઠાડવા લાગ્યો. પરંતુ ઊઠાડવામાં નિષ્ફળતા મળી. તેઓ તેમની જગ્યાએથી જરાપણ હાલ્યા નહિં. પાટીલનું આખુંયે શરીર પરસેવાથી રેબઝેબ થઈ ગયું. પોતે મરણીયો પ્રયાસ કરી મહારાજને ઉઠાડવાની કોશિષ કરી, પણ મહારાજ પહાડની માફક અવિચલજ રહ્યા. હરિ પાટીલે વિચાર્યું કે, આ તે કેટલા શક્તિશાળી છે? અવિચલ પહાડ પણ તેમના આગળ કાંઈ જ નથી. તે દુબળા પાતળા દેખાય છે. પરંતુ તેમનામાં હાથી જેવી જ શક્તિ છે. તે પોતે આટલા બળવાન છે. છતાંપણ તેમણે અમારી દરેક જાતની પજવણી સહન કરી છે. તે હાથી જેવા શક્તિમાન હોવા છતાં પણ અમારા જેવા શિયાળ સામું કદાપિ નજર પણ કરી નથી. શિયાળના ગાંડપણને હાથી ગણકારતો નથી. કૂતરાંના ભસવાને

વાઘ ગણકારતો નથી. હવે હરિપાટીલના સામે બીજી એક મુશ્કેલી ઉભી થઈ ગઈ કેમકે તે આજદિન સુધી કોઈને પણ નમ્યો નથી. પરાજય થવાને લીધે હવે તેને મહારાજની સામે મસ્તક નમાવવું જ પડશે. મહારાજે હરીપાટીલને કહ્યું કે એક તો મને ઈનામ આપ અગર તો મને કુસ્તીમાં હરાવ. કુસ્તી મર્દોનો ખેલ છે, જે બધા જ ખેલોમાં મોટો કહેવાય છે. બલરામજી અને શ્રીકૃષ્ણ બાળપણમાં હંમેશા કુસ્તી જ રમ્યા કરતા હતા. મુષ્ટિક અને ચાણૂર કે જેઓ કંસના અંગરક્ષક હતા, તેમણે ભગવાનનો સામનો કર્યો. પહેલી શરીર સંપત્તિ, બીજુ ઘરબાર અને ત્રીજુ ધનદોલત, માન મરતબો. તારા જેવો બળવાન પૂતનાનો શત્રુ પાટીલ યમુનાને કિનારે કિનારે હતો. તેણે તો ગોકુલના બધા જ ગોવાળિયાઓને સશક્ત બનાવ્યા હતા. તેના જેવું તારે કરવું જોઈએ. ગરીબ લોકોને તેમનું શરીરબળ વધારવામાં મદદ કરવી જોઈએ. અને જો તેમ થઈ શકે તેમ ના હોય તો તારે આ પાટીલ નામ જ છોડી દેવું જોઈએ. બસ મારું આ જ ઈનામ છે. આ રીતે મહારાજે પાટીલનો ઘમંડ ઉતારી નાખ્યો. હરિ પાટીલ વિનમ્ર થઈ ને બોલ્યા, મહારાજ, જો આપની મારા ઉપર કૃપા થશે તો શેગાંવના છોકરાઓ જરૂર બળવાન થશે. હરિ બહુ જ ચાલાક હતો. આવી ચાલાકી કાંઈ નિશાળે ભણવા જવામાં નથી આવતી. પરંતુ ચાલાકી પોતે જ આવી જાય છે આ બનાવ પછી હરિપાટીલે મહારાજની મહિમાને જાણીને મહારાજને હેરાન કરવાનું બિલકુલ જ બંધ કરી દીધું. હરિમાં જે પરિવર્તન આવ્યું તે તેના ભાઈઓને જરાપણ ગમ્યું નહિ. તેઓ તેને મહેણા ટોણા મારીને કહેવા લાગ્યા કે, તુ તે પાગલ જોગીથી કેમ ડરવા લાગ્યો છે એનું કારણ અમને તો સમજાતું નથી? અરે આપણે તો ગામના મુખી છીએ. લોકોએ તો ઝૂકીને આપણા પગે પડવું જોઈએ. પરંતુ હવે તો ઉલ્ટી ગંગા જ વહી રહી છે. તું જાતે જ તે નાગા યોગીના પગમાં પડે છે. તેમાં તારી શોભા વધતી નથી. એ પાગલની મોટાઈ હવે તો બહુ જ વધવા લાગી છે. સામાન્ય માણસને સતેજ કરવા હવે તો નકલીપણું લોકોને બતાવવું જ પડશે. અગર આપણે જો તેમ નહિ કરીએ તો તે પાગલના પંજામાં બધા આવી જશે અને પછી ગામના મુખીએ કશું જ ના કર્યું તેવી બદનામી આપણને ચોંટશે. ચાલાક માણસો સાધુનો સ્વાંગ રચીને સામાન્ય માણસને પોતાના કબજામાં લઈ લે છે. સ્ત્રીઓને પણ છેતરીને પોતાનો સ્વાર્થ જ સાધે છે. સોનાની અસલિયત ઘસવાથી જ ખબર પડે છે.





શેરડીના સાંઠા જ્યારે તુકારામ મહારાજને માર્યા ત્યારે જ તેમના શાંત સ્વભાવ વિશે લોકોને ખબર પડી. પાડાના મુખે જ્યારે વેદવાણી સંભળાઇ ત્યારે જ જ્ઞાનેશ્વર મહારાજની સાધુતા પંડિતો જાણી ગયા. પરીક્ષા લીધા વગર કોઈની પણ મોટાઈ સ્વીકારવી નહિ. એટલા માટે બધા જ ભાઈઓએ સ્વામીજીના સામર્થ્યની પરીક્ષા કેમ લેવી તે નક્કી કરી લીધું. વાત નક્કી થતાં જ એક શેરડીના સાંઠાનો ભારો લઈને બધાં જ મંદિરમાં ગયા. હરિ પાટીલ કશું જ ના બોલતા ચૂપચાપ આ ખેલ જોઈ રહ્યો. પાટીલબંધુઓ મહારાજને સંબોધીને બોલવા લાગ્યા કે, કેમ છે પાગલ, શું તારે આ શેરડી ખાવાની ઇચ્છા છે? અગર જો ઇચ્છા છે તો તારે અમારી એક શરત માનવી જ પડશે. શરત એ છે કે અમે આ શેરડીના સાંઠા વડે તને મારીશું. પરંતુ તેની નિશાની તારા શરીર ઉપર જો નહિ દેખાય તો ખરેખર સાચે જ અમે તને મહાનયોગી માનીશું. તને આ શરત મંજુર છે? શરતની વાત સાંભળીને મહારાજ હા યા ના તેમ કશો જ ઉત્તર આપ્યો નહિ. તે ચૂપચાપ બેસી રહ્યા. છોકરાઓની મર્કટલીલા (વાંદરા વેડા) ઉપર મોટા ધ્યાન થોડું જ આપે છે ! પછી મારૂતિ બોલ્યા કે, મારની બીકે આ ડરી રહ્યો છે. તે પછી ગણપતિ બોલ્યા કે, તે મૌન છે માટે તેને મંજુર છે. અને હવે મારવાની વાર શા માટે કરો છો? બધાએ મળીને શેરડીના સાંઠા હાથમાં પકડીને ઝાપટવા માંડયા, ત્યારે ત્યાં ઉભેલા માણસોએ રસ્તો પકડ્યો. ભાસ્કર પાટીલ પણ ત્યાં જ ઉભો હતો. ભાસ્કરે છોકરાઓને કહ્યું કે, મહારાજને શેરડીથી ના મારો. આવો વર્તાવ કરવામાં તમારી શોભા નથી. તમારો જન્મ એક સદાચારી માલમિલકતવાળા પાટીલકુળમાં થયો છે. તમારું અંતઃકરણ તો દયાળુ હોવું જોઈએ. મહારાજને એક મોટા માણસ તરીકે જો તમે ના માનતા હો, તો તેમને દુઃખી, ગરીબ માનીને છોડી દો. તેમાં જ સારું છે. જે શૂરવીર હોય છે, તે તો વાઘનો સામનો કરે છે. ઢીલા પોચાને હેરાન કરતો નથી. મહાન બળવાન હનુમાનજીએ રાવણની લંકા બાળી નાંખી, કાંઇ ગરીબોની ઝૂંપડી બાળી ન હતી. ભાસ્કર પાટીલને છોકરાઓએ કહ્યું કે, તમે જે કહ્યું તે અમે બધું જ સાંભળી લીધું છે. પરંતુ ગામના લોકો આને યોગયોગેશ્વર માને છે તેની આજે અમે પરીક્ષા લઇશું. સાચું સોનું છે કે નહીં તેની આજ અને કસોટી લઇશું. એટલા માટે અમારી વચ્ચે આવીને અમારામાં દખલગીરી ના કરશો. શું થાય છે તે ચૂપચાપ જોયા કરો હાથમાં શેરડી લઇને છોકરાઓએ

શ્રી ગજાનન વિજય
અધ્યાય ॥ ૭ ॥

મહારાજને મારવાનું શરૂ કરી દીધું. જેમ ખેડૂત મકાઇના ડોડાને ફૂટી ફૂટી દાણા છુટા પાડે છે. તેમ આ લોકોએ મહારાજને મારવાનું શરૂ કર્યું. પરંતુ આ છોકરાઓના વાંદરવેડા ઉપર મહારાજ હસતા જ રહ્યા. તે જરાપણ હાલ્યા ચાલ્યા વગર જ્યાં બેઠા હતા ત્યાં ને ત્યાં બેસી રહ્યા આખરે તે મહારાજની સહનશક્તિ જોઈને અવાક થઈ ગયા અને મહારાજને મારવાનું બંધ કર્યું. પછી જોયું કે મહારાજના શરીર ઉપર જરા પણ મારનું નિશાન પણ દેખાતુ નથી. આવું જોતાં તેઓ બધાં જ શરમાઇ ગયા અને મહારાજના ચરણોમાં આળોટવા લાગ્યા કેમકે તેમણે માની જ લીધું કે સાચે જ મહારાજ યોગયોગેશ્વર જ છે. છોકરાઓની આવી હાલત જોઇને મહારાજ હસતા હસતા બોલ્યા કે, તમારો થાક દૂર કરવા માટે હવે હું તમને શેરડીનો રસ પીવડાવૂં છું. મારી પાસે બેસી જાઓ. આટલું કહેતાં તો મહારાજે શેરડીના સાંઠાને વાળીને નિચોવી નાખ્યો, અને કોઇ પણ યંત્ર વગર તેમણે રસ કાઢીને છોકરાઓને પીવડાવ્યો. મહારાજનું આવું આલૌકિક કૃત્ય જોઈને પાટીલબંધુ આશ્ચર્યચકિત થઈ ગયા. મહારાજ પ્રત્યે જે તેમને વહેમ હતો તે દૂર થઈ ગયો હોવાથી તેઓ ખૂબ જ આનંદિત થયા હતા. આ તો યોગશક્તિનો જ પ્રભાવ છે. તેમાં શંકાને સ્થાન જ નથી. યોગના પ્રભાવને લીધે યોગીની શક્તિ અમરજ રહે છે. પૌષ્ટિક આહાર લેવાથી શારીરિક બળ વધે છે. પરંતુ તે કાયમ રહેતું નથી પરંતુ જે યોગવિદ્યાની મહાનશક્તિ પ્રાપ્ત કરે છે તે તો સદાય રહે છે. છોકરાઓને આ મહાન તત્ત્વ સમજાવવા માટે જ મહારાજે આ ચમત્કાર કર્યો હશે. છોકરાઓએ નીચા મોઢાં લઈને મહારાજ પાસે જવા રજા માંગી. ખંડુ પાટીલને દરેક બીનાથી વાકેફ કર્યો. તે આગળ ચાલતાં ચાલતાં બોલ્યો, કે મોટાભાઈ, સાચે જ ગજાનન મહારાજએક ચાલતા ફરતા ઈશ્વર જ છે અને તે બાબતનો અનુભવ અમને આજ મળ્યો ત્યારપછી ખંડુ પાટીલ પણ મહારાજનાં દર્શન માટે જવા લાગ્યો. પરંતુ તેની વાણીમાં મીઠાસ હતી નહિ. પાટીલ મહારાજને ગાંડીયા ગજા આવા નામથી જ બોલાવતો હતો. અલ્યા, તુ, આ સંબોધન બે જ જગ્યાએ વપરાય છે, એક તો જ્યાં ખૂબ વધારે પ્રેમ હોય ત્યાં, મા અને બાળક એક બીજાને બોલાવે છે તેમાં, બીજી જગ્યાએ આ શબ્દો ક્યાં વપરાય છે. તે પણ તમે સાંભળો. એક તો ઉંમરમાં, પૈસે નોકરીએ મોટા માણસો, નોકરને, ચાકર, નીચા ગરીબોને તુકારાથી જ બોલાવે છે. પાટીલ ગામનો મુખી હોવાથી બધાંને તું,







તુંકારો કરીને બોલાવતો. મહારાજને પણ તે ગણ્યા નામથી જ બોલાવતો હતો. તે પોતાની આદત થી મજબૂર હોવાથી તે આવી રીતે વર્તતો હતો, તેનું બીજુ કાંઈજ કારણ નથી. તે મહારાજ ને ગણ્યા ગણ્યા કહીને બોલાવતો હતો, પરંતુ તેને મહારાજ પ્રત્યે મનમાં બહુ જ આદર હતો. નારિયેળની ઉપર તો કઠણ કાચલું જ રહે છે. પરંતુ અંદર તો મીઠો રસ જ હોય છે. તેવી રીતે તેને અંદરથી મહારાજ પ્રત્યે ખૂબ જ આદરભાવ હતો. છતાં પણ ઉપરથી બોલવામાં જે તોછડાપણું રહેતું હતું તે તો તેને તેની જૂની પોતાની ટેવને લીધે જ નીકળતું હતું. કુકાજી જ્યારે વૃધ્ધ થયા ત્યારે તેમની જગ્યાએ તેમનો કારભાર ખંડુ પાટીલ જ સંભાળતો હતો. કુકાજીએ એક દિવસ ખંડુ પાટીલને કહ્યું કે, તું મહારાજનાં દર્શન માટે દરરોજ જાય છે. તે મહાન સંતપુરુષ છે. મોટા સાક્ષાત્કારી છે, તેમ તું અવારનવાર કહે છે. છતાં પણ તું એમના આગળ ચૂપચાપ બેસી કેમ રહ્યો છે? તને તો કોઈ છોકરો છે નહિ અને દિવસે દિવસે હું ઘરડો થતો જાઉં છું તો મારા માટે તું એક પૌત્ર કેમ નથી માંગતો? એટલામાટે ગજાનન પાસે નમ્રભાવથી વિનંતી કર કે મને છોકરો આપો અગર જો તે સાચો જ સાધુ હશે તો તારી ઈચ્છા પૂરી થઈ જશે અને સાથે સાથે મારી પણ ઈચ્છા પૂર્ણ થશે. સાધુ સંત તો, ચાહે તે કરી શકે તેમ જ હોય છે. કોઈ પણ વાત તેમના માટે અશક્ય હોતી નથી. તારા સારા ભાગ્યે તને જે સાધુનો સહવાસ મળ્યો છે. તેનો તું લાભ ઉઠાવ. ખંડુને પણ આ વાત મનમાં ગમી ગઈ. એક દિવસ તેણે આ વાત મહારાજને હનુમાનજીના મંદિરમાં કહી નાંખી. ખંડુ પાટીલ તેની પોતાની ટેવને લીધે બોલ્યો કે, અરે ગણ્યા, મારા કાકા દિવસે દિવસે વૃદ્ધ થતાં જાય છે. અને તેમને મારો છોકરો જોવાની ઇચ્છા થઈ છે. તને તો લોકો સાધુ કહે છે. તારા દર્શન કરવાથી તો મનમાં રાખેલી બધી જ વાત સફળ થઈ જાય છે. આવો તો લોકોને પોતાના મનમાં વિશ્વાસ છે. તે વિશ્વાસ તું પૂરો કર. મારું આ મસ્તક તારા ચરણોમાં છે. તો હું કેવી રીતે પુત્ર વગર રહી શકું? ખંડૂની પોતાના મનની બહાર કાઢેલી આ વાત સાંભળીને મહારાજ બોલ્યા કે, તેં મારી પાસે માંગ્યુ છે તે સારુ જ કર્યું છે. સત્તા અને ધન સાથે તું પ્રયત્નવાદી પણ છો છતાં પણ તું તારી આ મનોકામનાની મને શા માટે પ્રાર્થના કરે છે? તું તો કહે છે કે ધન, સંપત્તિની સામે દરેક વસ્તુ ફીકી પડે છે. તું તો ધનના બળને જ બધું માને છે અને તેમ જ છે. તો તારા મનની મુરાદ ધનના બળથી પૂરી કેમ નથી કરતો? અને

તારી પાસે તો ખેતી છે, વ્યાપારનો ઉદ્યમ છે. આખાએ વિદર્ભ પ્રાંતમાં તારો નીકળેલો બોલ પાછો ક્યાંય પડતો નથી. આ બળના જોર ઉપર તું ભગવાન પાસેથી કશું જ મેળવી શકતો નથી? તારી આ આવડી નાની વાતનું મને કારણ સમજાતું નથી. આ વાત ઉપર ખંડૂએ મહારાજને કહ્યું કે, આ વાત પ્રયત્ન ઉપરની છે, તે વાતને તો ભગવાનની કૃપા જ જોઈએ. પૃથ્વી ઉપર જ્યારે પાણી હોય ત્યારે પ્રયત્ન અને મહેનતથી અનાજ પેદા કરી શકાય છે. પરંતુ પાણીને વરસાવવું તે તો માણસના હાથમાં નથી પાણી વગર દુકાળમાં કશું જ પકવી શકાતું નથી. જ્યારે પાણી વરસે છે ત્યારે જ મનુષ્યનો પ્રયત્ન સફળ થાય છે. તે જ વાત આ મારી માનતા સાટે  સાચી છે તેના માટે તો માનવના પ્રયત્નની સાથે ઈશ્વરની કૃપાની પણ જરૂરત હોય છે. ખંડુ પાટીલના મનની વાત સાંભળીને મહારાજ હસ્યા, અને બોલ્યા કે, તમે મારી પાસે છોકરાની માગણી કરી છે. માગણી એટલે એક જાતની ભીખ કહેવાય. તે આજે તમે માંગીછે અને તને એક પુત્ર થશે, તેનું નામ તું ભીખું રાખજે. પરંતુ તુ એવું ન માની બેસતો કે પુત્ર લાવી આપવો મહારાજના હાથમાં છે. હું તારા માટે ભગવાન ને પ્રાર્થના કરીશ. ભગવાન મારી પ્રાર્થના સાંભળશે જ. કેમકે તેમને કાંઈ અશક્ય નથી. તારા ઘરની સ્થિતિ તો સારી છે. એટલા માટે બ્રાહ્મણોને કેરીનો રસ અને પૂરીનું જમણ આપ. તને પુત્રની પ્રાપ્તિ થશે. આ મારી વાત તું સાચી માનજે. પરંતુ તારે દર વર્ષે બ્રાહ્મણોને રસપૂરીનું ભોજન જમાડવું પડશે. મહારાજ જે કાંઈ મંદિરમાં બોલ્યા હતા તે વાત ખંડૂ પાટીલે ઘરે જઈને કહી. કુકાજીએ જ્યારે આ શુભ વાત સાંભળી ત્યારે તેઓ ખૂબ જ ખુશ થયા. કેટલાય દિવસ પછી સમય આવતાં મહારાજની અમૃતવાણી સાચી પડી. ખંડુ પાટીલની પત્ની ગંગાબાઈને ગર્ભ રહ્યો અને સમય જતાં નવ માસ પૂર્ણ થતાં પુત્રની પ્રાપ્તિ થઈ. ખંડુ પાટીલ, કુકાજી પાટીલ તેમ જ આખોય પરિવાર આનંદ પામ્યો. ખંડુએ આ કામ થવાથી ગરીબોને ઘંઉ તેમજ ગોળ વહેંચ્યો ગામના નાના બાળકોને પેંડા, બરફી ખવડાવ્યા અને ઠાઠમાઠથી તેનો નામ-વિધિ થયો, તેનું નામ ભીખું રાખ્યું. સુદના ચંદ્રની માફક તેમનો પુત્ર મોટો થવા લાગ્યો, બ્રાહ્મણોને કેરીના રસનું ભોજન કરાવ્યું. શેગાંવમાં પાટીલ પરિવારમાં આજે પણ આ પ્રથા ચાલુ છે. પુણ્યશાલી પુરુષનું ભવિષ્યકથન થોડું જ ખોટું પડે? બાળકની કૃષ્ણલીલાથી ઘરમાં રોનક વધી ગઈ. ખંડુ પાટીલની આ આગેકૂચ, દેશમુખને બહુ





જ ખટકવા લાગી. શેગાંવમાં પહેલેથી જ બે તડ તો પડેલા જ હતા. એક તડ દેશમુખનું અને બીજું તડ પાટીલનું. બંને એક બીજાને ઝેરથી જોતા હતા. બંને એકબીજાને નુકશાન ક્યારે થાય તે સદાય ઇચ્છતા રહ્યા હતા. બંનેમાં પ્રેમનો જરાપણ અંશ ન હતો. બે શાસ્ત્રી, બે મંત્રી, બે હથિયારધારી, બે તંત્રી, બે કૂતરાં જ્યારે સામસામે આવે ત્યારે ઘૂઘવાટો થઈ જ જાય છે. તેવી રીતે કદાપિ શેગાંવમાં પાટીલ અને દેશમુખમાં ૩૬ નો આંકડો ૬૩ થતો જ નહિ. પૌત્રનું મોઢું જોયા પછી સમય જતાં કુકાજીનું મૃત્યુ પંઢરપુરમાં ભીમા નદીના કિનારે થયું. કુકાજીના સ્વર્ગવાસથી ખંડુ બહુ જ દુ:ખી થયો કેમકે તે બધો જ આધાર કાકા પર રાખીને જ કારભાર સારી રીતે ચલાવતો હતો. તે છત્ર હવે તેનાથી દૂર થયું. તેણે ભગવાનને કહ્યું કે, જેના આધાર પર હું જિંદગી વીતાવતો હતો,  તે છત્ર તેં શા માટે છીનવી લીધું. પાટીલની આવી હાલત જોઈને દેશમુખે અયોગ્ય લાભ ઉઠાવવાનું નક્કી કરી લીધું તેની ચર્ચા હું આગળના અધ્યાયમાં કરીશ. અંદર અંદરની દુશ્મનાવટ તો માણસને વિનાશને માર્ગે લઈ જાય છે. આ દાસગણૂ રચિત ગજાનન વિજયગ્રંથમનમાં શંકા રાખ્યા વગર સાવધાન ચિત્તથી સાંભળો.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ ઇતિ સાતમો અધ્યાય સમાપ્ત:॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: સાતમો અધ્યાય સમાપ્ત॥

અધ્યાય ॥ ૭ ॥





શ્રી ગજાનન મહારાજને ગોંસાઈ મળવા આવ્યા છે.

## અધ્યાય આઠમો

શ્રી ગણેશાય નમ: હે વાસુદેવ દેવકીના પુત્ર, હે ગોવાળ તેમજ ગોપીના મનોરંજન હે દુષ્ટ રાક્ષસોના સંહારકર્તા શ્રી હરિ મારા ઉપર પ્રસન્ન થજો. તમારી કૃપા થવા માટે આધ્યાત્મિક સાધન-કર્મયોગ, પરાભક્તિ કરવા હું અયોગ્ય જ છું. જો જ્ઞાનયોગથી જ્ઞાન પ્રાપ્ત કરું તો પણ બધાજ ગ્રંથો સંસ્કૃતમાં છે. સંસ્કૃત મને આવડતું નથી કેમકે મારી બુધ્ધિ ઘણી જ મંદ છે. ખીલેલા કમળમાં જે મધુ રહે છે તેને દેડકો થોડો જ મેળવી શકવાનો છે? એ તો કીડા મંકોડા ઉપર જ સંતુષ્ટ રહે છે. લોકોને અન્નદાન કરીને જો હું આપને મેળવી શકું તો તે પણ મારી ગરીબીને લીધે થઈ શકે તેમ નથી. ધન વગર માણસ પોતાની ઈચ્છા પૂર્ણ કરી શકતો નથી. તીર્થયાત્રા કરીને જો પુણ્ય પ્રાપ્ત કરવાનું ઈચ્છું તો હવે મારા શરીરના અંગો નબળાં પડી ગયાં છે અને સાથે સાથે હું અંધાપાનો ભોગ બન્યો છું હે ચક્રધારી, હું ચારે તરફથી દુ:ખમાં ફસાયેલ છું. ધનદોલત વગરના માણસની મનની ઈચ્છા એમને એમ અધૂરી રહે છે. આ બધી વાતો નજરે જોતાં સાચી જ દેખાય છે. છતાં પણ જો આપની કૃપા મળે તો આ બધી આવેલી ઉપાધિ દૂર જ ભાગી જશે. આપની કૃપાનો મહિમા જુદો જ છે. વાદળમાંથી વરસેલા પાણીના પૈસા આપવા પડતા નથી. જો વાદળો ઈચ્છે તો નદી, નાળાં, કૂવા વિગેરે પાણીથી છલકાઈ જાય છે. એટલું જ નહિં પરંતુ જમીનમાંથી પણ ઝરા ફૂટે છે. આવા આપ કૃપાના સાગર છો. ભુખ્યો તરસ્યો આ દાસગણૂ આપની તરફ એકીટશે જોતો બેસી રહ્યો છે. હે ભગવાન, કૃપા કરીને તેના મોઢામાં ઓછામાં ઓછો એક કોળિયો તો જરૂરથી નાંખશો, એક જ કોળિયાથી સંતોષ પામી જઈશ. અને તેનાથી મને બધુ જ મળી જશે. કેમકે અમૃતનો ઘૂંટડો જો મળી જાય તો આ ભવનાબંધનમાંથી મુક્તિ મળી જશે. આ પાછળના અધ્યાયમાં શેગાંવમાં દેશમુખ અને પાટીલના અંદરોઅંદર ઝઘડો ચાલતો હતો તે વાત તમે સાંભળી. જ્યાં જ્યાં આવા ઝઘડા ચાલ્યા કરતા હોય ત્યાં ત્યાં બને પક્ષના સુખ આરામ લૂંટાઈ જતાં હોય છે. ક્ષયરોગી, જેમ શરીરને, તે અંદરો અંદરના ઝઘડા સમાજને યમલોક તરફ લઈ જાય છે. બાહ્ય પ્રયત્ન સફળ થઈ શકતા નથી. ખંડુ પાટીલે મરીયા કામદારને કંઈક કામ કરવા કહ્યું. પરંતુ તેણે ના પાડી. પાટીલ ગામનો અધિકારી હતો. તેનું કામ દરેકને કરવું પડતું હતું. મરીયા કામદારે જ્યારે કામ કરવાની ના પાડી ત્યારે ખંડુ પાટીલ એકદમ જ ગુસ્સે થઈ ગયા. મરીયો દેશમુખના પક્ષનો હતો એટલે કંઈ પણ કામ

પાટીલનું કરવા માંગતો ન હતો. પાટીલે તેને કહ્યું કે, કામ નહિં કરવાની તારી આ વાત સારી નથી. ગરીબ માણસોને આંખ બતાવવી જોઈએ નહિં સવાલજવાબ કરવાનો અધિકાર તો પાટીલ અને દેશમુખને જ રહે છે નહિ કે તારા જેવા નકટાને. આટલું કહેવા છતાંય તે સાંભળે ત્યારે ને? ઉલટાનું તે પાટીલની મશ્કરી કરવા લાગ્યો. તેનું આવું વર્તન પાટીલથી સહન ન થયું. આમ ઝઘડાનું કારણ તો મામૂલી જ હતું. અકોલામાં આવેલી કચેરીમાં મોકલવા માટેના કાગળો પાટીલ તેને આપવા ઈચ્છતા હતા. છતા પણ તેણે પાટીલને કહ્યું કે, મારાથી આ કામ બની શકે તેમ નથી. હું તો દેશમુખનો આશ્રિત છું. તમને મારી પાસેથી કામ લેવાનો કોઈ અધિકાર નથી. જે થવાની હશે તે થશે. પરંતુ આજે તો આ કામ હું બિલકુલ જ નહિ કરું. તમારા કહેવાને હોળીમાં પાડેલી બૂમ જ સમજુ છું. સાથે સાથે તેણે બુમ મારવાનો હાવભાવ પણ કર્યો, તેની આવી રીતભાત તેમજ કૃત્ય જોઈને ખંડુ પાટીલ મગજની સમતુલા ગુમાવી બેઠા અને તેમની પાસે જે લાકડી હતી તેનાથી તેમણે જોરથી લાકડીનો પ્રહાર કર્યો. આ પ્રહાર જોરથી થયો હોવાથી તેનો હાથતૂટી ગયો. અને બેભાન થઈને જમીન પર પડયો. ત્યાર પછી તે કામ બીજાએ કર્યું. પછી આગળ શું થયું તે કથા હવે સાંભળો. બેભાન પડેલા મરીયાને તેના કુટુંબી જનોએ દેશમુખના ઘરે પહોચાડયો તેને તૂટેલો હાથજોઈને દેશમુખ મનમાં ખુશ થયો. તેણે વિચાર કર્યો કે હાથે લાગેલા અવસરનો જરૂર લાભ ઉઠાવવો જોઈએ દેશમુખને ઝઘડો કરવા માટે આ એક સારો અવસર મળ્યો. દેશમુખ તે હરિજનને પોલીસ ચોકીએ લઈ ગયા અને ખરી ખોટી હકીકત નોંધાવી. જ્યાં બંને પક્ષમા ઝઘડો ઉભો થાય છે ત્યાં વાતનું વતેસર થઈ જાય છે. મરીયાની ફરિયાદનો રીપોર્ટ થયો અને પાટીલને પકડી લાવવાની આજ્ઞા નક્કી થઈ. આ સમાચાર વાયુવેગે શેગાંવમાં ફેલાઈ ગયા. લોકો બોલવા લાગ્યા કે હવે ખંડુ પાટીલને હાથકડી લાગશે. ખંડુ પાટીલને આ સમાચાર મળતાં તે ખૂબ જ ગભરાઈ ગયો અને ખૂબ જ ચિંતાતુર બન્યો. તેના મનમાં વિચાર આવવા લાગ્યા કે જે શેગાંવમાં હું સિંહની માફક રહેતો હતો ત્યાં, હે ભગવાન હવે મને હાથકડી લાગવાની છે. એક ઈજ્જતદાર માણસને અપમાન મૌત કરતાં ભયંકર લાગે છે. બધા જ પાટીલબંધુઓ ગભરાઈ ગયા. કોઈને કશી જ યુક્તિ સૂઝી નહિ. ખંડુ પાટીલ તો નિરાશ થઈને બેસી ગયો. તેને મહારાજ યાદ આવ્યા, કેમકે મહારાજ આ બાબતમાં કોઈ ઈલાજ કરશે. આખાય વિદર્ભ પ્રાંતમાં મહારાજ સિવાય રક્ષણહાર કોઈ નથી એક પ્રયત્ન કરવા ખાતર જ તેના બંધુઓ





અકોલા આવ્યા અને રાતનો સમય પસાર થતાં જ પાટીલ મહારાજની પાસે પહોંચી ગયો. આવીને પ્રણામ કરીને બેઠો અને નમ્રતાથી મહારાજને કહેવા લાગ્યો કે, મહારાજ મારા પર એક મોટી ઉપાધિ આવી પડી છે. સરકારી કામ કરવા માટે મરીયાએ ના પાડી તેથી લાકડીથી મેં તેને જરા જોરથી માર્યું. તેથી એનો હાથતૂટી ગયો છે. આના લીધે દેશમુખે વાતનું વતેસર કર્યુ કેમકે તે મારા હિતનો નથી. કાલે મને કેદ થશે. મહારાજ મારી આબરૂ આપના હાથમાં છે. આપના વગર મારી રક્ષા કોણ કરશે? કાલે પોલીસ મને લેવા અહીં આવશે અને એવું સાંભળવામાં આવ્યું છે કે મને હાથકડી તો લાગશે જ. તો મહારાજ, આ તલવાર લો અને મને ખતમ કરી દો. વાતનું વતેસર થયુ છે. મહારાજ મારી આબરૂની રક્ષા તમારા હાથમાં છે. જ્યારે અભિમન્યુનું રણમેદાનમાં મૃત્યુ થયું ત્યારે અર્જુને જયદ્રથનો વધ જોના કરે તો અગ્નિમાં બળીને ભસ્મ થઈ જવાની પ્રતિજ્ઞા કરી હતી. ત્યારે હે ભગવાન આપે જ તેમની રક્ષા કરી હતી. પ્રભુ, સતી દ્રૌપદીના તારણહાર આપ જ છો. મારી આબરૂ રૂપી પાંચાલીને આ દેશમુખ કૌરવોની સભામાં નગ્ન કરવા માટે આણી છે. હવે તો તમે જ મારી રક્ષા કરી શકો છો. પાટીલ એક બાજુ મહારાજને આમ કહેતો હતો ત્યારે બીજી બાજુ તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહ્યા કરતી હતી. પાટીલ પરિવારના બધા જ લોકો ચિંતાતુર હાલતમાં બેઠા હતા. તેનુ વર્ણન થઈ શકે તેમ નથી. ખંડુ પાટીલની આવી પરિસ્થિતિ જોતાં જ મહારાજે તેને પોતાના હૃદયે લગાડયો, અને પીઠે હાથફેરવીને શાંત કર્યો. પછી મહારાજ બોલ્યા કે, કામ કરવાવાળા માણસ ઉપર જ આવું સંકટ પરંપરાથી આવી રહેલું છે એનાથી ગભરાઈ જવું ન જોઈએ, ચિંતા કરીશ નહિ, જ્યારે આપણામાં સ્વાર્થની ઈચ્છા જાગૃત થાય છે ત્યારે આવી ઉપાધિ આવી પડે છે. પોતાના સ્વાર્થ આગળ સાચા ખોટાને ઓળખી શકતા નથી. પાટીલ અને દેશમુખ એક જાતિના સાધન સંપત્તિવાળાં હોવા છતાં પણ અંદર અંદરના વેરને લીધે એકબીજાને નુકશાન પહોંચાડવા રાજી છે. તે બહુ જ.ખરાબ છે. કૌરવો પાંડવોમાંનું અંદર અંદરનું વેર તેમને યુધ્ધભૂમિ પર લઈ ગયું હતું. પરંતુ આખરે પાંડવોનો સત્ય પક્ષ જ વિજયી થયો.કેમકે હંમેશા ભગવાન સાચા પક્ષ ને સહાય કરે છે. કૌરવો જે અસત્ય પક્ષના હતા. તેમનો નાશ ભગવાને કર્યો. આટલું કહી મહારાજે પાટીલને કહ્યું, કે, તમે જાવ અને બિલકુલ ચિંતા કરતા નહિ, તમને હાથકડી લાગશે નહિ. ભલેને દેશમુખ ગમે તેટલું જોર કરે તોયે હાથકડી તમને લાગશે નહિ. આખરે મહારાજની વાણી સાચી પડી, અને પાટીલ નિર્દોષ

સાબિત થયો. તેના ઉપર કોઈપણ કાર્યવાહી થઈ શકી નહિ. મુખથી નીકળેલું સંતવચન કદાપિ ખોટું પડતું નથી. આ બનાવ પછી પાટીલ પરિવાર મહારાજની ખરા દિલથી સેવા કરવા લાગ્યા. સાચું છે કે અમૃતનું સેવન કોણ ન કરે? ખંડુ પાટીલ આગ્રહ કરીને મહારાજને પોતાના ઘરે લઈ આવ્યો. મહારાજ પાટીલના ઘેર હતા ત્યારે પાંચ તૈલંગી બ્રાહ્મણો ઓચિંતા આવી પધાર્યા. બ્રાહ્મણો વેદ ભણેલા વિદ્વાન હતા, પરંતુ તેમના મનમાં ધન પ્રત્યે મોહ હતો. થોડો કંઈક ધનનો લાભ થસે. એ આશાએ આ પાંચેય બ્રાહ્મણો પાટીલના ઘરે આવ્યા હતા. આ વખતે મહારાજ કામળો ઓઢીને સૂતા હતા, તેમને જગાડવા માટે બ્રાહ્મણો જોરજોરથી વેદમંત્રો બોલી રહ્યા હતા. આલાપથી તેઓ જટામંત્ર બોલતા હતા, મંત્ર બોલવામાં બ્રાહ્મણોથી ભૂલ થઈ ગઈ. પરંતુ તે તેમણે સુધારિ નહિ. ત્યારે મહારાજ એકદમ આસન ઉપર બેસી ગયા અને વૈદિક બ્રાહ્મણોને બોલ્યા, તમે વૈદિક કેમ બન્યા છો? મંત્ર ખોટો બોલીને વેદવિદ્યાને નુકશાન પહોંચાડવાનું કામ ન કરો, પેટ પોષણ માટે આ વેદવિદ્યાનો સહારો ન લેશો. આ વિદ્યા તો મોક્ષ આપનારી છે, મહાનવિદ્યા છે. આપે જે શાલ માથે ઓઢી છે તેની ઓછામાં ઓછી કંઈક તો ઈજ્જત રાખો પછી મહારાજ બોલ્યા કે, હું જેવું બોલુ તેવું જ તમે બોલો, વેદનો ઉચ્ચાર કરતી વખતે સાચા ઉચ્ચાર અને સ્વરનું ભાન રાખો. આવો વેશ ધારણ કરીને ભલાભોળા લોકોને છેતરશો નહિ. જે ઋચા બ્રાહ્મણોએ સંભળાવી હતી તે જ મહારાજે રોકાયા વગર ગાવાની શરૂ કરી. તેમાં જરા પણ ભૂલ થઈ નહિ, અને સાથે સાથે વાણી તેમજ ઉચ્ચાર પણ બિલકુલ સાફ હતો. જાણે કે મૂર્તિમંત વશિષ્ઠજી વેદમંત્ર ન ગાઈ રહ્યા હોય તેમ લાગતું હતું. જ્યારે મહારાજ વેદવાણી સંભળાવી રહ્યા હતા ત્યારે તેમના ઉચ્ચારની શુદ્ધતા તેમજ વિલક્ષણ સ્મરણશક્તિ જોઈને તૈલંગી બ્રાહ્મણો અવાક થઈ ગયા, અને મોં નીચું ઘાલી બેસી રહ્યા. તેમને મહારાજ તરફ જોવાની હિંમત પણ ન થઈ. સાચું જ છે કે જ્યારે સૂર્યોદય થાય ત્યારે દિવાની કિંમત કોણ કરે? તેની જરૂર તો અંધારૂ પડે ત્યારે જ હોય છે. બ્રાહ્મણો મનમાં વિચારવા લાગ્યા કે આપણે તેને પાગલ સમજતા હતા. પરંતુ આ તો જ્ઞાની છે. ચારે વેદો તેમના કંઠે જ છે. તે વિધાતા જ દેખાય. તેમાં બિલકુલ શંકાને સ્થાન નથી. એવું જણાય છે કે તે બ્રાહ્મણ જાતિના છે. આ દુનિયાના બધા જ બંધનોમાંથી મુક્તિ મેળવી હોવાથી તેઓ પરમહંસ જીવનમુક્ત સિદ્ધયોગી જ છે. અમારા ગતકર્મ કંઈક સારા હશે કે તેમના દર્શનનો લાભ મળ્યો. તેમને વામદેવ કહીએ તો જ તેમનું ગૌરવ સચવાશે. મહારાજે







ખંડુ પાટીલ પાસે બ્રાહ્મણોનું માન સહિત સ્વાગત કરાવીને એક એક રૂપિયો દક્ષિણા આપી. સંતોષ પામીને બ્રાહ્મણો બીજી જગ્યાએ જતા રહ્યા. મહારાજ પણ આ ગામની ઉપાધિથી તંગ આવી ગયા હતા. સાચા સંતો લોકોના સતાવ્યાથી તેમનાથી કંટાળી જાય છે. પરંતુ નકલી સાધુ તો લોકો પજવે તેમાં સારુ માને છે. શેગાંવની ઉત્તર દિશાએ એક મોટી વાડી હતી. તેમાં શાકભાજી ખૂબ જ થતી. એક બાજુએ શિવજીનું સુંદર મંદિર પણ હતું. લીમડાનાં ઘટાદાર વૃક્ષો હોવાને લીધે ત્યાં ઠંડક તેમ જ છાંયડો પણ હતાં. આ વાડી ખંડુ પાટીલના નાનાભાઈ કૃષ્ણા પાટીલની હતી. તે તેમનો સૌથી નાનો ભાઈ હતો. એક દિવસ મહારાજ આવ્યા અને શિવમંદિરના ચબૂતરા પર બેસી ગયા. મહારાજે કૃષ્ણાજીને કહ્યું કે, આ નીલકંઠના મંદિરમા થોડા દિવસ રહેવાની મારી ઈચ્છા છે. આ ભોળાનાથકપૂર જેવા સફેદ, નીલકંઠ પાર્વતીવર, બધા જ દેવોના રાજરાજેશ્વર છે. તે તારી વાડીમાં આવી ગયા છે. એટલા માટે મેં પણ નક્કી કર્યું છે કે થોડા દિવસ હું પણ તારી વાડીમાં રહું. મને રહેવા માટે મંદિરમાં એક જગ્યાએ છાંયડો મળે તેવી વ્યવસ્થા કર. આવું સાંભળીને કૃષ્ણાજી પાટીલ ખૂબ જ આનંદિત થયા. તરત જ તે છ પતરાં લઈ આવ્યા અને મહારાજને છાંયડો મળે તેવું છાપરું બનાવી આપ્યું. મહારાજ ત્યાં રહેવા ગયા તેથી વાડી એક પવિત્ર ધામ બની ગયું. જયાં રાજા રહે છે ત્યાં જ તેની નગરી વસે છે. મહારાજની સેવામાં ભાસ્કર પાટીલ પણ હાજર હતા. અને તુકારામ કોકાટ્યા પણ હતા. ખાવાપીવાનો બંદોબસ્ત કૃષ્ણાજી પોતે કરતા હતા. મહારાજના જમ્યા પછી જ પ્રસાદ લેતા હતા. ત્યાં એક ચમત્કાર થયો. આ વાડીમાં એક દિવસ દસવીસ ગોસાંઈ ફરતા ફરતા આવી ચડયા. મહારાજના વિષે તેમણે પહેલા સાંભળ્યુ હતું. તેથી જ તેમણે ત્યાં અડ્ડો જમાવ્યો. ગોસાંઈ કૃષ્ણાજીને બોલ્યા કે, અમેતો તીર્થયાત્રા માટે નીકળ્યા છીએ. ભાગીરથીનું પાણી લઈ અમે રામેશ્વર જઈ રહ્યા છીએ. ગંગોત્તરી જમુનોત્તરી, કેદાર, હિંગલાજ માતા, ગિરનાર, ડાકોર, વગેરે પવિત્ર ધામોની યાત્રા અમે પગે ચાલીને કરી છે બ્રહ્મગિરી ગોસાંઈના અમે શિષ્ય છીએ. ગુરુદેવ પણ અમારી સાથે છે. આ મહાન સાધુ બ્રહ્મગિરિનો એવો મહિમા છે કે તેમણે ભગવાનને પોતાના ચાકર બનાવ્યા છે. આવા પહોંચેલા સાધુ તમારા ભાગ્યથી તમારે ત્યાં પધાર્યા છે. તો તમે અમને શીરોપુરીનું ભોજન આપી પુણ્ય પ્રાપ્ત કરો. હા; થોડો ગાંજો પણ અમે પીએ છીએ, તો તે પણ લાવી આપો. અમે ત્રણ જ દિવસ રહીશું, અને ચોથા દિવસે ચાલી જઈશું. પાટીલ,

નારાજ કેમ થાવ છો? આવો અવસર ભાગ્યને લીધે જ મળે છે. જો તને સાચું કહીએ તો તેં એક નગ્ન અને ગાંડા માણસને પોષ્યો છે અને અમને ભોજન આપવા માટે આનાકાની કરે છે. ગધેડાને તું પાલન કરે છે અને ગાયને લાત મારીને ધિક્કારે છે. તમારો આ વર્તાવ સારો કે ખોટો છે તેનો વિચાર તમે પોતે જ કરો. અમે તો વૈરાગ્યવાન ગોસાંઈ છીએ, વેદવિદ્યામાં પારંગત છીએ. જો તમે ચાહો તો અમારા અડ્ડા પર કથાવાર્તા સાંભળવા જરૂર આવશો. બધું સાંભળીને કૃષ્ણાજી પાટીલ બોલ્યા કે, શીરોપુરીનું જમણ કાલે આપીશ. આજે તો જુવારના રોટલા બનેલા છે તે ખાઈ સંતોષ માનો, ગાંજાનો બંદોબસ્ત થઈ જશે કેમકે ભગવાન નીલકંઠ સામે જ બિરાજેલા છે. બપોરે જુવારના રોટલા અને બેસન ખાઈને ભૂખની શાંતિ અનુભવીને ગોસાંઈએ મહારાજની સામે જ અડ્ડો જમાવ્યો. એમના બ્રહ્મગિરિ નામના જે મહંત હતા તેમણે સાંજના વખતે ગીતા પર પ્રવચન શરૂ કર્યું. મહંતના ચેલાઓ તેમજ ગામના કેટલાક માણસો આ પ્રવચન સાંભળવા આવ્યા. નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ આ શ્લોક પર પ્રવચન ચાલી રહ્યું હતું. બ્રહ્મગિરિ તો પૂરેપૂરો ઢોંગી હતો. સાધક હોવા છતાં તેનામાં કોઈ ગુણ ન હતો. એનું પ્રવચન સાંભળીને લોકો બોલવા લાગ્યા કે આ તો શબ્દે શબ્દ જ બોલી રહ્યો છે. તેના અનુભવનાં શબ્દો તો બોલતો નથી. પ્રવચનનો થોડો ભાગ સાંભળી લોકો મહારાજની સામે આવીને બેસી ગયા. લોકો બોલવા લાગ્યા કે, આ તો ખાલી શબ્દોની લખેલી વાત જ કરે છે, પરંતુ આ તો સાક્ષાત્ અનુભવી બેઠા છે. ત્યાં આપણે ઈતિહાસ સાંભળ્યો. પરંતુ સત્યઘટના તો આપણે અહીં જોઈ રહ્યા છીએ લોકોને ત્યાંથી ખસી જતા જોઈ મહંત બ્રહ્મગિરિ ગુસ્સે થયા. ભક્તિભાવ છોડીને જાણે ગાંજો જ તેમનું સર્વસ્વ હોય તેમ ગાંજો પીને બધા ગોસાંઈઓ પોતપોતાની ધૂનમાં મસ્ત થઈ ગયા. મહારાજ પલંગ પર બેઠા બેઠા ચલમ પી રહ્યા હતા, ચલમ ભરવાનું તેમજ તેને સળગાંવવાનું કામ ભાસ્કર પાટીલ જ કરતો હતો. ત્યાં અચાનક એક તણખલો પલંગ ઉપર પડયો, પરંતુ તે તરફ કોઈની નજર ગઈ નહિ. થોડા સમયમાં પલંગ ચારેબાજુથી સળગવા લાગ્યો. પલંગને ચારેબાજુથી સળગતો જોઈને ભાસ્કરે મહારાજને કહ્યું કે, આપ પલંગ છોડીને નીચે પધારો. પલંગ તો સાગના લાકડાનો છે. લાકડુ પાણી વગર ઓલવાશે નહિ. આ સાંભળીને મહારાજ બોલ્યા કે, આગ ઓલવવાની કોશિષ કરશો નહિ. તેના માટે પાણી પણ લાવતા નહિ. મહંતના તરફ ઈશારો કરીને મહારાજ બોલ્યા કે, હે બ્રહ્મગિરિ મહારાજ, આ પલંગ ઉપર આવીને








આપ બેસી જાવ. તમે તો ભગવદ્ગીતા બહુ જ સારી રીતે જાણો છો. જે કંઈ તમે લોકોને સંભળાવો છો. તેનું સાચું શું છે તે સિધ્ધ કરવાનો ભગવાને તમને આ અવસર આપ્યો છે, જે બ્રહ્મ છે તેને અગ્નિ બાળી શકતો નથી. તે તમે સિધ્ધ કરી બતાવો છિન્દન્તિ શ્લોક પર તમે એક કલાક પ્રવચન કર્યું. હવે આ સળગતા પલંગ પર બેસવા માટે આનાકાની કેમ કરો છો? મહારાજે ભાસ્કરને કહ્યું કે, બ્રહ્મગિરિને પકડી લાવો અને આપલંગ પર બેસાડો, આજ્ઞા સાંભળતા ભાસ્કરે જઈને મહારાજનો હાથપકડયો અને સળગતા પલંગ તરફ લઈ જવા લાગ્યો. ભાસ્કરના શરીરના બળ આગળ મહંતની તાકત એક મચ્છર જેવી લાગવા માંડી. મહંતે જોયું કે પલંગ ચારે તરફથી સળગી રહ્યો છે, અને વચ્ચે મહારાજ એકચિત્તે સ્થિર પોતાની મસ્તીમાં મસ્ત બેસી રહ્યા છે. શ્રી વ્યાસજીએ પુરાણમાં લખ્યું છે કે હિરણ્ય કશ્યપના પુત્ર પ્રહલાદને ઉકળતા તેલમાં બેસાડયો હતો, તે પુરાણની લખેલી વાત મહારાજે કૃષ્ણાજીની વાડીમાં લોકોને પ્રત્યક્ષ દેખાડી. ડરના માર્યા બ્રહ્મગિરીએ ભાસ્કરને કહ્યું. સળગી રહેલા પલંગ પાસે ન લઈ જશો. મને મહારાજના મહિમાનું કશું જ્ઞાન ન હતું. મહંતની વાત સાંભળી ના સાંભળી કરીને કૃષ્ણાજીએ તેને ખેંચીને મહારાજની સામે ઉભો કરી દીધો. નૈનં દહતિ પાવકઃ એ સત્ય કરીને બતાવ. એમ મહંતને મહારાજ બોલ્યા ત્યારે મહંત બહુ જ ગભરાયો. બ્રહમગિરિ દબાતા સ્વરે ડરતા ડરતા બોલ્યા કે, મહારાજ, હુ તો સ્વાર્થીસંત છું. શીરો પુરી ખાવાને માટે જ તો હું ગોસાંઈ બનીને બેઠો છું. હે શાંતિધામ, મારાથી મોટો અપરાધ થયો છે. તો તેની હું આપની પાસે ક્ષમાયાચના કરૂં છું. હું તો ભગવદ્ગીતા મોઢેથી બોલ્યો પણ તેનો સત્યસાર લેવા માટે પ્રયત્ન કરી જોયો નથી. કે તે સત્યનો અનુભવ પણ મેળવી શક્યો નથી. હું તો આપને પાગલ જ સમજતો હતો. હવે આપનો મહિમા તેમજ તમારો સાચો અધિકાર પણ જાણી લીધો છે. મને આજે પસ્તાવો થઈ રહ્યો છે. હું દાંતમાં તણખલું પકડીને આપની પાસે ક્ષમા માગું છું. હે પ્રભુ શરણે આવેલાને રક્ષણ આપજો. શેગાંવના લોકોએ મહારાજને પ્રાર્થના કરી કે, મહારાજ આપને તો અગ્નિનો ડર લાગતો નથી. પરંતુ અમને અગ્નિનો ડર લાગે છે. માટે આપ પલંગ પરથી નીચે ઉતરી જાવ. ગોસાંઈ તો શરમનો માર્યો મોં નીચું કરીને બેઠો હતો. લોકોની વિનંતી સાંભળીને મહારાજ પલંગની નીચે ઉતર્યા. અને જેવા નીચે ઉતર્યા તેવો જ પલંગ તૂટી પડયો. એક પળ પણ

લાગી નહિ. ત્યાં સુધી તો આખોય પલંગ સળગી ગયો હતો અને જે કોઈ ભાગ બચી જવા પામ્યો હતો તેને લોકોએ પાણી છાંટીને ઓલવી નાંખ્યો. બહ્મગિરિ મહારાજના સામે નતમસ્તક થયો. તેના અહંકારના ચૂરેચૂરા થઈ ગયા. ગંગાજળનો સ્પર્શ થતાં મેલ ક્યાં રહે? મધ્યરાત્રિએ એકાંતમાં મહારાજે બ્રહ્મગિરિને ઉપદેશ આપ્યો, આજથી લોકોને ઠગવાનો ધંધો બંધ કરી દે. જે શરીરે ભસ્મ લગાડે છે તેને, સંસારની ઉપાધિથી દૂર જ રહેવું જોઈએ. અનુભવ્યા વગર અર્થ વગની વાત કોઈને પણ કરવી નહિ. આજકાલતો બોલવામાં પંડિતી ખૂબ જ ચાલી રહી છે. અને તેમાં ।પણી સંસ્કૃતિનો નાશ થઈ રહ્યો છે. હે ગોસાંઈ, મછંદર જલંદર, ગોરખ, ગેહિની અને જ્ઞાનેશ્વર મહારાજનો મહિમા કોમ જાણી શકે છે? શ્રી શંકરાચાર્ય તો સ્વાનુભવના યતિ (સાધુ) મનાય છે. તપ કરીને એકનાથજીએ બ્રહ્મસ્થિતિનો સાક્ષાત્ અનુભવ મેળવ્યો હતો. સમર્થ રામદાસ સ્વામી પણ બ્રહ્મચારી રહીને બ્રહ્મ સ્થિતિનો સાક્ષાત્કારી થઈગયા. એવાં કેટલાય સંતમહંતો । ભૂમિ પર થઈ ગયા તેમનું નિર્મળ ચરિત્ર ક્યાંય સુધી ગવાશે. શીરોપુરી ખાઈ આ ધરતી પર નકામા ફરશો નહિ. તેમાં હાથમાં કશું જ આવશે નહિ. અને જીવન બરબાદ થઈ જશે. મહારાજનો આ બોધ સાંભળીને બ્રહ્મગિરિને વૈરાગ્ય ઉત્પન્ન થઈ ગયો. સવાર થતાં કોઈ પણ શિષ્ય ને બતાવ્યા વગર બ્રહ્મગિરિ ચાલી નીકળ્યા. એ વાત વાયુવેગે બધે ફેલાઈ ગઈ. દરેક માણસ વાડીમાં સળગેલા પલંગને જોવા માટે દોડીને આવવા માંડયા. આ દાસગણૂનો રચેલો શ્રી ગજાનનવિજય નામનો ગ્રંથભાવિક લોકોને ભવસાગર પાર કરવામાં મદદરૂપ થાય એવી દાસગણૂની ઈચ્છા છે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ઇતિ આઠમો અધ્યાય સમાપ્ત:॥ શ્રીગજાનનવિજય ગ્રંથ: આઠમો અધ્યાય સમાપ્ત



શ્રી ગજાનન મહારાજ ઘોડાના ચારે પગની વચ્ચે સુતા છે, તેથી ઘોડાનું મગજ કાબુમાં આવી ગયું.

## અધ્યાય નવમો

શ્રી ગણેશાય નમઃ હે સગુણ સ્વરૂપ રૂકમણીના વર, હે ચંદ્રભાગા નદીના કિનારે રહેનારા, શ્રીસંત, વરદ, હે શાર્ઙ્ગધર, પતિતપાવન, દયાના ભંડાર. નાના વગર મોટાનું મોટાપણું સિધ્ધ થતું નથી. દુનિયામાં પાપથી દુઃખી થતા લોકો રહે છે. તેથી જ ભગવાનનો મહિમા વધે છે. અમે તો મહાન પાપી છીએ એટલા માટે તો આપને પાવનકર્તા રૂકમણીકાંત કહીએ છીએ. હે પ્રભુ, આ વાત તેમજ અમને ભૂલશો નહિ. લોખંડને પારસનો સ્પર્શ થતાં જ સોનું બની જાય છે. નાળાના પાણીને જ્યારે ગોદાવરી સમાવી લે છે ત્યારે તે પાણી પણ પવિત્ર બની જાય છે. હે માધવ, તમે આ વાતોનો વિચાર કરીને દાસગણૂને આપનો આશીર્વાદ આપો અને હાથપકડો નહિતર તે ડૂબી જશે. અસ્તુ ગોવિંદબુવા ટાકલીકરજી હરિદાસ હોવાથી કીર્તન કરવા માટે શેગાંવ આવ્યા, કે જ્યાં એક જુનું શિવમંદિર હતું. તેનો જીર્ણોધ્ધાર એક મોટે નામના શાહુકારે કરાવ્યો હતો. આજકાલ તો ધનવાનોને મંદિરથી તિરસ્કાર થવા લાગ્યો છે. તેમને તો મોટર, કલબ, બંગલો વિગેરેની લગની લાગેલી હોય છે. પરંતુ આ મોટે નામનો ધનવાન માણસ તેવો ન હતો. તે ધનવાન હતો. છતાં પણ તેનામાં ભક્તિભાવના હતી. તેમણે આ શિવમંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો. એટલા માટે તેને શિવમંદિરને બદલે મોટે મંદિર તરીકે લોકો જાણતા હતા. હવે આગળની કથા સાંભળો. આ મંદિરમાં ટાકલીકર આવીને રહ્યા હતા. મંદિરની સામે તેમણે ઘોડાને બાંધી રાખ્યો હતો. તેમનો ઘોડો બહુજ તોફાની હતો. તે વારંવાર હણહણ્યા કરતો હતો. આવતા જતા લોકોને લાત મારતો હતો. કૂતરાની માફક કરડતો હતો. તો કોઈવાર બાંધેલી દોરી તોડીને જંગલમાં નાસી પણ જતો હતો. ઘોડાની આવી વિચિત્ર કુટેવને લીધે લોકો ઘણા હેરાન પરેશાન થઈ જતા હતા. ટાકલીકરે તેના માટે એક લોખંડની સાંકળ બનાવી રાખેલી હતી. પરંતુ આ વખતે તેઓ સાંકળ લાવવાનું ભૂલી ગયા હતા. એટલે દોરડા વડે ગમે તેમ કરીને ઝાડ સાથે ઘોડાને બાંધીને તે રાતનાં મંદિરમાં સૂઈ ગયા. રાતના બે વાગે ચારેબાજુ અંધકાર છવાયેલ હતો. ઝાડ ઉપર ઘુવડના શબ્દો સંભળાતા હતા. તમરી ટીંટી કરી રહી હતી. ચામાચીડીયા તેમનો ખોરાક ખોળી રહ્યા હતા અને પિંગલ (ઘુવડ) ઝાડ પર બેસીને કિલકિલાટ કરી રહ્યું હતું. બિલકુલ નીરવ વાતાવરણ થઈ ગયું હતું અને

સર્વત્ર શાંતિ સ્થપાઈ ગઈ હતી. દરેક ઘરના બારીબારણાં બંધ થઈ ગયા હતા. કોઈપણ માણસની રસ્તા પર અવરજવર દેખાતી ન હતી. આવા સમયે જ્યાં ઘોડો બાંધ્યો હતો ત્યાં ગજાનન મહારાજ ઓચિંતા આવી પડયા. નટખટ, લુચ્ચા, બદમાશોને સાચો રસ્તો બતાવવા તેમને ઠેકાણે લાવવા જ પરમાત્માની કૃપાથી સાધુપુરૂષોનો જન્મ થાય છે. રોગનું નિવારણ કરવા માટે તો દવાઓનો ઉપયોગ થાય છે. તેવી જ રીતે સાધુસંતો દ્વારા નટખટોનું તોફાન શાંત થઈ જાય છે. તે રાત્રે મહારાજ ઘોડાની પાસે આવ્યા અને હસતા હસતા તેના પગોની વચ્ચે આનંદિત થઈને સૂઈ ગયા. મુખેથી ગણી ગણ ગણાંત બોતે આ એમનું ભજન ચાલી રહ્યું હતું. આ સાંકેતિક ભજનનો અર્થ કોણ જાણી શકે એમ છે? આ વાક્ય પરથી તે ભજનનો આમ અર્થ જણાય છે. ગણી શબ્દનો અર્થ ગણવુ થતો હશે. ગણ એટલે જીવાત્મા જે બ્રહ્મથી જુદો નથી તે બતાવવા માટે જ ગણાંત શબ્દની યોજના કરી હશે. બોતે શબ્દ બાતે માંથી અપભ્રંશ શબ્દ થયો હશે. બા...તે આ મૂળ શુધ્ધ શબ્દ હશે. બા આ શબ્દમાં મન જ સંબોધિત થાય છે. તે તત્ એટલે સર્વનામ સમજો, મતલબ કે, હે મન, તું નિત્ય જીવ એ બ્રહ્મ છે એમ સમજ. બંનેને કદાપિ જુદા ન માન. તે એક જ છે. ગિણગિણ ગણાંત બોતે કોઈ ગણી ગણગણાંત બોતે એમ પણ બોલે છે. આ ભજનને માટે શેગાંવમાં બે જુદા જુદા મત છે. તેમાં સાચો ક્યો મત છે. તેના પર ચર્ચા કરવાનું કશું જ પ્રયોજન નથી. અમારે તો જે પ્રસંગ ચાલી રહ્યો છે તે સાથે જ મતલબ છે. મહારાજ તો ઘોડાના પગોની વચ્ચે સૂઈ રહ્યા હતા. ગણી ગણગણાંત બોતે આ ભજન આનંદમાં મુખેથી બોલી રહ્યા હતા. માનો કે ભજનરૂપી સાંકળથી ઘોડાને બાંધી રાખ્યો છે. ઘોડાની એ કુટેવને લીધે ગોવિંદબુવા વચ્ચે વચ્ચે જાગીને ઘોડા તરફ જોયા કરતા હતા. એક વખત જાગીને જોયું તો ઘોડો બિલકુલ શાંત ઉભો છે. શાંત ઉભેલા ઘોડાને જોઈને તે ચિંતામાં પડી ગયા. તેમના મનમાં ચિંતા કરવા લાગ્યા કે ઘોડો કંઈ બિમાર તો નથી થયો ને? કેમકે શાંત અને સ્થિર ઊભું રહેવું તેના સ્વભાવની વિરૂદ્ધ જ હતું. પરંતુ તે શાંત ઉભો છે તેમાં જરૂર કઈ રહસ્ય હશે જ. છેવટે ખરેખર શું વાત છે તે જોવા માટે ગોવિંદબુવા ઘોડા પાસે આવ્યા. આવીને જોયું તો એક માણસ છે અને તે ઘોડાના પગોમાં સૂઈ રહ્યો છે. નજીક જઈને ગોવિંદબુવાએ બરાબર જોયું તો કૈવલ્યદાની શ્રી ગજાનન મહારાજ ઘોડા પાસે હતા. ઘોડો કેમ શાંત તેનું



શ્રી ગજાનન વિજય

અધ્યાય ॥ ૯ ॥

કારણ હવે ગોવિંદબુવાને જડી આવ્યું. શ્રીસમર્થના સહવાસથી હવે આ ઘોડો શાંત વૃત્તિનો થઈ ગયો હતો. જ્યાં કસ્તૂરીની સુવાસ આવતી હોય ત્યાં દુર્ગંધ ક્યાંથી આવે? ગોવિંદબુવાએ મહારાજના ચરણ પકડયા. અને તેમનામાં આઠે ભાવ જાગ્રત થયા અને મુખેથી બોલવા લાગ્યા, મહારાજ, આપતો વિઘ્નનો નાશ કરવાવાળા છો. તેનો અનુભવ આજે મને થયો. મારો ઘોડો બહુજ તોફાની છે. બધા જ માણસો તેનાથી ડરે છે. હે ગુરૂમૂર્તિ, તેને સાચા રસ્તા ઉપર લાવવા માટે આપ પોતે આવ્યા. એટલે હવે ઘોડાની એ ખરાબ ટેવ ક્યાંથી રહેશે? તે તો શાંત જ બની જશે. તે ચાલતાં ચાલતાં છલાંગ મારતો હતો. વચ્ચે વચ્ચે ચાલતાં ચાલતાં બે લાતોય મારતો હતો. મહારાજ, મેં આનાથી કંટાળીને બજારમાં વેચવાનો પણ વિચાર કર્યો. પરંતુ આ ઘોડાને લેવા માટે કોઈ પણ તૈયાર ન હતું. છેલ્લે મેં જેને જોઈએ તેને આ ઘોડો મફત આપવા તૈયારી બતાવી. છતાંય આ ઘોડાને મફત લેવા માટે પણ કોઈ તૈયાર ન હતું. આખરે આપે તેના પર દયા કરી તે ખૂબ જ સારું થયું છે. અમારા જેવા કીર્તનકારના ઘોડા ગરીબ જ હોવા જોઈએ. ભરવાડના ઘરમાં વાઘને કેવી રીતે પળાય ? હવે મહારાજની કૃપાદષ્ટિ થવાથી ઘોડો બિલકુલ જ ગરીબ બની ગયો. જડ જીવોના ઉધ્ધાર માટેતો મહારાજ આવ્યા હતા. મહારાજ ઘોડાની પીઠ પર હાથફેરવતા બોલ્યા કે, દોસ્ત, આ ખરાબ ટેવ છોડી દે. તું શંકરજીની સામે ઉભો છે તે ભૂલતો નહિ. બળદ માથું નીચું રાખીને જેમ તેના માલિકનું કામ કરે છે તેમ તું પણ તારા માલિકનું કામ કરે જ જા કોઈને હેરાન કરીશ નહિ. આવું કહેતાં કહેતાં મહારાજ તેના પગો વચ્ચેથી નીકળી ગયા. કૃપાદષ્ટિને લીધે તેમણે પશુનો પણ સ્વભાવ ફેરવી નાંખ્યો. બીજે દિવસે વાડીમાં મહારાજના દર્શન માટે ઘોડા પર બેસીને ગોવિંદબુવા આવ્યા. ઘોડાની ખરાબ ટેવ છે તે શેગાંવના બધા જ માણસો જાણતા હતા માનો કે ઘોડાનું શરીર તેની ખરાબ ટેવોથી ભરપૂર હતું. એટલે જ બધા તેનાથી ખૂબ ડરતા હતા. ઘોડાને વાડીમાં જોઈને લોકો બોલવા લાગ્યા કે, ગોવિંદબુવા આ આફતને લઈને તમે અહીં કેમ આવ્યા? વાડીમાં સ્ત્રીઓ તેમજ છોકરાંઓ છે. તમારો ઘોડો બધાને હેરાનગતિમાં મૂકી દેશે, ગોવિંદબુવા બોલ્યા કે, કાલ સુધી તમારા કહેવા પ્રમાણે એ ઘોડો સાચે જ એવો હતો. પરંતુ મહારાજની કૃપાથી હવે આ ઘોડો સમજુ થયો છે. હવે તેણે ખોટી ટેવો છોડી દીધા છે. અને હવે તે શાંત, અલ્લાહ મિંયાની

ગાય જેવો થઈ ગયો છે. હવે તેનાથી ડરવાનું કંઈ જ કારણ નથી. ગોવિંદબુવાએ ઘોડાને આંબલીના ઝાડ નીચે ઉભો રાખ્યો. વગર બાંધ્યે તે એક કલાક સુધી ઉભો જ રહ્યો. લીલી લીલી શાકભાજી ત્યાં જ હતી. તોયે ઘોડાએ તે તરફ નજર સુધ્ધાં કરી નહિ. સંતની શક્તિ જ મહાન હોય છે, કે પશુ પણ તેમની આજ્ઞાનો ભંગ કરતા નથી. ઝૂંપડીમાં ગોવિંદબુવાએ મહારાજનું સ્તુતિ ગાન કર્યું. હે અચિંત્ય (વિચારથી પર) પ્રભુ, આ જગત રૂપી તમારી પ્રતિકૃતિને કોઈ પણ જાણી શકતું નથી. માણસ ગમે તેવા પાપ માર્ગે આગળ વધી ગયા હોય પરંતુ તમારી કૃપાને લીધે તો તે સન્માર્ગ ઉપર આવી જ જાય છે. તમારી સાથે પૃથ્વી પરનાં રત્નોનું તેજ તેમજ સ્વર્ગના ચિંતામણિનું તેજ ફીક્કું જ પડી જાય છે. તમે તમારો વરદ હસ્ત મારા મસ્તક ઉપર વિલંબ કર્યા વિગર મૂકો એજ મારી પ્રાર્થના છે. આમ ઉપર મુજબની સ્તુતિ કરીને ગોવિંદબુવા ઘોડા પર બેસીને ટાકલી ગામ જવા માટે નીકળ્યા. શેગાંવમાં દરરોજ મનમાં કંઈને કંઈ આશાઓ લઈને બહુ માણસો આવતા જતા હતા. તેમાં બાલાપુરના લોકો દર્શન માટે આવ્યા. રસ્તામાં ચાલતા ચાલતા તે અંદર અંદર એકબીજાને બોલ્યા કે, હવે પછીના વખતે જ્યારે આપણે મહારાજનાં દર્શન માટે જઈશું ત્યારે મહારાજ માટે ગાંજો લઈ જઈશું. કેમકે ગાંજાપર મહારાજને ઘણો પ્રેમ છે. મહારાજ જે વસ્તુને ચાહે છે તે વસ્તુ જો આપણે તેમને આપીશું તો મહારાજની કૃપા આપણા પર અવશ્ય થઈ જશે. બીજા લોકો તો મહારાજ માટે બરફી માવો મીઠાઈ લાવે છે પરંતુ આપણે તો તેમના માટે ગાંજો જ લઈ જઈશું. એક બીજાને કહેવા લાગ્યા કે, આપણે ભૂલી ન જઈએ તે માટે ગાંઠ વાળી રાખવી જોઈએ. ત્યાર પછી પણ તેઓ મહારાજના દર્શન કરવા આવ્યા ત્યારે ગાંજો લાવવાનું ભૂલી ગયા. મહારાજના ચરણો પર માથૂ મૂકતાં તેમને ગાંજાની યાદ આવી. હવે ફરીથી આવીશું ત્યારે બમણો ગાંજો લાવીશું તેમ મનમાં નક્કી કરી, મહારાજના દર્શન કરીને ઘેર ગયા. તે ફરીથી આવ્યા ત્યારે પણ ગાંજો લાવવાનુ ભૂલી ગયા. નીચું માથું કરીને તેઓ મહારાજની સામે બેસી ગયા. તેમના તરફ ઈશારો કરીને મહારાજ ભાસ્કર પાટીલને બોલ્યા કે, આ દુનિયાની અજબ રીત તો જુઓ ન ભૂલવાની ગાંઠ મારીને પણ લોકો વિચારેલી વસ્તુ લાવવાનું ભૂલી જાય છે. જાતના બ્રાહ્મણ હોવા છતાં પણ તેઓ પોતાની બાધા પૂરી કરી શકતા નથી. બ્રાહ્મણના મોઢેથી બોલાયેલા શબ્દ કદી નકામા જવા

શ્રી ગજાનન વિજય

અધ્યાય ॥ ૯ ॥



જોઈએ નહિ. ચંડાળ (શુદ્ર) તો આ સત્ય જાણતો નથી. પણ બ્રાહ્મણોએ પોતાનો ધર્મ છોડી દીધો છે અને તેથી જ તેઓ તેમની મહાનતા ખોઈ બેઠા છે. તે બંને જણ મનમાં બાધા રાખે છે. અને જે વસ્તુ આપવાનો વાયદો કરે છે તે લાવતા નથી તો કેવી રીતે તેમની મનોકામના પૂરી થશે ? બોલવામાં ચોખ્ખાઈ અને ચિત્તમાં નિર્મળતા હોવી જોઈએ, ત્યારે જ લક્ષ્મીપતિ કૃપા કરે છે. ભાસ્કરને કહેવાયેલા મહારાજના શબ્દો તેમના હૃદયમાં ખૂંચવા લાગ્યા અને તે અચંબાથી જોવા લાગ્યા અને વિચારવા લાગ્યા કે, મહારાજ આપણા મનની વાત જાણી ગયા. તે સાચે જ અંતરયામી છે. જગતચક્ષુ ગજાનન મહારાજ સૂરજ જેવા તેજસ્વી છે. આપણે જે બાધા રાખી તે ગજાનન મહારાજ જાણી ગયા. હવે આપણે એવું કરીએ કે શેગાંવ જઈને જ ગાંજો લઈ આવીએ. તે આવો વિચાર કરીને ઉઠ્યા બહાર જવા લાગ્યા ત્યાં તો મહારાજ બોલ્યા, હવે વાસી કઢીમાં ઉભરો લાવવાની જરૂર નથી. મને કાંઈ ગાંજાની જરૂર પણ નથી, કે હું ગાંજા માટે તલસી પણ નથી રહ્યો. હવે બજારમાં જશો નહિ. વિચાર અને કાર્ય બંને એક જ હોવું જોઈએ. તે ધ્યાનમાં રાખો. લબાડની બાધા કોઈ દિવસ પૂરી થતી નથી, તેનું ચોક્કસ ધ્યાન રાખો. તમારું જ્યારે કામ થાય ત્યારે ઈચ્છા હોય તો જ ગાંજો લાવજો. આવતા અઠવાડિયામાં તમારું કામ થઈ જશે. તેની ચિંતા તમે કરશો નહિ. તમારું કામ જો થઈ જાય તો પાંચ અઠવાડિયા નક્કી કરીને તે દિવસે નિયમિત આવી જ જજો. કેમકે અહીં સાક્ષાત્ ભોળાનાથછે કે જેમની કૃપાથી કૂબેર ધનપતિ થઈ ગયા છે. શંકરજીના દર્શન કરીને તમે જાવ. ગાંજો લાવવાનું ના ભૂલશો. કેમકે પરમાર્થ કાર્યમાં સાચા માણસે વચન ખોટું પડવા દેવું જોઇએ નહિં. આવી અમૃતવાણી સાંભળીને બન્ને મહારાજના ચરણો પર નતમસ્તક પડ્યા. શંકરજીના દર્શન કરીને તે તેમના ગામ બાલાપુર ગયા. મહારાજના કહ્યા પ્રમાણે આગલા અઠવાડિયામાં તેમનું કાર્ય સફળ થયું અને મહારાજને ગાંજો અર્પણ કરવાની બાધા પણ તેઓએ પૂરી કરી. હૈ શ્રોતાજન, બાલાપુરની એક બીજી કથા પણ તમે સાંભળો. બાલકૃષ્ણ નામનો એક રામદાસી બાલાપુરમાં રહેતો હતો. તેમની પત્નીનું નામ પુતલાબાઈ હતું. બન્ને જણ ભગવાનના ભક્ત હતા. દરેક વર્ષે પગે ચાલીને સજ્જનગઢ જવાનો તેમનો નિયમ હતો. પતિપત્ની બંને સરખા જ વિચારના હતા. પોષ મહિનામાં તે સજ્જનગઢ જવા નીકળી જતા હતા. અને સામાન લઈ જવા

શ્રી ગજાનન વિજય

અધ્યાય ॥ ૯ ॥

માટે સાથે એક ઘોડો તેઓ રાખતા હતા. ઘોડો ગોદડી અને દાસબોધગ્રંથવગેરે વસ્તુ તેઓ સાથે લઈ જતા હતા. સાધુ જેવુ શુદ્ધ આચરણ રાખતા હોવા છતાં તેઓને સાધુત્વનું અભિમાન ન હતું. પગે ચાલતા ચાલતા તે સાંજે કોઈ ગામડામાં રહેતા અને ભિક્ષા માંગીને જ તેઓ પેટની ભૂખ સંતોષતા હતા. જે કુંઈ મળતું તે રામને પ્રસાદ તરીકે ધરાવતા અને પછી તેઓ તે પ્રસાદ આરોગતા. પોષ મહિનામાં કૃષ્ણપક્ષે તે પત્નીને સાથે લઈને બાલાપુરથી નીકળતા. બાલકૃષ્ણબુઆના હાથમાં ચંદનની કરતાલ રહેતી અને પુતલાબાઈ ઝાંઝ લઈને તેમને સાથઆપતી. ચાલતા ચાલતા રઘુપતિના નામનું સદાય કીર્તન કરતા કરતા જતાં. શેગાંવ, ખામગાંવ થઈને દેઉલ ગાંવ ત્યાંથી જાલનામાં આનંદસ્વામીને વંદન કરીને જાંબગાંવ આવતા. અહીં તેઓ ત્રણ દિવસ રહેતા કેમકે જાંબગાંવમાં સમર્થ રામદાસ સ્વામીનો જન્મ થયો હતો. પછી આગળ જતાં દિવર આવતા અને ત્યાં ગોદાવરી નદીને વંદન અને તેમાં સ્નાન કરીને પછી બીડ, આંખેજોગાઈ થઈને બેલેશ્વર સ્વામીના દર્શન માટે મોહોરી આવતા. ડોમગાંવમાં તો સ્વામીજીના પટ્ટશિષ્ય કલ્યાણનું નિવાસસ્થાન હતું. ત્યાંથી નરસિંહપુર, પંઢરપુર, નાતેપુતે, શિંગણાપુર, વાઈ અને સતારા એ રસ્તે તેઓ સજ્જનગઢની પાસે આવી જતા. નવમીના ઉત્સવને માટે તેઓ માઘ વદી પડવાને દિવસે સજ્જનગઢ આવી પહોંચતા. બાલકૃષ્ણબુઆ બ્રાહ્મણોને અન્નદાન કરતા. તે સાચે જ રામદાસી દેખાતા હતા. આગળ ઉપર આવા રામદાસી થવા મુશ્કેલ છે. દાસનવમીનો ઉત્સવ સમાપ્ત થતાં તેઓ જે રસ્તે આવતા તે જ રસ્તે પાછા જતા. આવી રીતે તેઓને આ ક્રમ કેટલાયે વખતથી ચાલતો હતો. હવે તેમની ઉંમર ૬૦ વર્ષની થવા આવી હતી. મહા વદી બારસના દિવસે બાલાપુર જવા સજ્જનગઢથી નીકળી પડતા. એક દિવસ એકાદશીને દિવસે બાલકૃષ્ણબુઆ સમર્થની સમાધિ પાસે બેઠા હતા. આંખમાંથી આંસુ વહી રહ્યા હતાં. મુખેથી એક શબ્દ પણ નીકળી શકતો ન હતો. થોડો સમય સ્તબ્ધ બેસી રહ્યા પછી બોલ્યા કે, હે સમર્થ રામદાસ સ્વામી હે ગુરૂરાજ, હે પુણ્યવંત, મારુ શરીર હવે કથળી રહ્યું છે. મારાથી હવે પગે ચાલીને યાત્રા કરવી બહુ જ મુશ્કેલ બની ગયું છે. જો કોઈ વાહનનો ઉપયોગ કરું તો ય અહીં આવી શકીશ નહિ. અહીં આવવાનો મારો નિયમ આજ સુધી પળાઈ રહ્યો છે. પરંતુ હવે તે નિયમમાં ભંગ થશે. પરમાર્થ કરવા માટે શરીર એકદમ તંદુરસ્ત હોવું જરૂરી છે તો જ






કંઈ થઈ શકે, હે સ્વામીજી, આપ તો મારી માતા છો. આ બધી વાતો કહેવી જોઈએ નહિ. કેમકે તમે બધી જ વાતો સમજી શકો છો. જાણી શકો છો. આવી રીતે પ્રાર્થના કરતા કરતા સૂઈ ગયા. પ્રભાતના સમયે તેમને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં રામદાસ સ્વામી બોલ્યા કે, તારે આવી રીતે નિરાશ થવું જોઈએ નહિ. જો શરીર અશક્ત હોવાને લીધે તારાથી અહીં ન આવી શકાય તો કંઈ જ વાંધો નથી. મારી કૃપા તો હંમેશા તારા પર રહેશે જ. મારો ઉત્સવ તું બાલાપુરમાં કર હું નવમીના દિવસે ચોક્કસ આવીને તને દર્શન આપી જઈશ. મારા કહેવા ઉપર તું વિશ્વાસ રાખજે. સાધક મનુષ્યે બને ત્યાં સુધી પરમાર્થ કરવો જોઈએ. મહારાજા નો આ સ્વપ્ન આદેશ મેળવીને બાલકૃષ્ણબુઆ ખૂબ જ ખૂશ થયા અને પત્ની સાથે પાછા બાલાપુર આવ્યા. પછીના વર્ષે બાલાપુરમાં મહા માસમાં શું થયું તે બાબતમાં હવે સાંભળો. મહા માસમાં પડવાને દિવસે બાલકૃષ્ણબુઆએ સમર્થના ઉત્સવનો આરંભ કર્યો. દિવસે દાસબોધનું પારાયણ, બપોરે બ્રહ્મભોજન, સંધ્યાકાળે ધૂપ આરતી અને રાતના સમયે હરિકીર્તન-આમ કાર્યક્રમ રાખ્યો હતો. સ્વામી સમર્થ કેવી રીતે આવી જશે ? આવો વિચાર બાલકૃષ્ણબુઆના મનમાં વારંવાર આવતો હતો. ગામમાં થઈ રહેલા આ ઉત્સવમાં આર્થિક તેમજ શારીરિક મદદ મળતી હતી. આવી રીતે બાલાપુરમાં બહુ જ ધામધૂમથી આ ઉત્સવ ઉજવાઈ રહ્યો હતો. નોમના દિવસે બપોરના સમયે એક ઘટના બની. નોમના દિવસે બપોરના સમયે શ્રી ગજાનન મહારાજ પોતે ત્યાં આવી પહોંચ્યા બાલકૃષ્ણબુઆના ઘરમાં રામનો અભિષેક થઈ રહ્યો હતો. ગજાનન મહારાજને ત્યાં આવેલા જોઈને બધા અચંબામાં પડી ગયા અને લોકો યજમાનને કહેવા લાગ્યા કે, ઉતાવળ કરો, દાસનવમીના શુભ અવસર પર આપણા ઘરે ગજાનન મહારાજ પધાર્યા છે. બાલકૃષ્ણબુઆ બોલ્યા કે, આ અવસર પર મહારાજ આવ્યા તે ઘણું જ સારું થયું છે. આજે મારા ઘરે સંતચરણરજ લાગી ગઈ. પરંતુ હું આજે સમર્થ સ્વામીની રાહ જોઉં છું. જે સજ્જનગઢમાં રહે છે તેમની રાહ. તેમણે મને કહ્યું હતું કે હું નવમીના દિવસે જરૂરથી આવીશ. સમર્થની વાણી કોઈ દિવસ મિથ્યા જતી નથી. તેમાં મને વિશ્વાસ છે. અહીં સ્વામી ગજાનન મહારાજ દરવાજે ઉભા રહીને જય જય રઘુવીર સમર્થ કહીને શ્લોક બોલવા લાગ્યા. અહલ્યા જે શિલા બની હતી તેને રામે મુક્તિ આપી. રામનો સ્પર્શ થતાં જ તે ચેતન થઈ ગઈ.

આમ શ્લોકની મધુરવાણી સાંભળી બાલકૃષ્ણબુઆ જ્યાં બેઠા હતા ત્યાંથી ઉભા થયા અને બારણા પાસે આવ્યા આવીને જોયું તો ગજાનન મહારાજની મૂર્તિ સામે દેખાઈ. જેના હાથઢીંચણથી પણ નીચા છે તેવા આજાનબાહુની જીવતી જાગતી મૂર્તિ સામે જોઈ અને જ્યાં નીચા નમીને પ્રણામ કરવા ગયા, ત્યાં તો સમર્થ રામદાસ સ્વામી દેખાવા લાગ્યા. હાથમાં ધોડી, પાછળ પીઠે જટાનો જથ્થો, કપાળમાં ગોપીચંદનનું ત્રિપુંડ અને લંગોટી ધારણ કરેલી હતી, જેનો રંગ કેસરી હતો. સમર્થ રામદાસ સ્વામીનુ રૂપ જોઈને તેમની આંખોમાંથી આનંદના આંસુ ટપકવા લાગ્યા. તો બીજી ક્ષણમાં સમર્થ સ્વામીની જગ્યાએ ગજાનન મહારાજ દેખાવા લાગ્યા. સમર્થ સ્વામીના દર્શન ન થાય ત્યારે તે નિરાશ થતા. તે જ સમયે પાછું સમર્થના દર્શન થઇ જતા, પાછા ગજાનન મહારાજના દર્શન થતા. તે મોટી ચિંતામાં પડી ગયા કે, આમાં સાચું શું છે ? તેમની આવી વિકટ પરિસ્થિતિ જોતાં ગજાનન મહારાજ બોલ્યા કે, સમર્થના દર્શન ના થાય તો નારાજ થશો નહિ. હું જ તારો સમર્થ રામદાસ છું. પહેલા મારું સ્થાન સજ્જનગઢમાં હતું, હવે શેગાંવમાં આવીને રહ્યો છું. સજ્જનગઢમાં મેં તને વાયદો કર્યો હતો કે દાસનવમીના દિવસે હું તારે ત્યાં આવીશ. તે તને યાદ છે ? તે વચનનું પાલન કરવા આજે હું આવ્યો છું. મનના તર્કવિતર્ક કાઢી નાખો. હું પોતે જ રામદાસ સ્વામી છું. આત્માને ભૂલી જઈ શરીરરૂપી વસ્ત્રને સાચું માનો છો ? ભગવદ્‌ગીતામાં એક શ્લોક છે વાસાંસિ જીર્ણાનિ તેનો તમે અર્થ કરજો. ભ્રમથી તમારી બુધ્ધિને ભ્રષ્ટ કરશો નહિ. શંકા રાખ્યા વગર મને આસન પર બેસાડો આવું કહીને બાલકૃષ્ણબુઆનો હાથપકડીને મહારાજ અંદર આવ્યા. એક મોટા રંગીન આસનતકીયા પર મહારાજ બેસી ગયા. આ વાત બાલાપુરમાં પવનવેગે ફેલાઈ ગઈ. મહારાજના દર્શન માટે લોકોની ભીડ થવા લાગી. મહારાજના આટલા કહેવા છતાં પણ બાલકૃષ્ણબુઆ શંકા વગરના ન થયા. આખરે રાત્રિના ત્રીજા પહોરે બાલકૃષ્ણબુઆને પાછું સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં સમર્થ રામદાસ સ્વામી આવ્યા અને બાળકૃષ્ણબુઆને કહ્યું કે, વિદર્ભ પ્રાંતમાં ગજાનન મહારાજ મારો જ અવતાર છે. તે માટે તું શંકા ના રાખીશ. જો શંકા રાખીશ તો તને જ નુકશાન થસે. મને જ ગજાનન મહારાજ માનીને એમની પૂજા કરજે. ભગવદગીતાનો શ્લોક છે કે સંશયાત્મા વિનશ્યતિ તે ધ્યાનમાં રાખ સમર્થનું સ્વપ્ન આવવાથી બાલકૃષ્ણબુઆ શંકારહિત થઈ






ગયા અને બહુ જ આનંદ પામ્યા. તરત જ જઈને તેમણે બહુ જ પ્રેમવિનયથી મહારાજના ચરણ પકડયા અને બોલ્યા કે તમારી લીલા જાણવા માટે હું અસમર્થ છું. છતાં પણ સ્વપ્નદર્શનથી મારી શંકા હતી તે દૂર થઈ ગઈ છે. મારો નવમીનો ઉત્સવ પૂર્ણરૂપથી ફળદાયી થયો છે. તેમાં જરા પણ ઉણપ રહી નથી. મારા જેવા બાળક પર કૃપા થવાથી હું આપનો ઋણી છું અને મારૂ જીવન સફળ થઈ ગયું છે બાલકૃષ્ણબુઆએ આગળ વાત ચલાવતાં મહારાજને વિનંતિ કરી કે, થોડા દિવસ બાલાપુરમાં રહેવાની કૃપા કરજો. તેમને મહારાજે જવાબ આપ્યો કે, હમણાં હું અહીં નહીં રહું. પરંતુ થોડા દિવસ પછી બાલાપુર આવી જઈશ. ભોજન કરીને મહારાજ શેગાંવમાં જતા રહ્યા. રસ્તામાં જતાં તેમને કોઈ પણ જોઈ શક્યું નહિ. પવનવેગે મહારાજ શેગાંવ પહોંચ્યા. સ્વસ્તિશ્રી દાસગણૂ વિરચિત આ ગજાનનવિજયગ્રંથભાવિક ભક્તજનોને સુખદાયી થઈ જાય તેજ દાસગણૂની ઈચ્છા છે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ ઇતિ નવમો અધ્યાય સમાપ્તઃ॥

॥ શ્રીગજાનનવિજય ગ્રંથઃ નવમો અધ્યાય સમાપ્ત॥



શ્રી ગજાનન મહારાજની કૃપા દ્રષ્ટિ થતાં નટખટ ગાય શાંત ગરીબ થઈ ગઈ.

## અધ્યાય દસમો

શ્રી ગણેશાય નમ: હે રૂપ વગરના વ્યય વગરના, પૂર્ણબ્રહ્મ પંઢરીરાય તમારા પાસે હું આશરો લેવા માટે આવ્યો છું અને મને પાછો મોકલશો નહિ. ભગવાન આ દાસગણૂને પારકો સમજશો નહિ. હે નારાયણ હું પાપી છું, પરંતુ મારા પાપનો ચિત્તમાં જરાપણ ખ્યાલ રાખશો નહિ. હું તો બધાંની ભલાઈ ચાહું છું. હું સારી રીતે જાણું છું કે મારાથી કોઈપણ જાતનું પુણ્ય કર્મ પણ થઈ શકેલ નથી. એટલું જ નહિ પણ હું તો આપને મોંઢુ બતાવવાને લાયક પણ નથી. આવી રીતનો હોવા છતાં પણ હે નાથમારા ઉપર કૃપા કરો કેમકે નાળાનું ગંદુ પાણી હોવા છતાં પણ ગોદાવરી નદી પોતાનામાં સમાવી લે છે. એવી રીતે મારા ઉપર મહેરબાની કરીને કૃપા કરો અને મારા પાપોનો નાશ કરશો તો જ હું દુ:ખમાંથી મુક્ત થઈશ. આપ જો ઇચ્છશો તો અસંભવિત પણ સંભવિત થઇ શકશે. જ્યારે આપની કૃપા થાય છે ત્યારે રંક પણ રાજા બની જાય છે. એક બખત પુણ્યના ભંડાર મહારાજ અમરાવતી ગયા અને આત્મારામ ભિખાજીને ઘેર રહ્યા. આ આત્મારામ અમરાવતીના પ્રાંત અધિકારી હતા. અધિકારી હોવાથી તેમના હાથમાં સંપૂર્ણ સત્તા પણ હતી. તે કાયસ્થપ્રભુ જાતના હતા. તે સદાચારી ગૃહસ્થાશ્રમી હોવા છતાંય પણ સંત-મહાત્માઓ ઉપર પ્રેમ તેમજ ખૂબ ભાવ રાખતા હતા. ગજાનન મહારાજ તેમણે ઘેર આવતાં જ તેમને તેમનો બની શકે તેટલો આદર સત્કાર કર્યો. તેમણે દરેક જાતનો લેપ લગાડીને મહારાજને ગરમ પાણીથી મંગલ સ્નાન કરાવ્યું. સંતનો સહેવાસ અને સેવાનો લાભ મળ્યો હોવાથી તે ખૂબ જ હર્ષ પામ્યા. ઉમરેડની મોટી કીનારનું ધોતીયું મહારાજને પહેરાવ્યું. કપાળમાં કેસરનું તિલક કર્યું. ગળામાં ફૂલોનો હાર પહેરાવ્યો. જાતજાતના પકવાનનો ભોગ જમાડીને તેમની સામે દક્ષિણા એકસો રૂપિયા મૂક્યા. ધૂપ દીપથી આરતી ઉતારી, પુષ્પોથી તેમને વધાવવામાં આવ્યા. મહારાજની આ પૂજા જોવા માટે અમરાવતીના નગરજનોની ભીડ જામી. મહારાજની મુખાકૃતિ જોતાં દરેક જણ એવું વિચારવા લાગ્યા કે મહારાજ અમારે ઘેર પધારે અને અમે પણ તેમનું આવી રીતેપૂજા અર્ચન કરી શકીએ. આવી ઈચ્છા તો દરેકના મનમાં હતી, પરંતુ બધાંની ઇચ્છા કાંઈ થોડી જ સફળ થાય છે ? જે ભાગ્યવાન હોય છે તેને જ ઘેર સંતની ચરણરજ પડે છે. સંતસાધુ તો અંતર્જ્ઞાની જ હોય છે.

એથી જ જેમને ખાસ ઇચ્છા હતી તેમને જ ઘેર મહારાજ ગયા. અમરાવતીમા ગણેશ શ્રીકૃષ્ણ ખાપર્ડે નામના એક સજ્જન ગૃહસ્થરહેતા હતા. તે વકીલાત કરતાં હતા. અને પોતાની બુધ્ધિના બળથી ઢગલાબંધ રૂપિયાની તેમની કમાણી થતી હતી. વિદર્ભપ્રાંતમાં તે દાદા સાહેબ નામથી ખૂબજ જાણીતા હતા. તેઓ સજ્જન અને ભાવિક હતા. તે શુક્લયજુર્વેદી જાતના બ્રાહ્મણ હતા. તેમણે જ્યારે મહારાજને, ઘેર પધારવા માટેનું આમંત્રણ આપ્યું, ત્યારે મહારાજ તેમના ઘરે ગયા. તેમના ઘરે મહારાજની ષોડશોપચારથી પૂજા કરવામાં આવી. અમરાવતીમાં ગણેશ આપ્પા નામનો એક લિંગાયત વણિક ગૃહસ્થરહેતા હતા. તેમની પત્નીનું નામ ચંદ્રાબાઈ હતું. તેનું અંતઃકરણ બહું જ શ્રધ્ધાળુ હતું ચંદ્રાબાઈએ તેમના પતિને કહ્યું કે, આપણા ઘરે મહારાજને લઈ આવો. તેમને આપણા ઘરે પધારવાની પ્રાર્થના કરો. મહારાજ ભક્તના એક કલ્પવૃક્ષ જેવા જ છે. અને જો તેમની ચરણરજ  આપણા ઘરમાં પડશે તો આપણા માટે ઘણું જ શુભકારી થશે. આવું સાંભળીને ગણેશ આપ્પાએ તેમની પત્નીને બોલ્યા કે,  કાંઈ તું ગાંડી તો નથી થઈને ? મહારાજને ઘેર લાવવા કાંઈ નાની વાત નથી. તેમને ઘેર લાવવા માટે તો સારી સિફારસની જરૂર પડે છે. કેમકે દાદાસાહેબ ખાપર્ડેના ઘેર મહારાજ ખૂબ જ મુશ્કેલીથી અને ખૂબ જ પ્રયત્નોથી પધાર્યા હતા. આવું છે. માટે મહારાજને ઘેર લાવવા માટે જીદ કરીશ નહિ. તેમની વાત સાંભળતા ચંદ્રાબાઈ બોલી કે, હે નાથતમે જે કહ્યું તેની સાથે હું સહમત નથી. મારા મનમાં વસેલો દેવતા કહે છે કે મહારાજ અવશ્ય આપણે ત્યાં પધારશે. આપ તેમને ચરણરજથી ઘર પાવન કરવા માટે વિનંતી તો કરો. કેમકે સંતોની કૃપાદષ્ટિ તો ખાસ કરીને ગરીબો ઉપર હંમેશા જ રહે છે. આપ્પા બહાર તો નીકળ્યા, પરંતુ મહારાજને ઘેર બોલાવવાની વિનંતી થઈ શકી નહિ. અને તે મહારાજના સામે જઈને ચૂપચાપ બેસી ગયા. મહારાજને તેની ઈચ્છા જાણી લીધી અને આપ્પાનો હાથપકડીને બોલ્યા કે, આપ્પાજી તમારું ઘર અહીંથી કેટલું દૂર છે મને તમારે ઘેર આવીને થોડો સમય રોકાવાની ઇચ્છા છે. અરે તારા મનમાં જે ઇચ્છા છે તે તો તારે ખુલ્લે ખુલ્લા મનથી કહેવી તો જોઈએ જ. મનની વાત મનમાંજ છુપાવી રાખવી તે સારી વાત ના જ કહેવાય. મહારાજ પોતાની મનની વાત જાણી ગયા તે જાણીને આપ્પા મનમાં ફુલ્યા સમાતા ન હતા ઉમંગના લીધે તેના મોઢામાંથી એક શબ્દ પણ નીકળી





શક્યો નહિ. આપ્પાજી મહારાજને સાથે લઈને પોતાને ઘેર આવ્યા પતિ પત્ની બન્નેએ મળીને મહારાજની પૂજા કરી અને દક્ષિણાના સમયે તેમણે પોતાની પાસે જે કાઈ હતું તે બધું મહારાજના ચરણોમાં મૂકી દીધુ. આવી રીતે અમરાવતીમાં મહારાજની પૂજા-વિધિ બહુ જ જગ્યાએ થઈ. દરેકને ત્યાં પૂજાવિધિના સમયે એક સજ્જન હાજર રહેતો હતો. તે માણસ આત્મારામ ભીખાજીનો ભાણેજ થતો હતો. તે મુંબઈમાં રહેતો હતો. અને તારમાસ્તરની નોકરી કરતો હતો. તેણે રજા લીધી અને માતાને મળવા માટે જ તે અમરાવતી આવ્યો. તેમનું નામ બાળાભાઉ હતું. મહારાજનો પ્રભાવ જોઈને બાળાભાઉને એકદમ આંચકો આવી ગયો અને વિચારવા લાગ્યો કે, આવા સાધુની પાસે રહીને તેમની સેવા કરવી જોઈએ. જગત તો અનિત્ય છે તેમાં કાયમ લપટાવું તે નકામું છે. આજસુધી આ માયાનો આ બોજ ઉઠાવતો આવ્યો છું હવે આ માયાથી મોંઢું ફેરવી લેવું જ સારું છે. જે કાંઈ આજસુધી થયું છે, તેને બ્રહ્માર્પણ કરીને હું હવે મહારાજના ચરણો કદાપિ છોડીશ નહિ. હવે જે અમૃત હાથે લાગ્યું છે તે છોડીને ઝેર કોણ પીએ ?  આવા નિશ્ચયથી બાળાભાઉ પૂજાવિધિના સમયે હાજર રહેવા લાગ્યો. મહારાજ થોડા દિવસો પછી શેગાંવ પાછા આવ્યા. આ બખતે વાડીમાં ના રહેતાં તેઓ મોટે મંદિરમાં (હનુમાનજીના મંદિરમાં) આવ્યા. આ મંદિરમાં પૂર્વદિશામાં એક ખુલ્લી જગ્યા પડી હતી. ગજાનન મહારાજ ત્યાં તે જગ્યાએ જઈને રહ્યા. વાડી છોડીને મહારાજ મંદિરમાં રહેવા ગયા તે વાત કૃષ્ણાપાટીલે સાંભળી તે તરત ત્યાં ગયા. મહારાજને સાષ્ટાંગ પ્રણામ કરીને તે નીચું મોં વાળી બેસી ગયા. આંખોમાંથી અવિરત આંસુની ધારા વહેવા લાગી, જેનાથી ખમીસનો છાતી ઉપરનો ભાગ ભીંજાઈ ગયો. તેની આવી હાલત જોતાં મહારાજ બોલ્યા કે, અરે કૃષ્ણા તું કેમ રડે છે ? આખરે આ દુઃખી થવાનું કારણ શું છે ? મને કાંઈ સમજ તો પાડ, પાટીલ હાથજોડીને વિનયથી બોલ્યા કે, મહારાજ, આપે વાડી કેમ છોડી દીધી ? મારાથી એવી તે કંઈ ભૂલ થઈ ગઈ છે ? મહારાજ હું તો આપનો બાળક છું. આ જગ્યા એક દેશમુખના પક્ષવાળાની છે માટે આપને અહીંયા રહેવું સારૂ નથી. જો આપની ઈચ્છા વાડીમાં રહેવાની નથી તો હું આપના માટે મારું ઘર ખાલી કરી આપું છું કેમકે પ્રભુ તમે મારૂં સર્વસ્વ છો. જ્યારે આ બીના પાટીલ પરિવારે જાણી ત્યારે તે બધાં જ ત્યાં હાજર થઈ ગયા. હરિ અને નારાયણ પાટીલે પણ

મહારાજને ઘેર આવવા માટે પ્રાર્થના કરી. આ બધાની વાત સાંભળીને મહારાજ બોલ્યા કે, અહીંયા હું જે રહેવા આવ્યો છું તેમાં જ તો તમારા બધાંની ભલાઈ છે. આ જગ્યાએ આવવાનું કારણ બધાંને પછીથી ખબર પડશે. હવે આ બાબતમાં તમે જરાપણ વિચાર કરતા નહિ. કેમકે તે બાબતમાં વિચાર કરવાની જરા પણ જરૂર નથી. આ જગ્યાના પ્રભાવથી તમારો અંદરઅંદરનો ઝઘડો શાંત થઈ જશે. દુનિયામાં જેટલા જમીનદારો હોય છે તે બધાં ઉંડો વિચાર કરતાં નથી. ભવિષ્યની તરફ નજર કરીને વિચારવાની તેમનામાં ઉણપ છે. જાઓ બંકટલાલને તરત જ અહિંયા લઈ આવો. એમનું ઘર મેં જ્યારે છોડયું ત્યારે તેમણે કદાપિ ગુસ્સો કર્યો નથી કેમ ના કર્યો ? તેનું સાચું કારણ તેને જ પૂછો. મારી કૃપા તો તમારા બધા જ ઉપર છે. તે કદાપિ પણ ઓછી થવાની નથી. તેનો તમે બધા જ દ્રઢ વિશ્વાસ રાખજો. એટલામાં ત્યાં બંકટલાલ આવી પહોંચ્યા. તેમણે બધાંને સમજાવ્યા કે, મહારાજને તેમની મરજી વિરૂદ્ધ વાડીમાં ન લઈ જશો. જ્યારે મહારાજ મારા ઘરેથી ચાલ્યા ગયા ત્યારે હું પણ કાંઈજ કરી શક્યો નથી. મેં તો તેમને જવા દીધા. આખરે તો આપણે બધા જ તેમનાં બાળકો છીએ. એમના મનમાં તો બધાં એકસરખાં જ છે. સખારામ આસોલકર તો ભલા અને સજ્જન ગૃહસ્થછે. તે મહારાજને જગ્યા આપવા માટે કદાપિ ના પાડશે નહિ. સખારામ જગ્યા આપશે, અને આગળની બીજી સગવડ આપણે કરીશું. જેથી બધાંને સેવા કરવાનો અવસર સહેજમાં મળી જશે. આખરે બધાંએ મળીને મઠ બનાવ્યો જેમાં પરશુરામ સાવજીની મહેનત વગેરેનો મોટો ભાગ હતો. હવે મહારાજની પાસે તેમના ખાસ ચાર ભક્તો હતા. (૧) ભાસ્કર (૨) બાળાભાઊ (૩) પીતાંબર (૪) અમરાવતીના ગણેશ આપ્પા. રામચંદ્રગુરવ પણ તેમની સાથે રહેતા હતા. માનો કે ગજાનન મહારાજના આ પાંચેય પાંડવો જ લાગતા હતા. મહારાજના સહવાસથી બાળાભાઊ મોહમાયામાંથી, છુટી ગયા. ઘેર પાછા જવા માટે બોલાવતા હતા. પરંતુ બાળાભાઉ ઘેર જવાનું નામ પણ લેતા નહિ. તેમની આવી વૃત્તિ જોઈને ભાસ્કર પાટીલ બોલ્યા, હે ગુરુરાજ બાળાભાઉને તો પેંડાની બહુ જ લાલચ છે. માટે તે ઘેર જવાનું નામ પણ લેતા નથી. તમે તેમને જરા મારવાનું શરૂ કરો. તો જ તે ઘેર જશે. તેમણે ઘી જોયું છે, પણ ડંડો નથી જોયો. તેથી જ તે અહીંથી જવા ઈચ્છાતો જ નથી. પ્રજાનો પ્રભાવ જોઈને મોટા મોટા પહાડ પણ હાલી જાય છે.





મહારાજને પૂછ્યા વગર એક વખત ભાસ્કરે બાળાભાઉને મઠમાંથી કાઢી મૂક્યા. પરંતુ નોકરીમાં રાજીનામું આપીને બાળાભાઉ પાછા મઠમાં આવ્યા. બાળાભાઉને પાછા શેગાંવમાં જોઈને ભાસ્કર બોલ્યા કે, તું કેમ અહીંયા વારંવાર આવીને અમને હેરાન કર્યા કરે છે ? ચાહે કેટલુંય મારો, પરંતુ બળદ તો લીલું ઘાસ જોઈને લીલા ઘાસ પાસે જ આવે છે તેવી જ તારી હાલત થઈ ગઈ છે. સંસારમાં જેને જરાપણ મોહ ન રહ્યો હોય તેવા જ માણસને અહીંયા રહેવા માટે જગ્યા મળે છે. ભાસ્કરનું આવું અહંકાર ભરેલુ વાક્ય મહારાજને ખૂબ જ ખટક્યું. ભાસ્કરના અજ્ઞાનનો નાશ કરવા માટે મહારાજે એક ચમત્કાર કર્યો. એક સજ્જનના હાથમાં મોટી છત્રી હતી. તે લઇને મહારાજે બાળાભાઉને જોરથી મારવા માંડી. જોરથી મારવાને લીધે તે છત્રી ટુટી ગઈ. પછી એક નક્કર વાંસની લાકડી લઈને તેઓ બાળાભાઉને મારવા લાગ્યા. હવે આવી રીતે બાળાભાઉને મારતા હતા. તે જોઈને જે ડરપોક માણસો હતા તેમણે આ મઠમાંથી રસ્તો કાપ્યો. (ચાલ્યા ગયા.) બાળાભાઉ હાલ્યા-ચાલ્યા વગર મહારાજની સામે જ પડયો રહ્યો. કોઈને શંકા ગઈ કે આ મારને લીધે તે મરી ગયો જ લાગે છે. બાળાભાઉની આવી હાલત જોઈને ભાસ્કર પણ ચિંતાતુર થઈ ગયો. પરંતુ તે જરાપણ બોલી શક્યો નહિ. કેમકે આ આગ તો તેણે જ લગાડી હતી જે લાકડીથી બાળાભાઇને મારતા હતા, તે પણ ટૂટી ગઈ. એટલે મહારાજ બાળાભાઉને પગ તળિયે કચડવા લાગ્યા જેવી રીતે કુંભાર માટીને ગોલે છે તેમ. મહારાજ બાળાભાઉને ગોલવા લાગ્યા મઠની અંદર આ રીતનો દેખાવ જોતા શિષ્યગણો આમતેમ નાસી ગયા. કોઈ મહારાજના પ્યારા ભક્તને બોલાવા ગયું. સમાચાર મળતા જ બંકટલાલ મઠમાં આવ્યા અને જોયું કે મહારાજનો હાથપકડવાની કોઈની પણ હિંમત નથી આખરે રડતાં રડતાં બંકટલાલ મહારાજને બોલ્યા કે, હે સ્વામી બાળાભાઉ પણ આપનો ભક્ત છે. તેને હવે મારવાનું બંધ કરો. બંકટલાલની વાત સાંભળીને મહારાજ હસવા લાગ્યા અને બોલ્યા કે, આવી ગમે તેમ વાત તું ના કરીશ. મેં બાળાભાઉને માર્યો કે કચર્યો નથી. જરા તેની તરફ બારીકાઈથી જોઇશ તો તને માલૂમ પડશે. મહારાજ બાળાભાઉને બોલ્યા કે, હે વત્સ, હવે ઉભો થા. બેઠો થા અને આ લોકોને તારું શરીર બતાવ. આજ્ઞા સાંભળીને તે ઊઠીને ઊભો થઈ ગયો અને લોકોની સામે જ ઉભો રહ્યો. લોકો તેને બહુજ ધ્યાન પૂર્વક જોવા લાગ્યા લોકો

આશ્ચર્યની સાથે જોવા લાગ્યા કે બાળાભાઉના શરીર ઉપર તો મારની જરાય, કોઈપણ નિશાની દેખાતી નથી. તે તો **તેની** પોતાની મસ્તીમાં જ મસ્ત હતો. બાળાભાઉમાં કેટલી વીરતા છે ? તેનો અધિકાર શું છે ? તે ભાસ્કરે પોતાની આંખોથી **જ** જોયું અને તે બહુ જ શરમિંદો થઈ ગયો, અને તે દિવસથી બાળાભાઉની પાછળ પડવાનું બંધ કરી દીધું. સોનુ જ્યારે કસોટી પથ્થર ઉપર ઘસાય છે. ત્યારે જ તેની કિંમત અંકાય છે. આ ચમત્કાર જોઈને બધાં જ મોઢામાં આંગળા ઘાલતા થઈ ગયા.

બાલાપુરમાં સુખલાલ અગરવાલ નામનો એક સજ્જન હતો. તેના ઘરમાં એક બહુ જ તોફાની ગાય હતી. તે ગામમાં મન ફાવે ત્યાં ફરવા જતી ગામમાં નાના મોટાને પગતળિયે કચરી નાંખતી હતી. જે બળવાન હોય તેના જોડે તે શિંગડાથી લડાઈ કરતી હતી કોઈની દુકાનમાં જઈને અનાજની ગુણમાં મોં પણ ઘાલી દેતી હતી. તેલ, ઘી ના ડબ્બા શિંગડાથી પાડી નાંખતી હતી. જો તેને દોરડાથી બાંધવામાં આવે તો દોરડું પણ તોડી નાંખતી હતી. કેટલીય સાંકળો તેણે તોડી નાંખી હતી. બાલાપુરના લોકોને તે ગાય નહિ પરંતુ વાઘણ જ દેખાતી હતી. લોકોને તે ખૂબ જ સતાવતી હોવાને લીધે લોકો તેનાથી ખૂબ જ કંટાળી ગયા હતા. વાછરડું ન હોવાને લીધે તે દૂધ પણ આપતી ન હતી. તેને બાંધી રાખવામાં પણ એક મોટો કોયડો હતો. લોકો સુખલાલને સલાહ આપતા હતા કે, કાં તો કસાઈને સોંપી દો, અથવા તો તેને ગોળીથી મારી નાંખો. સુખલાલ પોતે પણ લોકોને કહેતા કે, તમે પોતે કોઈને કોઈ રીતે તેને મારી નાંખો. મને તેમાં કોઈ જ વાંધો નથી. તેને એક દિવસ પઠાણે મારવાનો પ્રયત્ન કર્યો તે બરાબર નિશાન ગોઠવીને સંતાઈને બેઠો તે ગોળી મારવાનો હતો, પણ કેમ જાણે કેમ કરીને ગાયને ખબર પડી ગઈ, તેણે એકદમ ઝડપથી ઉઠીને પઠાણ ઉપર હુમલો કર્યો અને એકદમ શિંગડાથી પઠાણને પછાડી નાંખ્યો. એકદિવસ સુખલાલ ગાયને બીજાગામ લઈ જઈને છાનામાના બેલાપુર આવી ગયા, થોડીવાર પછી ગાય પણ બેલાપુરમાં હાજર થઈ ગઈ. આવી હાલતમાં શું કરવું તેમની ગાય માટેની વાતો જાણીને એક જણે સલાહ આપી કે, એક કામ કરો. એવું સાંભળવામાં આવ્યું છે કે ગોવિંદબુવાના ઘોડાને મહારાજે શાંત બનાવી દીધો છે, તો તમે પણ આ ગાયને લઈને શેગાંવ જાઓ અને આ ગાય મહારાજને દાનમાં અર્પણ કરી દો આવું કરવાથી એક પંથદો કાજ થઈ જશે. એ વાત દરેકને ખૂબ ગમી ગઈ પણ લઈ જવા માટે ગાયને







પકડવી કઈ રીતે એ એક સમસ્યા થઈ ગઈ હતી. ગાયને પકડવા માટે ખૂબ જ કોશિશ કરી પરંતુ ગાયને પકડવામાં નિષ્ફળતા જ મળી. આખરે દસ, બાર, માણસોએ તેને ખૂબ જ ખાવાનું ધર્યું. કે કદાચ લાલચને લીધે આવશે અને ખરેખર તેમજ બન્યું કે ગાયને બોલાવી, ગાય આવી કે તરત જ તેને ફાંસો નાંખીને સાંકળ વડે પકડી લીધી ત્યાર પછી એક બળદગાડી તૈયાર કરી અને તેમાં ગાયને નાંખીને શેગાંવબાજુ લાવવા લાગ્યા. જેમ જેમ શેગાંવ પાસે આવતું જાય તેમ તેમ ગાયના સ્વભાવમાં પરિવર્તન આવવા લાગ્યું. શેગાંવમાં મહારાજના સામે ગાયને ઊભીકરી દેતાં ગાય બિલકુલ શાંત તેમજ ભલીભોળી દેખાવા લાગી, અને તેની આંખોમાંથી આંસુ વહી રહ્યા હતા. ગાયની આવી હાલત જોતાં મહારાજ બૂમ પાડીને બોલ્યા કે, આ શું મૂર્ખતા છે ? ગાય જેવા ગરીબ પ્રાણીને હેરાન કરવું તે સારું ના કહેવાય તેની હાલત તમે લોકોએ બહુ જ ખરાબ કરી નાંખી છે. ચારે પગો બાંધ્યાં છે, ગળામાં સાંકળ ખેંચી છે. અને શિંગડા પણ દોરડાથી બાંધ્યા છે, તે આવી રીતે તેને પકડવી સારું ના જ કહેવાય. આવો બંદોબસ્ત તો વાઘણને પકડવા માટે શોભે, ગાય જેવા આવી ગરીબ પ્રાણીને આવી રીતે બાંધી રાખવું તે સારું ના જ કહેવાય. હે ભાઈઓ, તમે થોડો વિચાર કરો ? ગાયને તો દુનિયાની માતા માનવામાં આવે છે. તેની આવી ખરાબ હાલત કરી નાંખવી તે ખૂબ જ દુઃખદ વાત છે. તેને તમે હમણાં જ છોડી મૂકો. હવે તે જરાપણ ધમાલ નહિ જ કરે. મહારાજે કહ્યું છતાં પણ ડરના માર્યા કોઈની પણ આગળ વધવાની હિંમત ચાલી નહિં. પરંતુ એક એક ડગલું પાછળ ખસી ગયા. આવું જોતા મહારાજ આગળ વધ્યા અને પોતાના હાથથી ગાયને બંધન મુક્ત કરી. બંધનમુક્ત થતાં જ ગાય ગાડામાંથી નીચે ઉતરી ગઈ, અને નીચે આવીને ગાયે મહારાજને પ્રણામ કરવા માટે આગળના બંને પગ નીચે કર્યા અને પછી માથું નીચું કરીને ગાયે મહારાજની ત્રણ પ્રદક્ષિણા કરીને મહારાજના પગ ચાટવા લાગી. આ બધી જ ઘટના લોકોએ પોતે નજરો નજર જોઈ હતી. તેનું વર્ણન તો ભગવાનને પણ કરવું અશક્ય છે. ત્યારપછી મહારાજે ગાયને કહ્યું કે, હે ગાય માતા હવે કોઈને તકલીફ આપશો નહિ. આ મઠ છોડીને બીજી કોઈ જગ્યાએ જશો નહિ. આ ચમત્કારથી પ્રભાવિત થયેલા લોકોએ ગજાનન મહારાજની જય, ગજાનન મહારાજની જય એમ જયજયકાર શરૂ કર્યો. બાલાપુરથી આવેલા લોકો તેમના ગામ જતા રહ્યા, અને ગાય શેગાંવના મઠમાં

જ રહી. તે દિવસથી ગાયને દોરડે બાંધવી પડી નથી. જે ગુણ સારી ગાયમાં હોય છે તે ગુણ આ ગાયમાં આવી ગયા. તે ગાયથી ઉત્પન્ન થયેલી સંતતિ આજે પણ શેગાંવમાં હાજર છે. શાસ્ત્રગ્રંથોમાં જે વાતો લખી છે, તેનો સાક્ષાત અનુભવ શેગાંવમાં થાય છે. કારંજામાં લક્ષ્મણઘૂડે નામના એક વાજસેનેયી બ્રાહ્મણ રહેતા હતા. તે પૈસાદાર બ્રાહ્મણ હતા. એક દિવસ તેમના પેટમાં બહુ જ પીડા થવા લાગી. તેમણે ખૂબ જ પૈસા ખર્ચ કર્યા. છતાં પણ કાંઈ જ અસર થઈ નહિ. તેણે મહારાજની મહિમા લોકોને મોઢે સાંભળી હતી. છેવટે તે તેની પત્નીને લઈને શેગાંવ આવ્યો. રોગથી શરીરમાં અશક્તિ થઈ જવાથી તેનાથી ચલાતું ન હતું તેથી તેને બે ત્રણ માણસો ઉઠાવીને મઠમાં લાવ્યા. તે એટલો બધો અશક્ત થયેલો હતો કે તેનામાં મહારાજને નમસ્કાર કરવા માટે હાથઉંચા કરવાની પણ શક્તિ નહોતી રહી. પતિના બદલે પત્ની એ મહારાજને વંદન કર્યા અને બોલી કે, હે દયાઘન પ્રભુ મને આપની ધર્મની દીકરી સમજીને મારા પતિના પેટનું દર્દ મટાડી તેમને બચાવો. અમૃતનું દર્શન થવાથી મૃત્યુ કેવી રીતે આવે ? મારું સૌભાગ્ય અખંડ રાખો. એજ મારી પ્રાર્થના છે. તે બખતે મહારાજ કેરી ખાઈ રહ્યા હતા. કેરી ખાતાં વધેલી કેરી તેણે લક્ષ્મણની પત્ની તરફ ફેંકી અને બોલ્યા કે, આ તેને ખવડાવ એટલે બધુંજ સારુ, થઈ જશે. તું તેની પત્ની સાચી જ છે. તારી સેવાથી જ તે વ્યાધિમુક્ત થઈ જશે. આટલું બોલીને મહારાજ અટકી ગયા. અને ચલમ પીવા લાગ્યા. લક્ષ્મણની પત્નીનાં મનમાં એમ કે મહારાજ હમણાં કાંઈક કહેશે, તેમ સમજીને તે ત્યાં જ ઉભી રહી. એટલે ભાસ્કર પાટીલ બોલ્યા કે, બહેનજી, તમે હવે ત્યાં ઊભા રહેશો નહિ. તમારા પતીને લઈને પાછા કારંજા પહોંચી જાવ. મહારાજના હાથે જે કેરી પ્રસાદીરૂપે મળી છે, તે જ તમારા પતિને ખાવા માટે આપો. કેરીનો પ્રસાદ ખાતા જ લક્ષ્મણ રોગમુક્ત થઈ જશે. ધર્મપત્ની કાંતા તેના પતિને લઈને કારંજામાં પાછી આવી. અને તે કેરીનો પ્રસાદ તેણે તેના પતિને ખાવા માટે આપ્યો, બંનેને પાછા આવેલ જોઈને ઘરના પૂછવા લાગ્યા કે, શેગાંવ લઈ ગયા હતા તે શું થયું ? પત્નીએ બધાંજ સમાચાર કહ્યા પછી બોલી કે, મહારાજનો આપેલો કેરીનો પ્રસાદ પણ તેમને ખાવા માટે આજે મેં આપ્યો છે. વૈદ્યજીએ આ સમાચાર સાંભળ્યા ત્યારે તેમને તે સારું લાગ્યું નહિ. વૈદ્ય બોલ્યા કે, બહેન તેં આ શું કર્યું ? પેટની બિમારી માટે તો કેરીને કુપથ્ય કહી છે. માધવ નિદાન માં તેમજ સુશ્રુત માં આ વાત







માનેલી છે. નિઘંટુ તેમજ શાર્ંગધર આ બન્નેએ પણ પેટની બિમારી ઉપર કુપથ્ય કહી છે. મહારાજે આપેલો પ્રસાદ તેમને આપ્યા વગર જો તમે ખાધો હોત તો કાંઈ વાંધો આવત નહિ. કેમકે પતિનું અડધું અંગ તો પત્ની જ છે અને તેથી તેનું ફળ અવશ્ય મળત. વૈદ્યની આ વાત સાંભળીને ઘરના બધાં જ ગભરાઈ ગયાં. પત્નીએ જે ભૂલ કરી નાખી તેના ઉપર બધા ઈશારો કરી કરીને મહેણાં મારવા લાગ્યા. પરંતુ પ્રભુની કૃપાથી કેરી ખાવાથી કુપથ્ય થવાને બદલે દર્દીમાં આશ્ચર્યજનક ફેરફાર દેખાવા લાગ્યો. તેણે અચાનક જ બૂમ પાડી અને બૂમ પાડતા જ તેને ઝાડાની શરૂઆત થઈ અને થોડી વારમાં પેટ નરમ પડી ગયું, કે જે પહેલા ખૂબ જ કઠણ હતું. મહારાજના પ્રસાદથી ઝાડા વાટે બધી જ બિમારી નીકળી ગઈ. ધીમે ધીમે તેની હાલત સુધરવા માંડી અને સમય જતાં તે સંપૂર્ણ તંદુરસ્ત બની ગયો. માનવી પ્રયત્નથી જે થઈ શકે તેવું હોય તો તેવું જ સફળ થાય છે. પરંતુ ઈશ્વરકૃપા અને સંતની કૃપાથી જે ના થઈ શકે તેવી વાત હોય તે પણ સફળ થઈ જાય છે. તેમાં જરાપણ શંકાને સ્થાન નથી. લક્ષ્મણ સારો થતાં જ શેગાંવ આવ્યો અને મહારાજને પ્રણામ કરીને બોલ્યો કે, મહારાજ, આપની ચરણરજથી મારૂ ઘર પવિત્ર કરો. આપને લઇ જવા માટે જ આવ્યો છું, ના કહીને મને નારાજ કરશો નહિ લક્ષ્મણે બહુ જ વધારે આગ્રહ કર્યો. ત્યારે આખરે મહારાજ શંકર, ભાઉ પીતાંબર સાથે કારંજા ગયા. કારંજામાં મહારાજની બની શકે તેટલી સેવા પૂજા કરી અને પછી લક્ષ્મણ બોલ્યો કે, આ બધી જ સંપત્તિ આપની જ છે. ત્યારબાદ પોતાનું બોલવું સુધારીને બોલ્યો કે, આખરે હું આપને ધન દેવાવાળો કોણ છું ? ભલા, નોકર માલિકને દાન આપી શકે ? થોડા સમય પછી તેણે એક થાળીમાં રૂપિયા મૂકીને મહારાજની સામે થાળી મૂકી, થાળી સામે જોતાં જ મહારાજ ગુસ્સે થઈને બોલ્યા કે, હવે મારું કશું જ નથી, તો આ રૂપિયા હવે ક્યાંથી આવ્યા ? મોંઢામાં એક વાત અને કર્મ તેનાથી વિરૂદ્ધ, ભલા માણસ આવું કેમ ? ખાવાના દાંત એક અને દેખાડવાના દાંત બીજા, આવો વર્તાવ સારો નથી. તેં તો મને બધું જ અર્પણ કરી દીધું છે. હવે તો બધાં જ તાળા ખોલી નાંખ અને રસ્તા ઉપર નાંખી દે અને તારા ખજાનાના દરવાજા ખોલી નાખ. લક્ષ્મણ કશું જ ન બોલતાં ચૂપચાપ બેસી જ રહ્યો. પરંતુ મહારાજે ખજાનાના દરવાજા ખોલવાની જીદ જ પકડી, આખરે તેણે ખજાનાના દરવાજા ખોલ્યા અને દરવાજા પાસે જઈને બેસી ગયો.


દરવાજા પાસે બેસીને બોલ્યો કે, મહારાજ આવો, અને કાંઈક લઈ જઓ તે એવું બોલ્યો તો ખરો પરંતુ તેના દિલના ભાવ મહારાજ જાણી ગયા. કેમકે તે એક જાતનો અભિનય જ હતો. મનમાં દેવાની ઇચ્છા જરાપણ ન હતી. તેનો આ દેખાવ કરવાનું મહારાજ સમજી ગયા. કેમકે બહુરૂપીનું રાજાપણું કાંઈ બજારમાં થોડું જ ટકી શકે છે ? કારેલાં તો આ ઉપરથી સારા જ દેખાય છે, પરંતુ બાધા પછી જ તેમાં કડવાશ છે તેની ખબર પડે છે. આ વર્તાવને લીધે મહારાજ નારાજ થઈ ગયા. કેમકે જે દંભી હોય ત્યાં સંતોને સંતોષ હોતો નથી. ખરેખર તો મહારાજે તેની પાસેથી એક પાઈ પણ માગી ન હતી તેમને તેની જરાપણ જરૂર ન હતી. તે તો વૈરાગ્યના સાગર બનીને જ બેઠેલા હતા. પરંતુ મોઢેથી કહેલી વાતની તેઓ પરીક્ષા લેવા માંગતા હતા. તે જુઠું બોલી રહ્યો છે તે જોઈને મહારાજ ગુસ્સે થયા અને ત્યાંથી મહારાજ ચાલી નીકળ્યા, જતાં જતાં મહારાજ બોલ્યા કે, બધું જ મારૂં છે. તેમ તું કહે છે તો હવે તું તે કહેવાનું ફળ જોજે. આ માટે હું કશું જ નહિ કરું, પણ તેં તારા દુર્ભાગ્યને લીધે જ મોઢું ફેરવી લીધું છે પાછળથી મહારાજની વાણી સત્ય થઈ. છ માસની અંદર તો તેના ઉપર લક્ષ્મીની અવકૃપા થવાથી, તે બિલકુલ જ ગરીબ બની ગયો, અને પેટ માટે ઝોળી લઈને ભીખ માગવી પડે ત્યાં સુધીની નોબત આવી ગઈ. હે શ્રોતાજનો પરમાર્થમાં જુઠાપાનું કદાપિ ચાલે નહિ, આ લોકોને બતલાવવા માટે મહારાજે આ લીલા કરી હતી. શ્રી ગજાનન ચિંતામણિને ચકમકથી થોડી જ શોભા આવી જાય ? અથવા સોનાના અલંકાર વગર કાથીના અલંકારોથી થોડા જ સજાવાય ? સ્વસ્તિ શ્રી દાસગણૂ રચિત શ્રી ગજાનન વિજય ગ્રંથનામનો ગ્રંથભક્તોના પોતાના કલ્યાણ માટે જરૂર વંચાય.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ ઇતિ દસમો અધ્યાય સમાપ્ત :॥

॥શ્રીગજાનનવિજય ગ્રંથઃ દસમો અધ્યાય સમાપ્ત॥





શ્રી ગજાનન મહારજે કાગડાને પેટ ભરીને ખાવા દીધું અને ફરીથી એ જગ્યાએ નહિ આવવા માટે આજ્ઞા કરી.

## અધ્યાય અગિયારમો

શ્રી ગણેશાય નમઃ । હે ૐ કારરૂપ પશુપતિ, હે ભવાનીવર, દક્ષિણામૂર્તિ, આ બ્રહ્માંડમાં જે કાંઈ વિભૂતિઓ છે, તેટલા જ તારા સ્વરૂપ છે. આપનું જે નિરાકારરૂપ છે તે તો ચરાચર બધાંને આધારભૂત છે, જે અવિદ્યારૂપી માયા પ્રકૃત્તિમાં છે. આપનું આ નિરાકારરૂપ સામાન્ય માનવી ન સમજી શકવાને લીધે, આપને સગુણરૂપમાં વ્યાપક થવું પડયું છે. આપનું જે રૂપ જેને જેવા રૂપે ગમે છે, તે રૂપની ભક્તિ કરે છે. આપ તો અનેક નામથી પ્રસિધ્ધ છો, પરંતુ આપનાં કાર્યો જુદાં છે. શિવપંથી લોકો આપને શિવ કહે છે. વેદાન્તી લોકોમાં તો આપ બ્રહ્મનામથી પરિચિત છો. રામાનુજ પંથના લોકોમાં આપ સીતાપતિ રામ છો જ્યારે વૈષ્ણવોમાં વિષ્ણુ છો. જેની જેવી ઉપાસના છે (જેની જેવી ઇચ્છા) તેના અનુસાર જ તે આપનું નામ રાખે છે. પરંતુ ખરેખર વાત તો એ છે કે જુદા જુદા સ્વરૂપે તમે દરેકના હૃદયમાં બિરાજમાન છો. સોમનાથ, વિશ્વેશ્વર હિમકેદાર, ૐકાર, ક્ષિપ્રાતટે મહાકાલ, આ બધા તમારાં જુદા જુદાં સ્વરૂપો છે. વૈજનાથમાં આપ નાગરાજ, બેરુળમાં ઘૃષ્ણેશ્વર, ગોદાવરીના કિનારા ઉપર આપ ત્ર્યંબક, આમ આપ જુદાં જુદાં નામથી ઓળખાવ છો. એક જ શંકર અનેક નામથી જે ઓળખાય છે. તેમને મારા શિરસાષ્ટાંગ નમસ્કાર છે. હે દુઃખીઓના બેલી, મારા ત્રિવિધ પાપોનો નાશ શિઘ્ર કરો. હે ભગવાન આપે કૂબેરને પળવારમાં ધનપતિ બનાવ્યો છે, છતાં પણ હે ગિરિજાપતિ, મારા માટે આપ સંકોચમાં કેમ પડયા છો ? બાલાપુરમાં આગલે વર્ષે દાસનવમીના દિવસે મહારાજ બાલકૃષ્ણના ઘેર આવ્યા. બાલકૃષ્ણ અને સુખલાલ એ બંને બાલાપુરમાં મહારાજના પરમ ભક્ત હતા, ભક્તિસાધનામાં તેમની કોઈ બરાબરી કરી શકે તેમ ન હતું. આ વખતે મહારાજની સાથે ભાસ્કર પાટીલ, બાળાભાઉ, પીતાંબર, ગણૂ, જગદેવ અને દિંડોકાર વિગેરે ભક્તો હતા. દાસનવમીનો ઉત્સવ ખૂબ જ ધૂમધામથી સંપન્ન થયો હતો. પરંતુ ભાસ્કર પાટીલને માથે એક મહાન આફત આવી હતી. એક હડકાયું કુતરું આવીને તેને કરડી ગયું. બધા લોકો આ જોઈને ડરી ગયા, અને બોલ્યા કે, હવે આ પાગલ થઈ જશે. ઘરગથ્થુ ઉપચાર તેના ઉપર કરવા માંડયો. કોઇએ સલાહ આપી કે ડોક્ટરને અહીં બોલાવો. ભાસ્કર બોલ્યા કે, હવે મારે ડોક્ટર કે વૈદ્ય કોઈની જરૂર નથી મારા તો એક જ

ડોક્ટર બસ શ્રી ગજાનન મહારાજ છે. તેમની પાસે જ મને લઈ જાઓ. એમને આ હકીકત સંપૂર્ણ કહો અને તે જે કહે તેમ જ કરો. આપ આપના મનની વાત ના કરો, ભાસ્કર પાટીલને ગજાનન મહારાજની પાસે લઈ આવ્યા. બાળાભાઉએ બધી જ બીના બનેલી તે કહી સંભળાવી. બધું જ સાંભળીને મહારાજ બોલ્યા, કે, હત્યા વેર અને મૃત્યુ આ ત્રણેયને કોઈ ટાળી શકતું નથી. તેનાથી કોઈ બચી શકતું નથી. સુખલાલની ગાયમાં નટખટપણું હતું એટલે તેને ભાસ્કરે શેગાંવમોકલ્યો તે ગાયનો અસલ સ્વભાવ જ આજે અહીં કુતરું બનીને આવ્યો. અને ભાસ્કરને કરડયું ગાયનું આ નટખટપણું દૂર કરવા માટે ભાસ્કરે મને વિનંતી કરી હતી, કેમકે તે ગાયનું દૂધ પીવા ઇચ્છતો હતો, ગાયનો સહારો લેવા વાળો આ ભાસ્કર સ્વાર્થીછે. દૂધ પીતી વખતે સારું લાગ્યું અને હવે સ્વાર્થીપણાનું ફળ ભોગવવું પડે છે તો આનાકાની કેમ કરી રહ્યો છે ? ખેર ત્હારો આવરદા હું હવે વધારી દઉં છું. તારો વિચાર શું છે ? વાસ્તવ માં કહીએ તો આ કૂતરાનું કરડવું એ એક બહાનું જ છે. પણ સાચું કહીએ તો હવે તેનું આયુષ્ય પૂરું થવા આવ્યું છે. તે હવે દુનિયા પરથી જાય તેમા જ સારું છે. મહારાજે આગળ જતા ભાસ્કરને કહ્યુ કે. તારી જો ઈચ્છા હોય તો હું તને આ સંકટમાંથી બચાવીશ પરંતુ તે એક આધાર જેવો જ આવરદા હશે. આ દુનિયાના માયાવી બજરમાં જન્મ અને મૃત્યુની હંમેશા લેવડદેવડ ચાલી જ રહી છે. તેમાં ડરવાનું શું છે ? આજના જેવો પવિત્ર સમય બહુ જ ઓછો આવે છે. હવે આ માટે તારી શું ઇચ્છા છે ? ભાસ્કર થોડો સમય મૌન રહ્યા પછી બોલ્યા કે, મહારાજ હું તો અજ્ઞાની છું મારું હિત અહિત શામાં સમાયેલું છે એ બધું તો આપને ખબર છે. એટલા માટે આપની જે ઈચ્છા હોય તેજ કરો. એક અભંગમાં તુકારામ મહારાજે કહ્યું છે કે બાળકનું હિત-અહિત માતા જ જાણે છે, મહારાજ હું તો બાળક છું. પછી હું શા માટે વિનંતી કરું ? આપ તો જ્ઞાનના સાગર છો. આપ બધું જ જાણો છો. ભાસ્કરનું આ સત્ય કથન સાંભળીને મહારાજ ખુશ થયા, જેને સત્ય બોલવાનું, ચાલવાનું નિયમ છે તેને સત્ય કહેવાથી આનંદ થાય છે. મહારાજની પાસે ઉભેલા ભક્તોમાંથી એક ભક્ત બોલ્યા કે, મહારાજ ભાસ્કર આપનો પ્રિય શિષ્ય છે, તેને આવી પડેલી આપત્તિથી બચાવી લો. આ વાત સાંભળીને મહારાજ બોલ્યા કે, આવી વાત કરવી તે તમારું અજ્ઞાન છે , અરે ગાંડાઓ, જન્મ મૃત્યુ પોતે એક ખ્યાલ જ છે , નથી કોઈ જન્મ લેતો કે નથી





કોઈ મરતો. શાસ્ત્રકારોએ જે મુક્તિનો રસ્તો બતાવ્યો છે તેને સમજવાની કોશિષ કરવી જોઈએ. અને ધ્યાનમાં રાખીને મોહ છોડીને સમતા ભાવે પ્રારબ્ધમાં લખેલું ભોગવી લેવું જોઈએ. લખેલું પ્રારબ્ધ જ્યાં સુધી ના ભોગવાય ત્યાં સુધી મુક્તિ મળતી નથી. પૂર્વજન્મમાં કરેલા કર્મનું ફળ તેને બીજા જન્મમાં ભોગવવું પડે છે. આવા કેટલાય જન્મ અને મૃત્યુના ફેરા માણસને લેવા પડે છે. તેનો કોઈ જ અંત નથી. ભાસ્કરનું પૂર્વજન્મનું વાવેલું તો હવે પુરું થઈ ગયું છે. હવે તે મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરવા માટે અધિકારી નક્કી થઈ ગયો છે. એટલા માટે હવે કોઈ પણ તેની આવરદા વધારવાની વિનંતિ ના કરશો. હવે ભાસ્કર મુક્ત થઈ ગયો હોવાને લીધે ફરીથી તેને જન્મ લેવો જ નહિ પડે. પૂર્વજન્મના વેરભાવરૂપમાં આ કુતરાનો જન્મ થયો, અને એણે પોતાનો બદલો લીધો. અગર થોડી પણ બદલાની ઇચ્છા ભાસ્કરનાં મનમાં રહી જશે, તો ભાસ્કરને ફરીથી જન્મ લેવો પડશે. પૂર્વજન્મની લેણદેણ પૂરી થતાં હવે ભાસ્કર ઉપાધિ વગરનો થઈ ગયો છે. હાં, હવે હું એટલું વધારે કરી શકું છું કે બે માસ માટે તેની આવરદા વધારું છું. અને કૂતરાના ઝેરથી મુક્ત કરું છું. કેમકે તેને શારીરિક કષ્ટ ના થાય ત્યારપછી તે મોક્ષપદ પ્રાપ્ત કરશે. અગર જો હું આવું નહિ કરું, તો તેને બે મહિના માટે જન્મ લેવો જ પડશે. મહારાજના આ કહેવાને કોઈ સહમત ના થયા. પરંતુ આ બોધ સાંભળીને સાચેસાચ બાળાભાઉ ખૂબ જ આનંદિત થયા અને બોલ્યા કે, ભાસ્કર, તું સાચે જ ભાગ્યવાન છે, કેમકે જે સંતસેવા તે કરી છે. તેનાથી તારો જન્મમરણનો ફેરો ટળી ગયો છે. તારી આ યોગ્યતાને હું શી રીતે વર્ણવી શકું. આ પ્રસંગ પછી મહારાજ તેમજ તેમની સાથે ગયેલા હતા તે બધાં જ શેગાંવ આવ્યા હતા. ભાસ્કર હવે ભક્તો જોડે મીઠી વાતો કરવા લાગ્યે. બાલાપુરમાં જે બીના બની તેને શેગાંવમા બધાને સવિસ્તર કહેવા લાગ્યો. સાથે સાથે તે લોકોને હાથજોડીને વિનંતિ પણ કરવા લાગ્યો. મહારાજ અમારા શેગાંવમાં આવ્યા. તે આપણા બધાનું મહાન સૌભાગ્ય છે. આ અણમોલ રત્ન બહુજ ધ્યાનથી તેમજ પ્રાણથી પણ અધિક સંભાળો. તે ચિતરંજનરૂપમાં રહે તેવું તેમનું સ્મારક બનાવો. મહારાજને પોતાને તો સ્મારકની જરાપણ જરૂરત નથી. પરંતુ અમારા પછી આવવાવાલી આગલી પેઢીઓને માટે સાધુપણાની સ્મૃતિ જળવાઇ રહે એટલા માટે જ સ્મારકની જરૂરત છે. આળંદીમાં જ્ઞાનેશ્વર મહારાજ, સજ્જનગઢમાં સમર્થ રામદાસ સ્વામી અને દેહુગાંવ

તો તુકારામ મહારાજને લીધે પાવન થઈ ગયું. ભવણોએ સમાધિ બનાવડાવીને કાયમ માટે યાદ રહે તેવું કર્યું. તેવી રીતે શેગાંવના લોકોએ પણ તેમના આ આદર્શનો દાખલો લેવો જોઈએ. આ વાત દરેક ભક્તોને કહેતો હતો. પરંતુ એક દિવસ તેને મનમાં વિચાર આવ્યો કે મોં જોઈને કોઈની હા માં હા મેળવી દેવી તે તો દુનિયાનો ક્રમ છે. તે પ્રમાણે મારી અંતરની કરેલી વાતને હમણાં હા કહેશે અને પછી તેઓ ભૂલી જશે. એટલા માટે ભાસ્કરએ બધાં લોકોને મહારાજના સાનિધ્યમાં મઠમાં ભેગા કર્યા. તેમા બંકટલાલ, હરિપાટીલ, ખંડુજીની દુકાન ચલાવનાર મુખ્ય માણસ મારૂતી ચંદ્રભાન પણ સાથે હતા. સાથે શ્રીપતરાવ વાવીકાર, તારાચંદ શાહુકાર વિગેરે ઘણાજ ભક્તો હતા. હાજર રહેલા માણસો સામે હાથજોડીને કહ્યું કે હવે આ દુનિયામાં રહેવાના મારે માત્ર બે મહિના બાકી છે. મારા મનની ઇચ્છા છે કે વિદર્ભ પ્રાંતમાં આવેલા શેગાંવમાં મહારાજનું સ્મારક બનાવવાની વાત નક્કી થાય. જેથી તેમનું ભવ્ય મહાન સ્મારક શેગાંવમાં તૈયાર થાય. મારી ઇચ્છા પૂર્ણ કરવાનો આપ સહુ વાયદો કરો કે પૂરો કરીશું, તો જ મને શાંતિ મળશે અને મારો આત્મા વૈકુંઠમાં જશે. ભક્તની ઇચ્છા સંતથી જ પૂરી થાય છે. મહારાજનું સ્મારક સદા ટકે તેવું થઇ જાય તો જોનારા પણ આશ્ચર્યચકિત થઈ જાય અને મંત્રમુગ્ધ બને. મદારીનું સંગીત સાંભળીને જેમ નાગ ડોલવા માંડે છે તેમ મહારાજનું સ્મારક જોઇને આવવાવાળા ભક્તોનું અંતઃકરણ ભક્તિથી ભરાઈ જાય. પછી ભલેને તે ગમે-તેવા નાસ્તિક કેમ ન હોય. તમે બધા માની જાઓ અને મારી આખરી ઇચ્છા જે સ્મારક બનાવવાની છે, તેને બનાવવાની પ્રતિજ્ઞા લઇ લો. આવેલા તેમજ ત્યાં હાજર રહેલાઓએ આ ભાસ્કરનું કહેવું માની લીધું ત્યારે તે બહુ નિશ્ચિંત બન્યો અને તેનામાં જે બેચેની હતી તે પણ ઓછી થઈ. મૃત્યુના ડરને બદલે તેની વૃત્તિ દિવસે દિવસે આનંદિત દેખાવી લાગી. જેવી રીતે તહેવાર આવવાનો હોય છે અને છોકરાઓ આનંદ ઉલ્લાસમાં રહે છે, તેવી રીતે ભાસ્કરની અવસ્થા આનંદિત દેખાવા લાગી. મહા વદ તેરસ તિથિના દિવસે મહારાજે ભાસ્કરને કહ્યું કે, આપણે શિવરાત્રીના પવિત્ર દિવસે ત્ર્યંબકેશ્વર જઈશું. તે જ્યોતિર્લિંગ બહુ જ જાગૃત છે. તે ત્ર્યંબકરાજ ભવાનીવર કેટલાંય વર્ષોથી ગોદાવરીના કિનારે બિરાજમાન છે. ત્યાં જે જ્યોતિર્લિંગ છે, તે પાપોના નાશ કરવાવાળુ છે. હવે વાર ન કરો. અમે ગંગાસ્નાન માટે જઈશું. હે ભાસ્કર ! ત્ર્યંબકેશ્વરમાં







એક બ્રહ્મગિરિ નામનો પર્વત છે. ત્યાં જાતજાતની વનસ્પતિ દવાઓ મળે છે. બ્રહ્મગિરિ પર્વત ઉપર ગેહિનીનાથચિન્મયરૂપમાં બેઠેલા છે, તેમને આ બધી દવાઓની સારી જાણકારી છે. કૂતરાના ઝેરની દવા ત્યાં મળે છે. તેનો આપણે લાભ લઈશું. આ સાંભળીને વિનયથી ભાસ્કર બોલ્યો કે, મહારાજ હે ગુરુરાજ હવે આ બધી ઔષધિઓ શા માટે ? તમારી સત્તા અગ્રણ્ય છે. તેના આગળ આ ઔષધિઓનો શું હિસાબ. આપની કૃપાથી હડકાયા કૂતરાનું ઝેર તો બેલાપુરમાં જ નાશ થયું છે. મારા આયુષ્યના ફક્ત હવે બે જ મહિના બાકી રહ્યા છે. એટલે મને એવું લાગે છે કે હું શેગાંવમાં જ રહું. કેમકે અમારા તો આ ત્ર્યંબકેશ્વર આપ છો. આપના ચરણ મારી તો ગોદાવરી નદી છે. તમારા પગ ધોઈને પીવાથી પણ મને ગંગાસ્નાન કર્યા જેટલું પુણ્ય અવશ્ય મળે. હવે તો મારા માટે તીર્થયાત્રા કરવા જવાને કાંઈ પણ મહત્ત્વ નથી. આ સાંભળીને મનમાં હસતાં હસતાં મહારાજે ભાસ્કર ને કહ્યું કે, તું કહે છે, તે વાત સત્ય છે. પરંતુ તીર્થના મહિમાની કિંમત તો સદા અમૂલ્ય રહે જ. તમારી ઇચ્છા ગમે તે હોય પણ ત્ર્યંબકેશ્વર ચોક્કસ જઈશું. જવાની તૈયારી કરો. આપણી સાથે બાળાભાઉ તેમજ પીતાંબર પણ આવશે. તે સર્વ શેગાંવથી નીકળી પડયા, અને શિવરાત્રીના દિવસે રાતના ત્ર્યંબકેશ્વર આવી પહોંચ્યા. તેમણે કુશાવર્ત તીર્થ ઉપર જઈને સ્નાન કરીને શંકરજીના દર્શન માટે ગયા, અને ગંગાદ્વારે જઇને ગોમતીનું પૂજન કર્યું. નીલાંબિકાના દર્શન કરીને ગેહિની, નિવૃત્તિનાથની સમાધિઓ ના દર્શન કર્યાં. ત્યારપછી બધા જ ગોપાળદાસને મળવા માટે નાસિક આવ્યા. આ ગોપાળદાસ મહંત પંચવટીમાં કાલારામના મંદિરમાં ધૂણી ધખાવીને બેઠા હતા. કાલારામના મંદિરની સામે એક પીપળાના ઝાડ પાસે ચબૂતરો હતો. મહારાજ તેમના ભક્તો સાથે ત્યાં જ બેસી ગયા. મહારાજ આવ્યા છે તેવી ખબર સાંભળતા જ ગોપાળદાસ બહુ જ હર્ષ પામ્યા. તેમની પાસે બેઠેલા ભક્તોને મહારાજે કહ્યું કે, વિદર્ભ પ્રાંતમાંથી મારા ભાઇ ગજાનન આવ્યા છે. અંતરભાવથી તેમનાં દર્શન કરી આવો અને મારા તરફથી તેમને સાકર અને નાળિયેર ભેટ આપી આવો. તેમને આ હાર પણ પહેરાવજો. તે અને હું એક જ છીએ. દેહ જુદા જુદા થયા હોવાથી અમે જુદા દેખાઈએ છીએ. જુદા દેખાઈએ છીએ તેથી અમને જુદા ન સમજશો. ગોપાળદાસે ભક્તોને જે કહ્યું હતુ તે જ પ્રમાણે ભક્તોએ કર્યું. તેમણે

મહારાજને દંડવત્ પ્રણામ કર્યા, ગળામાં હાર પહેરાવ્યો, અને નારિયેળ સાકરનો પ્રસાદ મહારાજની સામે જ મૂકી દીધો. પછી મહારાજે ભાસ્કરને કહ્યું કે આ પ્રસાદ બધાંને વહેંચી દે, પરંતુ ધ્યાનમાં રાખજે કે પ્રસાદ આપતી વખતે કાંઈ ગરબડ ના થાય. આ પંચવટીમાં મારા ભાઈ સાથે મુલાકત થઈ. મારું અહીંનું કાર્ય પૂરું થયું. હવે નાસિકમાં ધુમાળ વકીલને ત્યાં જવું છે મહારાજ નાસિક આવ્યા છે તે સાંભળીને લોકોની ભીડ વધવા લાગી. ત્યાં બહુ જ નાની મોટી વાતો બની. જો આ વાતોનું વર્ણન વિસ્તારથી કરીએ તો ગ્રંથબહુ જ મોટો થઈ જાય અને તે બીકે ટૂંકાણમાં કહી દીધું. તેના માટે હું ક્ષમા માંગુ છું. નાસિકમાં થોડા દિવસ રોકાઇને મહારાજ તેમના ભક્તો સાથે પાછા શેગાંવ આવી ગયા. મહારાજને અડગાંવ લઈ જવા માટે શ્યામસિંગ શેગાંવ આવ્યા. તેણે સાથે આવવા માટે ખૂબ જ આગ્રહ કર્યો, પરંતુ મહારાજે કહ્યું કે, રામનવમી ઉત્સવ પછી જ અડગાંવ આવીશું. હવે લઇ જવાની જીદ ના કરતા, તમે પાછા જાવ. શ્યામસિંગ મહારાજના ખાસ ભક્ત હતા તેથી તેમની આજ્ઞા થવાથી પાછા અડગાંવ ગયા. રામનવમીના દિવસે પાછા શ્યામસિંગ આવ્યા. તેમણે શેગાંવનો રામઉત્સવ જોયો. ત્યાર પછી મહારાજ અને તેમના શિષ્યો સાથે શ્યામસિંગ હનુમાન જયંતિના ઉત્સવ માટે અડગાંવ આવ્યા. મહારાજે અડગાંવમાં ખૂબ જ ચમત્કાર કર્યા. એક દિવસ બપોરના સમયે મહારાજે એકાએક ભાસ્કરને જમીન ઉપર ફેંકી દીધો, અને છાતી ઉપર બેસી ગયા ને લગાતાર ઠોંસા મારવા લાગ્યા. હાજર રહેલા ભક્તોમાંથી કોઈની પણ હિંમત મહારાજના આ કૃત્ય રોકવાને માટે ચાલી નહીં બાળાભાઉ નજીક જ હતા, તેમણે વિનયથી મહારાજને કહ્યું કે, હે સદ્ગુરુનાથહવે ભાસ્કરને છોડી દો, તે મારથી તેમજ આ ઘણા આકરા તડકાને લીધે હવે અધમુઓ થઇ ગયો છે. આવું સાંભળીને ભાસ્કરે કહ્યું કે, હે બંધુ બાળાભાઉ, મારા ખાતર મહારાજને રોકશો નહિ. મહારાજ તો સાક્ષાત ઈશ્વર જ છે. તે જે કરે તે કરવા દો જોવાવાળાને લાગતું હશે કે મહારાજ મને તમાચા મારે છે, પણ મને તો ગલગલીયા થઈ રહ્યા છે. ત્યારપછી જ્યાં રોકાયા હતા ત્યાં ભાસ્કરને લઇને મહારાજ આવી ગયા. મહારાજે બાળાભાઉને કહ્યું કે, ભાસ્કરને હવે આ લોક છોડવાને બે દિવસ બાકી છે. તે પંચમીના દિવસે વિદાય લેશે. આગળ જતાં મહારાજે પોતાના મનની વાત કહી નાંખી. આજે મેં ભાસ્કરને હેરાન કર્યો, તેનું શું કારણ હશે તે તમે જાણો છો ?





તને તો ભાસ્કરને મારી પાસે છત્રીથી શેગાંવમાં મરાવ્યો હતો. શું તે બીના તને યાદ છે ? ભાસ્કરના તે ખરાબ કૃત્યને પહોંચી વળવા માટે મેં તેને માર્યો હતો. તેને મારવામાં મારો બીજો કોઈ હેતુ હતો નહિ. હનુમાનજયંતિના ઉત્સવ પછી અડગાંવમાં શું થયું તે હવે સાંભળો. ઉત્સવના કાલા પ્રસાદની સમાપ્તિ થઈ ગઈ. વદ પાંચમને દિવસે મહારાજે ભાસ્કરને કહ્યું કે, અરે ભાસ્કર આજે તારો પ્રયાણદિન છે. તું હવે પદ્માસન લગાવીને પૂર્વાભિમુખ બેસી જા. તું તારું ચિત્ત સ્થિર કર અને ભગવાનમાં તારું મન પરોવીને ભગવાનનું નામ રટયા કર. જવા માટેની નિર્વાણ ઘડી નજીક જ આવી રહી છે. હવે એકાગ્ર ચિત્ત કર. ત્યાં હાજર રહેલા ભક્તોને મહારાજે કહ્યું કે, વિઠ્ઠલ વિઠ્ઠલ નારાયણ આ ભજન જોરથી બોલો. આ તમારો ભાઇ આજે વૈકુંઠલોકમાં જઈ રહ્યો છે, તમે લોકો તેને હાર પહેરાવી અબીલથી પૂજન કરો. ભાસ્કરે પદમાસન લગાવ્યું અને દષ્ટી નાસાગ્ર ઉપર સ્થિર કરી. આવું કરવાથી તેનું મન અન્તર્લીન થઈ ગયું. ભક્તોએ ભાસ્કરની પૂજા કરી, માળા પહેરાવી, અને અબીલ લગાવી આ બધી વિધિ મહારાજ બહુ જ ધ્યાનપૂર્વક જોઈ રહ્યા હતા. મહારાજના આદેશ અનુસાર ભક્તો એક પહોર સુધી ભજન કરતા રહ્યા. સૂરજ માથે આવ્યો. એકાએક મહારાજે હર હર એવો નામનો ઉચ્ચાર મોટેથી કર્યો. તે જ વખતે ભાસ્કરનું પ્રાણપંખેરું ઉડી ગયું. સંતો જેનો હાથપકડે છે તે તો હરિના મહેમાન બની જાય છે. ભાસ્કરના અંતિમ સંસ્કાર માટે ભક્તોએ મહારાજને પૂછયું કે, એનું શરીર ક્યાં પધરાવીએ કે જેથી તેના ઉપર સમાધિ બાંધી શકાય, મહારાજે કહ્યું કે દ્વારકેશ્વરમાં જ્યાં પશુપતિ, અને સતી એક થાય છે. ત્યાં ભાસ્કરના શરીરને રાખો. મહારાજ ની આજ્ઞા થતાં લોકોએ વિમાન તૈયાર કર્યું. કેળના થાંભલા લગાવ્યા. અને તેમાં ભાસ્કરનું શરીર મૂક્યું. ભજનમંડળી આગળ ભજન ગાતાં ગાતાં ભાસ્કરના શરીરને દ્વારકેશ્વરમાં લઈ આવ્યા. સમાધિની ધાર્મિકવિધિ પૂરી થઈ ગઈ. લોકો દુઃખી હૃદયે બોલ્યા કે, મહારાજનો વહાલો ભક્ત અમારાથી જુદો થઈ ગયો. બીજા દિવસે ગરીબોને અન્નદાન આપવામાં આવ્યું. દ્વારકેશ્વર, આ સ્થાન અડગાંવથી એક માઈલ દૂર પર આવેલ છે. આ જગ્યાનો દેખાવ બહુ જ પવિત્ર અને લોભામણો છે. ખાસ કરીને મોટી સંખ્યામાં આંબલીના ઝાડ આ જગ્યામાં બહુ જ છે. લીમડો, અશ્વત્થ, મંદાર, આંબા, વડ, ઉમરડા આ બધી જાતના વૃક્ષો પણ ત્યાં છે. સાથે સાથે ફૂલનાં વૃક્ષો અને વેલો

પણ થોડી ત્યાં હતી. દ્વારકેશ્વર અડગાંવ અને અકોલી બંનેની મધ્યમાં જ આવેલું છે. ત્યાંજ ભાસ્કરને સમાધિ લેવડાવી છે. દસ દિવસ સુધી અન્નદાનને થતું રહ્યું તેનું વર્ણન હવે સાંભળો. અન્નદાનને સંત-ભંડારો કહે છે. આંબલી ના ઝાડ નીચે બધાં જમવા બેઠાં હતાં, ત્યાં એક નવી ઉપાધિ ઊભી થઈ. ત્યાં બહુ જ કાગડાઓ ભેગા થયા અને લોકોને તકલીફ દેવા લાગ્યા. કાગડાના કા, કા, અવાજથી લોકો બહુ જ હેરાન થઈ ગયા. તે કોઇ વખત પતરાળમાં પીરસેલામાંથી ખાવાનું ઉઠાવી જતા, તો કોઈ ઝાડ ઉપરથી મળ ત્યાગ કરતા હતાં. આવી કાગડાઓની ઉપાધિથી જમવાવાળા બધા લોકો ત્રાસી ગયા. તેને નસાડી પણ મૂક્તા હતા. જમવાવાળામાં થોડા ભીલ લોકો પણ હતા. તેમણે તીર કાંમઠા તૈયાર કર્યા અને નિશાન તાકીને તીર છોડવાની તૈયારી કરી રહ્યા હતા એટલામાં તેમ કરતા રોકતા મહારાજ બોલ્યા, તેમને મારશો નહિ. અહીં આવવામાં તેમનો જરાપણ વાંક નથી, અહીં આવવામાં તેમનો એક જ વિચાર છે કે ચાલો, આપણને પણ આ ભંડારાનો પ્રસાદ મળી જશે. કેમકે ભાસ્કર પિતૃલોક પર ના રોકાતાં સીધો વૈકુંઠલોકમાં પહોંચી ગયો છે. દસ દિવસ સુધી મરનારનો આત્મા અંતરિક્ષમાં જ ભટક્યા કરે છે. અગિયારમાં દિવસે, જ્યારે બલિ અર્પણ કરાય છે, અને કાગડા તે પિંડને અડકે છે, ત્યારે તે આત્મા આગળ જાય છે. પરંતુ ભાસ્કરને પિંડદાનની જરૂર પડી નહિ. અને કાગડાને પોતાનો ભાગ મળ્યો નથી. તેથી જ તે ચિડાઈ ગયા છે. ભાસ્કરનો આત્મા વગર રોકટોકે સીધો જ વૈકુંઠલોકનો મહેમાન બની ગયો છે. એટલા માટે પિતૃલોકપર તેને પિંડદાનની જરૂર પડી નથી. જે આમ સીધી રીતે મુક્ત થતા નથી તેને જ પિંડદાનની જરૂર પડે છે. જેની આ કાગડા રાહ જોઇ રહ્યા હતા. ભાસ્કર સીધો જ વૈકુંઠલોકમાં ગયો છે. ભંડારાનો કાંઈક પ્રસાદ મળી જાય એ જ આશાથી કાગડાઓ અહીં આવ્યા છે. તમે એમને મારશો નહિ. હું જ તેમને સમજાવી દઉં છું કે, હે કાગડાઓ મારી વાત સાંભળો. કાલથી અહીંયા આવશો નહિ. નહિતર હું જ ભાસ્કર માટે બદનામ થઈ જઇશ. આજે પ્રસાદ લઇને તૃપ્ત થઈ જાવ, પણ કાલથી ન આવશો જે ભક્તો હતા તેમને તો મહારાજની વાત ઉપર વિશ્વાસ બેઠો, પરંતુ જે નાસ્તિક તેમજ દુષ્ટ બુદ્ધિવાળા હતા તેમને વિશ્વાસ આવ્યો નહિ. ઉલટું હસવા લાગ્યા. તેઓ અંદર અંદર એકબીજાને કહેવા લાગ્યા કે, મહારાજનું કહેવું સાચું નથી, કાંઈ અર્થવગરનું છે. કેમકે પક્ષી શું





માનવનું કહ્યું માનશે કે ? આ વાતની સચ્ચાઈ કાલે આવીને જોઈશું. મહારાજ જેવા ગાંડાઓ અગડંબગડં વાતો કરીને ભક્તોને પંજામાં લે છે અને તે ભક્તો પણ તેમના સાધુપણાના ગુણગાન કરતા ફરે છે. જે સત્ય હોય તે જ બોલ્વું જોઇએ અને પચી શકે તેવો જ ખોરાક ખાવો જોઇએ. જે વસ્તુ ખરેખર જ નથી તેનો આભાસ પેદા કરવો નકામો છે. બીજે દિવસે રૂબરૂ કુતૂહલ જોવાવાળા માણસો કાગડાને જોવા માટે આવ્યા, પરંતુ ત્યાં તો નામ માટેનો એકેય કાગડો દેખાતો ન હતો. આ ચમત્કાર જોતાં તેઓ આશ્ચર્યચકિત થયા અને સાથે સાથે પોતાના અવિશ્વાસ ઉપર શરમાયા. શરમિંદા થઇને તેઓ મહારાજના શરણે આવ્યા. હે શ્રોતાજનો ત્યાં બાર વર્ષ સુધી એક પણ કાગડો નજરે પડયો ન હતો, ચૌદ દિવસ પૂરા થતાં મહારાજ તેમના શિષ્યોને લઇને પાછા શેગાંવમાં આવી ગયા. હે શ્રોતાજનો શેગાંવમાં એક નવી વાત બની ગઇ. તે એક ચિત્તથી સાંભળો. તે દિવસોમાં બધે જ દુકાળ પડેલો હતો. દુકાળના પીડિત લોકોને માટે કુવા ખોદવાનું કામ ચાલી રહ્યું હતું. સુરંગ લગાડી લગાડીને કુવા ઊંડા બનાવવામાં આવતા હતા. એક જગ્યાએ ખોદવા છતાં પણ પાણી ન નીકળતા કાળો પત્થર આવી ગયો. કુવો ખોદવાનું કાર્ય રોકાઈ ગયું. ત્યારપછી તે પત્થરમાં શારડીથી ચાર કાણા પાડયા અને તેમાં ખૂબ જ ઠાંસી ઠાંસીને દારૂગોળો ભર્યો, જામગરી પણ બરાબર ગોઠવી દીધી અને તેમાં દેવતા પણ લગાડયો. ઘણો જ સમય થયો છતાં પણ દારૂગોળો ફુટયો નહિ. નીચેનું પાણી પત્થરના લીધે ઉપર આવી શકતું ન હતું કેમકે જામગરી અને દારૂગોળો વચ્ચે કાંઇક રૂકાવટ આવી ગયેલ હતી. મિસ્ત્રીએ વિચાર કર્યો કે જો અંદર જઇને જામગરી બરાબર નહીં કરીએ તો પાણીથી બધું જ ખરાબ થઈ જશે અને સુરંગ કોઈ જ કામમાં આવશે નહિ. પરંતુ આ જોખમી કામ કરવા માટે જવાબદારી લેવા કોઈજ તૈયાર ન હતું, કેમકે જરાપણ સરકતા સુરંગ ફુટી પડે તો બચવું મુશ્કેલ એવો બધાંને ડર હતો. મિસ્ત્રીનું ધ્યાન એક ગરીબ મજુર ઉપર ગયું તેનું નામ હતું ગણૂજવર્યા. તેમણે તેને આ કામ કરવાનું કહ્યું. બિચારો આ કામ ના કરત તો શું કરત કેમકે તે બિલકુલ જ ગરીબ હતો. ગણૂ ધીરે ધીરે કુવામાં ઉતર્યો, અને સુરંગની નળીને ધકેલી તો તે આગ પકડેલી જ હતી, જેવી તે અંદર ગઈ કે તરત જ સુરંગ બહુ જ જલ્દીથી ધડાકા સાથે ફૂટી, ભય સામે જોતાં જ ગણૂએ મહારાજને દિલથી યાદ કર્યા કેમકે તે મહારાજને ખૂબ જ માનતો હતો, અને અવસર મળતાં તે કૂવાની એક બખોલમાં છૂપાઇ ગયો. સુરંગનો અવાજ સાંભળીને મિસ્ત્રી, તેમ જ

બાકીના માણસો એ વિચાર્યું કે જેમ આ પત્થરો ઉડી ઉડીને આવી પડયા છે, તેમ ગણૂ તેનું શબ પણ દૂર ફેંકાઇ ગયું હશે જ. અંદર કૂવામાં જોયું તો ત્યાં ધુમાડો જ હતો. અંદરનું કશું જ જોઇ શકાતું ન હતું. મિસ્ત્રીએ કહ્યું કે, ગણૂ મરી ગયો હશે. તેની લાશને આમતેમ જોઇને ખોળી કાઢો. મિસ્ત્રીનો અવાજ સાંભળીને કુવામાંથી ગણૂ બોલ્યો કે, હું મહારાજની કૃપાને લીધે બચી ગયો છું, મર્યો નથી અને કુવાની બખોલમાં સુરક્ષિત છું. આ બખોલ એક પત્થરથી બંધ થઈ ગઇ છે, તેથી મારાથી બહાર નીકળી શકાતું નથી, ગણૂના શબ્દો સાંભળીને લોકો આનંદિત થયા અને થોડા માણસો અંદર જઇને પત્થર ખસેડી ગણૂને બખોલમાંથી બહાર કાઢયો. અને કૂવાની બહાર લઇ આવ્યા. ઉપર આવતાં જ ગણૂએ મહારાજના દર્શન માટે દોટ મૂકી. ગણૂને સામે જોતાં જ મહારાજ બોલ્યા કે, ગણ્યા બખોલમાં બેઠા બેઠા કેટલા પત્થર ઉડાવ્યા ? તેમાં જે મોટો પત્થર હતો, તે ત્યાં બખોલ આગળ અચકાઈ પડવાથી તું બચી ગયો છે. પરંતુ આવી રીતે કામ કદાપિ નહિ કરવું તે વાત તું ધ્યાનમાં રાખ. આગ સામે રમત કરવી એટલે જીવનું જોખમ, આ વાત ધ્યાનમાં રાખજે હવે જે તારા ઉપર આફત આવી હતી તે પૂરી થઈ ગઇ છે. ગણૂને જોવા માટે ગામના લોકો ત્યાં હાજર થઇ ગયા. ગણૂ થયેલી હકીકત બતાવતાં બોલ્યો કે, હે સદગુરુનાથ, જ્યારે સુરંગ ઉડી ત્યારે આપે તો મને હાથપકડીને બખોલમાં બેસાડયો હતો. અને તેથી જ મારો જીવ બચી ગયો. અને આપના ચરણ જોવા અહીં આવી શક્યો છું. હે ગુરુરાજ જો તમારી કૃપા ન જ હોત તો કુવામાં ક્યારનો પુરો થઈ ગયો હોત. આવી રીતે ગજાનન મહારાજની કૃપા મહિમા માપી શકાય તેમ જ નથી તો હું મારા મોઢે કહેવાને માટે ક્યાંથી શક્તિમાન હોઉ. શ્રી દાસગણૂરચિત આ ગજાનન વિજય નામનો ગ્રંથવાંચન કરવાવાળાને સુખ પ્રદાન કરે એવી દાસગણૂની અંતરની ઇચ્છા છે.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ઇતિ અગીયારમો અધ્યાય સમાપ્ત:॥





શ્રી ગજાનન મહારાજની દિલથી પ્રાર્થના કરતાં સૂકા આંબાના ઝાડને નવા પાન ફૂટ્યાં.

## અધ્યાય બારમો

શ્રી ગણેશાય નમ:, હે ગણોમાં મહાન ગણપતિ, મયૂરેશ્વર વિમલકીર્તિ (સ્વચ્છકીર્તિવાળા) મારા હૃદયમાં રહીને આ ગ્રંથને સંપૂર્ણ રીતે પૂરો થઈ શકે તેમ કરશો. આપ તો જ્ઞાન, બુધ્ધિ આપવાવાળા છો. ભક્તોની મનોકામના પૂરી કરવાવાળા છો. હે ગણરાય આપની કૃપાથી સર્વ વિઘ્નો નાશ થઈ જાય છે. આપ તો સાક્ષાત ચિંતામણિ છો. પૂરાણોનો સાર એવો છે કે, ભક્તો મનમાં જે જે ઇચ્છા રાખે તે હે એકદંત, લંબોદર, પાર્વતીસુત, ભાલચંદ્ર કૃપા કરીને પૂરી કરશો જ. બચુલાલ અગ્રવાલ અકોલામાં રહેતા હતા. તે ધનસંપત્તિ વાળો હોવા છતાં પણ તે ચોખ્ખા દિલનો પ્રેમી માણસ હતો. તેમણે કારંજાના લક્ષ્મણ ઘુડેની વાત કાનોકાન સાંભળી, પરંતુ તેને તેના માટે  શંકા ઉપસ્થિત થઈ. શું આ સાચું હોઈ શકે, તેમ મનમાં વિચારવા લાગ્યો. તે આ બધું વિચારી જ રહ્યો હતો ત્યાં જ મહારાજ અકોલા આવી પહોંચ્યા. બચુલાલ તો તેમનો ભક્ત હતો, તેથી મહારાજ એમને ઘેર આવ્યા, અને ચબૂતરા ઉપર બેસી ગયા. મહારાજને જોતાં જ બચુલાલ ખૂબ જ આનંદ પામ્યા. તેણે મહારાજને કહ્યું કે, હે ગુરુરાજ, આજ આપની પૂજા કરવાની મનમાં ઇચ્છા છે. તેની વાત સાંભળીને મહારાજે માથું હલાવ્યું. તેનો અર્થ એકે તે બચુલાલની વાતમાં સહમત છે. બચુલાલે બધી જ તૈયારી કરી મહારાજનું ષોડશોપચારથી પૂજન શરૂ કર્યું. પ્રથમ મહારાજને લેપ (ચંદનનો) લગાવી મંગલ સ્નાન કરાવ્યું પછી જરીનું સુંદર પીતાંબર મહારાજને પહેરાવ્યું. કાશ્મીરી શાલ ઓઢાડી અને માથે જરી ભરેલો એક રૂમાલ પણ બાંધી દીધો. તેની પાસે એક કિંમતી હાર હતો. તે પણ  તેણે મહારાજને ગળામાં પહેરાવ્યો. સાથે બહુ જ મૂલ્યવાન હીરાની એક વીંટી પણ મહારાજને હાથની આંગળી ઉપર પહેરાવી. આટલી રીતે શણગારી તેણે મહારાજને એક સુંદર આસન ઉપર બેસાડ્યા અને જલેબી, પેંડા, અને રાઘવદાસ વિગેરે નૈવેદ્ય માટે પિરસી સામે થાળી મૂકી. ત્રિકોણાકાર પાનનું બીડું બનાવીને એક તબકડીમાં મૂક્યું. અષ્ટગંધનું તિલક કર્યું. સુંદર અત્તર લગાડીને ગુલાબજળ પણ  છાંટ્યું. અને એક મોટા સોનાના વાસણમાં દક્ષિણાને માટે રૂપિયાનો ઢગલો કરી દીધો. તેની કિંમત અસંખ્ય રૂપિયા, અશરફી, સોનામહોરથી પણ  ગણાય નહિ. જો તે રૂપિયાનો ઢગલો ગણીએ તો દસહજારથી પણ  ઓછા ન થાય. જેનું વર્ણન કરવું અશક્ય છે. મહારાજના સામે નારિયળ મૂકીને બચુલાલ વિનયથી બોલ્યા કે, મહારાજ મારા મનમાં એક

રામમંદિર બનાવવાની ઇચ્છા છે. આ ચબૂતરો બહુ જ નાનો છે. ત્યાં વધારે માણસો બેસી શકતા નથી. એટલા માટે રામમંદિર બનાવવાની મારી ઇચ્છા આપ પૂર્ણ કરો. આવું કહેતા ભાવભક્તિ સહિત બચુલાલે મહારાજને સાષ્ટાંગ નમસ્કાર કર્યાં. તેની ભાવભક્તિ જોતાં મહારાજ બોલ્યા કે તારી ઇચ્છા જાનકી વલ્લભ પૂરી કરશે. પછી મહારાજે તેને કહ્યું કે તું મને એ બતાવ કે શું હું બળદ છું તે મને આવી રીતે શણગાર્યો છે. હું પેલા તહેવારનો બળદ નથી કે અધિક માસનો ઘોડો નથી. મારે આ દાગીનાનો શો ઉપયોગ ? આ વણમાગેલું ઝેર મારાથી દૂર જ રાખો. મને આ ઉપાધિમાં ના પાડો રે બચુલાલ! તારી ધનવાનતા બતલાવવા માટે તો આ રમત નથી રમી રહ્યો ને ? જેને જે ભાવ તેને તે આપવું જોઈએ. હું તો ગાંડો સન્યાસી છું. ગામમાં હંમેશા નાગો ફર્યા કરું છું. એટલા માટે આ તમારું તમને જ મુબારક. આ બધી ચીજ વસ્તુની જરૂર તો સંસારીને જ પડે છે. મારો માલિક તો ભીમા નદી ઉપર કેડે હાથરાખીને ઉભો છે શું તે આ બધું મને આપવાને માટે અસમર્થ થોડો જ છે ? આવું કહેતાં કહેતાં મહારાજ બધા જ દાગીના ઉતારી નાખવા લાગ્યા. પહેરેલા વસ્ત્રો પણ કાઢી નાખીને ફેંકી દીધા. ફક્ત મહારાજ બે પેંડા ખાઈને નીકળી ગયા. આ બધું જોતાં હાજર રહેલા ભક્તો ખુબ જ દુઃખી થયા. આ ભક્તોમાં થોડા ભક્તો કારંજાના પણ હતા. તેઓ અંદર અંદર કહેવા લાગ્યા કે, અમારા લક્ષ્મણ સાચે સાચ જ ખરાબ કિસ્મતના હતા. તેમણે બચુલાલે મહારાજનું પૂજન કર્યું હતું. તેવું જ કર્યું હતુ પણ લોભી હોવાથી અંતરમાં જુદો અને મુખપર જુદો ભાવ પ્રગટ કર્યો. તેનું દંભી મન પારખવામાં શ્રી ગજાનન મહારાજ થોડા જ અસમર્થ છે ? અભિમાની માણસો શબ્દોથી પૂજા કરે છે, અને મૂલ્યવાન વસ્ત્રોની પૂર્ણતા તો ચોખાથી થાય છે. તે મોઢેથી તો શર્કરાખંડખાદ્યાનિ એવું બોલે છે, પરંતુ ભગવાન આગળ તો સડેલી મગફળીના દાણા મૂકે છે. જેને જેવી ભાવના તેવું ફૂળ મળે છે. આખરે લક્ષ્મણ અભિમાનને લીધે જ પાયમાલ થયો. પરંતુ આ બચુલાલને ધન્ય છે કેમકે તેણે તો સાચા દિલથી મહારાજની પૂજા કરી હતી. અને તેથી તેને ફળ પણ સારું પ્રાપ્ત થયું. દિન પ્રતિદિન તેની આવકમાં પણ વધારો થવા માંડયો. જેના ઉપર સંતની કૃપા થાય છે તે પ્રસન્ન જ રહે છે. મહારાજના અચાનક ચાલી જવાને લીધે બચુલાલે મહારાજને આખાય અકોલા શહેરમાં ખોળ્યા. પરંતુ મહારાજનો ક્યાંય પત્તો મળ્યો નહિ. એક પીતાંબર નામનો ગજાનન મહારાજનો શિષ્ય હતો. તે શેગાંવમાં મહારાજ સાથે રહેતો હતો. તેણે મહારાજની દિલથી સેવા કરી હતી. તેથી તેની





શ્રી ગજાનન વિજય

તપસ્યા ફળી હતી. એક દિવસે મઠમાં એક બીના બની. મઠમાં પીતાંબરે જીર્ણ ધોતિયું પહેરેલું હતું. આ જોઈને મહારાજ હસતા તેને કહેવા લાગ્યા. અરે તારું નામ તો પીતાંબર છે. પરંતુ તેં તો એક ફાટેલું જ વસ્ત્ર પહેર્યું છે કે જેનાથી પાછલો ભાગ દેખાઈ રહ્યો છે. ઓછામાં ઓછું તારે આ પાછલો ભાગ તો ઢાંકવો જોઇએ. નામ હોય તો સોનુબાઈ પણ હાથમાં કંગન લોખંડના જ પહેરેલા હોય. નામ કહે તો ગંગાબાઈ પરંતુ જોવા જઇએ તો પાણી વગર તરસતી હોય. આવી તારી હાલત છે. આ ફાટેલું ધોતિયું તો ફેંકી દેવાને લાયક છે. આવું ફાટેલું ધોતિયું પહેરીને તારા શરીરનો પાછલો ભાગ બતાવતો ફરે છે, તો લે, આ ખેસ, તે પહેર. પરંતુ લોકો ગમે તેમ કહે છતાં તારે આ પહેરી રાખવાનું, ભૂલતો નહિ. મહારાજે આપેલો ખેસ પીતાંબરે પહેર્યો. તે તેના બીજા સાથીઓથી સહન થઈ શક્યું નહિ. સ્વાર્થમાં અંધ એવા એક ભાઈ ઉપર બીજો ભાઈ શત્રુ બનીને તેનો વિનાશ કરવા તૈયાર થઈ જાય છે. તેમની વેરઝેરની વાત કરવાથી શું ફાયદો ? કેમકે ખાળ કૂંડીનું ઢાંકણ ખોલતાં જ દુર્ગંધ મારે છે. શ્રી ગજાનન મહારાજના બહુ જ શિષ્યો હતા, પરંતુ શ્રેષ્ઠ તો આંગળી ગણાય તેટલા જ હતા. જંગલમાં ઝાડ તો બહુ જ હોય છે, પરંતુ ચંદનનું ઝાડ તો ભાગ્યે જ નજરે પડે છે. મહારાજના જે ભક્તો હતા તે પીતાંબરને મહેણાં મારવા લાગ્યા. અને હાથથી ઇશારા કરીને કહેવા લાગ્યા કે આ જુઓ તો ખરા મહારાજના સાચા શિષ્ય જે મહારાજે પહેરાવ્યું તે વસ્ત્ર પહેરીને આમતેમ ફર્યા કરે છે. તારી ભક્તિની અમને ખબર પડી ગઇ છે. તું તો ખુશાલચંદ જેવો દેખાય છે. તારા અહીં રહેવાથી, તારા કૃત્યથી તો મહારાજનું અપમાન થાય છે. આવું સાંભળીને પીતાંબર બોલ્યો કે, આ વસ્ત્ર પહેરીને મેં મહારાજનું અપમાન નથી કર્યું. પરંતુ તેમણે આપેલી પ્રસાદીની ભેટની મેં ઇજ્જત કરી છે. આ વસ્ત્ર તેમણે મને આપેલ છે અને તે મેં પહેરી રાખેલ છે. આનાથી કાંઇ મહારાજની આજ્ઞાભંગ તેમજ અપમાન કેવી રીતે થયું છે ? આટલું તે બોલ્યો છતાં પણ કોઇને તેની વાત પસંદ પડી નહિ, અને દિનરાત તેની ઈર્ષા કરવા લાગ્યા. આવું બળતા હતા તે માટે મહારાજે એક વાત કહી કે જેના થી વાંસ પણ નહિ રહે અને વાંસળી પણ નહિં વાગે. મહારાજે પીતાંબરને કહ્યું કે, હવે તું અહીંથી કોઇક દૂર જગ્યાએ ચાલ્યો જા, કેમકે છોકરા મોટા થાય ત્યારે કહેવત છે કે માબાપથી જુદા થાય છે. હે પીતાંબર મારી હંમેશાં તારા ઉપર કૃપા રહેશે જ. હવે તું અહીંથી નીકળીને દીનદુઃખીની સેવા કર. મહારાજની આજ્ઞા માથે ચઢાવીને પીતાંબર અશ્રુ ભરેલા નેત્રોથી મહારાજ પાસેથી વિદાય લઈ ચાલવા

અધ્યાય ॥ ૧૨ ॥

માંડયું. તેના પગ આગળ વધવા લાગ્યા, પરંતુ તેનું મોં મઠ તરફ અને આંખો મહારાજ તરફ જ હતી, પીતાંબર ચાલતાં ચાલતાં કોંડોલી નામના એક નાના ગામની નજીક આવી પહોંચ્યો. સાંજ પડી હતી, મોંઢામાંથી મહારાજનું નામસ્મરણ ચાલી રહ્યું હતું. સંધ્યાકાળે તેને ગામમાં જવું સારું લાગ્યું નહિ, તે એક આંબાના ઝાડની નીચે બેસી ગયો. ઝાડની નીચે કીડીઓ બહુ જ હતી. તે પીતાંબરને કરડવા લાગી એટલા માટે તે સવાર થતાં જ ઝાડ ઉપર ચઢીને બેસી ગયો. ત્યાં પણ કીડીની તકલીફને લીધે એક ડાળથી બીજી ડાળ તરફ જતો હતો. તોય પણ તેને બેસવા લાયક જગ્યા મળી નહિ. તેની ઉછળકૂદ ભરવાડોએ જોઈ તેમના મનમાં એક પ્રશ્ન ઉભો થયો કે આ માણસ વાંદરાની માફક એક ડાળીથી બીજી ડાળી પર કુદાકુદ કેમ કરે છે ? આ વાતમાં કાંઈ સમજણ પડી શકતી  નથી એ તો બીક વગર એક ડાળીથી બીજી ડાળીએ જાય છે. છતાં પણ નીચે પડતો નથી. આ એક અજાયબીભરી વાત છે. ત્યાં એક બીજો બોલ્યો કે તેમાં અચંબાની શું વાત છે ? શ્રી ગજાનન મહારાજના શિષ્યો પણ આવી લીલા દેખાડે છે. આની આ લીલાથી ગજાનન મહારાજનો શિષ્ય છે તે સાબિત થાય છે. ચાલો, આપણે ગામમાં જઇને આ વાત બધાને કહી સંભળાવીએ. આ (ચરાવાવાળા) ભરવાડની વાત સાંભળીને કોંડોલીના બધા જ લોકો મહારાજના શિષ્યને જોવા માટે આંબાના ઝાડ નીચે આવી પહોંચ્યા. પહેલાં તો કોઈને પણ તેના ઉપર વિશ્વાસ આવ્યો નહિ. એટલા માટે ગુપચુપ કાનમાં વાત કરવા લાગ્યા કે આતો ઢોંગી થઈને આવો ગાંડા જેવો વર્તાવ ગજાનનના શિષ્યની માફક જ કરી રહ્યો છે. ગજાનનનો સાચો શિષ્ય તો ભાસ્કર પાટીલ હતો જેનો હાલમાં જ આડગાંવમાં સ્વર્ગવાસ થયો છે. કોઈએ શંકા કરતા કહ્યું કે, ગજાનન મહારાજનો શિષ્ય અહિં શું કરવા આવે ? તે છતાં પણ સાચું જાણવા માટે તેને પૂછી જોઈએ તે શું કહે છે તે આપણે સાંભળીયે ખાલી વિચાર કરવામાં શું ફાયદો ? આખરે એક સજ્જન આગળ વધ્યા અને જઇને પીતાંબરને પૂછ્યું કે, તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? તમારા ગુરુ કોણ છે ? તેમને જવાબ આપતા પીતાંબરે કહ્યું કે હું શેગાંવનો રહેવાસી છું હું જાતનો હરિજન છું. મારુ નામ પીતાંબર છે. હું તો ગજાનન મહારાજનો શિષ્ય છું. તેમની આજ્ઞાથી ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો છું. અને આંબાના ઝાડ નીચે બેઠો હતો. આંબાના ઝાડની નીચે કીડીઓની તકલીફને લીધે હું ઝાડ ઉપર જઇને બેઠો છું લોકોને પીતાંબરની વાત ઉપર ભરોસો આવ્યો નહિ. તે લોકો ગુસ્સે થઈને બોલ્યા કે, મોટાનું નામ લઈને તું આ વાંદરવેડા કરી રહ્યો છે. [illegible]







[illegible] સ્વામી મહારાજ તો સાક્ષાત ભગવાન છે, તેમનું નામ લઈને તેમની મોટાઈને કલંકીત ના કર, અરે ગાંડા, તેમણે એક વખત પોતાની શક્તિથી એવી લીલા કરી હતી કે કેરીની ઋતુ ન હતી છતાં પણ આંબા ઉપર  કેરીઓ આવી હતી તેમણે આંબાને કેરીઓ લગાવી હતી, તો તું અગર તેમનો ભક્ત છે, તો કેરીને બદલે વૃક્ષમાં પાન તો પેદા કર. આવું જો નહિ થાય તો તારી ખેર નથી, અમે તને ખૂબ જ બરાબર મારમારીશું આ આંબાના ઝાડને નવ પલ્લવીત કરી નાખ. લોકોની આવી ઇચ્છા સાંભળીને પીતાંબર ગભરાઈ ગયો. તે ખૂબ જ વિનયપૂર્વક બોલ્યો કે મને ખોટો હેરાન ના કરો. મારી વાત સાંભળો. એક જ ખાણામાંથી પત્થર અને હીરા નીકળે છે. ગજાનન મહારાજના શિષ્યમાં હું તેજસ્વી છું, તેમની ભક્તિમાં ભરપૂર છું, તમે મારા ઉપર વિશ્વાસ કરો. ચકમક પત્થરને લીધે કઇ ખાણની મહત્તા ઓછી થતી નથી. એટલે હું મારા  ગુરુનું નામ લેતાં શા માટે અચકાવું ? આવું સાંભળતા શ્યામરાવ બોલ્યા કે, આ ખોટી વાતો બંધ કર. જ્યારે શિષ્ય મુસીબતમાં આવે છે, ત્યારે તે પોતાના ગુરુની સાચા દિલથી પ્રાર્થના કરે છે. પછી ભલેને તે શિષ્ય એટલો પાત્ર ના હોય છતાં પણ ગુરુની  સહાયતા તેને મળી જાય છે. આવી રીતે પીતાંબરને એક બાજુ વાવ તો બીજી બાજુ કૂવો જેવી  પરિસ્થિતિ થઈ ગઈ. બિચારો બહુ જ ચિંતાતુર થઈ ગયો. હવે શું કરવું તે વિચારોમાં તે બેચેન થઈ ગયો. હવે શું થાય છે તે તમાશો જોવા ઝાડની આજુબાજુ  ગામના લોકો ભેગા થઈ ગયા. પીતાંબર વિવશ થઇને ઝાડની પાસે આવ્યો. ગુરુમુર્તિ આંખોની સામે લાવીને પીતાંબરે તેમની પ્રાર્થના કરવાની શરૂ કરી દીધી. હે સ્વામી સમર્થ શ્રી ગજાનન મહારાજ, હે નારાયણ નિરાધાર ગરીબની સેવા કરવાવાળા મને આ ઉપાધિમાંથી બચાવો. મારા લીધે આપનો મહિમા ઘટી રહ્યો છે. એટલા માટે ભાવપૂર્વક પ્રાર્થના કરું છું કે આ સૂકા આંબાના ઝાડમાં પાંદડા ફૂટી નીકળે. મને તો આપનામાં સંપૂર્ણ શ્રધ્ધા છે. આ લોકોના કહેવા પ્રમાણે જો નહિ બને તો આ લોકો મને જીવથી મારી નાંખશે. ભકત પ્રહ્લાદના માટે આપ થાંભલામાંથી પ્રગટ થયા, જનાબાઈને જ્યારે શૂળી ઉપર ચઢાવ્યા ત્યારે તો આપની કૃપાથી શૂળીનું પાણી પાણી થઈ ગયું. જે રીતે જનાબાઈને તમારા ઉપર ભરોસો હતો. ભગવાન અને સંત એક જ (અભિન્ન) હોય છે. ભગવાન જ સંત છે, સંત તો ભગવાનનો અવતાર મનાય છે. લોકો મને ગજાનન મહારાજનો શિષ્ય કહે છે. તેમાં

મારી કોઈ મોટાઈ નથી, પરંતુ આપ જેવાની કૃપાથી અમારા જેવા નાના પણ મોટા થઈ જાય છે. જ્યારે દોરામાં પુષ્પ પરોવવામા આવે છે. ત્યારે જ દોરાની કિંમત વધે છે. આપ તો પુષ્પ છો, અને હું તો દોરો છું. આપ કસ્તુરી છો હું તો માટી છું સાચું કહીએ તો આપના કારણે જ હું મુસીબતમાં ફસાઈ ગયો છું. હે ગુરુરાય  મારી કસોટી ના કરશો. જલ્દીથી આવીને આ સૂકા ઝાડને પાંદડા લાગે તેવું કરવાની કૃપા કરશો. પીતાંબરે લોકોને કહ્યું કે, સદ્ગુરુનું નામ જપ્યા કરો. બોલો જય જય ગજાનન સાધુ મહારાજ શેગાંવના ઓલિયા આપની જય હો હાજર રહેલા લોકોએ પણ જ્યારે મહારાજનું નામ સ્મરણ શરૂ કર્યું, ત્યારે લોકોએ જોયું કે પાંદડા વગરના આંબાના  ઝાડને લીલા પાંદડા ફૂટ્યાં હતાં. અને આખોય આંબો લીલા પાંદડા વડે શોભી રહ્યો હતો. કોઈ બોલવા લાગ્યા કે આપણે સ્વપ્ન તો નથી જોઈ  રહ્યા? અને એકબીજાને કહેવા લાગ્યો કે મનેજરા ચૂંટી ભરો તો સાચું શું છે તેની ખબર પડે. કોઇક બોલ્યા કે આ નજરબંધી જ છે. જાદુગર દોરડાનો સાપ બતાવે છે. ઝોળીમાંથી ઢગલોં રૂપિયા કાઢે છે. એવી રીતે શું આ જાદુ તો નથી કર્યો ? જ્યારે લોકોએ પાંદડા તોડી જોયાં ત્યારે લોકોનો ભ્રમ દૂર થઈ ગયો. આ આંખે દેખેલો ચમત્કાર જોઇને, લોકો માની ગયા કે આ લીલા તો શ્રી ગજાનન મહારાજની છે. તે તો સાચે જ મહાન સંત છે. તેમાં હવે જરા પણ શંકા નથી. આ શિષ્ય મહારાજનો છે, તે માટે ખોટી શંકા કરવી તે પણ નકામી છે, ઉલ્ટું તેના ગુરૂનું અપમાન કરવા જેમ છે. હવે તેને માનમરતબાથી આપણે ગામમાં લઈ જઇશું, કેમકે કોઈ દિવસ તેમના શિષ્ય માટે મહારાજ કોંડોલી જરુર આવશે. આ વાત દરેકેમાન્ય રાખી અને સામૈયું કરીને પીતાંબરને ગામમાં લઇ આવ્યા. દુનિયાની રીત જ એવી છે કે ચમત્કાર વગર નમસ્કાર નહિ. જેવી રીતે સમર્થ રામદાસ સ્વામીજીએ લોકોના ભલા માટે તેમના પ્યારા શિષ્ય કલ્યાણને ડોમગાંવ મોકલ્યો હતો એવી રીતે મહારાજે પીતાંબરને કોંડોલી ગામમાં મોકલ્યો. તે ગામમાં આવ્યો ત્યારથી ગામના દરેક માણસોની દરેક રીતે પ્રગતિ થવા માંડી. શ્રોતાજનો તે જ આંબાનું ઝાડ અત્યારે પણ વિદ્યમાન છે અને દરેક આંબાના કરતાં વધારે કેરી તેના ઉપર આવે છે. ગામના લોકોનું તો હવે શ્રધ્ધાસ્થાન પીતાંબર જ થઈ ગયો છે. તે પ્રાતઃ સ્મરણીય વ્યક્તિ થઈ ગયો છે. હીરાની કરચ ગમે ત્યાં જાય છતાં તેની કિંમતનો ફેર પડતો નથી. ભક્તજનોએ કોંડાલીમાં પીતાંબર માટે મઠ બાંધ્યો.







તેમનો દેહાંત પણ સમય આવતાં ત્યાં જ થયો. આ બાજુ શેગાંવમાં મહારાજ એક દિવસ બહુ જ ઉદાસ બનીને મઠમાં બેઠા હતાં. ચિત્તશાંત ન હતું તેથી શિષ્યોએ મહારાજને વિનંતિથી પૂછ્યું કે, તમે શા માટે ઉદાસ દેખાવ છો ત્યારે મહારાજ બોલ્યા કે, આપણા કૃષ્ણા પાટીલ ગુજરી ગયા છે. તે દરરોજ મને ચીકણી સોપારી લાવી આપતા હતા તેની મને યાદ આવી તેથી હું બેચેન બની ગયો છું, તેમનો છોકરો રામ તો હજી બહુ જ નાનો છે, હવે મને ચીકણી સોપારી કોણ લાવી આપશે ? રામ મોટો થશે ત્યારે મારી સેવા કરશે પરંતુ હવે હું આ મઠમાં નહિ રહું. મહારાજના આવું બોલવાને લીધે તેમના શિષ્યો બહુ જ ચિંતાતુર થયા તેઓ જાણી ગયા કે હવે મહારાજ અહીં રહેવા માટે ઇચ્છતા નથી ત્યારે બધાં જ શિષ્યોએ નક્કી કર્યું કે કોઇપણ હાલતમા મહારાજને અહીંથી જવા દેવા નહિ આપણે બધાય જીદ પકડીને તેમના પગમાં બેસી જઇશું. આવો વિચાર કરીને શિષ્ય-ગણ મહારાજની પાસે આવ્યો. તેમાં શ્રીપતરાવ, બંકટલાલ, તારાચંદ અને મારુતિ આ બધાં મુખ્ય હતા. બધાએ તેમના પગમાં પડીને કહ્યું કે, મહારાજ, અમને છોડીને બીજી જગ્યાએ જવાનો વિચાર કરશો નહિ. અગર તમારી ઇચ્છા મઠમાં રહેવાની ના હોય તો શેગાંવમાં બીજી કોઈ પણ જગ્યાએ રહી શકો છો. પરંતુ આ ગામ છોડશો નહિ. તેમના આવા કહેવા ઉપર મહારાજે કહ્યું કે, આ ગામમાં તડા છે. એક દેશમુખનું જૂઠાણૂં તો બીજુ  પાટીલનું જૂઠાણું છે. માટે હવે તો હું જે જગ્યાએ રહીશ તે જગ્યા કોઇની પણ નહિ હોય, અને ત્યાં હું રહીશ. મહારાજની ઇચ્છા અજબની હતી. એટલા માટે બધાં ભક્તો વિમાસણમાં મૂકાઇ ગયા. મહારાજ આ બંને જૂથના માણસોમાં કોઇને ત્યાં પણ રહેવા માગતા ન હતા. હવે સરકારી જગ્યા રહી. તે જગ્યા સરકાર કેમ આપે ? આપણા સંતોનું મહત્ત્વ વિદેશી સરકાર કેવી રીતે જાણી શકે ? બંકટલાલે મહારાજને કહ્યું કે, આવી વાતો ધ્યાનમાં લઇને અમોને મુશ્કેલીમાં ના નાંખો. વિદેશી સરકાર આપણા ધાર્મિક કાર્ય માટે જમીન આપશે તેનો મને જરાપણ ભરોસો નથી. એટલા માટે અમારા કોઇની પણ જગ્યા આપ માંગો તે અમે આપવા તૈયાર છીએ. મહારાજ બોલ્યા કે, આ તારું અજ્ઞાનપણ છે. જમીનનો માલિક તો ફક્ત સચ્ચિદાનંદ જ છે. આજ સુધી કેટલાય રાજા મહારાજા ગાદી ઉપર બેઠા, અને સમય સંજોગે બદલાતાં બધું જ છોડીને ચાલ્યા ગયા. આ પાંડુરંગ જ  એક અમર છે. જે આખી દુનિયાનો માલિક છે. લૌકિક

દષ્ટિથી જમીનનો કબજો એક પાસેથી બીજા પાસે જાય છે, આજ દુનિયાનો રિવાજ છે. એટલા માટે જગ્યા મેળવવા માટે કોશિષ કરો. મહારાજે આગળ વાત કરતાં કહ્યું કે, ચોક્કસ પ્રયત્ન કરવાથી જમીન તો મળી જશે. આ માટે હવે ચર્ચા ન કરશો. હરિ પાટીલ જો કોશિષ કરશે તો ચોક્કસ તેને તેમાં સફળતા મળશે જ પછી બધાં જ હરિ પાટીલને ત્યાં આવ્યા. બધાંએ વિચાર કરીને જમીનની માંગણી માટે સરકારને અરજી કરી. બુલઢાણા જીલ્લાના સરકારી અધિકારી કરી હતાં. તેમણે ગામ લોકોની અરજીનો વિચાર કરીને મઠ માટે એક એકર જમીન આપી દીધી. અરજી મંજૂર કરતી વખતે તેમણે કહ્યુંકે, આપ સર્વેએ બે એકર જમીન માંગી હતી, પરંતુ એક જ એકર જમીન આપવામાં આવે છે. આપેલી જમીનનો તમે શું ઉપયોગ કરો છો ? તે જોઇને બીજી એક એકર જમીન આપી દઇશ. સરકારનું આ હુકમનામું દફતરમાં જમા છે. આવી રીતે મહારાજની અલૌકિક અમૃતવાણી સાચી પડી. આ જમીનનું નક્કી થતાં હરિપાટીલ, બંકટલાલ મઠમંદિર માટે ઉઘરાણું કરવા નીકળી પડ્યા. અને લોકોને પ્રાર્થના કરવા લાગ્યા. પૈસાનું કામ તો બહુ જ જલ્દીથી પતી ગયું, અને કામ શરૂ થઈ ગયું આગળના વૃત્તાંતને આગલા અધ્યાયમાં વર્ણવીશું. સત્પુરુષોની ઇચ્છા તો ભગવાન પોતે જ પૂર્ણ કરે છે. ડોંગરગામના વિઠુ પાટીલ, વાડેગામના લક્ષ્મણ પાટીલ, અને શેગાંવના જગુઆબા વિગેરે એ આ કાર્યમાં વધારે પડતાં પૈસા દાનમાં આપ્યા હતા. શ્રી દાસગણૂ રચિત આ શ્રી ગજાનન વિજયગ્રંથપોતાનું કલ્યાણ ઇચ્છવાવાળાએ સાવધાન ચિત્તથી સાંભળવો.

॥ શુભં ભવતું શ્રી હરિહરાર્પણમસ્તુ॥

॥ઇતિ બારમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રીગજાનનવિજય ગ્રંથ: બારમો અધ્યાય સમાપ્ત॥





શ્રી ગજાનન મહારાજની કૃપા પ્રસાદથી, મહારોગી પણ સારો થઈ ગયો.

## અધ્યાય તેરમો

શ્રી ગણેશાય નમઃ, હે સંતોના શિરોમણિ શ્રીધર, દયાના સાગર, ગોપીઓના પ્રિય, શ્યામ રંગવાળા હરિ, આપના માનવરૂપમાં જે ઇશ્વરત્વ છે તેની પરીક્ષા લેવા માટે, ભાગ્યવિધાતા ય જમુનાકિનારે ગોકુલ આવેલું છે, તેની ગાયો અને વાછરડાને ચોરો લઈ ગયા ત્યારે આપે આપની લીલાના બળે ગાય વાછરડાં બનીને બ્રહ્મદેવજીને આપનું ઇશ્વરત્વ આપે દેખાડયું. ગોકુલવાસીઓને નિર્ભય બનાવવા માટે આપે નાગને (કાલિનાગને) નાથીને રમણક દ્વીપ મોકલી આપ્યો. આવી રીતે મારા પાપોને કચરીને હે વાસુદેવ, દાસગણૂને ચિંતામુક્ત તમેજ નિર્ભય બનાવો. હે હરિ હું તો આપનો અજ્ઞાની ભક્ત છું, તો આવા અજ્ઞાની ઉપર આપ કૃપા જરૂર કરશો. હું જાણું છું કે હું આપની કૃપાને લાયક નથી. છતાં પણ મારા ઉપર કૃપા આશીર્વાદથી મને ચિંતામાંથી મુક્ત કરજો. હે શ્રોતાજનો, હવે એકાગ્ર ચિત્ત કરીને આગળની કથા સાંભળો. બંકટલાલ, હરિપાટીલ, લક્ષ્મણ, વિઠુ, જગદેવ વિગેરે ભક્તો આ ઉઘરાણા માટે ઘેર ઘેર જવા લાગ્યા. મહારાજના પ્રત્યે જેને પ્રેમ હતો તેણે તો મોં માગ્યા પૈસા આપ્યા, પરંતુ જે નાસ્તિક હતા તેમણે તો મેંણા મારવા માંડયા કે તમારા સાધુને આ ઉઘરાણું શા માટે જોઇએ ? આપ સર્વ ભક્ત લોકો તો કાયમ કહ્યા કરો છો કે ગજાનન મહારાજ ફક્ત સંત નહિ પણ મહાસંત છે તો તે પોતાની લીલા વડે કોઇ ચમત્કાર કરી બતાવે.તેમના માટે ઘેર ઘેર રખડીને પૈસા ઉઘરાવો છો શા માટે ? કુબેર તેમનો ભંડારી છે. પછી શા માટે ઘેર ઘેર રખડીને ભીખ માંગો છો ? અગર જો કુબેરને ચિઠ્ઠી લખાય તો તમારું આ કાર્ય મુશ્કેલી વગર પાર પડી શકશે. નાસ્તિક લોકોના ટાણા સાંભળીને જગદેવ હસતાં હસતાં બોલ્યો કે, આ ૐ ભવતિ આપના માટે જ મહારાજના માટે મઠ કે મંદિર કશાયની જરૂર નથી. આ બધું જે કાંઈ થઈ રહ્યું છે તે આપના કલ્યાણ માટે જ છે. ગજાનન મહારાજનો મઠ તો આ ત્રૈલોક્ય છે. દુનિયાના બધાં જ ખૂણા તેમના બગીચા છે. ધરતી તેમનો પલંગ છે. અષ્ટસિધ્ધિઓ તેમના દ્વાર ઉપર દાસીઓ છે. તે દિનરાત તેમના દુશ્મનની રાહ જોયા કરે છે. એમનું ઐશ્વર્ય તો જુદી જ જાતનું છે. તેમણે તમારા મોંઢા સામું તાકીને જોવાની જરૂર નથી. તે તો સવિતા સૂર્ય-નારાયણ છે. મામૂલી પ્રકાશ આપીને તમે અંધકારનો નાશ કેવી રીતે કરશો ? તે તો સ્વયં પ્રકાશમાન છે. તેમને દીપકોની શી જરૂર છે ? સર્વ સૃષ્ટિના પાલનહાર કદાપિ આખી પૃથ્વી ઉપર રાજ્ય કરી શકતો નથી.

સંસારીઓના મનની આશાઓ આવી રીતે પુણ્યકાર્ય કરવાથી પૂરી થઈ જાય છે. શારીરિક રોગ નાશ કરવા માટે તો દવાઓ આપવામાં આવે છે. આત્માને દવાની જરૂર નથી રોગનો ભય શરીરને રહે છે પ્રાણ ને નહિ. કેમકેએ તો જન્મ અને મરણ આ બન્નેથી મુક્ત છે. આવી રીતે આપ સુખી રહો એટલા માટે પુણ્યરૂપી દવાની જરૂર છે. પેદા થયેલું શરીર ખોટાં આચરણો, ખોટા વ્યસનોને લીધે રોગ લાગવાથી ખરાબ થઈ જાય છે. આ પેદા થયેલ શરીર પાપરૂપી સમુદ્રમાં ડૂબી ના જાય માટે પુણ્યરૂપી હલેસાંની જરૂર પડે છે. નાસ્તિકતાને જડમૂળમાંથી ઉખાડીને ફેંકી દો. પુણ્યરૂપી જમીનમાં સંપત્તિનાં વૃક્ષો રોપો ડુંગરની ટોચ ઉપર વાવેલાં બી કદાપિ ઊગી શકતાં નથી. ખરાબકૃત્ય, ખરાબ વાસના તો મનુષ્યના જીવનમાં મુખ્ય હોય છે. તેના ઉપર બી વાવશો તો પક્ષી ખાઈ જશે. સંત સેવાથી વધીને આગળ બીજું કોઈ પુણ્ય નથી. સંપત્તિમાં તો શ્રી ગજાનન મહારાજ સંતોના મુગટ મણિ સમાન છે. એટલા માટે જો સારા કામમાં મદદ કરશો તો તેમાં પણ તમારી ભલાઇ જ છે. જમીનમાં એક દાણો અનાજનો વાવીએ છીએ તેમાં થી અનાજના આખા ડૂંડા બની જાય છે. અને તેમાંથી કેટલાય દાણા બની જાય છે. એક દાણામાંથી અનેક દાણામાં રૂપાંતર થાય છે. પુણ્યકર્મની પણ આવી જ સ્થિતિ છે, આવી રીતનો જ ઉત્તમ જવાબ સાંભળીને નાસ્તિકની બોલતી બંધ થઈ ગઈ. ચિરંતન સત્ય આગળ તર્કથી મુકાબલો કરી શકાતો નથી. અગર આવું ફંડ ઉઘરાવવાવાળા તેમનાં કાર્યમાં વિશ્વાસ રાખીને ઉઘરાવ્યે જશે તો ધારેલી રકમ જરૂર જમા થઈ શકશે. આલતું ફાલતું લુચ્ચાં, લફંગા માણસોને આવા કાર્યમાં કદાપિ સફળતા મળતી નથી જગ્યા મળી જતાં મઠ બનાવવાનું કામ શરૂ થઈ ગયું. ગામના બધાં જ લોકો આ કામમાં લાગી ગયા. પત્થર ચુનો અને રેતી બળદગાડામાં ભરીને શેગાંવમાં લાવવાનું કામ ચાલી રહ્યુ હતું. તે વખતે મહારાજ જૂના મઠમાં બેઠા હતા. તેમના મનમાં આ પ્રકારનાં વિચાર તરંગ ચાલી રહ્યા હતા. અગર હું આ પ્રમાણે બેસી રહીશ તો કામ સારી રીતે થઈ શકશે નહિ. ત્યારે મહારાજે એમ કર્યું કે એક રેતીની ગાડીમાં પોતે ચઢીને બેસી ગયા. મહારાજ ગાડામાં બેઠા છે તે જોઈને ગાડાવાળો નીચે ઉતરી પડ્યો. કેમકે કે તે નીચ જાતિનો (ઢેડ) હતો. તેને નીચે ઉતરતો જોતાં મહારાજ બોલ્યા કે, તું કેમ નીચે ઉતરી ગયો. અમારા જેવા સાધુ તો પરમહંસ છે. તેમને છૂત-અછૂતનો ભેદ નથી હોતો. મહારાજના આવું બોલવાથી ગાડાવાળા એ કહ્યું કે, દ્દદ્દમારાથી આવું નહિ જ થઈ શકે, આપની સાથે ગાડામાં બેસવાનું મારાથી શક્ય નથી.







હનુમાનજી તો રામના ભક્ત હતા. તેઓ કદાપિ રામની સાથે બેઠા નથી, પરંતુ સદાય તેમની સાથે જ હાથજોડીને ઊભા રહેતા હતાન્ન. તેનો આવો જવાબ સાંભળીને મહારાજે કહ્યું કે, દ્દદ્દતારી ઇચ્છા હોય તે કરન્ન. બળદને સંબોધીને મહારાજ બોલ્યા કે, દ્દદ્દાંક્લાલાળાની પાછછાડે ચાછછાડે ચાલોમ બળદે પણ તેમજ કર્યું. વચ્ચે રસ્તામાં જરાપણ અડચણ પડી નહિ. ગાડાવાળાના ઈશારા વગર બળદ ગાડુ લઇને જયાં કામ ચાલતું હતું ત્યાં પહોંચી ગયા. અને બતાવેલી જગ્યાની મધ્યમાં જઇને મહારાજ બેસી ગયા. તે જગ્યાને બરાબર ધ્યાનમાં રાખીને ભવ્ય સમાધિ મંદિરનું કામ હમણાં કર્યું. આ જગ્યા શેગાંવમાં બે નંબરમાં સાતસો સર્વ નંબરમાં, તેતાલીસ, પીસ્તાલીસ નંબરમાં આવેલી છે. મહારાજ જ્યાં બેઠા હતા તે જગ્યાને કેન્દ્રબિંદુ માની લઇને થોડો ફેર બદલ કરાવવો પડ્યો. તેથી તે માટે બીજા નંબરનો થોડો ભાગ લેવો પડ્યો. પરંતુ જગ્યા તો એક જ એકર મળી હતી પરંતુ સમાધિ મધ્યમાં બનાવવા માટે જગ્યા થોડી ઓછી પડી એટલા માટે અગિયાર ગુંઠા બીજા નંબરની જગ્યા લઇને બાંધકામ શરૂ કર્યું. પરંતુ સરકારી હુકમ અનુસાર આગલા નંબરની જગ્યા થોડા દિવસ પછી જ મળવાની હતી. છતાં પણ પરવાનગી લીધા વગર તે નંબરની અગિયાર ગુંઠા જમીન લઇને કામ શરૂ કર્યું પણ આ વાતનું વતેસર કોઈ દુષ્ટની કાનભંભેરણીને લીધે થઈ ગયું. આને લીધે મહારાજના માણસો ગભરાઇ ગયા. તેમાં મુખ્ય હરિ પાટીલ હતા. તેમણે મહારાજને કહ્યું કે, વધારાની જમીનના માટે તપાસ કરવા એક જોષી નામનો અધિકારી આવ્યો છે. આ સાંભળી હસતાં હસતાં મહારાજ બોલ્યા કે, વધારાની જમીન માટે તારો દંડ કરવામાં આવ્યો છે તે માફ થઈ જશે. મહારાજે અધિકારીના અંતરમાં પ્રેરણા કરી. તેણે એવો અહેવાલ લખ્યો કે, આ માટે જે દંડ લીધો છે તે ખોટો છે. માટે તે દંડની રકમ સંસ્થાને પાછી આપી દેવી. શ જઇને બધી તપાસ કરી છે. આ બાબતમાં જે કાંઈ દંડ કર્યો છે તે વ્યાજબી નથી કર્યો. દંડ માફ થઈ ગયો છે તેવો આદેશ જ્યારે મળ્યો, ત્યારે તો હરિ પાટીલ ફુલ્યો સમાતો ન હતો. તે બોલ્યો કે, મહારાજની વાણી કદાપિ અસત્ય નહિ થાય. ઢેડના માટે પણ સંકટ થોડા દિવસ ઉપર આવ્યું હતું. ત્યારે પણ મહારાજે આશ્વાસન આપ્યું કે, ડરીશ નહીં, તારો વાળ પણ કોઈનાથી વાંકો થઈ શકે તેમ નથી. અને આખરે તેમના કહ્યા મુજબ જ થયું. તેના જેવી સાચી વાત આજે પણ બની ગઇ. મહારાજનો શબ્દ જૂઠો પડ્યો હોય તેમ આજદિન સુધી પણ સાંભળ્યું નથી. શેગાંવના લોકોને મહારાજ ઉપર સાચી શ્રધ્ધા લાગી ગઈ હતી. હવે નવા મઠમાં આવ્યા બાદ મહારાજે જે ચમત્કાર અથવા લીલા દેખાડી હતી, તે આ પ્રકારની છે. મહેકરના

નજીક સવડદ નામનું એક ગામડું હતું. તે ગામમાં ગંગાભારતી ગોસાંઇ નામનો એક સજ્જન માણસ રહેતો હતો. તેને મહારોગ હતો. તેનું આખુંય શરીર સડી ગયેલું હતું. બંને પગોમાં પણ ચીરા પડી ગયા હતા. કેટલાંક આંગળાંઓ પણ સડી ગયા હતા. આખુંય શરીર લાલ દેખાવા લાગ્યું હતું. કાનની બુટ્ટી પણ સુકાઇ ગઇ હતી, અને આખાય શરીરમાં ખંજવાળ હતી. ગંગાભારતી આ રોગને લીધે ખૂબ જ કંટાળી ગયો હતો. મહારાજનો મહિમા સાંભળીને તે શેગાંવ આવ્યો તે મહારાજના દર્શન કરવા જઇ રહ્યો હતો, ત્યાં લોકોએ તેને રોક્યો. અને બોલ્યા, કે, તને શરીરે કોઢ થયો છે. માટે મહારાજની પાસે જઇશ નહિ. દૂરથી મહારાજ દેખાય એવી જગ્યા ઉપર ઊભો રહી તેમનું દર્શન કરી લે. મહારાજની પાસે જઇને તેમના પગને અડકીશ નહિ. આ ચેપી રોગ છે. તેમ ડોક્ટર વૈદ્ય વિગેરે કહે છે. તે વાત તું ધ્યાનમાં રાખ. છતાં પણ તે એક દિવસ બધાંની નજરથી બચીને મહારાજની પાસે પહોંચી ગયો. અને મહારાજનાં ચરણો ઉપર ઢળી પડ્યો. મહારાજે જોરથી એક ટપલો તેના માથા ઉપર માર્યો. ગંગાભારતી ઊઠીને ઊભો થયો, અને મહારાજની સામે જોવા લાગ્યો. મહારાજે તેના બંને ગાલ ઉપર પણ બેચાર લપડાકો મારી દીધી, અને એક લાત પણ મારી દીધી. ત્યારપછી મહારાજે તેના પર ગળફો થૂંક્યો. ગંગાભારતીએ તેને પ્રસાદ સમજીને આખાયે શરીર ઉપર મલમ જાણી લગાવી દીધો. આ બધું જોવાવાળો એક દુષ્ટ હતો. તે બોલ્યો કે, પહેલાથી જ તારું આખુંય શરીર બિમારીથી જર્જરિત છે. અને આ ગળફાંને મલમ સમજીને પ્રસાદ માનીને તે આખાયે શરીરે લગાવ્યો ? હવે શરીર સાબુ લગાવીને ધોઇ નાંખ. મહારાજ જેવા ગાંડા દુનિયામાં બહુ છે. એમના ઉપર શ્રધ્ધા રાખવા વાળાજ તેમને સાધુ કહે છે. તેનું પરિણામ એ આવે છે કે જે નથી કરવાનું તે કામ વધી જાય છે. અને તેનાથી સમાજ માટીમાં મળી જાય છે. તારી આ કરણી બહુ જ ખરાબ છે. રોગ મટાડવાની દવા કરાવવાને બદલે તુ ગાંડા પાસે આવ્યો છે. આવું સાંભળી હસતાં હસતાં ગોસાંઇ બોલ્યા કે, તમારા જેવા શ્રધ્ધા વગરના લોકોની અહીંયા જ ભૂલ થાય છે. સાધુની પાસે કોઇ અમંગલ નામની વસ્તુ હોતી જ નથી તેમ જ તેમની સામે અમંગલ વસ્તુ ટકી શકતી નથી. શું કસ્તૂરીમાંથી ખરાબ સુગંધ આવે છે ? તમને જે ગળફો નજરે પડ્યો તે તો એક મલમ છે. અને તેમાંથી તો કસ્તૂરીની સુગંધ આવે છે અગર તેમને તેમાં શંકા છે તો શરીર ઉપર







હાથફેરવીને જોઇ લ્યો કે સાચું શું છે. આ ગળફો નહિ પણ એક મહાન દવા છે. હું ગાંડો નથી કે ગળફાને દવા માની બેસું. તમને તે સાથે કોઈ નિસ્બત નથી એટલે જ તમને ગળફો દેખાય મહારાજના મહિમાની તમને ખબર નથી. મારૂં કહેવું સાચું છે કે જુઠું છે તેમાં સચ્ચાઇ જોવા માટે મહારાજ જ્યાં સ્નાન કરે છે, ત્યાં આપણે બંને જઇશું. ત્યાંની ભીની માટી હું આખાયે શરીર ઉપર લગાડીશ. ત્યારપછી બંને જણ, જ્યાં મહારાજ સ્નાન કરતા હતા, તે જગ્યાએ આવી પહોંચ્યા. ત્યાં ગંગાભારતીને જે પ્રેમ ઉત્પન્ન થયો, તેવો પ્રેમ પેલા નાસ્તિકને પણ જાગૃત થયો. મહારાજના ન્હાવાના સ્થળની માટી બંનેએ એક જ સાથે હાથમાં લીધી. ગોસાંઇના હાથની માટી એક ઔષધિ બની ગઈ, અને પેલા નાસ્તિકના હાથની માટી, માટી જ રહી ગઈ. સાથે સાથે તેમાં થોડી ખરાબ ગંધ પણ આવવા લાગી જોતાં જ નાસ્તિકની આંખો ખુલી ગઈ, અને તે મહારાજના ચરણો ઉપર નીચા મસ્તકે પડી રહ્યો. ગંગાભારતીને કોઈ નજીક આવવા દેતા ન હતા. બિચારો દૂર બેઠાં બેઠાં મહારાજની સામે ભજન કર્યા કરતો હતો. ગંગાભારતીનો અવાજ પહાડી હોવા છતાં પણ તે મધુર હતો તે ગાવાની કળા પણ શીખ્યો હતો. આવી રીતે ત્યાં ને ત્યાં લગભગ પંદર દિવસ વીતી ગયા. ધીરે ધીરે ગંગાભારતીનો રોગ તેનું સ્વરૂપ બદલી રહ્યો હતો. લાલ રંગ પણ ઓછો થઈ રહ્યો હતો. કાનની બુટી તેમજ પગના ચીરા પણ પહેલાના જેવાં સારા થઈ ગયા હતા. શરીરમાંથી જે દુર્ગંધ મારતી હતી તે પણ બંધ થઈ ગઈ હતી. ગોસાંઈના ભજન સાંભળીને મહારાજને બહુજ સંતોષ થતો હતો. ગાયન એ એક એવી કળા છે કે જે સાંભળવી દરેકને ગમે છે ગંગાભારતીની પત્નીનું નામ અનુસયા હતું. તે તેના પતિને પાછા લઇ જવા શેગાંવ આવી. તેની સાથે સંતોષભારતી નામે તેનો પુત્ર પણ સાથે જ હતો. તે પતિની પાસે આવી હાથજોડીને બોલી કે, સ્વામી, હવે ઘેર પાછા ચાલો. આપ વ્યાધિથી મુક્ત થઈ ગયેલા છો. એ તો હું આંખોથી જોઇ રહી છું. મહારાજ સાક્ષાત ચંદ્રમૌલિ (શંકર) છે એ વાત સાચી છે. છોકરો માની હા માં હા કહેતાં બોલ્યો કે, હે પિતા, આપ મહારાજની આજ્ઞા લઇને આપણે ગામ પાછા ચાલો. હવે અહીંયા રહેવાનું બહુ થઈ ગયુ. આના ઉપર ગંગાભારતીએ કહ્યું કે, મને હાથજોડશો નહિ, હવે મારે અને તમારે કોઈ પણ સગાઈ રહી નથી. સ્વામી ગજાનન અનાથોની માતા છે તેમણે તમાચો મારીને મારો નશો ઉતારી દીધો છે. મેં શરીરે રાખોડી લગાડી હતી.

મારૂં ચિત્ત સંસારમાં લપેટાઇ રહ્યું હતુ. ભગવાં વસ્ત્રોને મેં મારા કૃત્યથી લજાવ્યા છે. તે બધુ મને મહારાજે તમાચો મારીને બતાવી દીધું છે. અને મારી આંખો ખુલી ગઈ છે. હવે હું દુનિયાદારી, ગૃહસ્થાશ્રમ તરફથી મોઢું ફેરવી નાંખવા માંગુ છું. હે સંતોષભારતીકુમાર, હવે તું તારી માતાને લઇને ઘેર પાછો જા. અહીંયા ન રહેતાં સીધા ઘેર જાઓ અને માતાજી જ્યાં સુધી જીવે છે, ત્યાં સુધી સાચા દિલથી સેવા કરતા રહો. તે તો તારી વહાલી માતા છે. તેનાથી કદાપિ અલગ રહીશ નહિ. અરે જે માતાની સેવા કરે છે તે તો ભગવાનને પણ વહાલો લાગે છે, તું તારી આગળ ભક્ત પુંડલીકનો આદર્શ ઊભો કર. અગર હું સવડદ પાછો આવીશ તો આ મારો જુનો રોગ ફરીથી મને હેરાન કરશે એટલા માટે આપ બંને મને ઘેર લઈ જવાની જીદ ન કરશો. અત્યાર સુધી હું તમારો હતો. હવે હું ભગવાનને મારા માનીને આ મનુષ્ય જીવનને સાર્થક કરવાનો પ્રયત્ન કરીશ. અત્યાર સુધીની આવરદા એળે ગઈ છે. મહાભાગ્યથી મળેલો આ મનુષ્ય જન્મનો જો સારી રીતે ઉપયોગ કરીએ તો લક્ષચોરાસીના ફેરામાંથી મુક્તિ મળી જાય છે. તેવું શાસ્ત્રોનું વચન છે. મહારાજની કૃપા, આશીર્વાદથી હું સજાગ થઈ ગયો છું. આ પરમાર્થ રૂપી ખીરમાં મોહરૂપી માટી ના મેળવો. આવી રીતે સ્વરનું સારું જ્ઞાન હોવાથી મહારાજની પ્રાર્થના અનેક રોગમાં કર્યા કરતો હતો. કાયમ સંધ્યાકાળે તે એકતારો હાથમાં લઇને મહારાજની પાસે બેસીને ભજન ગાયા કરતો હતો. તેનું ભજન સાંભળવાથી હાજર રહેલા લોકો ખૂબ જ પ્રસન્ન થઈ જતા હતા. ગાયન કળા એ એક મંત્રમુગ્ધ કરવા વાળી કળા છે. થોડા દિવસોમાં તો ગંગાભારતી રોગથી સંપૂર્ણ મુક્ત બની ગયો, અને સારો થઈ ગયો. મહારાજની આજ્ઞા અનુસાર તે મલકાપુર ગયો. એક વખત પૂર્ણિમાના દિવસે શ્યામસિંગ શેગાંવ આવ્યો. અને મહારાજને તેના ગામમાં આવવા માટે પ્રાર્થના કરવા લાગ્યો, અને બોલ્યો, કે, હે સ્વામી અડગાંવમાં મારા ભત્રીજાને ઘેરે લઇ જવા માટે આવ્યો હતો, થોડા દિવસો પહેલા આપે કહ્યું હતું કે હું હંમણા નહિ આવું. આગળ ઉપર આવવા માટે જોઇશ. આપે આવવાનો જે વાયદો કર્યો હતો, તેને પણ બહુ જ દિવસો વીતી ગયા છે. એટલા માટે હવે તો આપ મારી સાથે મુંડગાંવ ચાલો. હું તો આપનો ભક્ત છું. આપ મારી આશા પૂર્ણ કરો. મુંડગાંવ મારા ઘરે થોડા દિવસો રોકાઇ જજો. ઘરમાં આપને રહેવાનો બધો જ બંદોબસ્ત કરીને હું આવ્યો છું. શ્યામસિંગની સાથે મહારાજ






મુંડગાંવમાં આવ્યા તેની ખબર પડવાથી લોકો મહારાજનાં દર્શન માટે આવવા લાગ્યા. ત્યાં તો આનંદનો ઉત્સવ શરૂ થઈ ગયો. તેનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. શ્યામસિંગે અનાજ પાણીનો બંદોબસ્ત કરીને લોકોને અન્નદાન કરવાનું શરૂ કર્યું. આવું જોતાં એવું લાગતું હતું કે મુંડગાંવ બીજુ ગોદાવરી કઠે આવેલું પૈઠણ જ બની ગયું હતું. જેવી રીતે પૈઠણ માં એકનાથમહારાજ, તેવી રીતે મુંડગાંવમાં સંત ગજાનન મહારાજ. આ સમારંભમાં ભાગ લેવા માટે કેટલાય ભજનમંડળો ભજન ગાવા ત્યાં આવ્યા. રસોઇયા જમવાનું બનાવી રહ્યા હતા. અડધું જમવાનું તૈયાર પણ થઈ ગયું હતું. ત્યાંજ મહારાજે શ્યામસિંગને કહ્યું કે, આજે ઔદસ તિથિછે. જે ખાલી તિથિમનાય છે. એટલા માટે જમણનો બંદોબસ્ત પૂર્ણિમાને દિવસે જ થવો જોઇએ. આવું સાંભળીને શ્યામસિંગ બોલ્યો કે, મહારાજ જમણ તો તૈયાર થઈ ગયું છે. અને આપના પ્રસાદ માટે લોકોની ભીડ પણ થઈ છે. મહારાજ બોલ્યા કે, આ તારો બધો જ પ્રબંધ જગદીશ્વરને મંજૂર નથી, એટલે આ અન્નના કાર્યમાં નહિ આવે. તમારા જેવા સંસારી, લોભી માણસો ભગવાનની નહિ પરંતુ પોતાની ઇચ્છા પાર પાડવાનું નક્કી કરી લે છે. સમય થતાં બધાં જ લોકો જમવા માટે બેસી ગયા. ત્યાં તો એકાએક વાદળોથી આકાશ છવાઈ ગયું. વાદળોનો ગડગડાટ થવા લાગ્યો. વીજળી ચમકવા લાગી, જોરથી પવન ફૂંકાવા લાગ્યો. તેના થી જંગલમાં ઝાડો પણ પડવાં લાગ્યા. વાદળમાંથી વરસાદ પડવા લાગવાથી બધી જ જગ્યાએ પાણી પાણી થઈ ગયું અને તેથી લોકો વેરવિખેર થઈ ગયા. બધું જ બનાવેલું ભોજન નાશ પામ્યું. આવું જોઇને શ્યામસિંગે મહારાજને એવી પ્રાર્થના કરી કે, હે ગુરુરાજ, કાલે આમ થવા દેશો નહિ. કેમકે આપનો પ્રસાદ ન મળવાથી લોકો દુ:ખી થાય છે, આ ચોમાસાના દિવસો નથી. આ વરસાદ પડવાથી અમારી આશા ઉપર પાણી ફરી ગયું છે. આવી રીતે વરસાદ પડ્યા કરશે તો ખેતરમાં બધું જ અનાજ નાશ પામશે અને લોકો મેંણા મારશે કે અન્નદાન કરીને શ્યામસિંગે પુણ્ય પ્રાપ્ત કર્યું. અને અમને બરબાદ કર્યા. તેના પુણ્યની આ અજબ રીત તો જુઓ ? આ સાંભળીને મહારાજ બોલ્યા કે, અરે ! શ્યામસિંગ તું આવી રીતે નારાજ તેમજ દુ:ખી ના થઈશ, જા, કાલે તારી ઇચ્છા ઉપર વરસાદ પાણી નહિ જ ફેરવે. હું હમણાં જ તેનો બંદોબસ્ત કરી દઉં છું. આવું કહીને મહારાજે આકાશ ની તરફ એક વખત જોઇ લીધું. ચમત્કાર થઈ ગયો કે થોડી જ

પળોમાં વાદળાં વિખરાઇ ગયાં, અને આકાશ બિલકુલ ચોખ્ખું થઈ ગયું. વાદળના વેરાઇ જવાથી સૂર્યનો પ્રકાશ દેખાવા લાગ્યો. આવી રીતે સંતો મોટા કીમિયાગર હોય છે. બીજા દિવસે ઘણાં ઉત્સાહથી અન્નદાનનું આયોજન કરવામાં આવ્યું. પ્રસાદ મેળવીને લોકો ખુશ થયા. મુંઝગાંવમાં જે અન્નદાનની પ્રથા છે તે, તે દિવસથી શરૂ થઈ ગઈ તે આજે પણ ચાલી રહી છે. શ્યામસિંગે પોતાની બધી જ મિલકત મુંડગાંવમાં મહારાજને અર્પણ કરી. તે મુંડગાંવમાં મહારાજના અનેક ભક્તો બની ગયા. તે ભક્તોમાં પુંડલીક ભોકરે નામનો એક જવાન છોકરો હતો. તે ઉકીર્ડા નામના એક કણબીનો એકનો એક પુત્ર હતો. તે પોતાની જુવાનીમાં જ મહારાજનો ભક્ત બની ગયો. વિદર્ભપ્રાંતમાં જેમને સંતાન થતાં જ મરી જાય છે, તેને એવા છોકરા જીવે તો તેનું નામ ઉકીર્ડા પાડે છે. સંતાનના આયુષ્યની બાધા રાખીને આ નામ રાખવાની પ્રથા વિદર્ભમાં છે. તૈલંગમાં પેંટચ્યા, મહારાષ્ટ્રમાં કેર પૂજા તેવી રીતે વિદર્ભમાં ઉકીર્ડા નામ રાખવાની પ્રથા છે. આ ભક્ત પુંડલીક વદપક્ષમાં નિયમિત મહારાજનાં દર્શન માટે શેગાંવ આવતો હતો. વારીકર (વર્ષમાં એક જ વખત) વદપક્ષની તિથિઈંદ્રાયણી નદીના કાંઠે દેહુગાંવ, આળંદીમાં યાત્રા માટે આવે છે. એવી રીતે વદપક્ષમાં આ પુંડલીક શેગાંવમાં મહારાજનાં દર્શન માટે આવતો હતો. એક વખત વિદર્ભમાં પ્લેગની બિમારી ફેલાઈ ગઈ હતી. આ રોગ ચેપી હોવાને લીધે ગામના લોકો ખુલ્લા મેદાનમાં ખેતરોમાં રહેતા હતા. આ રોગમાં પહેલા શરદી લાગે, તાવ ખૂબ જ આવે, આંખો પણ ખૂબ જ લાલ, લાલ દેખાય અને પછી શરીરના કોઈ પણ સાંધામાં ગાંઠ નીકળે, અને હવા લાગતાં તે ગાંડા જેવું બબડવા લાગે. ખૂબ જ તાવમાં શરીરમાં બળતરા થયા કરે, થોડી થોડી વારમાં તે બેભાન થઈ જાય. આ અનોખો રોગ ભારતખંડમાં પહેલા ન હતો. આ રોગ યુરોપથી આવેલો છે. પારકા દેશના લોકો અહીંયા આવા રોગ પણ સાથે લેતા આવ્યા છે. આ રોગ આખાય વિદર્ભમાં ફેલાયેલ હતો. રોગથી બચવા માટે લોકો ઘરબાર છોડીને ખેતરમાં રહેતા હતા. આ રોગ કેટલાંક દિવસ પછી મુંડગાંવમાં પણ આવ્યો. તે વખતે જ પુંડલીક યાત્રા માટે શેગાંવ જવા નીકળ્યો. તાવ તો શેગાંવ જવા નીકળ્યો ત્યારથી જ આવતો હતો, પણ તેણે કોઇને કહ્યું નહિ, અને તેના પિતાની સાથે શેગાંવ જવા માટે નીકળ્યો. આશરે પાંચેક કોસ ચાલ્યો હશે, ત્યાંતો તેને ખૂબ જ તાવ ચઢી ગયો, અને એક પગલું પણ તેને







આગળ વધવું મુશ્કેલ બની ગયું. બગલમાં એક ગાંઠ પણ નીકળી પડી. પુત્રની આવી હાલત જોતાં પિતાજીએ પૂછ્યું કે, પુંડલીક, આવું કેમ કરી રહ્યો છે? તેણે પિતાજીને કહ્યું કે, બગલમાં ગાંઠ નીકળી છે. અને સાથે સાથે તાવ પણ ખૂબ જ આવ્યો છે. વધારે પડતાં તાવને લીધે હું અશક્ત બની ગયો છું. મારા માટે હવે તો એક પગલું પણ આગળ વધવાનું મુશ્કેલ થઈ ગયું છે. હાય રે ભાગ્ય, મારી યાત્રા આ વર્ષે પૂરી થવાની સંભાવના ઓછી દેખાય છે. હે સ્વામી દયાઘના મારી પ્રાર્થના છે કે આ વર્ષની યાત્રા પૂરી થઈ જાય. હે ભક્તવત્સલ, કૃપાનિધિ, આપના ચરણ સુધી ચાલીને આવવાની શક્તિ આપો. આપનાં દર્શન પછી ભલેને ગમે તેટલો વધારેમાં વધારે તાવ આવે અને તેમાં હું મરી જાઉં તો પણ મને તેની પરવા નથી. આ યાત્રા જ મારો પુણ્યનો માર્ગ છે. તેની આપ રક્ષા કરજો. શરીરમાં જ્યાં સુધી શક્તિ હોય છે ત્યાં સુધી ભક્તથી પરમાર્થ કાર્ય થઈ શકે છે. પુત્રની આવી હાલત જોઇને પિતાજી પણ ખૂબ જ ચિંતાતુર થઈ ગયા. તે રોવા લાગ્યા કેમકે તેમનો આ એકનો એક જ દીકરો હતો. તેઓ ખરા મનથી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે આ મારા વંશનો દીપક ઓલવાઇ ના જાય તેટલી દયા કરજો. ત્યાર પછી પુંડલીકના પિતાએ કહ્યું કે, તારા માટે એક ગાડી મંગાવું છું. તે સાંભળી પુંડલીક બોલ્યો કે, યાત્રા તો પગથી જ થવી જોઈએ. ઉઠતાં બેસતાં ગમે તે રીતે આપણે શેગાંવમાં પહોંચી જઇશું. અગર દુર્ભાગ્યથી રસ્તામાં મારું મૃત્યુ થાય તો દુઃખી ના થશો, અને મારું શવ શેગાંવમાં જ લઈ જજે. અને ત્યાંજ છેલ્લા સંસ્કાર કરી દેજો. ત્યારપછી મહાન કષ્ટ અને દુઃખોનો સામનો કરતાં કરતાં પુંડલીક શેગાંવમાં પહોંચ્યો અને મહારાજના ચરણો ઉપર ઢળી પડયો. પુંડલીક મહારાજનાં ચરણોમાં પડતાં જ મહારાજે એક લીલા કરી. મહારાજે પુંડલીકના બગલની ગાંઠ એક હાથથી દબાવી, અને મધુર વાણીથી બોલ્યા કે, પુંડલીક, તારા કષ્ટનો સમય, દુઃખનો સમય દૂર થઈ ગયો છે. હવે ચિંતા કરવાનું જરાપણ કારણ દેખાતું નથી. મહારાજનું આવું બોલતાંજ બગલની ગાંઠ બેસી ગઇ, અને તાવ પણ ઉતરી ગયો અશક્તિને લીધે શરીર ધ્રુજતું હતું. પુંડલીકની માએ પ્રસાદની થાળી મહારાજની સામે મૂકી. તેમાંથી મહારાજે બે કોળિયા ખાતાં જ પુંડલીકનું શરીર ધ્રુજતું બંધ થઈ ગયું. પુંડલીક તે જ વખતે પહેલાના જેવો સ્વસ્થથઈ ગયો. અશક્તિ થોડી જ હતી. આ ગુરુભક્તિનું ફળ છે. હે અંધજનો, આંખો ખોલીને જાતે, પોતે જ જોઈ લ્યો.

અગર જો ગુરુ સાચા હોય તો, ભક્તની કરેલી સેવા નિષ્ફળ જતી નથી. પુંડલીકની આ વર્ષિય યાત્રાની કથા જે સાચા મનથી વાંચશે તેનું આવી પડેલું દુઃખ જરૂર દૂર થઈ જશે. સંતચરિત્ર કાંઈ મનોરંજન કરવા માટેની વાર્તા નથી. તે તો પ્રેમ ની જાણ છે. અને હા, સંત મહિમા ઉપર અવિશ્વાસ કોઈપણ વખત લાવવો જોઇએ નહિ. શ્રી દાસગણૂરચિત આ ગજાનનવિજય નામનો ગ્રંથભાવભક્તિવાળાને સુખદાયી થાય એ જ પ્રભુને પ્રાર્થના.


॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥

॥ઇતિ તેરમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથઃ તેરમો અધ્યાય સમાપ્ત॥







શ્રી ગજાનન મહારાજની કૃપાથી નર્મદાદેવીએ બધાની રક્ષા કરી.

## અધ્યાય ચૌદમો

શ્રી ગણેશાય નમ: હે કૌશલ્યના આત્મા રામ, રઘુકુળના ભૂષણ, કરૂણાલય, સીતાપતિ, આ બાળક ઉપર દયા કરો આપે તાડકાનો ઉધ્ધાર કર્યો. શિલા બનેલી અહલ્યાને આપે ચેતન અર્પ્યું. હે દશરથના પુત્ર, શબરી ભિલડીની આપે ઈચ્છા પૂરી કરી, ભક્તોની રક્ષા કરવા માટે આપે રાજ્ય સિંહાસનનો ત્યાગ કર્યો. આપની કૃપાદષ્ટિથી વાનરો પણ બળવાન થયા. આપના નામના પ્રતાપથી પત્થરો પણ તરવા લાગ્યા. આપે આપના ભક્ત વિભીષણને રાજ્યસિંહાસને બેસાડ્યો. જે પણ આપના શરણે આવ્યો, તેની ગરીબાઈ, દુ:ખ, મુશ્કેલી વિગેરે દૂર કર્યા. આ વાતોને આપ ધ્યાનમાં રાખીને દાસગણૂને ચિંતામાંથી મુક્ત કરો કેમકે બાળકને મા વગર બીજો કોણ સહારો આપશે? આપ જ માતા, પિતા અને સદગુરૂ છો રામરાય આપ જ ભક્તના કલ્પવૃક્ષ, ભવસાગરમાંથી મુક્તિ અપાવનાર તારણહાર છો. મેહકર નજીક કોઈ ખડ઼ે ગામમાં બંડુતાત્યા નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. આ બંડુતાત્યા સદાચારી, તેમજ ઘણીજ ઉદારતા રાખીને તેનો ઘરબાર ચલાવતો હતો. હે પાઠકગણ, (વાંચન કરનારા), આ દુનિયાદારી, સંસારીજીવન, આ બધું તો ઉપાધિઓથી ભરેલું છે. છતાંપણ માણસો એના તરફથી મોઢુ ફેરવવા ઈચ્છતા નથી. આ બંડુતાત્યાને ત્યાં મહેમાન દરરોજ આવ્યા કરતા હતા. ગૃહસ્થાશ્રમી હોવાને લીધે દરેકનો સત્કાર કરવો જ પડતો હતો. આવો તેમનો ક્રમ ઘણા જ સમય સુધી ચાલ્યો. જે કાંઈ બચેલું ધન હતું તે મહેમાનોની પછવાડી તેમની સેવાચાકરીમાં ખર્ચાતું રહ્યું. આખરે તેમને શાહુકાર પાસેથી દેવું કરવું પડ્યું. તેને પૈસાને બદલે ઘરબાર ગીરો મૂકવા પડ્યા, છતાં પણ આ દેવાનું ભૂત તેના માથે સવાર થઈ ગયું. અને તે દેવાને લીધે લોકોને મોં દેખાડવાને યોગ્ય ના રહ્યો. હવે ગીરો મૂકવા કે વેચવા માટે કશું જ બાકી રહ્યું નહિ. ઘરમાં જે ઘરવખરી હતી, તે પણ હવે તેમની પાસે રહી ન હતી. તેના ઉપર જે વીત્યું તેનું વર્ણન પણ થઈ શકે તેમ નથી. દેવું વસૂલ કરવા માટે શાહુકાર એમના માણસને અવારનવાર મોકલતો હતો. બંડુતાત્યાની એવી ખરાબ હાલત થઈ ગઈ હતી કે તેને બપોરનું જમવાનું પણ મુશ્કેલ થઈ ગયું હતું પત્ની પણ ગમે તેમ વાતો સંભળાવ્યા કરતી હતી એટલું પણ નહિ, છોકરાંએ પણ મર્યાદા તોડી નાખી હતી. તેની હાલત ખરાબ થયેલ હોવાથી કોઈપણ તેને કશુંય આપતા ન હતા. આવી રીતે બંડુતાત્યા ચારે બાજુથી

હેરાન અને નાસીપાસ થયો હતો. તે આપઘાત કરવાનું વિચારી રહ્યો હતો. પૈસેટકે જ્યારે માણસ ગરીબ થઈ જાય છે, ત્યારે તેની કિંમત કોઈપણ કરતું નથી. પૈસો, ધન હોય ત્યારે જીવન સારું લાગે છે જ્યારે તે કંગાલ થઈ જાય છે ત્યારે તેને જીવન ઉપરથી મન ઊઠી જાય છે, અને કંટાળી જાય છે. આ જ સંસારનો ક્રમ છે અને તેનું સાચું રૂપ છે. પરિસ્થિતિથી તંગ આવીને બંડુતાત્યા વિચારવા લાગ્યો કે કેવી રીતે આપઘાત કરું ? અગર અફીણ ખાઈને મરી જાઉં તો પાસે એક પૈસો પણ નથી અગર હું કોઈ કૂવામાં પડીને મરી જાઉં અને કોઈ બચાવી લે તો લોકો મેંણા મારશે અને સાથે સાથે સરકાર પણ મારા ઉપર આત્મહત્યાનો કેસ કરીને મારો દંડ કરશે. આ બધાં કરતાં સારૂ તો એ છે કે હિમાલય ઉપર જઈને આત્મહત્યા કરું. આવું કરવાથી વાંસ પણ નહિ રહે અને વાંસળી પણ નહિ વાગે આને માટે તો હિમાલય જઈશ તો જ મારૂં કાર્ય પૂર્ણ થઈ જશે, અને મારા માથે દોષારોપણ નહિ થાય. આવો વિચાર નક્કી કરીને તે ઘરની બહાર નીકળ્યો. નીકળતી વખતે સમાજને, સંસારને આખરી પ્રણામ કર્યા. જતી વખતે તેને કોઈ ઓળખી ન શકે માટે એક લંગોટી પહેરી અને શરીર ઉપર રાખોડી ચોપડી લીધી કેમકે સંસારી બીજાની નિંદાથી ડરે છે. બંડુતાત્યા મનમાં ને મનમાં પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે, હે દીનદયાળું, હે ચક્રધારી, મારા ઉપર આપની અવકૃપા કેમ છે ? હે અધોક્ષ જ (નીચે છાતી પર કૌત્સુભ મણિવાળા) વિષ્ણુ, મને તો તારા ઉપર પૂર્ણ ભરોસો હતો. પુરાણગ્રંથોમાં લખ્યું છે કે જ્યારે ભગવાનની કૃપા થાય છે ત્યારે રંક રાજા બની જાય છે. પરંતુ મારા માટે આ ખોટું જ સાબિત થયું છે. હે નારાયણ, કવિજનોએ આપનો મહિમા વર્ણવ્યો છે તે મારા માટે ખોટો જ સાબિત થયો છે. મને ઉલટું ખરાબ ફળ જ મળ્યું છે. આથી હું નિરાશ થઈને મારો જીવ આપવા ઈચ્છું. શ્રી હરિ, મારી હત્યાનું પાપ આપના માથે ન આવે તેનો થોડો વિચાર કરો? આવી રીતે વિચાર કરતાં કરતાં બંડુતાત્યાને કહ્યું કે, હરિદ્વારની ટિકિટ હમણાં ન લેશો. પહેલાં સંતદર્શન કરો પછી હરિદ્વાર જવાનું નક્કી કરો. આપણા વિદર્ભપ્રાંતમાં શ્રી ગજાનન મહારાજ મહાનસંત અવતરેલા છે. તેમનાં દર્શન કરવા પ્રથમ ત્યાં જાઓ દર્શનથી કાંઈ પણ લાભ મળ્યો નથી તેવો અનુભવ કોઈને પણ થયો નથી. આટલા માટે પરિસ્થિતિથી તંગ આવીને જીવન ગુમાવી બેસશો નહિ. બ્રાહ્મણના મોઢે આ વાત સાંભળતા બંડુતાત્યા વિચારમાં પડી ગયો. આ માણસ કોણ હશે ? તે મને કેમ મળ્યો ? તેણે ક્યાંક મારી ખરી પરિસ્થિતી તો નથી જાણી લીધીને






? કાંઈ તર્ક ચાલી શકતો નથી. આખરે તેનો પરિચય પણ કેવી રીતે પૂછી શકું કે તમે કોણ છો ! અસલમાં ગમે તે થાય પણ એકવાર શેગાંવ જઈને ગજાનન મહારાજના દર્શન કરી પછી આગળનું જોયું જશે. આવો વિચાર મનમાં નક્કી કરીને બંડુતાત્યા શેગાંવમાં આવ્યા. મહારાજનાં દર્શન માટે તે બિલકુલ સામે પહોંચી ગયા. તેની સામે જોઈને મહારાજ હસતાં હસતાં બોલ્યા કે, કેમ છો ? હિમાલય જઈને આત્મહત્યા માટે કેમ નક્કી વિચાર કર્યો છે ? અરે આત્મહત્યા તો કદાપિ ન કરવી જોઈએ. આફતમાં માણસે કદાપિ નિરાશ થવું ના જોઈએ. મનમાં જે ઈચ્છા છે તેના માટે હંમેશા પ્રયત્નો કરવા જોઈએ. અગર સંસારથી તંગ આવીને આત્મહત્યા કરીશ, તો બાકી રહેલું ભાગ્ય ભોગવવા માટે તારે ફરીથી જન્મ લેવો પડશે. માટે ગંગામાં આત્મહત્યા કરવા માટે હિમાલય જઈશ નહિ. અરે પાગલ, હવે પાછો ઘેર જ જા. સ્ટેશન ઉપર તને જે બ્રાહ્મણ મળ્યો હતો, તેને શું તેં ઓળખ્યો? તે કોણ હતો ? હવે અહીં ના રોકાઈશ અને સીધો જ તું તારા ઘરે જા. તારા ખેતરમાં એક ગ્રામદેવતા મ્હસોબા છે. તેમની પૂર્વ દિશાએ એક બાવળનું ઝાડ છે. તેની પાસે રાત્રિના બીજા પ્રહરે જમીન ખોદી નાંખ, ખોદવાનું કામ તું જાતે જ કરજે. ત્રણ ફૂટ ખોદ્યા પછી તને ધન મળશે. તે ધનથી શાહુકારનું દેવું ભરી દેવામાંથી મુક્ત થઈ જા. તારી પત્ની અને તારા છોકરાને છોડીશ નહિ. મહારાજની આવી અમૃતવાણી સાંભળીને બંડુતાત્યા બહુ જ ખુશ થયા. અને શરીર ઉપર લગાવેલી રાખોડી લૂંછી નાંખી. અને તેમના ગામ ખેર્ડા પાછા આવ્યા. રાત્રિના સમયે મ્હસોબા ની પાસે આવી બાવળની પાસેથી જમીન ખોદવા લાગ્યા. ખોદતાં ખોદતાં ત્રણ ફુટની ઊંડાઈએ તેને એક ચરૂ મળ્યો. તેનું મોઢું બંધ હતું. તે ચરૂમાં સોનાની ચારસો મહોરો હતી. તે જોતાં બહુ જ ખુશ થયો. પછી તે ચરૂ લઈને પોતાને ઘેર ગયો. ઘેર આવીને તે નાચવા લાગ્યો. અને મોટેથી બોલવા લાગ્યો કે, જય જય ગજાનન ગુરુરાય. જે તેને ધન મળ્યું તેમાંથી તે દેવામાંથી મુક્ત થઈ ગયો. ખેતર જે ગીરવે મૂક્યું હતું તે પણ છોડાવી દીધું. બંડુતાત્યાનો સંસાર જે માટીમાં મળી ગયો હતો તેમાં ગજાનન મહારાજની કૃપા-આશીર્વાદથી બધું જ સારું થઈ ગયું. આખરી શ્વાસ લેતી વખતે એકાએક અમૃતનો ઘડો મળી જાય અથવા ડુબતા માણસને ડુબતાં ડુબતાં સહારો મળી જાય એવી પરિસ્થિતિમાં ગજાનન મહારાજની કૃપા થવાથી બંડુતાત્યા બચી ગયો. હવે તેના સારા દિવસો આવી ગયા. તે શેગાંવ આવવા લાગ્યો. દાન, ધર્મ

મોટા ઉત્સાહથી કર્યું. ગજાનન મહારાજના ચરણકમળમાં નમી પડ્યો. આ જોતાં મહારાજે તેને કહ્યું કે, મને પ્રણામ કેમ કરે છે ? જે ભગવાને તને આ દ્રવ્યનો ઘડો આપ્યો છે તેમને પ્રણામ કરજે. હવે દ્રવ્યને જરા વિચારપૂર્વક વાપરજે. જરૂર કરતાં વધારે ખર્ચ કરવો તે સારું નથી. તેં તો પોતે અનુભવ મેળવ્યો છે કે પૈસા હોય ત્યાં સુધી આવ ભગત. ધન વગરનાનું કોઈ નથી. પરંતુ દુઃખમાં તો ફક્ત શ્રીપતિનો જ સહારો રહે છે. તેમને કદાપિ તું ભૂલતો નહિ, કેમકે તે કદાપિ કોઈને ભૂલતા નથી. આવી અમૃતવાણી સાંભળતા બંડુતાત્યા મહારાજના ચરણો ઉપર નતમસ્તક થઈ પ્રફુલ્લિત મનથી પાછા તેના ગામ જતો રહ્યા. સોમવતી અમાસને મોટો પવિત્ર તહેવાર માનવામાં આવે છે. જે અમાસ સોમવારે આવે તેને સોમવતી અમાવસ્યા, કહેવામાં આવે છે. સોમવતી અમાવસ્યાના દિવસે જો નર્મદામાં સ્નાન કરવામાં આવે તો મહાનપુણ્ય મળે છે. આવું ગ્રંથોમાં તેમજ પુરાણોમાં લખેલું છે. આવું પુણ્ય મેળવવા માટે શેગાંવના કેટલાક લોકો તૈયારી કરીને નર્મદા સ્નાન માટે જઈ રહ્યા હતા. માર્તંડ પાટીલ, બંકટલાલ, મારુતિ ચંદ્રભાણ, બજરંગલાલ વિગેરે ઓંમકારેશ્વર જવા માટે વિચારી રહ્યા હતા. બંકટલાલ બોલ્યા, આપણે નર્મદાસ્નાન માટે જઈએ છીએ તો મહારાજને લીધા વગર શા માટે જઈએ ? તે ચારેય જણ મઠમાં આવ્યા અને મહારાજને ઓંમકારેશ્વર સાથે આવવા પ્રાર્થના કરવા લાગ્યા કે, આપ અમારી સાથે ચાલો, આપ આવશો તો અમને યમરાજનો ભય પણ નહિ રહે. ૐકાર-માંધાતાની અમારી યાત્રા આપ સાથે આવીને સફળ બનાવો. માતા પોતાના બાળકને દરેક રીતે રસ્તો બતાવે છે. આ અધિકાર બીજા કોઈને પણ નથી. નર્મદા સ્નાન માટે આપ ચાલો અને અમે તમારી સાથે આવીએ, એજ આપને અમારી પ્રાર્થના છે. જ્યાં સુધી આપ આવીશ એમ નહી કહો ત્યાં સુધી અમે સત્યાગ્રહ કરીને બેસી રહીશું. કેમકે બાળકોની જીદ માતા જ પૂરી કરે છે. તેમની વાત સાંભળીને મહારાજ બોલ્યા કે, નર્મદા અહીં જ છે. તો પછી ત્યાં જવાની જરૂર શી છે ? એટલા માટે હું તો મઠમાં રહીને જ સ્નાન કરીશ. તમે બધાં ૐકારેશ્વર જઈ આવો. ત્યાં ઘણાં વર્ષો પૂર્વે ભાગ્યવાન માન્ધાતા નામનો રાજા મહાબળવાન થઈ ગયો, તેની કીર્તિ મધ્યપ્રદેશમાં ખૂબજ ફેલાયેલ હતી. જગદ્‌ગુરુ શંકરાચાર્યે જગતના ઉધ્ધાર માટે સંન્યાસની દીક્ષા ત્યાં જ લીધી હતી. હવે તમે ખુશીથી જાવ અને મારી નર્મદાદેવીને ભેટ ચઢાવજો. પરંતુ મને લઈ જવાની નકામી જીદ પકડશો નહિ. પવિત્ર







તહેવારની મહત્તા મારા માટે આ વિકટ પરિસ્થિતિમાં એક તણખલાં જેટલી પણ નથી, આવું સાંભળીને તે ચારેય જણા મહારાજના પગ પકડીને બેસી ગયા. અને બોલ્યા કે, મહારાજ આપનું કહેવું સત્ય છે, પરંતુ આપને અમારી સાથે આવવું જ પડશે. અમે એટલું જ કરીશું કે સ્નાન કરીને તરત જ પાછા આવતા રહીશું. આવી વાત સાંભળીને મહારાજ બોલ્યા કે, તમે દાંભિક દેખાવ છો, કેમકે નર્મદાનો પ્રવાહ તો આપણા શેગાંવના કૂવામાં પણ વહી રહ્યો છે, આ તેમના પ્રવાહને છોડીને જો ત્યાં જઈશું તો મારી નર્મદા મા ગુસ્સે થશે. એટલા માટે હું કહું છું કે આપ જાવ મને આગ્રહ ના કરશો. મારૂ કહેવું માનો તેમાંજ તમારી ભલાઈ છે. પરંતુ મારૂતિ, ચંદ્રભાણ જીદ પકડીને બોલ્યા કે, આપને લીધા વગર અમે ત્યાં જવાના નથી. ત્યારે મહારાજ બોલ્યા કે, મારા ત્યાં આવવાને લીધે કદાચ કાંઈક અનિષ્ટ પણ થઈ શકે છે. જો કંઈક અનિષ્ટ બીના બને તો મને જરાપણ દોષ લગાવતા નહિ. આવી રીતે અંદરોઅંદર વાત કરતાં તેઓ મઠમાંથી નીકળી ૐકારેશ્વર પહોંચી ગયા. પવિત્ર તહેવારનું ફળ લેવા માટે ઘણા લોકોની ત્યાં ભીડ થઈ હતી. નર્મદા નદીના કિનારે એટલી બધી ભીડ થઈ હતી કે એક કીડીથી પણ શંકરના દર્શન કરવા જઈ શકાય તેમ ન હતું કોઈક સ્નાન કરતા હતા, તો કોઈક બ્રાહ્મણો પાસે સંકલ્પ મૂકાવીને અર્ઘ્ય આપતા હતા, તો કેટલાક પેંડા, બરફી, ખાજા ખાવામાં લીન હતા. ભજન મંડળીવાળા ભજન કરવા માટે ત્યાં જઈ રહ્યા હતા. આ અવસર પૂરો થતાં સુધી મંદિરમાં અભિષેકના મંત્રોચ્ચાર એટલા બધા મોટેથી જોરશોરથી થતા હતા કે કોઈનોય એક પણ શબ્દ ત્યાં સાંભળી શકાતો ન હતો. આટલી બધી ધમાલ હોવા છતાં પણ મહારાજ નર્મદા નદીના કિનારે પદ્માસન કરીને પોતાની મસ્તીમાં બેઠેલા હતા. તે ચાર જણા સ્નાન કરીને શંકરના દર્શન કરીને પાછા આવ્યા અને મહારાજને બોલ્યા કે, હવે રસ્તા ઉપર જવા માટે કોઈ શક્યતા નથી તેટલી બધી ભીડ જામી છે. આવવા જવાના રસ્તા ઉપર બળદગાડાં તૂટી જાય છે.બળદો ભડકે છે. ગાડાવાળાની સાથે તો ખેડી ઘાટ સ્ટેશન પર જઈને આવવાનું નક્કી કર્યું હતું. પરંતુ રસ્તામાં આવતી વખતે બળદો એ એટલી બધી ઉપાધિ કરી કે પ્રાણ હથેળીમાં લેવા પડ્યા. તો હવે બળદગાડામાં બેઠા વગર આપણે નાવડીમાં બેસીને ખેડીઘાટ સ્ટેશન સુધી જઈશું. લોકો જુઓને એવું જ કરી રહ્યા છે, આ જુઓને કેટલાય લોકો નાવમાં બેસીને જઈ રહ્યા છે. આ સાંભળીને મહારાજ બોલ્યા કે, મને કશું જ પૂછશો નહિ અને કશું પણ

કહેશો નહિ. હું તો તમારી સાથે વચને બંધાયેલ છું તમે જે કહેશો તે જ કરીશ. ત્યારપછી બધાં નાવડીમાં બેઠા અને નાવ ખેડીઘાટ સ્ટેશન તરફ નદીમાં હંકારી મૂકી, વચમાં આવતા એક ટેકરા સાથે અથડાઈ અને અથડાવાથી નાવમાં એક કાણું પડ્યું. પાણી તે કાણા મારફતે નાવડીમાં ખૂબ જ ઝડપથી ભરાવા લાગ્યું, અને નાવડી ડુબવા લાગી. મોતના ભયે નાવિકોએ પાણીમાં કુદકો માર્યો અને નદીની પાર નીકળી જઈ તેમણે તેમનો જીવ બચાવી લીધો. આવી પરિસ્થિતિમાં મહારાજ તો બિલકુલ જ શાંત બેઠા હતા, અને તેમના મુખમાં ગન ગન ગણાંત બોતે આ ભજન ગાવા લાગ્યા. માર્તંડ, અને મારૂતિ તો આ સંકટથી ગભરાઈ ગયા. અને બંકટલાલના પણ હૃદયના ધબકારા વધવા લાગ્યા હતા. તે ચારેય શરમાઈને બોલ્યા કે, અમે ચારેય તમારા મોટા અપરાધી છીએ, કેમકે તમે જે  વાત શેગાંવમાં કહી હતી. તે માની નહિ અને અમે અમારી જીદ પૂરી કરી તેનું ફળ હવે તો અમને સામે જ દેખાઈ રહ્યું છે. જે પાવન નર્મદા નદીમાં અમે સ્નાન કરીને પુણ્ય મેળવવા માટે આવ્યા હતા, તે નર્મદા નદી અમને ડુબાડી રહી છે. હે ગુરૂરાજ, અમે તમારા શબ્દો હવે વેદવાણી સમાન માનીશું, પરંતુ અત્યારે આ આવી પડેલી આફતમાંથી બચાવો જેથી અમે શેગાંવ જઈ શકીએ. તે મહારાજની પ્રાર્થના કરવા લાગ્યા. ત્યાં નાવ નદીની વચ્ચોવચ જઈ પહોંચી અને ડૂબવા લાગી. કિનારા ઉપરના લોકો બૂમાબૂમ કરવા લાગ્યા કે, ડૂબી રહેલી નાવડીમાં જે પાંચ માણસો છે તે પાંચેય જલસમાધિ પામશે. કેમકે નર્મદામાં જળ પુષ્કળ હોય છે. આવું બધું જોઈને મહારાજ બોલ્યા કે, ગભરાશો નહિ નર્મદા મૈયા તમને જરૂર બચાવશે. આવું કહીને નાવડીમાં બે હાથજોડીને મહારાજે નર્મદાસ્તવન શરૂ કર્યું.

શ્લોક (અનુષ્ટુપ છંદ)

નર્મદે મંગલે દેવી, રેવે અશુભ નાશિની।

ક્ષમા હો અપરાધ ઈનકે, દયાલુ વરદાયિની।







આવું નર્મદા સ્તવન ચાલી રહ્યું હતું, ત્યાં નાવડીમાં ભરાઈ ગયેલું પાણી હતું તે બધું પાણી નાવડીની બહાર નીકળી ગયું. નર્મદાએ પોતાનો હાત મૂકીને તે કાણું બંધ કરી દીધું અને આવું થવાને લીધે નાવડી પહેલાંની માફક પાણી ઉપર તરવા લાગી હે શ્રોતાજનો આ  નાવની સાથે સાક્ષાત્ નર્મદાદેવી હતા. નર્મદામાતાએ નાવડી ચલાવનારનું રૂપ ધારણ કર્યું. તેમના વાંકડીયા કાળા રાળ, અને તેમના વસ્ત્રો ઘુંટણ સુધી પલળેલાં હતાં. નાવ કિનારે આવી ગઈ. આશ્ચર્ય પામીને લોકોએ જોયું કે નાવડીમાં કાણું પડેલું છે. ભક્તો બોલ્યા કે, આજ જો આ સ્ત્રી હાજર ન થઈ હોત તો આપણે ડૂબી ગયા હોત. પરંતુ તેમના લીધે જ આપણે સૌ બચી ગયા છીએ. હે દેવીજી આપ કોણ છો? અને ક્યાંના રહેવાવાળા છો? આ પલળેલા વસ્ત્રો બદલી દો. અમે તમને નવા કોરા વસ્ત્રો લાવી આપીએ છીએ. આ સાંભળીને નર્મદામૈયા બોલ્યા કે, ૐકાર માછીની હું કન્યા છું મારૂં નામ નર્મદા છે. ભીનાં વસ્ત્રો પહેરવાની મને હંમેશા ટેવ છે. કેમકે હું સદાય ભીની જ રહું છું. આ પાણી જ મારું અસલ સ્વરૂપ છે.  આવી રીતે વાતો કરતાં કરતાં નર્મદાજીએ ગજાનન મહારાજને પ્રણામ કર્યા. અને પળભરમાં તો નદીમાં અદશ્ય થઈ ગયાં. જેમ આકાશમાં વીજળી દેખાય છે અને પળભરમાં અદશ્ય થઈ જાય છે તેમ માતાજી પણ અદશ્ય થઈ ગયાં. આ  બધો જ ચમત્કાર જોઈને ચારેય જણ  આશ્ચર્ય ચકિત થઈ ગયા. મહારાજનો મહિમા તે સારી રીતે જાણી ગયા હતા. કેમકે ગજાનન મહારાજનાં દર્શન માટે પોતે નર્મદા મૈયા આવ્યાં હતાં. ભયથી મુક્ત થયેલા બંકટલાલે મહારાજને પૂછ્યું કે, ખરેખર આ સ્ત્રી કોણ હતી ? આ બધી હકીકત સાચે સાચી બતાવો. આ સાંભળતાં જ મહારાજ બોલ્યા કે, આ કાંઈ પૂછવાની વાત થોડી જ છે ? સમજદાર માણસના માટે એક ઈશારો જ પૂરતો હોય છે. કેમકે નર્મદાએ પોતે ઈશારાથી પોતાનો પરિચય આપી દીધો છે. માછી જે ઓમકાર તેમજ ઓમકારેશ્વર છે. અસલીરૂપ પાણી છે. તે નર્મદાએ પોતે જ બતાવી દીધું હતું. અરે પાગલો, એ પોતે જ નર્મદાદેવી હતા, તેમના માટે કોઈ શંકા રાખશો નહિ. તે તેમના ભક્તોને આફતમાં પોતાની કૃપા વડે બચાવી લે છે. એટલા માટે તેમનો જયજયકાર મોટા અવાજથી કરો. હે નર્મદાદેવી તમારી જય હો હે અંબિકા આવી રીતે સદાય અમારૂં રક્ષણ કરજો. આ સાંભળી બંકટલાલ અને તેમના સાથીઓ વારંવાર મહારાજના ચરણોમાં નીચે નમ્યા. ત્યાંથી પાછા તેઓ શેગાંવમાં આવ્યા. તેમને જે જે મળતા તેમને તેઓ બનેલી બધી જ હકીકત ખુલ્લા

દિલથી બતાવતા હતા. સદાશિવ રંગનાથબાનવળે નામના એક ગૃહસ્થકોઇ ભક્તની સાથે દર્શન માટે શેગાંવ આવ્યા. આ સદાશિવની અટક તાત્યા હતી. તે ચિત્રકુટના માધવનાથના **શિષ્ય** હતા. માધવનાથજી યોગવિદ્યામાં પ્રખ્યાત હતા. તેમના શિષ્ય સતુદાય માળવા પ્રાંતમાં બહુજ છે. જ્યારે સદાશિવ મહારાજનાં દર્શન કરવા મઠમાં આવ્યા હતા ત્યારે મહારાજ ભોજન કરી રહ્યા હતા. સદાશિવને જોતાં જ મહારાજને માધવનાથની યાદ આવી કેમકે એક સંત બીજા સંતને સારી રીતે ઓળખે છે. ભક્ત ને કહ્યું કે, માધવનાથના શિષ્યને મારી પાસે લાવો. તેમના ગુરૂ માધવનાથજી હમણાં મઠમાં ભોજન કરીને ચાલ્યા ગયા, તેઓ ગયા અને આ બંને આવ્યા જો તે બંને થોડો સમય પહેલા આવતે તો તેમને તેમના ગુરૂની મુલાકાત થઈ જાત. તેમને આવવામાં વિલંબ થયો. તેમના ગુરૂ તો પાન ખાધા વગર જ ચાલ્યા ગયા. હવે તેમને પાન આપીને જ વિદાય કરીશું. ગુરૂબંધુના શિષ્યો તેને જાણીને મહારાજ તેમને ભેટ્યા મઠમાં તેમનું ખૂબ જ સ્વાગત કર્યું. વિદાય દેતી વખતે મહારાજે આ સંદેશ કહ્યો કે, તમે જઈને સીધા માધવજીને મળો અને તેમને આ પાન જે અહીં ભૂલી ગયા હતા તે આપજો અને જે હું કહું તે સંદેશો તેમને કહેજો. આ બધું સદાશિવે સાંભળી લીધું અને પાન લઈને તે તેના ગામ બાજુ જવા નીકળ્યો. માધવનાથને તેણે બધી જ વાતો કહી બતાવી મને પૂછ્યું કે, મહારાજ, આપ સાચે જ તે દિવસે શેગાંવ ગયા હતા. માધવનાથજી બોલ્યા કે, જે વાત ગજાનન મહારાજે કહી છે તે વાત સાચી જ છે. ભોજનના સમયે તેમણે મને યાદ કર્યો હતો. યાદની રીતે એટલે કે અમે એક બીજાને યાદ આવતા. યાદથી મળી શકીએ છીએ. આ રીતે અમારી દરરોજ મુલાકાત થાય છે. તેમાં જરા પણ શંકા રાખશો નહિ. અમારા શરીર જુદા છે, પરંતુ પ્રાણ તો એક જ છે. આમાં અસલિયત શું છે તે તમે સમજી શકશો નહિ, કેમકે તે બાબતનું જ્ઞાન બહુ જ રહસ્યમય છે સારૂં થયું કે તું મારાથી ભૂલથી રહી ગયેલુ પાન લાવ્યો. માધવનાથજીએ ખલમાં વાટીને થોડું પાન ખાઈ લીધું અને બાકી રહેલું બધાંને વહેંચી દીધું. સંતની ભેટ કેવી હોય છે તેનું વર્ણન તો શ્રી જ્ઞાનેશ્વર મહારાજે ચાંગદેવ પાંસષ્ટીમાં કર્યું છે તે વાંચો તો બધા જ ભાવાર્થની તમને સમજણ પડી જશે. અનુભવની વાતો અનુભવથી જ ખબર પડે છે. તર્ક કરવાથી નહિ. યોગી યોગબળથી બેઠા બેઠા બધું જ જાણી શકે છે. તેઓ પોતાની જગ્યાએ બેઠા બેઠા એકબીજાને મળી પણ શકે છે. શેખ મહંમદ શ્રી ગોંદેમાં તો તુકારામ દેહુમાં. દેહુમા કીર્તનના





સમયે આગ લાગી હતી, તે આગ શેખ મહંમદે શ્રી ગોંદેમાં બેઠા બેઠા જ ઓલવી નાંખી હતી. આ બાબતમાં મહિપતિજીએ ભક્તિવિજયમાં લખેલ છે. માણિકપ્રભુએ હળી ગામમાં જઈને પાટીલના છોકરાને કૂવામાં ડૂબતો બચાવી લીધો હતો અસલી યોગીથી જ આ પ્રમાણે ચમત્કાર થઈ શકે છે. નકલી યોગી તો ગપ્પા હાંકતા બેસી જ રહે છે યોગસાધના જ બધાં આધ્યાત્મિક સાધનમાં બળવાન છે. જો રાષ્ટ્રનો ઉધ્ધાર કરવાની ઈચ્છા હોય તો યોગ સંપન્ન કરેલો હોવો જ જોઈએ. શ્રી દાસગણૂ રચિત આ શ્રી ગજાનન વિજય નામનો ગ્રંથ શ્રદ્ધાથી ભક્તોએ સાંભળવો જોઈએ.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભં ભવતુ॥

॥ઈતિ ચૌદમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: ચૌદમો અધ્યાય સમાપ્ત॥



શ્રી ગજાનન મહારાજ ઊંચા આસન પર બીરાજમાન છે અને લોકમાન્ય ટિળક ભાષણ કરી રહ્યા છે.

## અધ્યાય પંદરમો

શ્રી ગણેશાય નમ:, હે કશ્યપપુત્ર વામન, હે બટુકરૂપધારી નારાયણ, આપે બલિરાજાનું દાન સ્વીકારી તેને ધન્ય કર્યો. આપે દાનમાં મૃત્યુલોકનું રાજ્ય લઇ તેને બદલામાં પાતાળ લોકનું રાજ્ય આપ્યું. તે પુણ્યશાળી બલિરાજાને આંબળા લઈ નાળિયેર આપે તેવો આપે દાખલો આપ્યો. તેમણે જે કંઇ આપની ભક્તિ કરી તેનાથી પ્રસન્ન થઇને આપ તેના, દરવાન બન્યા, આ કલિયુગનો અંત થતાં જ આપના આશીર્વાદથી બલિરાજા દેવોના રાજ-રાજેશ્વર બનવાના છે. હે અનંત, આપે તો થોડી જ ક્ષણોમાં ચાર વેદો (સંહિતાઓ) નો અર્થ કરી નાંખ્યો. આપનું અગાધ બુદ્ધિ ચાતુર્ય જોઇને પંડિતો પણ વિસ્મય પામ્યા હતા. આજ સુધી આપે જેટલા જેટલા અવતાર લીધા તેમાંથી આપનો આ અવતાર એ એક એવો છે જેમાં આ ભૂમિ પર કોઇનો પણ વધ થયો નથી. શત્રુ-મિત્ર આવો ભેદભાવ ન રાખીને દરેકને ત્યાં દરેકના ઘરમાં પ્રેમનો દીપ પ્રગટાવ્યો હતો. દેવો અને દાનવો બંને જુદા જુદા છે. પરંતુ દેવોની ભલાઇ કરવાની સાથે સાથે આપે રાક્ષસોની પણ રક્ષા કરી હતી, ઇશ્વરતત્વનું સમતોલપણું આપે એવું આપના આ અવતારમાં રાખ્યું હતું. હું આપને પ્રણામ કરૂ છું. હે વામન, દાસગણૂના મસ્તક પર અભયહસ્ત મૂકીને આપ તેને બિલકુલ જ ચિંતા વગરનો કરી દેશો. બાલગંગાધર ટિળક જે મહારાષ્ટ્રના કોહીનુર,હીરાજેવી લાંબી નજરે જોવાવાળા,સમુદ્ર જેવા વિશાળ હૃદયવાળા અને રાજકારણમાં કુશળ વગેરે ગુણોથી ભરેલા હતા. પરતંત્રતાનો જુગાર પડકારથી ફેંકી દેવામાં તેમજ દેશને સ્વતંત્ર બનાવવામાં તેમણે જાનની બાજી લગાવી હતી, પારકા રાજ્યની સત્તાનો સામનો કરવા તેમણે જે બંધારણ ઘડ્યું તેનું વર્ણન થઈ શકે તેમ નથી. તે ભીષ્મ જેવા દૃઢ પ્રતિજ્ઞાવાળા હતા. ભારતભૂમિની પરાધીનતાની ખરાબ હાલત જોઇને તેમણે હથેળી પર જાન લઇને પણ તલવારની ધાર જેવા વ્રતની પ્રતિજ્ઞા લીધી હતી. તે એટલા નિર્ભય હતા કે કોઇથી પણ ડરતા ન હતા. બૃહસ્પતિના જેવી તેમની વાણીની ચતુરતા હતી. તેઓ લખાણમાં પણ એટલા બધા કુશળ હતા કે અંગ્રેજ સરકારની ઊંઘ પણ હરામ થઈ ગઈ હતી. તેમણે દેશ માટે આસક્તિ વગરના થઇને આખર સુધી કર્મમય જીવન વીતાવ્યું. તેનાથી જનતા જનાર્દને લોકમાન્ય એ પદવી આપેલી હતી. તેમણે દેશ માટે જે કામ કર્યું તેનાથી તો આ પદવી ગૌરવસમાન થઈ. એક વખત શિવજયંતિના શુભ અવસર પર ટિળકજી લોકોના આગ્રહને વશ થઇને ભાષણ

આપવા માટે અકોલા આવ્યા. ઉત્સવની તૈયારી ખૂબજ ધુમધામથી ચાલી રહી હતી. દામલેજી, કોલ્હટકરજી અને ખાપર્ડેજી વગેરે વિદ્વાનો અકોલામાં ભેગા થયા. લોકમાન્યજી આવવાના છે, એમ જાણીને વિદ્વાનોમાં હલચલ મચી ગઈ. દામલેજી, કોલ્હટકરજી અને ખાપર્ડેજી વગેરે વિદ્વાનો અકોલામાં ભેગા થયા. શિવજયંતિના પ્રમુખ સ્થાન માટે ટિળકજીને નક્કી કરી દીધા. ટિળકજીનું નામ સાંભળીને આખુંય વિદર્ભ આનંદ પામ્યુ. લોકો અંદર અંદર કહેવા લાગ્યા કે શિવરાયની જયંતિ આ પ્રાંતમાં આથી પણ પહેલાં થવી જોઇતી હતી. તેનુ કારણ આવી રીતે છે. શિવાજીને જન્મ આપનાર વીરમાતા જીજાબાઈનો જન્મ વિદર્ભ પ્રાંતમાં સિંધખેડ ગામમાં થયો હતો. વીરમાતા જીજાબાઈએ શિવાજીને જન્મ આપીને વિદર્ભ-મહારાષ્ટ્રને તેમના કર્તવ્યથી એક કરી દીધા હતા. માતા-વિદર્ભની અને પિતાજી મહારાષ્ટ્રના શહાજીરાજા ભોંસલે હતા. તે બંને એક બીજાને માટે દરેક રીતે અનુકુળ હતા. એક બાજુ શિવજયંતિ મહોત્સવ જે મહારાષ્ટ્રનો મોટો તહેવાર હતો અને બીજી બાજુ તે ઉત્સવના પ્રમુખ હતા લોકનેતા બાળગંગાધરટિળક જાણે સોનામાં સુગંધ ના ભળી હોય તેમ લાગતું હતું. ઉત્સવની તૈયારી એક મહિના પહેલાથી ચાલતી હતી. આ એકાએક એવો યોગ આવી ગયો હતો જેનાથી બધાજ ખૂબ આનંદ ખુશી પામ્યા હતા. ઉત્સવના પ્રમુખ ઉપપ્રમુખ પણ ચૂંટી કાઢ્યા હતા. સ્વયંસેવકોની યાદી પણ તૈયાર થઈ ગઈ હતી. કેટલાક લોકોની સલાહ હતી. કેટલાક લોકો બોલ્યા કે, આ શિવજયંતિ ઉત્સવમાં શેગાંવના ગજાનન મહારાજને આમંત્રણ આપવું જોઇએ, કેમકે દૂધમાં સાકર ભળી જાય. શિવાજીના રાષ્ટ્રોદ્ધાર કાર્યમાં સમર્થ રામદાસ સ્વામીનો આશીર્વાદ હતો તેથી તેમને તે કાર્યમાં સફળતા મળી. ટિળકજીનું રાજકારણ એ પણ શિવાજીના રાષ્ટ્રોધ્ધારનું કાર્ય છે. તેથી આ કાર્યને પણ મહારાજનો આશીર્વાદ મળવો જોઇએ. આ વાતને કોઇએ સંમતિ આપી તો કોઇએ અસહમતિ દર્શાવી. જે માણસો અસહમત હતા તેઓ આ પ્રમાણે બોલ્યા, એ શેગાંવના ઓલિયાને આવા શુભ અવસર પર કેમ બોલાવો છો ? તે આવા પ્રસંગ પર કંઇક વિચિત્ર વર્તણુંક કરી બેસશે, જેથી સભામાં રંગમાં ભંગ થઈ જશે. તે સભામાં નગ્ન ફરશે. ગિણ ગિણ ગણાંત બોતે આવું ભજન ગાતાં ગાતાં કદાચ લોકમાન્યજીને પણ મારવા લાગશે. કેટલાક લોકો આવી વાત સાંભળીને વિરોધ કરતા બોલ્યા કે, ગજાનન મહારાજના પગલાં આવા અવસરે પડવા જ જોઇએ. અમુક જ માણસને તેઓ ગાંડા લાગે છે જે કોઇ વિદ્વાન છે, સજ્જન છે તે બધા તેમને ગાંડા







માનતા નથી. જો ટિળકજી સાચે ન રાષ્ટ્રોધ્ધારક છે તો અવશ્ય મહારાજ આ પ્રસંગે હાજર રહેશે. સાચા ખોટાની પરીક્ષા તો સમય પર જ થાય છે. એટલા માટે મહારાજને આમંત્રણ આપવામાં આનાકાની થવી ના જોઇએ. આમ આ રીતની ચર્ચા વિચારણા બાદ કેટલાક માણસ આમંત્રણ આપવા માટે શેગાંવ આવ્યા. લોકોને સામે જોતાં મહારાજે ખાપર્ડેને કહ્યું કે, હું શિવજયંતિના પ્રસંગે અવશ્ય હાજર રહીશ જ્યાં પાગલવેડા કર્યા વગર ચૂપચાપ જ બેસી રહીશ, વ્યવસ્થાપકોને મારા લીધે મનદુ:ખ થાય તેવું હું કદાપિ કરીશ નહિ. રાષ્ટ્રોધ્ધાર કરવા માટે બાલ ગંગાધર જ સાચા અધિકારી છે. તેમના જેવા રાષ્ટ્રપ્રેમી માણસ ભાગ્યેજ મળી આવે છે. આણણા પટવર્ધન નામના એક સજ્જન હતા. તે ટિળકજીના સ્નેહી હતા. તદુપરાંત તે આળસ્દીના નરસિંહ સરસ્વતીના શિષ્ય હતા. ટિળકજી તેમજ અણ્ણા પટવર્ધનને મળવા હું અવશ્ય અકોલા આવીશ. આ વાત સાંભળીને ખાપર્ડેજી બહુ જ ખુશ થયા અને કોલ્હટકરને કહ્યું કે, આ અમારા વિદર્ભ પ્રાંતનો જ્ઞાનહીરો જુઓ. તેમણે અકોલામાં આપણે જે વાતો કરી હતી તે બધી જ વાતો અહીં બેઠા જાણી લીધી છે. સંતોનું આ અગાધ જ્ઞાન જુઓ અને સાથે સાથે રાષ્ટ્રપુરુષ માટે તેમને પ્રેમ પણ કેટલો બધો છે તે પણ જુઓ. આપણે કંઈ પણ બોલીએ તે પહેલાં જ મહારાજે આવવાનો વાયદો કરી નાંખ્યો. તેમને આ માટે કંઈ કહેવું પણ ન પડ્યું. આ શુભ કાર્યને શુકન તો સારા જ થયા. ચાલો, આપણે મહારાજના ચરણોમાં નતમસ્તક થઇને અકોલા પાછા જઇએ. ખાપર્ડે, કોલ્હટકર અકોલા પાછા ગયા શિવજયંતિના ઉત્સવને ફક્ત આઠ જ દિવસ બાકી રહી ગયા. આખોય વિદર્ભ પ્રાંત આનંદ ઉત્સવ પામ્યો. દરેક જણ અધીરા થઈને વિચારવા લાગ્યા કે, ક્યારે ટિળકજીના પગલાં અમારા વિદર્ભ પ્રાંતમાં પડે અને અમે તેમનાં દર્શન કરી શકીએ. શકે ૧૮૩૦ ના વૈશાખ માસમાં અકોલામાં ભવ્યમંડપમાં શિવ ઉત્સવની ઉજવણી થઈ. વૈદર્ભ પ્રાંતમાં અખાત્રીજ તહેવાર પણ ધામધૂમથી ઉજવાય છે. છતાં તે દિવસે આખોય સભામંડપ ભરાઇ ગયો હતો. અખાત્રીજને દિવસે ઉત્સવનો છેલ્લો દિવસ હતો. એટલા માટે લોકમાન્યજીને જોવા દૂરદૂરથી લોકો આવ્યા હતા. લોકોને તે વાતની ખબર હતી કે આ શુભ અવસર પર મહારાજ પણ આવવાના છે. અને આનાથી આખોય સભામંડપ ગીચોગીચ ભરાઇ ગયો હતો. દરેકની આંખો મહારાજના શુભ આગમનની રાહ જોઇ રહી હતી. તેઓ અંદર અંદર વાતો કરી રહ્યા હતા કે મહારાજ હજુ સુધી કેમ નથી આવ્યા ? પરંતુ મહારાજ મંડપમાં પહેલેથી જ હાજર હતા. સાધુનું બોલેલું વચન કદાપિ ખાલી તેમજ મિથ્યા જતુ નથી. જીવનમુક્ત સાધુ ગજાનન મહારાજ

સભામંડપમાં ઉંચા આસને ગાદી ઉપર બેઠા હતા. સ્ટેજ પર ઉંચા આસનની જગ્યાને લોકમાન્યજી શોભાવી રહ્યા હતા. એમની સાથે અણ્ણાસાહેબ પટવર્ધન બેઠા હતા. શ્રીકૃષ્ણનંદન-જેમનું નામ ગણેશ હતું અને જે ખાપર્ડે કુટુંબના અલંકાર સમાન હતા તે ટિળકજીની બીજી બાજુએ બેઠા હતા. દામલે, કોલ્હટકર ભાવે અને વ્યંકટરાવ દેસાઇ જે સભાના મુખ્ય હતા તે પણ ઉચ્ચાસન પર બેઠેલા હતા અને ભાષણ આપનારા ઘણાય સજ્જનો ત્યાં હતા. તેમનું વર્ણન એક મુખેથી હું કેવી રીતે કરૂં ? કોલ્હટકરજીએ આ સભા શા માટે ભરવામાં આવી છે તેનું નિવેદન કર્યું. ત્યારપછી ભાષણસિંહ લોકમાન્ય ટિળકજી ઊભા થયા તે બોલ્યા કે આજના દિવસને ધન્ય છે. આપણે ત્યાં એક વીરે સ્વતંત્રતા માટે પ્રાણની બાજી લગાવી હતી તે ધનુર્ધવ વીર શિવાજી મહારાજનો આજે જન્મોત્સવ ઉજવવા આપણે બધા અહીં ભેગા થયા છીએ. તે શૂરવીર શિવાજીને સમર્થ રામદાસ સ્વામીની કૃપા મળી હતી અને તેનાથી તેમના નામનો ડંકો મહારાષ્ટ્ર એકલામાં નહીં પણ આખાય ભારતખંડમાં વાગ્યો હતો. તેવી રીતે સાધુ ગજાનન મહારાજ આપણને આશીર્વાદ આપવા આ સભામાં પધાર્યા છે. રામદાસ સ્વામીજીના આશીર્વાદથી જેવી રીતે શિવાજી મહારાજને તેમના કાર્યમાં સફળતા મળી, તેવી રીતે આ સભામાં આપણને ગજાનન મહારાજના આશીર્વાદની જરૂર છે. સ્વતંત્રતાનો સૂરજ ડૂબી જતા ગુલામીનો અંધકાર ચોતરફ ફેલાઇ ગયો છે. જે દેશમાં સ્વતંત્રતા નથી તે દેશ પ્રેત જેવો જે મનાય છે. એટલા માટે સમાજમાં રાષ્ટ્રપ્રેમના અંકુર ફુટે એવું અમારે જનતાને શિક્ષણ આપવું છે. આજથી બાળકોને પણ રાષ્ટ્રપ્રેમનું શિક્ષણ આપવાની જરૂર છે. આ રીતનું શિક્ષણ પારકો રાજા આપણાં બાળકોને શું આપશે? આ સાંભળીને મહારાજ એકદમ ઊભા થઈ ગયા અને ત્રણવાર બોલ્યા કે નહિ, નહિ. ભાષણના જુસ્સામાં આવીને ટિળકજીએ ચાલુ સરકાર પર ટીકાટીપ્પણ કરી અને ટોણા મારવા લાગ્યા. તેમનું ભાષણ કેવું છે, કેવી રીતે શા માટે કોના પર કરે છે તે મહારાજ સમજી ગયા. અને હસતા હસતા બોલ્યા કે, આવી રીતે સરકાર વિરૂધ્ધ બોલવાથી બેય હાથે હાથકડી પડશે, આટલું કહીને મહારાજ તેમનું પ્રિય ભજન ગણ ગણ ગણાંત બોતે ગાવા લાગ્યા. ત્યારપછી સભા નિર્વિઘ્ન સમાપ્ત થઈ. લોકો ટિળકજીને આવકારવા લાગ્યા. પરંતુ મહારાજે જે ભવિષ્યવાણી કરી હતી તે તેજ વર્ષે સાચી સાબિત થઈ. સરકાર તરફથી ટિળકજી પર કેસ થયો. અને તેમને કલમ ૧૨૪ થી કેદ કર્યા અને હાથકડી પહેરાવી. રાજસત્તા બલીયસી (રાજસત્તા બલવાન







છે) આ ન્યાયે સરકાર વિરૂદ્ધ કોર્ટ પણ આંગળી ઉઠાવી શકતું નથી. મોટા મોટા વકીલો પણ ટિળકજીનો કેસ લડવા માટે તૈયારી કરવા લાગ્યા. આ સિવાય પણ જેમને ટિળકજી માટે શ્રધ્ધા ભાવ હતો તે પણ પારમાર્થિક ઉપાય કરવા લાગ્યા. તેમાં એક આ પ્રકારનો હતો. દાદા સાહેબ ખાપર્ડે જે ટિળકજીના મિત્ર તેમજ સાથસહકાર આપવા વાળા હતા તે અમરાવતી થી કેસ લડવા માટે મુંબઈ તરફ નીકળી આવ્યા. અકોલા સ્ટેશનપર કોલ્હટકરજીને કહ્યું કે, આપ હમણાંજ મહારાજની પાસે શેગાંવ પહોંચી જાવ અને મહારાજને એવી પ્રાર્થના કરો કે સંકટમાંથી ટિળકજી બચી જાય. દેશ પર આફતના વાદળાં છવાઈ ગયાં છે. હું પોતે જ શેગાંવ જવા ઇચ્છતો હતો. પરંતુ મારે હવે મુંબઇ જવું ખાસ જરૂરી થઈ ગયું છે. તેથી આપ જ શેગાંવ જઇને મહારાજને વિનંતિ કરો. તરત જ ટિળકભક્ત કોલ્હટકર ગાડીમાં બેસી ગયા અને શેગાંવમાં મહારાજ પાસે આવ્યા. જ્યારે કોલ્હાટકરજી આવ્યા ત્યારે પથારીમાં મહારાજ સુઈ રહ્યા હતા. ત્રણ દિવસ થયા છતાં પણ મહારાજ ઉઠચા નહિ. ત્યાં સુધી કોલ્હટકરજી પણ મઠમાં બેસી રહ્યા. પણ પાછા જવાનું નામ લેતા ન હતા. તેમને ટિળકજી પ્રત્યે શ્રધ્ધા હતી. જ્યાં સુધી મહારાજ જાગ્યા નહિ ત્યાં સુધી અડ્ડો જમાવીને બેસી રહ્યા. મરાઠીમાં એક કહેવત છે કે અગ્નિ વગર ઝાળ નહિ અને માયા મમતા વગર આંસુ નહિ. ચોથા દિવસે મહારાજ જાંગ્યા અને કોલ્હાટકરને કહ્યુ કે, તમે ગમે તેટલા પ્રયત્નો કરશો છતાં પણ તમને નિષ્ફળતા મળવાની છે. અરે છત્રપતિ શિવાજી સમર્થ રામદાસના શિષ્ય હતા. તેમની દરેક જાતની કૃપા શિવાજી પર હતી છતાંય શિવાજીને બાદશાહે કેદ કર્યા હતા. સજ્જન તેમજ વિરપુરૂષને, તકલીફ પડચા વગર રાજ્યમાં ક્રાંતિ થતી નથી. આ બાબતમાં કંસનો ઇતિહાસ યાદ કરો. મહારાજે પછી કહ્યું. કે, હું જુવારનો રોટલો આપું છું. તે ટિળકજીને કંઈ પણ શંકા વગર ખવડાવો. તે ખાવાથી તેમનાથી ભવિષ્યમાં એક મહાન કાર્ય સિધ્ધ થશે. તે તો આપણાથી દૂર જવાના છે. પરંતુ તેનો કોઇ ઇલાજ નથી. મહારાજનું આવું કથન સાંભળતા કોલ્હાટકરજી જાત જાતની શંકા કરવા લાગ્યા. રોટલો લઇને મહારાજને વંદન કર્યા અને મુંબઇ પહોંચી ટિળકજીને રોટલો આપતાં બધી બનેલી વાત કહી સંભળાવી. આ સાંભળતા હાજર રહેલા લોકોને હસતા હસતા ટિળકજીએ કહ્યું કે, મહારાજનું આમાં કંઇક રહસ્ય લાગે છે. કેમકે તે પોતે અંતર્જ્ઞાની છે. આપણે જે કોશિષ કરી રહ્યા છીએ તેમાં કદાચ સફલતા મળી પણ જાય. કેમકે આપણે જે શ્વારીએ છીએ તેમાં સરકાર સાચુ ખોટું મનમાં ફાવે તેમ કરે છે. જ્યારે જરા પણ સ્વાર્થ હોતો નથી, ત્યારે જ ન્યાય કરવાની વાત સામ આવે છે. અને આ દુનિયાનો રિવાજ

પણ તેવો જ છે. મારાથી એક મહાન કાર્ય થવાનું છે. તે મહારાજની અમૃતવાણીમાં જરૂર કંઇક રહસ્ય છે. કેમકે સિધ્ધ યોગી ભૂત, ભવિષ્ય અને વર્તમાન પણ જાણી શકે છે. આપણે તો તેમના આગળ સામાન્ય માણસ જ સાબિત થઇએ. જોઇએ કે ભવિષ્યમાં શું સાચું પડે છે. કોલ્હટકરજીએ ટિળકજીને જે રોટલો આપ્યો હતો તે તેમને ચાવી ચાવીને ખાઈ લીધો. તેમને દાંત ન હતા પરંતુ મહારાજે આપેલ પ્રસાદને લીધે તેને પચાવી ગયા. ટિળકજીને છ વર્ષની સજા થઈ અને તેમને મંડાલે (બ્રહ્મદેશ) ના કારાવાસમાં મોકલી દીધા. ત્યાં તેમણે ભગવદ્ગીતા પર સારાંશ ગ્રંથગીતા રહસ્ય લખ્યો. તે મહાન કાર્ય સિદ્ધ થયું. તેથી તેમને જગદગુરુની બરોબરીમાં સન્માન આપવામાં આવ્યું. આ ગીતા પર ટીકા ટીપ્પણીઓ એટલી બધી થઈ ગઈ છે કે તે કહેવું અશક્ય છે. કેમકે દાસગણૂમાં એટલી કહેવાની શક્તિ નથી, સજ્જનો કાળગતિ અનુસાર દરેક આચાર્યે જગતના ઉધ્ધાર માટે આનો સહારો લીધો છે. એક જ ગીતાનો અર્થ કોઈએ અદ્વૈત (ઐક્ય) પર લગાવ્યો છે તો કોઇએ દ્વૈત (બે પરમ તત્વ) પર લગાવ્યો છે, તો કોઇએ કર્મ પર લગાવ્યો છે. ટિળકજીએ કર્મયોગનો રસ્તો અપનાવ્યો હતો અને તેથી તેમના હાથે એક મહાન કાર્ય થઈ ગયું તેમનો એવો મત હતો કે કર્મયોગ જ સર્વશ્રેષ્ઠ છે. અને તે ગ્રંથને લીધે જ જ્યાં સુધી તેમનું લખાણ આ દુનિયામાં રહેશે ત્યાં સુધી ટિળકજીનું નામ અમર રહેશે. તેમના પ્રયત્નોથી આઝાદી મેળવવામાં સગવડ મળી ગઈ. અને સત્ય થઈ છતાં પણ તેઓ ગીતારહસ્ય લખવાથી અજર અમર થઈ ગયા. સ્વતંત્રતા કોઇક વખત મળે છે તો કોઇક વખત ગુમાવવી પડે છે. તેમાં કોઇ મોટી વાત નથી. આ તો લૌકિક વ્યવહારની વાત થઈ. ગીતાશાસ્ત્રની વાત તો અલગ જ છે તેનાથી મોક્ષપદ પામી શકાય છે, છતાં પણ તેમાં જે ચિરંતન સત્ય બતાવ્યું છે તે સમજીને સાચે રસ્તે ચાલવામાં મદદ થાય છે. જ્યાં સુધી સૂર્ય અને ચંદ્ર છે ત્યાં સુધી તેમની કીર્તિ કાયમ અમર રહેશે. અસ્તુ. કરવીર કોલ્હાપુરમાં શ્રીધર ગોવિંદ કાળે નામનો ચિત્પાવન જાતનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેના ઘરની સ્થિતિ સારી ન હોવા છતાં પણ તે અંગ્રેજી સ્કૂલમાં દાખલ થયો. અને સમય જતા તે મેટ્રિકની પરીક્ષામાં પાસ થયો. ત્યારપછી તે કોલેજમાં ગયો. ત્યાં ઇન્ટરમાં પાસ થતાં તેને કોલેજ છોડવી પડી. કોઇ કામધંધો ન હોવાથી સમાચાર પત્રોમાં જોઇએ છે તે ખાનું દરરોજ તપાસતો રહ્યો. એક દિવસ તેણે કેસરી સમાચારપત્રમાં ટોગો અને યામાનું ચરિત્ર વાંચ્યું. કંઇક વિચારીને તેણે મનમાં નક્કી વિચાર્યું કે હું પણ, જમીન પર એક જાતનો ભારરૂપ છું. તો ઇંગ્લેંડ








જઇને યંત્રવિદ્યા કેમ ન શીખું? ટોગો અને યામાએ જ્ઞાનસંપાદન કરી પોતાની માતૃભૂમિ જાપાનમાં પ્રગતિ લાવવામાં સફળ થયા હતા. તેવી રીતે તેણે પણ વિચાર્યું કે હું પણ તંત્રવિદ્યા સંપન્ન કરી ને માતૃભૂમિ પાછો આવીશ. તેમ નક્કી કરી લીધું. વિચાર તો સારો જ હતો પણ જવા આવવાના ખર્ચનો બંદોબસ્ત કોણ કરશે ? તેના પોતાના ઘરની આર્થિક સ્થિતિ પણ સારી ન હતી. કોઈ આપવાવાળો દાતા પણ મળવો મુશ્કેલ હતો. આથી નિરાશ થઈને મનના લાડુ મનમાં જ ખાતો બેઠો. એક દિવસ તે તેના મિત્ર જે વિદર્ભમાં શિક્ષક હતા તેમને મળવા માટે ગયો. તેણે પોતાનો વિચાર તેને કહ્યો. મિત્ર પણ તેના વિચારને સહમત થયો પરંતુ પૈસાનો બંદોબસ્ત કરવાની વાત તેનાથી શક્ય ન હતી. મિત્ર બોલ્યો કે, અરે શ્રીધર, પૈસા વગર બધું જ અર્થ વગરનું છે. માણસ દરેક સ્વાંગ રચી શકે છે પણ પૈસાનો સ્વાંગ રચી શકતો નથી. ધન વગર મનની વાત મનમાં જ રહી જાય છે. એટલા માટે આપણે આપણી જન્મભૂમિ કોલ્હાપુર જઇશું. કેમકે અહીં બહુ જ ગરમી પડે છે. આવો વિચાર કરીને બંને ગાડીમાં બેસી ગયા. મહારાજનો મહિમા તેમણે સાંભળ્યો હતો. તેથી અસલી સાધુ કેવા હોય છે. તે જોવાને માટે તેઓ શેગાંવ ઉતરી પડયા. પોસ્ટમાસ્તરને ત્યાં સામાન મૂકીને તેઓ ગજાનન મહારાજનાં દર્શન કરવા માટે મઠમાં આવ્યા. મઠમાં આવતાં જ સાષ્ટાંગ પ્રણામ કરીને તેઓ મહારાજની સામે બેસી ગયા. તેમને જોતાં જ શ્રીધરનું મન જાણી લીધું. અને તેમને મહારાજ કહેવા લાગ્યા કે, અરે ગાંડા પરદેશ જવાનો વિચાર છોડી દે. અહીં બધું જ છે. ત્યાંના ભૌતિક જ્ઞાનનો કશો જ અર્થ નથી. અહીંની આધ્યાત્મિક વિદ્યા પ્રાપ્ત કરીને તમારૂં જીવન કૃતાર્થ કરો. મહારાજની આ અમૃતવાણી સાંભળીને શ્રીધરના વિચારોમાં પરિવર્તન થવા લાગ્યું. શ્રીધરને કોલ્હાપુરના કુંભારગલીના સ્વામી યાદ આવ્યા. તેમની રીત પણ ભક્તો સાથે વાત કરવાની આવી જ હતી. તેવી રીતે આ ગુરૂમૂર્તિ ભક્તો સાથે તેમના જેવી જ વાત કરતા હતા. શ્રીધર વિચારમાં પડી ગયો. તેના મનમાં વિચારનાં વલોણાં વલોવાઈ રહ્યા હતાં. ત્યાંજ મહારાજ બોલ્યા કે, હિંદુસ્તાન છોડીને અન્ય જગ્યા એ જવાની ઇચ્છા રાખશો નહિ. જ્યારે બહુજ પુણ્ય ભેગું થાય છે ત્યારે જ ભારતમાં જન્મ લેવાનું સદ્ભાગ્ય આપણને મળે છે. ત્યાંના ભૌતિકશાસ્ત્રીની આશા રાખ્યા વગર અહીંનું આપણું યોગશાસ્ત્ર છે તે પૂર્ણ છે. માટે તેની આશા રાખો. જે આપણે ત્યાં યોગશાસ્ત્રમાં પારંગત થાય છે, તે ભૌતિકશાસ્ત્રની કિંમત કરતો નથી. યોગશાસ્ત્રનાં આધ્યાત્મિક વિચાર મહાન માનવામાં આવે. બીજી જગ્યાએ જવાનો વિચાર મનમાંથી કાઢી નાંખો. અને કંઇક આધ્યાત્મિક સાધના કરવા પ્રયત્નો કરો.

મહારાજની ઉપદેશવાણી સાંભળીને શ્રીધરના મનમાં જે શંકા હતી તે નીકળી ગઈ. અને ખૂબ આનંદિત થયો. શ્રીધરનું પરિવર્તન કરવા માટે તેના વિચારો પશ્ચિમને બદલે પૂર્વ તરફ જાય તેમ મહારાજે વિચારો બદલી નાંખ્યા. સંત સાચી વાત સમજે છે તેથી માણસના વિચાર બદલવામાં સફળ થાય છે. આગળ ચલાવતાં મહારાજ બોલ્યા કે, તારા જીવનનો ઉદય અહીં જ થવાનો છે, કોલ્હાપુર છે તારે ઘરે જા. મહારાજની વાણી સાચી પડી. અને સમય જતાં શ્રીધરની ઇચ્છા પૂર્ણ થઈ ગઈ. તે બી. એ. એમ. એ. થઈ ગયો અને શિવપુરી કોલેજમાં પ્રિન્સીપલ બની ગયો. સંત તો ચાલતા ફરતા સાક્ષાત ઇશ્વર જ હોય છે. જેને સંત કૃપા મળે છે. તે ભાગ્યવાન કહેવાય છે. શ્રીધર કાળેને સંત દર્શન કરવાનો લાભ સારો મળી ગયો. તેથી તેમની વૃત્તિમાં પણ ફરક પડી ગયો. સંતોનો જન્મ આ ભૂમિ પર વારંવાર થયા કરે છે. નંદનવનનું વૃક્ષ બીજી કોઈ જગ્યાએ થતું નથી એ તો ત્રણ વખત સાચું જ છે. સ્વસ્તિ શ્રી દાસગણૂ રચિત આ ગજાનનવિજય ગ્રંથભાવિક ભક્તોને હંમેશાં સાચો જ રસ્તો બતાવે.

।।શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ।।
।।ઇતિ પંદરમો અધ્યાય સમાપ્ત।।

।। શ્રી ગજાનનવિજય ગ્રંથઃ પંદરમો અધ્યાય સમાપ્ત।।





શ્રી ગજાનન મહારજને કબરપુત્ર ત્ર્યંબક, ડુંગળી અને રોટલો જમવા આપે છે.

શ્રી ગણેશાય નમઃ। જય જય હો પરશુધારણ કરનાર, હે જમદગ્નિપુત્ર પરશુરામ, પરમેશ્વર. મને તરછોડશો નહીં. આપે સહસ્ત્રાર્જુનને સજા કરીને બ્રાહ્મણોનું રક્ષણ કર્યું હતું. કેમકે બ્રાહ્મણોનું અપમાન આપથી સહન ન થયું. પરંતુ હાલમાં આપે બ્રાહ્મણો પરથી આંખો કેમ ફેરવી લીધી છે ? હાલમાં આપને આટલી બધી ઊંઘ કેમ આવે છે ? હે હરિ, ઘણો વિકટ સમય આવી પડ્યો છે. એટલા માટે આપને વિનંતી છે કે કંઇક જુઓ, કંઇક સાંભળો, કંઇક મદદ કરો. આપની કૃપા જો નહીં થાય તો અમારી બધી જ મહેનતમાં સફળતા મળશે નહિ. અમારા કાર્યો અસફળ થશે. આપના વગર આર્ય સંસ્કૃતિની રક્ષા કોણ કરશે ? ગજાનન મહારાજની કૃપા તો એવી થાય છે કે સામાન્ય માણસ જાણી શકતો નથી. મુંડગાંવમાં પુંડલિક નામનો એક સજ્જન મહારાજનો ભક્ત હતો. તે શેગાંવમાં નિયમિત આવ્યા કરતો હતો. મહારાજ માટે તેને અતુટ શ્રધ્ધા હતી. તે એકાગ્ર ચિત્તથી મહારાજને હમેશા ભજ્યા કરતો હતો. તે ગામમાં ભાગાબાઈ નામની એક ઠકરાણી હતી. તેની નિષ્ઠા એક જ જગ્યાએ સ્થિર રહેતી ન હતી, તે દંભી હતી. પૂજાનો ખોટો ડોળ કરીને અનેક નરનારીઓને તેણે ઉલ્લુ જ બનાવ્યા હતા. માનો કે તેજ એનો ધંધો હતો. એક વખત તેણે પુંડલિકને કહ્યું કે, તારો જન્મ વ્યર્થ થઈ ગયો છે કેમકે તેણે હજુ સુધી ગુરુ કર્યા નથી. તું ગજાનન મહારાજની પાસે આટલી બધી વાર ગયો. તેમને તું સદ્‌ગુરુ માને છે છતાં પણ તને આજ સુધી વિધિપૂર્વક ગુરુમંત્ર આપ્યો છે ? જેને અધિકાર છે તેવા ગુરુ જ્યાં સુધી ગુરૂમંત્ર ના આપે ત્યાં સુધી ગુરૂ કર્યા તેમ માનવામાં આવતું નથી. તમને તાવ ઉતરી ગયો એટલે ગુરૂ માની બેઠા છો. અરે, આ તો કાગનું બેસવુંને ડાળને પડવા જેવી વાત થઈ. તેના પર વિશ્વાસ ના મૂકીશ. ગણ ગણ ગણાંત બોતે આ ભજન, ગાંડા જેવી રહેણી કરણી, કોઇનું આપેલું ખાવું આ બધા મતિભ્રમ માણસનાં લક્ષણો છે. એટલા માટે જ હું તને કહું છું કે આપણે અંજનગાંવ જઇશું અને ત્યાંના સંત કેજાજીના શિષ્યને ગુરૂ કરીશું. કાલે જ તેમનું કીર્તન અંજનગાંવમાં છે. તે સાંભળવા માટે આપણે સવારે ઊઠીને ત્યાં જવા નીકળી જઈશું. અરે, ગુરૂ તો મહાજ્ઞાની હોવા જોઇએ, શાસ્ત્રમાં પારંગત હોવા જોઇએ, અરે ગુરૂ તો મહાન ગુણોના ભંડાર હોવા જોઇએ, કે જે ભક્તિપંથનો સાચો રસ્તો







શ્રી ગજાનન મહારાજ મહિલાઓના ડબ્બામાંથી નીચે આવીને બેઠા અને સ્ટેશન માસ્તર તેમને પ્રાર્થના કરી રહયા છે.

બતાવે. મહાન સદ્‌ગુરૂનાં લક્ષણ ગજાનન મહારાજમાં નથી. એટલા માટે વિલંબ કર્યા વગર અંજનગાંવ ચાલો. બિચારો પુંડલિક ભોકરે તો અંતઃકરણથી શ્રધ્ધાળું હતો. ભાગાબાઇએ તેની મીઠી વાણીને લીધે તેના મનમાં શંકા પેદા કરી. ત્યારપછી તેણે નક્કી કર્યું કે, કાલે કીર્તન તો સાંભળીશું આગળની વાત આગળ જશે. અને આમ મનોમન નક્કી કરીને ભાગાબાઈને કહ્યું કે, હું કાલે તમારી સાથે અંજનગાંવ આવવા તૈયાર છું. બંનેનો જવાનો વિચાર નક્કી થઈ ગયો. પુંડલિક રાતે આરામથી સુઇ ગયો. રાત્રિના ત્રીજા પહોરે આવી હકીકત બની. પુંડલિકના સામે સ્વપ્નમાં એક દિગંબર માણસ ઉભો થઈ ગયો. તે બરાબર મહારાજના જેવો જ દેખાતો હતો. તે માણસે પુંડલિકને કહ્યું કે, અંજનગાંવ શા માટે જાય છે ? ભાગાબાઇના કહેવા પર તું ગુરૂ કરવા જાય છે. હવે જવાનું નક્કી કર્યું છે તો ચોક્કસ જાવ. તેનું નામ કાશીનાથછે, પરંતુ ત્યાં જતાં જ તારો ભ્રમ દૂર થઈ જશે. અરે, શું કાનમાં મંત્ર આપવાથી કોઈ ગુરૂ થઈ જાય છે? દિવસભર લોકો એક બીજાને કાનમાં કેટલીય વાતો કરે છે. શું તેઓ એકબીજાના ગુરૂ થઈ જાય છે ? અરે પુંડલિક, ખોટા દંભીની પાછળ તું ના પડીશ. અગર તને કાનમંત્ર જોઇએ છે તો જરા તારો કાન નજીક લાવ હું તને મંત્ર આપું છું. ગણ ગણ આવું મહારાજ અટકી ગયા. અને પછી બોલ્યા કે, જો બીજું કઈ પણ તારે જોઇતું હોય તો તે પણ હું તને આપીશ. આ સાંભળી પુંડલિક આનંદ પામ્યો. તે દિગંબર માણસ તરફ ધારીધારીને જોતાં ખબર પડી કે આ તો બીજા કોઈ નહિ પણ ગજાનન મહારાજ હતા. તેમને પુંડલિકે કહ્યું કે, નિત્યપૂજા કરવા માટે હે ગુરૂરાજ, આપ મને પાદુકા આપો. મારી બીજી કોઈ ઇચ્છા નથી. મહારાજે કહ્યું કે, લે આ પાદૂકા લઇ લે. કાલે બપોરે તેની પૂજા કરજે. પુંડલિક પાદુકા લેવા માટે ઉભો થયો તો તેની ઉંઘ ઉડી ગઈ. જાગી જતાં ચારે બાજુ નજર કરી તો ના તો મહારાજ દેખાય કે ના તો તેમની પાદુકા. તે તો ઘણા વિચારમાં પડી ગયો. મનમાં ઉઠેલી શંકાને લીધે તે બેચેન બની ગયો. તે બોલ્યો કે, આજ સુધી મહારાજનો એક શબ્દ પણ ખાલી નથી ગયો. મહારાજે સ્વપ્ન માં દર્શન આપીને બતાવી દીધું કે ભાગાબાઈ ઠકરાણી કેવાં છે ? તેવી રીતે કાલે બપોરે પાદુકાની પૂજા કરો તેનો શું અર્થ હશે ? શું નવી પાદુકા લાવીને તેની પૂજા કરું? પરંતુ મેં તો તેમના પગની પાદૂકા માંગી હતી અને તે પણ તેમણે મને આપી હતી. તો પછી નવી પાદુકા શા માટે લાવું ? આવી રીતે પુંડલિકના મનમાં






વિચારોનો વંટોળ વાઇ રહ્યો હતો. ત્યાં સવાર થતાં જ ભાગાબાઇ ઠકરાણી પુંડલિકને બોલાવવા માટે આવી. આવીને કહ્યું કે, પ્રભાત થઈ ગયું છે અને હવે આપણે ગુરૂ-ઉપદેશ લેવા માટે અંજનગાંવ જઇએ, પુંડલિકે કહ્યું કે, અહો ભાગાબાઇ, અંજનગાંવ તમારે જવું હોય તો જાવ હું આવવાનો નથી. તમારે જવું હોય તો ખુશીથી અંજનગાંવ જઇ શકો છો. મેં મનોમન શ્રી ગજાનન મહારાજને જે ગુરૂ માન્યા છે, તેમને છોડીને બીજી કોઈ પણ જગ્યાએ હું જવાનો નથી. અને આ મારો આખરી નિર્ણય છે. આ સાંભળીને ભાગાબાઈ અંજનગાંવ ગઈ. હવે મુંડગાંવમાં શું થયું તે સાંભળો. શ્યામસીંગ રજપૂત મહારાજના દર્શનમાટે બે દિવસ પહેલાં શેગાંવ આવ્યો હતો. જ્યારે તે મુંડગાંવ પાછા ફરવાની તૈયારી કરવા લાગ્યો ત્યારે મહારાજે બાળાભાઉને કહ્યું કે, આ પાદુકા પુંડલિકને આપવાની તે શ્યામસીંગને આપો અને કહો કે ત્યાં પહોંચીને આ પાદુકા તેને આપે, સમર્થે જેવી આજ્ઞા કરી તેવી રીતે બાળાભાઉએ કર્યું. પાદૂકા આપતી વખતે બાળાભાઉએ શ્યામસીંગને કહ્યું. તમારા ગામમાં પુંડલિક ભોકરે નામનો સજ્જન માણસ રહેછે તેને પૂજા કરવા માટે આ પાદુકા આપજો. શ્યામસીંગે બધુ સાંભળી લીધું અને પાદુકા લઇ લીધી. શ્યામસીંગ મુંડગાંવ આવ્યો ત્યાં પુંડલિક રસ્તામાં જ મળ્યો. અને મહારાજના ખબરઅંતર પૂછવા લાગ્યો. અને પૂછ્યું કે, શું મહારાજે મારા માટે કંઇ વસ્તુ આપી છે ? આ સાંભળીને શ્યામસીંગને ખૂબ અચંબો થયો. તે પુંડલિકને સાથે લઇને પોતાને ઘેર આવ્યો અને વારંવાર પૂછવા લાગ્યો કે, તેં મને આ પ્રશ્ન કેમ અને શાથી કર્યો ? પુંડલિકે જ્યારે સ્વપ્નની વાત કરી ત્યારે તેના મનની શંકા દૂર થઈ ગઇ. શ્યામસીંગે પાદુકા કાઢીને પુંડલિકને આપી. તે પાદૂકા આજે પણ તેના ઘેર હાજર છે. પુંડલિકે પ્રસાદમાં મળેલી પાદુકાનું બપોરે મનોભાવથી વિધિસાથે પૂજન કર્યું. હે શ્રોતાજનો, અસલી સંત પોતે બોલેલા શબ્દોનું આવી રીતે પાલન કરે છે. અને સાથે સાથે પોતાના ભક્તને ખોટે રસ્તે એક ક્ષપણ જવા દેતા નથી. પોતાનાવ્હાલા ભક્તની મનોકામના મહારાજ કેવી રીતે પૂર્ણ કરતો હતો તે આ કથાથી સારી રીતે જણાય છે. અકોલા શહેરમાં રાજારામ કબર નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે શરાફનો ધંધો કરતો હતો. આ રાજારામ કબર સોના ચાંદીની લેવડદેવડનો વેપાર કરતા હતા. આ રાજારામને મહારાજ ખૂબ ચાહતા હતા. આથી રાજારામના છોકરા પણ મહારાજ પ્રત્યે શ્રધ્ધાભક્તિ રાખતા હતા.

આ રાજારામને ત્ર્યંબક અને ગોપાળ નામે બે છોકરાઓ હતા. જાણે કે લવ-કુશ જેમ જ હતા. મોટો પુત્ર જેને ભાઉ કરીને બોલાવતા હતા. તે ડોક્ટરી વિદ્યાના અભ્યાસ માટે હૈદ્રાબાદ ગયો હતો. નાનપણથી જ ત્ર્યંબક (ભાઉ.) ને ભગવાન પર ખૂબ ભક્તિભાવ હતો. કંઇક મુશ્કેલી આવવાથી તો ભાગાનગરીમાં મુસ નદીને કિનારે બેસીને ધ્યાન ધર્યા કરતો હતો. એટલું જ નહિ પણ નાનપણથી ભાઉમાં ભક્તિભાવ હોવાને લીધે શેગાંવના ગજાનન મહારાજને તે ભગવાન માનતો હતો. એક વખત રજાઓમાં તે ઘેર આવ્યો ઓચિંતા તેના મનમાં વિચાર આવ્યો કે, શેગાંવ જઇને મહારાજને ભોજન ધરાવું જે જે ચીજ મહારાજને ભાવે છે, તેજ એમને જમાડું. પરંતુ મારા મનની ઇચ્છા પૂરી કેવી રીતે થશે ? આવો વિચાર આવતાં તે બેચેન થઈ ગયો. ભાઉ મનમાં મહારાજને બોલ્યો કે, મારી આ ઇચ્છા કેવી રીતે પૂરી થઈ શકશે ? મારી માતા તો નાનપણમાં જ ગુજરી ગઈ છે. ઘરમાં ચાહવાવાળું કોઇ નથી. ઘરમાં ભાભી છે તેમનું નામ નાની છે. તે પણ ખૂબ તેજ ગુસ્સાના સ્વભાવની છે હે ગુરૂરાય, મારી ઇચ્છા છે કે આપને જે વસ્તુ મનપસંદ છે, તે વસ્તુ જમાડું પરંતુ આ બનાવવા માટે ગરમ મિજાજની ભાભીને કેવી રીતે ક્યા મોઢે કહું? માતા એ એક એવું સ્થાન છે કે બાળક તેની પાસે જીદ પકડીને બેસી શકે છે. મનની ઇચ્છા કેવી રીતે પૂર્ણ થશે? આ વિચારોમાં તે ઉદાસ થઈ ગયો એટલામાં કંઇક કામ માટે ભાભી ત્યાં આવી પહોંચી દિયરનું વિચારોમાં ચીમળાઈ ગયેલું આવું મોં જોઇને ભાભીએ પૂછ્યું કે, તમે કઇ ચિંતાને લીધે ઉદાસ બની બેઠા છો? ત્યારે ભાઉ દીનવદનથી બોલ્યા કે, હે ભાભીજી, દિલમાં જે વાત ખૂંચી રહી છે તે વાત તમને કેવી રીતે કરૂં.? એથી મનની વાત હું તમને કહી શકતો નથી. આ સાંભળી તેની ભાભી બોલી કે, તારા મનની વાત મને જણાવતો ખરો ? તુ મારો નાનો દીયર છે. મારાથી કોઈ પણ વાત શા માટે છુપાવે છે? અરે મોટાભાઈ તો બાપના સમાન હોય છે અને ભાભીને માઁ માનવામાં આવે છે. તે શું તને ખબર નથી? ભાભીની દિલાસાવાળી વાત સાંભળીને ભાઉ હસી પડ્યો. એ બોલ્યા કે, હે ભાભી, મારા મનમાં એ વાત છે કે ગજાનન મહારાજ જે વસ્તુ વધારે પ્રેમથી આરોગે છે તે બનાવીને તેમને જમાડવા ઇચ્છું છું. જો તે વસ્તુ તમે બનાવી આપો તો તમને પુણ્ય મળશે અને મારું કામ બની જશે. એક પંથને બે કાજ થશે. દીયરની વાત સાંભળીને નાની બહુ જ જોરથી હસી પડી. અને







બોલી કે, ફક્ત આટલી નાની વાત માટે જ નાનું મોં કરીને બેઠા હતા. હવે સંકોચ રાખ્યા વગર કહો કે શું શું વસ્તુ બનાવવી છે ? મહારાજની કૃપાથી દરેક વસ્તુ આપણે ત્યાં હાજર છે. આવી વાત સાંભળીને તેના મનમાં જે બનાવડાવવાનું હતું તે કહી દીધું. નાની પણ ખુશીથી રસોઇની તૈયારીમાં લાગી ગઈ. થોડા જ સમયમાં ભાભીએ દીયરની સામે શાકભાજી, જવારના રોટલા અને લીલા મરચાં તૈયાર કરીને મૂક્યા માખણ ચોપડેલા ત્રણ રોટલા, ત્રણ ડૂંગળી અને કોરું બેસન દીયર સામે મૂકીને બોલી કે, શેગાંવ બાજુ જવાની ગાડીનો સમય થઈ ગયો છે તો ઉતાવળ કરો. જો આ ગાડી તમે ચૂકી જશો તો આ બધું કામ બગડી જશે. કેમકે મહારાજના ભોજન ટાણે તમે જો ત્યાં પહોંચશો તો જ આ બધી વસ્તુ કામમાં આવશે. નાની ની આ વાત સાંભળીને મોટાભાઈ પાસેથી રજા મેળવી સ્ટેશન પર આવ્યો. પરંતુ ત્યાં આવીને તપાસ કરી તો બાર વાગ્યાની ગાડી નીકળી ગઇ હતી. આ જોતા ભાઉ બેચેનીથી શોકાતુર થઈ ગયો. મોં પર નિરાશા છવાઈ ગઇ. આંખોમાંથી આંસુ ઝરવા લાગ્યા. મહારાજની મૂર્તિનો ચિતાર સામે ઉભો કરીને બોલ્યો, મારા તરફથી આંખો કેમ ફેરવી લીધી છે ? હું તો દુ:ખી, ગરીબ છું, પાપી છું, મારાથી પુણ્યનું કામ કેવી રીતે થઈ શકે ? અમારા જેવા કાગડાને માનસરોવરનો લાભ કેમ મળશે ? હે ગુરૂરાજ, મારાથી એવી તે કઇ ભૂલ થઈ ગઈ છે. કે જેથી મારાથી ગાડીનો સમય ચુકાઇ જતા શેગાંવ તરફ જતી ગાડી નીકળી ગઇ, હાયરે નસીબ, તેં જ મારું ગળું દાબી દીધું છે, કે મને ગુરૂ સેવા કરવા ન દીધી. મારી પાસે ભાથું છે. તે જો એમને એમ રહેશે તો હું ખાવાનું ખાઇશ નહીં. આ એક સત્ય પત્થરપરની રેખા જ માનજો, હે ગુરૂરાજ, હે કૃપાસાગર, આવી રીતે અવહેલના (તિરસ્કાર) ના કરશો. મારું ભાથું ખાવા માટે તાત્કાલિક આવી જાવ, આપનામાં એટલી બધી શક્તિ છે કે આપ પળભરમાં કેદારનાથનાં દર્શને જઇ શકો છો. આવું છે છતાં પણ અહીં આપ કેમ આવતા નથી ? હું આપને આવવાની આજ્ઞા કરતો નથી. પણ ખરા દિલથી વિનંતી કરું છું. તેથી આપ આપનું અપમાન થાય છે તેમ ના માનશો. બીજી ગાડી આવવાને ત્રણ કલાકનો સમય બાકી છે. ત્યાં સુધી તો આપે જમવાનું જમી લીધુ હશે. આવી રીતના વિચારમાં તે બેસી રહ્યો. અને લગભગ ચોથા પહોરે ગાડી મળતાં તે શેગાંવ જતાં જ તે મહારાજનાં દર્શન માટે ગયો. તેણે જોયું કે મહારાજ આસન પર બેઠા છે અને તેમણે હજુ સુધી જમવાનું શરૂ કર્યું નથી.

નૈવેધની થાળીઓ પકવાનથી ભરેલી મઠમાં પડી રહી હતી. તેનું વર્ણન થઈ શકે તેમ નથી કેમકે તેનું વર્ણન કેવી રીતે કરીએ ? કોઇની થાળીમાં જલેબી, તો કોઇની થાળીમાં પેંડા, તો કોઈની થાળીમાં ઘેવર, કોઇની થાળીમાં મોતીચુર તો કોઇની થાળીમાં ખીર, કોઇનો શીખંડ-આમ આટલી બધી વસ્તુ નૈવૈદ્ય ની હતી છતાં પણ મહારાજે એક પણ થાળીને સ્પર્શ પણ કર્યો ન હતો. બાળાભાઉએ એક પછી એક એમ વારાફરતી બધી જ થાળી મહારાજની સામે ધરી. અને મહારાજને જમવા માટે વિનંતિ કરી. આમને આમ બપોરનો એક વાગ્યાનો સમય થયો. ત્યારપછી બાળાભાઉએ મહારાજને કહ્યું કે, તમારા પ્રસાદ લીધા વગર ભક્તો કેવી રીતે પ્રસાદ લેશે ? જેની થાળી છે તેને પ્રસાદ ક્યારે મળશે ? તે રાહ જોઇ રહ્યા છે. તેમનાથી તો આપની આગળ કંઇજ બોલવાની હિંમત થતી નથી. એટલે તે બધા તરફથી હું આપને વિનંતિ કરું છું. ત્યારે મહારાજ બોલ્યા કે, જરાવાર રોકાઇ જાવ. આજે મારું ભોજન ચોથા પહોરે થવાનું છે. જો તેઓ રોકાઇ શકે તેમ ન હોય તો પોતપોતાની થાળીઓ પાછી લઇ જઇ શકે છે. મને કંઈ પણ વાંધો નથી. આવી રીતે વાતો ચાલતી હતી એટલામાં ભાઉ ત્યાં આવી પહોંચ્યા. મહારાજની સામે જોઇને તે ખૂબજ આનંદ પામ્યો. છૂટી પડી ગયેલી ગાયને તેનું વાછેડું જ્યારે મળે છે ત્યારે જેવું થાય છે તેવું ભાઉને મહારાજને મળતાં થયું. મહારાજ પાસે જઇને સાષ્ટાંગ પ્રણામ કર્યા. અને મહારાજ આજ્ઞા કરે તેની રાહ જોવા લાગ્યા. ભાઉના સામે મહારાજે જોયું અને હસી પડયા. બોલ્યા કે, જમવાનું આમંત્રણ આપવાની તારી રીત કંઈ ન્યારી જ છે. આ શું સમય જમવાનો છે ? હું તારી રાહ જોતાં અત્યાર સુધી ભૂખ્યો બેસી રહ્યો છું. હવે જલ્દીથી ભાતાનો ડબ્બો લાવ. મહારાજની બોલેલી આવી વાત સાંભળી ભાઉકબર મનોમન આનંદ પામ્યો. અને શરમાતાં બોલ્યો કે, હું શું કરૂ ? મારાથી રેલગાડીનો બાર વાગ્યાનો ટાઇમ છૂટી ગયો. કબરના કહેવા પર બાળાભાઉ બોલ્યા કે, હવે ચિંતા કરીશ નહિ. શું લાવ્યો છે તે બતાવ જોઉં. જે કંઈ લાવ્યો છું તે મહારાજને જમાડી દઇશું. આ સાંભળીને તેણે ડુંગળી, શાક અને જવારના રોટલા મહારાજ સામે મૂકી દીધા. તેમાંથી બે રોટલા મહારાજે ખાધા અને બાકીનો પ્રસાદ તરીકે બધાંને વહેંચી દીધો. તે જોઇને આશ્ચર્ય થયું. અને બધાં જ મહારાજનો ભક્ત પર કેવો અને કેટલો પ્રેમ છે તે જાણી ગયા. હસ્તિનાપુર રાજદરબારનો રાજશાહી આદર સત્કાર છોડીને







ભગવાન શ્રીકૃષ્ણને પકવાન કરતાં પણ વિદુરજીના ઘરની ભાજી ખૂબ જ ભાવી હતી. તેવી રીતે અહીં પણ એમ જ બન્યું. ભક્તો મનમાં વિચારવા લાગ્યા કે અમારા પકવાન કરતાં પણ મહારાજનું મન ભાઉની સૂકી સૂકી રોટલીમાં જ હતું. શેગાંવમાં ભાઉનો પ્રસાદ જમ્યા, ઇષ્ટ પ્રત્યે સાચો ભાવ જેને હોય છે, તેને ઇષ્ટ જરૂર પૂરો કરે છે. યથા સમયે મહારાજ ભાઉને આશીર્વાદ આપીને બોલ્યા કે, હવે તું અકોલા જા. આવતે વર્ષે તું ડોક્ટરીમાં પાસ થઈ જઇશ. જતી વખતે ભાઉએ મહારાજને કહ્યું કે, કદાચ મારાથી આપની પાસે ન અવાય તો પણ આપની કૃપા તો મને સદાય મળતી રહેવી જોઇએ. આ આપના તેજસ્વી ચરણો જ મારા માટે બધું છે. અને સદાય આપની ભક્તિ કરતો રહું એવી જ મારી આપને પ્રાર્થના છે. આવું કહીને ભાઉએ મહારાજ પાસે વિદાય માગી અને પાછો અકોલા આવ્યો. સાચું જ છે કે મહારાજ ભક્તને કદી ભૂલતા નથી. તુકારામ શેગાંવકર શેગાંવના રહેવાસી હતા. તે ખેડૂત હોવાથી ખેતરમાં કામ કરતા હતા. અને સાથે સાથે મહારાજના પણપરમ ભક્ત હતા. અને તેમને મહારાજમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેમની ઘરની સ્થિતિ સારી ન હતી. આખોય દિવસ ખેતરમાં મહેનત મજૂરી કરતા હતા અને સાંજે મઠમાં મહારાજનાં દર્શન કરવા આવતા હતા. આવીને ચલમ ભરી આપતા, મહારાજનાં દર્શન કરતા અને જે કંઈ સેવા હોય તે પણ કરીને ઘેર જતા. આવી રીતનો તેનો દૈનિક કાર્યક્રમ કેટલાય દિવસો સુધી ચાલ્યો. થવા કાળને કોઈ પણ રોકી શકતું નથી. જે કંઇ વિધિનું લખેલું હોય છે તે બનીને જ રહે છે. તુકારામ પોતાના ખેતરમાં કામકાજમાં મશગુલ રહેતો હતો. એક દિવસની વાત છે. એક શિકારી શિકાર કરવા માટે ત્યાં આવ્યો. તેની પીઠ પર એક બંદુક હતી. તેના વડે તેણે સસલા પર નિશાન તાક્યું તે સવારનો સમય હતો સૂરજ ઉગી રહ્યો હતો. તુકારામ ખેતરમાં બેઠો હતો તેની પાછળ આવીને એક સસલું બેઠું છે તે શિકારીએ જોયું શિકારીએ બંદુકમાં છરા ભરીને તે સસલા પર ફોડી. છરાથી સસલું તો મરી ગયું પણ સાથે જ એક છરો તુકારામના કાન પાછળ થઈને માથામાં પેસી ગયો. માથામાં પેસી ગયેલો છરો ડોક્ટરનો ઇલાજ કરવા છતાંય નીકળી શક્યો નહિ. છરો ન નીકળવાને લીધે તુકારામ પીડાથી હેરાન થઈ ગયો. માથામાં પીડા થવા લાગી. ઉંઘ પણ આવતી ન હતી. તેથી ઘણીયે બાધા આખડીઓ રાખી. છતાંય વેદના ઓછી ના જ થઈ. આવી હાલમાં કોઈએ રસ્તો બતાવતાં કહ્યું કે,


તુકારામ મઠમાં જઇને મહારાજનાં દર્શન કરી આવ, તો વેદના ઓછી થઈ જશે. હવે ડોક્ટર વૈદ તું છોડી દે. એ બધું સંતચરણ પર છોડી દે. કેમકે સંત ચરણસેવા જ સાચો અને ખરો ઉપાય છે. જો સંતની મહેરબાની થઇ જશે તો તારી હેરાનગતિ દૂર થઈ જશે. ઝાડુ વાળીને મઠ સાફ કરવાનું કામ તેણે કરવું જોઇએ. પરંતુ પોતાના પિતાની જેમ આ કામ સાચા અને ખરા મનથી જ થવું જોઇએ. તુકારામને આ વાત સારી લાગી. ત્યારથી તેણે મઠમાં કચરો વાળવાનું કામ શરૂ કર્યું. મઠ કાચના જેવો સ્વચ્છ રાખવા માંડયો. આવી રીતે આ કામ તેણે ચૌદ વર્ષ સુધી કર્યું. તુકારામની સેવા ફળી.એક દિવસ એક ચમત્કાર થયો. એક દિવસ તુકારામ મઠ વાળી રહ્યો હતો ત્યાં એકદમ કાનમાંથી છરો નીકળીને જમીન પર પડયો. જેવી રીતે સીંગને દબાવવાથી દાણા નીકળીને છુટા પડે છે તેમ તેજ વખતથી કાનનું દર્દ એકદમ ઓછું થઈ ગયું. આ તો વગર સ્વાર્થની સેવાનું ફળ છે. તુકારામે ઝાડુમારવાનું આ કામ ઠેઠ સુધી કર્યું. અનુભવ વગર પરમાર્થ માર્ગે જવા છતાંય શ્રધ્ધા બેસતી નથી. એક વખત શ્રધ્ધા લાગી કે તે સદાય માટે રહે છે સંત સેવા એજ મોટામાં મોટી સાધના મનાય છે. સ્વસ્તિ શ્રી દાસગણૂ રચિત શ્રી ગજાનન વિજયનામનો આ ગ્રંથભવસિંધુ તરવામાં ભાવિકોનો તારણહાર થશે.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥

॥ઇતિ સોળમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: સોળમો અધ્યાય સમાપ્ત॥






શ્રી ગજાનન મહારાજ મહિલાઓના ડબ્બામાંથી નીચે આવીને બેઠા અને સ્ટેશન માસ્તર તેમને પ્રાર્થના કરી રહયા છે.

## અધ્યાય સત્તરમો

શ્રી ગણેશાય નમઃ, જય જય હો મહાન શુભકારી, જય જય હો ભક્તને પાળનારા, જય જય હો તમાલપત્ર જેવા નીલ, પાપીઓને પાવન કરનાર, હે નરહરિ, જય હો. મહાપાપી અને દુષ્ટ એવા હિરણ્યકશિપુને પેટ ફાડીને આપે યમસદન પહોંચાડયો. ભક્ત પ્રહલાદના રક્ષણ માટે આપે અનુપમ રૂપ ધારણ કર્યું. અને આપ સ્તંભમાં પ્રગટ થયા. ગરદન પર કેશવાળી, બળતા અંગારા જેવી લાલ લાલ આંખો, જાણે બ્રહ્માંડ બાળી રહી હતી. આવા ભયાનક રૂપથી ભક્તો ડરતા નથી. વાઘણના બચ્ચા જેવી રીતે માતાથી ડરતા નથી પણ તેની ગોદમાં રમ્યા કરે છે તેવી રીતે ભક્તો પણ આવું ભયાનકરૂપ જોઈ ડરતા નથી. આપનું આ ભયાનક રૂપ જોઇને લક્ષ્મીજી પણ તમારી સામે આવતા ડરતા હતા. પરંતુ હે નરસિંહ, આપના વ્હાલા ભક્તો નિર્ભય થઇને દર્શન કરવા માટે સામે આવ્યા, હે લક્ષ્મીકાંત, આપ તો ભક્તોને વ્હાલા છો, આપને ભક્તો વ્હાલા છે. એમ સંત મહાત્માઓને દઢ વિશ્વાસ છે. ભક્તના નામની ઇચ્છા આપ સદા પૂર્ણ કરો છો. કદી આપ ના પાડતા નથી. હે ઋષીકેશ, આપ આપનો આ નિયમ સદાય પાળજો. હે પાંડુરંગ, આપની પાસે આવેલા દાસગણૂને સદાય નિર્ભય રાખજો. ગજાનન મહારાજના કેટલાક ભક્તો અકોલામાં હતા. તેમને ઘેર મહારાજ કોઈ કોઈ વખત આવતા હતા. તેમાંથી કેટલાક ભક્તોનાં નામ આ પ્રમાણે છે. આપડ ગાંવના બાપુ કૃષ્ણ, ખટાઉ શેઠજી પરિવાર, ગોંડુલાલનો છોકરો તેનું નામ છે બચુલાલ, જીજીબાઈ પંડિત વગેરે ભક્તોનાં નામ ક્યાં સુધી બતાવું? એક વખત ગજાનન મહારાજ અકોલા આવ્યા. અને ખટાઉજીની મીલમાં રહ્યા. વિષ્ણુ શાહનામનો મલકાપુરનો એક ભક્ત હતો. તેણે મનમાં નક્કી કર્યું કે, આ વખતે કોઈ પણ સંજોગોમાં મહારાજને મલકાપુર લઈ જ જવા. એટલા માટે ભાસ્કર પાટીલ સાથે આવવાનું આમંત્રણ મહારાજને કહેડાવ્યું, વાંચનાર જાણતા જ હશે કે ભાસ્કર પાટીલે અડગાંવમાં સમાધિ લીધી હતી. ભાસ્કર પાટીલ મહારાજની ખૂબજ દેખભાળ રાખ્યા કરતો હતો. ભાસ્કર પાટીલના શબ્દો મહારાજ માની જશે તેવો વિષ્ણુશાહને વિશ્વાસ હતો. ભાસ્કરે મહારાજને કહ્યું કે, આપણે મલકાપુર જઇશું કેમકે વિષ્ણુશાહ આપને ખાસ પ્રેમથી આમંત્રણ આપવા આવ્યો છે. અકોલામાં જે ભક્તો છે તેમની

મનોકામના તો આપે પૂરી કરી દીધી છે. પરંતુ આપના મલકાપુરના ભક્તો આપના તરફ આશા રાખીને બેઠા છે. આ વાત સાંભળીને મહારાજે ભાસ્કરને કહ્યુ કે, હમણાં મારે મલકાપુર જવું નથી. મને ત્યાં લઈ જવા માટે આગ્રહ કરશો નહિ. જો લઇ જવાની જીદ પકડીને બેસશો તો તમારે પસ્તાવું પડશે. હું કદી આગળપાછળનું વિચાર્યા વગર બોલતો નથી. જો દોરી વધારે પડતી ખેંચશો તો વચ્ચેથી તૂટી જશે તે વાતનો તમે ખ્યાલ રાખો. હું આ વખત અહીંથી બીજે ક્યાંય જવાનો નથી. માટે લઇ જવાનો ખોટો પ્રયત્ન તમે ના કરો. તે છતાંયે ભાસ્કરે કહ્યું કે, હે ગુરૂરાજ, આપને મલકાપુર આવવું પડશે. તેવી હું આપને પ્રાર્થના કરું છું. હું આપનો પ્યારો ભક્ત છું તેથી વિષ્ણુશાહને વચન આપ્યું છે કે મહારાજને લઇને જરૂર મલકાપુર આવીશ. મેં તેને વચન આપ્યુ છે માટે તે વચન નિભાવવા માટે આપે ત્યાં આવવું જ પડશે. ચાલો, આપણે રેલગાડીથી મલકાપુર જઇશુ. આ રીતે આગ્રહ કરીને મહારાજને લઇ મલકાપુર જવા માટે સ્ટેશન પર આવ્યા. ભાસ્કરે મહારાજ તેમજ ભક્તોને મળીને કુલ બાર માણસને બેસવા માટે સ્ટેશન માસ્તરને વિનંતિ કરીને એક ડબ્બો રીઝર્વ કરાવ્યો. અકોલા સ્ટેશન પર મહારાજ રેલગાડી ઉપડતાં સુધી એકજ જગ્યાએ બેસી રહ્યા. ના તો કોઈની સાથે બોલ્યા કે ના તો કોઈ જગ્યાએ આમતેમ ફર્યા. આખરે ગાડી ઉપડવાનો સમય થયો. ઘંટ પડયો ત્યારે મહારાજે ભાસ્કરને ખબર ન પડે એવી એક લીલા કરી. જે ડબ્બો રીઝર્વ કરાવ્યો હતો તેને બદલે મહારાજ સ્ત્રીઓના ડબ્બામાં જઇને બેસી ગયા. મહારાજની દિગંબર મૂર્તિ જોઇને ડબ્બાની બધી જ સ્ત્રીઓ ગભરાઇ ગઈ અને કોઇએ પોલીસને ફરિયાદ પણ કરી. ફરિયાદ થતાં ત્યાં પોલિસ અધિકારી હાજર થઈ ગયો અને મહારાજને પકડીને ખેંચતાં ખેંચતાં બોલ્યો કે, અરે પાગલ, નાણા પીર, કંઇ અક્કલ છે કે નહિ? આ ડબ્બો તો સ્ત્રીઓ માટે છે. તમે આ ડબ્બામાં કેમ બેઠા છો ? આટલું સાંભળી મહારાજે ધક્કો માર્યો અને હાથછોડાવી લીધો, ત્યાંજ બેસી ગયા. તેમને પોલીસ અધિકારીનો કશો જ ડર ના લાગ્યો. અધિકારીને લાગ્યું કે, મહારાજ હવે મારૂં માનશે નહિ તેથી તે અધિકારી સ્ટેશન માસ્તર પાસે ગયો અને બધી જ હકીકતની સ્ટેશન માસ્તરને જાણ કરી. અને સ્ત્રીઓના ડબ્બા પાસે આવવા વિનંતિ કરી. બંને ડબ્બા પાસે આવીને જુએ છે તો યોગીરાજ સ્ત્રીઓના ડબ્બામાં આરામથી બેઠા છે. સ્ટેશન માસ્તર મહારાજને ઓળખતો હતો તેથી





તેણે પોલીસને કહ્યું કે, મહારાજને ડબ્બામાં જવા દો. તે તો મહાન સંત છે. માનો કે ચાલતા ફરતાં પરમેશ્વર. મહારાજ તરફથી સ્ત્રીઓને કંઇ પણ તકલીફ થશે નહિ. આ સાંભળીને પોલીસ અધિકારી બોલ્યો કે, મેં તો તારથી મારા વડાને જાણ કરી દીધી છે. હવે તેમાં મારૂં કંઇ જ નહિ ચાલે. એટલા માટે આપને જે યોગ્ય લાગે તેમ કરો. સ્ટેશનમાસ્તરે માથેથી પોતાની હેટ ઉતારી દીધી અને ખૂબ પ્રેમથી તેમણે મહારાજને વિનંતી કરી કે, કૃપા કરીને આપ નીચે ઉતરી જાવ, કાયદાનું ઉલ્લંઘન ના કરો. આવી વિનંતિ સાંભળીને મહારાજ તરત જ નીચે ઉતરી પડયા. મહારાજ પર કેસ ચલાવવામાં આવ્યો જઠાર સાહેબની કોર્ટમાં કેસ શરૂ થઈ ગયો બાપૂસાહેબ જઠાર પૂછતાછ માટે શેગાંવ આવ્યા અને સરકારી ગેસ્ટહાઉસમાં ઉતર્યા. અકોલાના વ્યંકટરાવ દેસાઇ કંઇક કામ માટે શેગાંવ આવ્યા હતા. શેગાંવમાં કેસની વાત દરેક જણમાં ફેલાઇ ગઇ કે મહારાજ પર કેસ થયો છે. આથી આ સરકારી ગેસ્ટ હાઉસ તરફ બધાની નજર કેન્દ્રિત થઇ. ત્યા ભીડ થવા લાગી. શું થઇ રહ્યું છે તેની ખબર ન હોવાથી દેસાઇજીએ જઠાર સાહેબને પૂછ્યું કે, આજે એવો તે કેવો કેસ ચાલવાનો છે તે લોકોની આટલી બધી ભીડ વધી રહી છે. ત્યારે જઠાર સાહેબ અચંબો પામીને બોલ્યા કે, શું આપને જરા પણ ખબર નથી? આપના ગજાનન મહારાજ દિગંબર હાલતમાં ફરે છે તેથી પોલીસે તેમના પર કેસ કર્યો છે. તેની આજે સુનાવણી છે. તેથી મને લાગે છે કે માણસોની ભીડ થઈ રહી છે. આ સાંભળી વ્યંકટરાવે દુઃખ અનુભવ્યું અને જઠાર સાહેબને હાથજોડીને વિનંતી સાથે કહેવા લાગ્યા કે, કૃપા કરીને આ બધું પાછું ખેંચી લ્યો. શ્રી ગજાનન મહારાજની મહત્તા કોણ નથી જાણતું? તે તો સાક્ષાત ભગવાનની મૂર્તિ છે. તે આ દેહ છે છતાંય તેમને તેની કશીજ પડી નથી. તેઓ વિદેહી છે, તેથી તેઓ કોઈ પણ બંધનથી મુક્ત છે. તેમની વાત સાંભળીને જઠારસાહેબ બોલ્યા કે, તમે તો કાયદો જાણો છો. આનો વિચાર પોલિસ ખાતાએ પહેલીથી જ કરવો જોઇતો હતો. તેમણે રાઇટરને કહ્યું કે, કોઇને મોકલીને ગજાનન મહારાજને અહીં બોલાવી લાવો. તેમણે આ કામ એક જવાન પોલીસને સોંપ્યું. તે પોલીસ મહારાજ પાસે ગયો અને કહ્યું કે, સાહેબે તમને કચેરીમાં લઇને આવવાનું કહ્યું છે તેથી હું તમને લેવા માટે આવ્યો છું. આપ જોરજબરજસ્તી વગર મારી સાથે શાંતિથી ચાલો. જો શાંતિથી નહિ આવો તો મારે આપને ઘસડીને પણ લઇ જવા પડશે. પોલીસની આવી

અયોગ્ય વાણી અને હરકત જોઇને મહારાજ બોલ્યા કે, હું તો અહીંથી ઉઠવાનો નથી. હું જરા તારી તાકાતતો જોઉં. છોડાવી જો તારો હાથ. મહારાજે જ્યારે પોલીસનો હાથપકડયો ત્યારે તે છોડાવી ના શક્યો. અને હાથજોરથી પકડેલો હોવાથી તેમાં લોહીનું પરિભ્રમણ પણ બંધ થઈ ગયું હતું. આથી તેનો જીવ ગભરાવા લાગ્યો અને પીડાથી તે ખૂબ પરેશાન થઈ ગયો. પોલીસને આવવામાં વાર થઈ હોવાથી વકીલ વ્યંકટરાવ દેસાઇને જઠાર સાહેબે કહ્યું કે, તમે પોતેજ જઇને મહારાજને અહીં લઇ આવો. આ કામ તમે એવી સાવધાનીથી કરો કે આ બંગલાની આજુબાજુ જરા પણ ભીડ જામે નહિ. ત્યાં તો સંદેશો આવ્યો કે, મહારાજે પોતાની લીલાથી પોલીસનો હાથપકડી તેને એક જગ્યાએ બેસાડી દીધો છે. ત્યારપછી દેસાઈ મઠમાં આવ્યા અને ભક્તોને કહ્યું કે, હવે તો મહારાજે ધોતીયું પહેરવુંજ જોઇએ. આ સાંભળી ભક્તોએ મહારાજને ધોતીયું પહેરાવ્યું. પણ તે ધોતીયું મહારાજે રસ્તામાં કાઢી નાખ્યું. આખરે મહારાજ કચેરીમાં ગયા. પણ રોજની માફક દિગંબર થઇને જ. તેમનો શિષ્ય ભાસ્કર પણ તેમની સાથે જ હતો. મહારાજને સામે જોતાં જ જઠારસાહેબે બેસવા માટે ખુરશી આપી અને વિનયથી બોલ્યા કે, મહારાજ પધારો. આપ ગામમાં જે નાગા ફરો છો. તે સારી વાત નથી. કાયદાની દષ્ટિએ નાંગુ ફરવું તે એક ગુનો છે તેથી હું આપને પ્રાર્થના કરૂં છું કે તમે આ દિગંબર થઇને રહેવાનું છોડી દો. જઠારસાહેબનું કહેવું મહારાજે શાંતચિત્તે સાંભળી લીધું અને હસીને જવાબ આપ્યો કે, મારા  આ નાગાપણામાં આપને શી લેવાદેવા છે ? ફાલતુ વાતો કર્યા વગર તાત્કાલિક ચલમ ભરી ને મને આપો. બાકી મારી દષ્ટિથી આ તમારી વાતો અર્થ વગરની લાગે છે. મહારાજની આ વાત સાંભળીને જઠારજી પોતે પીગળી ગયા. મહારાજ ઓલિયા થઈ ગયા હોવાને લીધે તેમને લૌકિક વાતોનો ખ્યાલ પણ આવતો નહિ હોય તેમ પોતે મનમાં વિચારવા લાગ્યા. આ તો ભાગવતના વૃષભદેવ, શુક્રાચાર્ય અથવા તો સંત નામદેવનો બીજો અવતાર હશે. જીવનમુક્ત અને મોહમાયાથી પર હોવાને લીધે તેઓ નિજાનંદમા સદા મગ્ન રહે છે. આથી તેમના પર કોઈ પણ જાતનો આરોપ લગાવવાનો અર્થ નથી. અગ્નિ કદી ગરમીને તેનાથી જુદી પડવા દેતો નથી. એટલા માટે તો અગ્નિહોત્રીએ અગ્નિને અગ્નિકુંડમાં જ રાખવો પડે છે. કેમકે તેને કુંડમા ન રાખે તો આખું મકાન બળી જાય. જે વસ્તુ સામે આવે તેને બાળી નાંખવાનો અગ્નિનો






પોતાનો ધર્મ છે. તેમાં અગ્નિનો પોતાનો શું દોષ ? જેવી રીતે આ અગ્નિનો સ્વભાવ સ્વયં સિધ્ધ છે તેમ મહારાજનું નાગાપણું પણ સ્વયં સિધ્ધ છે. તેથી જો આ બાબતમાં દોષિત હોય તો તેમના શિષ્યો જ છે. મહારાજના આ નાગાપણાને જો શિષ્યો વસ્ત્રરૂપી કુંડમાં રાખતા હોત તો બધાને માટે સારૂ હતું. આમ આવો વિચાર કરતા જઠારજી બોલ્યા કે, આ મહારાજ તો જીવન્મુક્ત ઓલયા છે. તેમને લૌકિક દષ્ટિએ ઠીકઠાક રાખવાની જવાબદારી તો તેમના શિષ્ય ભાસ્કર પર જ આવે છે. આમ ભાસ્કરે ઠીક કર્તવ્ય નિભાવ્યું નથી. તેથી ભાસ્કરને પાંચ રૂપીયાનો દંડ કરું છું. શેગાંવમાં કેસનો ફેંસલો આવી રીતે કર્યો. પછી મહારાજે ભાસ્કરને કહ્યું કે, કેમ જોઇ લીધું ને ? જીદ પકડીને બેસવાથી શું થાય છે ? તું જ તારા હાથે મોં નીચું કરવાનો વખત લાવ્યો. તે સાચું છે કે ખોટું ?  મહારાજના પ્રશ્નનો ઉત્તર ભાસ્કર આપી શક્યો નહિ. અને ચુપચાપ બેસી રહ્યો આ બનાવથી બધાને ખૂબ બોધ પાઠ શીખવા મળ્યો, કે કદી પણ મહારાજને રેલગાડીમાં બેસાડવા નહિ. આપણા હાથે જ આફત વહોરી લેવી તે સારૂ નથી. ત્યારપછી મહારાજને લઇ જવા હોય ત્યારે બળદગાડામાં લઇ જતા  અને આ નિયમ બહુ દિવસો સુધી ચાલ્યો. એક દિવસ મહારાજ બળદગાડામાં બેસીને અકોલામાં બાપુરાવને ઘેર આવ્યા. મૂર્તિજાપુરની સામે કુરૂમ નામનું ગામ છે. ત્યાં મહેતાબશા નામના એક મુસલમાન ઓલિયા રહેતા હતા. તેમણે બાપુરાવને કહી રાખ્યું હતું કે, ફરી કોઇ વખત મહારાજ અકોલા આવે ત્યારે તમે મને જરૂરથી ખબર આપશો. તેથી જ્યારે મહારાજ અકોલા ગયા કે તરત જ એક માણસ ને મહેતાબશા પાસે કુરૂમ મોકલ્યો અને કહેડાવ્યુ કે, મહારાજ અકોલા આવ્યા છે. તેજ વખતે મહેતાબશા અકોલા આવવા નીકળી પડયા હતા. મોકલેલ માણસની અને મહેતાબશાની મુલાકાત રસ્તામાં જ થઈ. તેણે મહેતાબશાને બાપુરાવનો સંદેશો કહ્યો. મહેતાબશા બોલ્યા કે, તારે કુરૂમ જવાની જરૂર નથી. ચાલો ગાડામાં બેસીને આપણે સ્ટેશન સુધી જઇશું. સંત ત્રિકાળજ્ઞાની હોવાને લીધે બધી જ વાતો તે બેઠા બેઠા જાણી શકે છે. મહેતાબશાની સાથે બેત્રણ મુસલમાન ભક્તો પણ હતા. બધા યથાવકાશે બાપુરાવના ઘરે પહોંચ્યા. બીજે દિવસે સવારમાં જ્યાં મહેતાબશા રોકાયા હતા ત્યાં મહારાજ આવી પહોંચ્યા. આવીને તેમણે મહેતાબશાના વાળ પકડયા અને ખેંચવા લાગ્યા તેનો સાચો અર્થ આવો થાય છે. મુસલમાન

જાતમાં જન્મ લઇને કંઇ પણ કાર્ય કર્યું નથી. પણ આળસું થઈ ગયો છે. તમારા આ આળસુપણાને લીધે ધાર્મિક તત્ત્વનો નાશ થાય છે. આનાથી મૃત્યુલોકના પ્રાણી ચિંતાગ્રસ્ત થઈ જશે. તમારૂં નામ તો મહેતાબ છે. ઓછામાં ઓછું એ નામ તો યાદ કર્યા કર. દોષ રૂપી અંધકારને વધવા ના દઈશ. આ દોષરૂપી અંધકાર દિન પ્રતિદિન વધતો જાય છે. તેની જાણ કરવા માટે મેં તને હેરાન કર્યો છે. મહારાજનો ઇશારો સમજતાં સાચું શું છે તે મહેતાબશાએ જાણતા તેઓ મનમાં ને મનમાં ખુશ થયા. સાધુ જ સાધુના અંતરની વાત જાણી શકે છે. જ્યારે મહેતાબશાને શેખકડુના કષ્ટ થઇ રહ્યું હતું તે જોઇને સાથે આવેલા ખૂબ જ ગભરાઈ ગયા હતા. તેમના શિષ્યોને મહેતાબશાને કહ્યું હવે જો તમે મારી પાસે ના રોકાતા, કુરૂમ જાવતો ઘણું જ સારૂં છે. શેબકડુના સિવાયના બાકીના ચારે યુવાનો કુરૂમ પાછા ગયા. એટલામાં આમંત્રણ આપવા માટે બચુલાલ આવી પહોંચ્યા. તે વિનંતિથી મહારાજને બોલ્યા કે, હે દયાધન, આવતી કાલે આ દાસના ઘેર આવીને પ્રસાદ લઇને પાવન કરજો. એજ આપને મારી પ્રાર્થના છે. બીજા દિવસે ધામધુમથી મહારાજને પોતાના ઘેર ઘોડાગાડીમાં લઇ આવ્યો, પરંતુ મહારાજ ઘોડાગાડીમાંથી નીચે ઉતરવા તૈયાર ન હતા. મહારાજે આવું કેમ કર્યું તેનુ કારણ કોઇ જાણી શક્યું નહિ. આખરે ઘોડાગાડી પાછી બાપૂરાવના ઘેર ગઇ. લોકો વિચારમાં પડી ગયા કે મહારાજે આવું કેમ કર્યું હશે. કાલે તો આમંત્રણનો સ્વીકાર કર્યો હતો. અને આજે આવવા માટે ના કેમ પાડી. દરેક આમ વિચારવા લાગ્યા. ત્યાં હાજર રહેલામાંથી એક હોંશિયાર સજ્જન હતા તે બોલ્યા, મારી દષ્ટિએ એક કારણ આ પણ હોઇ શકે કે મહેતાબશા મુસલમાન હોવાથી તેમને આમંત્રણ આપ્યું નથી. એટલા માટે કદાચ મહારાજ ઘોડાગાડીમાંથી નીચે ઉતર્યા નહિ હોય. તેને કેમ આમંત્રણ નહિ આપ્યું હોય. હવે એવું કરીશું કે બંનેને એક સાથે જ ઘોડાગાડીમા લઇ આવીશું. તેથી નક્કી મહારાજ આવી શકશે. આખરે તે સજ્જનનો વિચાર સાચો પડ્યો. ત્યારપછી મહારાજને તેમજ મહેતાબશાને બહુ ધામધુમથી લાવવામાં આવ્યા મંદિરના પાસે એક થિયેટર હતું. તેમાં મહેતાબશાને ઉતારો આપ્ય. અને શ્રીરામના મંદિરમાં મહારાજને રહેવા માટે બંદોબસ્ત કર્યો. ત્યારપછી મહારાજ પણ થિયેટરમાં આવ્યા. બધાએ ભેગા થઈને જમણ જમ્યા. મહેતાબશાહે લોકોને કહ્યું કે, મને પંજાબની ટિકીટ લાવી આપો. આવું સાંભળી શેખકડૂ






મહેતાબશા ફકીરને કહેવા લાગ્યો કે, આપ કુરૂમની મસ્જિદ અડધી છોડીને કેમ જાવ છો ? આ મસ્જિદ પૂરી થતાં આપ પંજાબ જઇ શકો છો. મસ્જિદનું આવું અધુરૂં કામ છોડીને જવું તે સારૂં નથી. તેની વાત સાંભળતા મહેતાબશા પ્રેમથી બોલ્યા કે, શેખકડૂ, હવે અહીં રહેવાનો મને આગ્રહ કરીશ નહિ. ગજાનન મહારાજનો પંજાબ જવાનો મને આદેશ થયો છે. તેથીહું અહીં એક ઘડી પણ રોકાઇ શકું તેમ નથી. મહારાજની કૃપાથી મસ્જિદનું કામ પૂરૂં થઈ જશે. આ મારૂં સત્ય કથન કદી ખોટું નહિ પડે. સંતો પાસે ધર્મનો દ્વૈત્યભાવ કદી રહેતો નથી. તે તો બધાજ ધર્મ પ્રત્યે એક લાગણી અનુભવે છે. મસ્જિદનું કારણ વચ્ચે લાવી મને અહીં રહેવાનો આગ્રહ ન કરશો. કેમકે તેમાં તમને અને મને બંનેને નુકશાન છે. મસ્જિદ અને મંદિર બંને બનાવવા માટે સામાન તો એક જ વપરાય છે. પરંતુ તેનો જે આકાર છે તેમાં ધર્મની દષ્ટિએ જુદાપણું રહે છે. આવી સાચી વાત જાણીને મુસલમાન ખુદાના, તો શું હિંદુઓ ભૂતના હોય છે ?મનુષ્યત્વ તો દરેકમાં એકજ હોય છે.આ બાબતમાં વિચારીએ તેમાંજ ભલાઈ છે. હિંદુ અને મુસલમાનને એક જ ભગવાને પેદા કર્યા છે. પરંતુ દરેક કોમને પોતપોતાનો ધર્મ વ્હાલો હોય, છતાં પણ બીજી કોમ, ધર્મ પર પણ દિલથી પ્રેમ હોવો જોઇએ. જ્યાં સુધી આવું નહિ સમજીએ ત્યાં સુધી સુખશાંતિ લાખો કોસ દૂર રહેશે એ વાત કદી ભૂલવી જોઇએ નહિ. ગજાનન મહારાજની દયાથી મસ્જિદ પૂરી થશે જ. હવે તમે ચિંતા છોડી દઇને પાછા જાવ. ત્યાર પછી મહેતાબશા પંજાબ ગયા. અને ગયા પછી ક્યારેય પાછા આવ્યા નથી. આ વાતનું હિંદુ અને મુસલમાને ચિંતન કરવું જોઇએ. મહેતાબશાને મહારાજે હેરાન કર્યા. પરંતુ મનમાં તેના તરફ શત્રુતા ન હતી, પણ ઘણોજ પ્રેમ હતો. મહેતાબશા જેવા મુસલમાનને પોતાની પાસે બેસાડીને એક સાથે જમણ લીધુ હતુ. તેનો બહુજ ધ્યાન પૂર્વક વિચાર કરવો જોઇએ. બાપુરાવની જે ધર્મ પત્ની હતી તેને કોઈ પૂર્વજ નડી રહ્યા હતા, અને તે નડતરના પ્રભાવને લીધે કપાળમાં કંકુ લાગી જતું હતું. કોઇ વખત ગળું દ બાઇ જતું, તો કોઇ વખત શરીરના વસ્ત્રો બળવા લાગતા, કોઈ વખત આખાયે શરીરે મોટા મોટા ચકામાં ઉભરાઈ આવતા હતા. આ પૂર્વજના નડતરને લીધે બાપુરાવની પત્ની દૂબળીપાતળી થઈ ગઈ હતી. તેનો ઇલાજ કરવા માટે અકોલાથી એક ભૂવો બોલાવવામાં આવ્યો હતો. પરંતુ ભુવાને તેમાં સફળતા મળી નહીં તેણે ઇલાજ કરવામાં ખૂબ ધન ખરચી નાખ્યું

હતું. છતાં પણ અસર થઇ ન હતી. આખરે તે મહારાજના શરણે ગયો. તેણે મહારાજને કહ્યું કે, મારી પત્નીને નડતરના લીધે ઘણી તકલીફ થઈ રહી છે. દવાઓ, બાધા આખડી, તાવીજો બાંધ્યા છતાંય જરાય ફેર પડતો નથી. બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા છે. હવે હું બહુજ કંટાળી ગયો છું. હવે આપના ચરણો મારા ઘરમાં પડયા છે તો આ નડતર થોડું જ અહીં ઊભુ રહેશે? જ્યાં વનરાજસિંહ હોય ત્યાં શિયાળ તેની મોટાઇનું પ્રદર્શન થોડું જ કરી શકવાનું છે ? જ્યાં કસ્તૂરીની મહેંક હોય ત્યાં નડતરની દુર્ગંધ કેવી રીતે આવી શકે? આવી રીતે વ્યાકુળ થઇને બાપુરાવે મહારાજને વાત કરી તો મહારાજે પત્ની તરફ એક વખત કૃપાદૃષ્ટિથી જોયું અને જોતાં જ પળભરમાં તેનું નડતર દૂર થઈ ગયું. સાચું જ છે કે સિંહ આગળ વાંદરાના વાંદરવેડા કેટલો સમય ચાલો? એક વખત મહારાજ ફરતા ફરતા બંધુ નરસિંહજીને મળવા માટે અકોટા આવ્યા. તેમના મઠની પાસે એક કૂવો હતો. કુવાની પાસે બસી ગયા અને અંદર પગ લટકાવી અંદરનું પાણી જોવા લાગ્યા. મહારાજનું આ કૃત્ય લોકો કુતૂહલ થી જોવા લાગ્યા. નરસિંહજીએ મહારાજને પૂછ્યું કે, અરે બંધુ, આ બધુ શું થઈ રહ્યું છે ? ત્યારે મહારાજે જવાબ આપ્યો કે, ગોદાવરી, યમુના અને ભાગીરથી તીર્થ તમારા માટે તો અહીં હાજર છે. પરંતુ બીજા કોઈ તીર્થનું જળ અંદર છે કે કેમ તે હું જોઇ રહ્યો છું. આપ તો દરરોજ આ પવિત્ર જળથી સ્નાન કરો છો, તો હું શા માટે બાકી રહી જાઉં ? આ તીર્થોએ મને આજે નવડાવવો જોઇએ. જ્યાં સુધી આ તીર્થનું સ્નાન નહિ થાય ત્યાં સુધી હું અહીંથી ઉઠવાનો નથી. હાજર રહેલાઓએ મહારાજનું કહેવું સાંભળ્યું કોઇ બોલ્યા પણ ખરા કે, સાચે જ આ ગાંડા છે. ન જાને શેગાંવના લોકો કેમ આમની પાછળ પડયા છે ? જરા અહીં ઉભા રહીને જોઇએ કે હવે તે શું કરે છે ? એટલામાં મહારાજની લીલાથી જે પાણી કુવામાં હતું તે ઉભરાવવા લાગ્યું. અને જોતજોતામાં તો આખોય કુવો પાણીથી ભરાઇ ગયો. સેંકડોની સંખ્યામાં કુવારા કુવામાંથી ઉડવા લાગ્યા અને મહારાજ પર પાણી વરસવા લાગ્યું. મહારાજ લોકોને કહેવા લાગ્યા કે, હે ગામવાસીઓ, આનંદથી સ્નાન કરો. હવે કુવામાં ઉતરવાની જરૂર નથી. ગંગા, યમુના અને ગોદાવરી કુવામાંથી ઉપર આવ્યા છે. પુણ્યસરિતામાં સ્નાન કરવાનો લાભ ઉઠાવો આવેલો અવસર તમે ખોશો નહિ. જે ભાવિક ભક્તો હતા. તેમણે સ્નાન કર્યું અને જે નિંદક હતા તેમણે શરમથી મોં નીચા કરી લીધા. સંત જે કંઇ








મનમાં લાવે છે તેને ચક્રધારી જરૂર પૂરૂં કરે છે. તેમની વાણી પરમાત્મા કદી ખોટી પડવા દેતા નથી. સ્નાન થઈ ગયા પછી કુવારા ઉડતાબંધ થયા અને કુવાનું પાણી પહેલાંના જેવું થઈ ગયું. નરસિંહને મળીને મહારાજ મનોવેગ રૂપી ઘોડા પર સવાર થઈ શેગાંવ ચાલ્યા ગયા. સ્વસ્તિ શ્રી દાસગણૂરચિત આ ગજાનન વિજયનામનો ગ્રંથભાવિક ભક્તોને ભવાબ્ધિમાં તારણહાર થઈ પડશે.

॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥

॥ ઇતિ સત્તરમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: સત્તરમો અધ્યાય સમાપ્ત॥



શ્રી ગજાનન મહારાજે પંઢરપુરમાં બાપુ કાળેને વિઠ્ઠલ સ્વરૂપે દર્શન કરાવ્યા.

## અધ્યાય અઢારમો

શ્રી ગણેશાય નમઃ જય જય હો ચિદાનંદ હે ગોવિંદ શ્રીનિવાસ, હે આનંદકંદ પરેશ, ગરીબોના બેલી, હે કેશવ કેશિમર્દન, હે માધવ, મધુસૂદન, હે પૂતના રાક્ષસીના પ્રાણ હરવાવાળા, પાંડુરંગ, રૂક્મિણીના પતિ, હે ચક્રધારી, મારા મનમાં જે કંઇ ઇચ્છા છે તે તો આપ જાણો છો. હે પદ્મનાભ, જે આપ જાણો છો તે ફરી કહેવાથી શું લાભ? હે શ્રી હરિ, ભક્તને જે જોઇએ છે તે આપીને ભક્તને આપ તૃપ્ત કરો છો. આવી રીતનું સ્તવન પુરાણોમાં સ્થળે સ્થળે લખેલું છે. હે પંઢરીનાથ, મારા મનની ઇચ્છા આપ પૂર્ણ કરો અને મનની કઠોરતા તજી દો. કેમકે દાસગણૂ તો આપનો જ છે. અકોટગાંવ નામના શહેરમાં બાયજા નામે એક સ્ત્રી હતી. તે મહારાજની ભક્ત હતી. હળદીમાળી વંશમાં તેનો જન્મ થયો હતો. તેના પિતાનું નામ શિવરામ અને માતાનું નામ ભુલાબાઈ હતું. બાયજાના લગ્ન નાનપણમાં જ થયા હતાં. વિધાતા લલાટે જે લેખ લખે છે તે પ્રમાણે માણસને જીવન વીતાવવું પડે છે. બાયજા તરૂણ અવસ્થામાં આવી ગઈ હતી. તેથી ગર્ભાધાનવિધિ માટે તેના પિતા બાયજાને તેના સાસરે લઈ ગયા પરંતુ ખબર પડી કે જમાઈ નપુંસક છે. આથી માતાપિતા ખૂબ શોકાતુર થયા. બાયજાની હાલતનો વિચાર આવતાં તેની માતા રડી પડી. કેમકે પતિના લીધે તેની જવાની વ્યર્થ થઈ જશે. ભુલાબાઇએ શિવરામને કહ્યું કે, હવે આને અહીં રાખવી સારી નથી આપણે તેનો પુનઃ વિંવાહ બીજી કોઈ જગ્યાએ કરીશું. તે સાંભળીને શિવરામે કહ્યું કે, અત્યારથી ધીરજ ખોઈ બેસવું સારૂં નહિ. કોઇ કોઇ પુરૂષને ઉંમર વધતાં પુરૂષત્વ આવે છે. તેથી થોડો સમય આપણે રાહ જોઇએ. બાયજાને અહીં સાસરીમાં જ થોડા દિવસ રાખીશું. કેમકે નંપુસકપણુ કંઇક કારણ વશ થયું હોય તો દવાથી દૂર થઈ શકે છે. આપણે થોડો સમય રાહ જોઇશુ. આવી રીતનો પાકો વિચાર કરીને નક્કી કર્યા મુજબ બાયજાને સાસરે છોડીને બંને મુંડગાંવ પાછા આવ્યા. બાયજા તે વખતે પંદર સોળ વરસની જ હતી. તે શ્યામ રંગની હતી. જવાની તેના અંગેઅંગમાં ખીલી રહી હતી. આંખો તેમજ નાક ચમકદાર હતા. તેના મોટા જેઠ બાયજાને જોતાં જ તેને ભોગવવાની ઇચ્છા કરી. પોતાની મનોકામના પૂરી કરવા માટે તેણે તેની દષ્ટિએ પ્રયત્નો કર્યા. પતિના લીધે નારાજ થઇને બેસીશ નહિ. હું તારા પતિની જગ્યાએ

છું જીવતાં સુધી તારી દેખભાળ રાખ્યા કરીશ. ચિમળાયેલા ઉદાસ મોઢે બેસી ન રહીશ. ખુશીમાં જીંદગી વીતાવવાનો પ્રયત્ન કર. આજથી મને જ તારો પતિ માની લે. આવી લોભામણી વાતો કરી કઇંક ઇશારા કરીને તો કોઇ ચીજવસ્તુ આપવાને બહાને પોતાની જાળમાં ફસાવવાનો પ્રયત્ન કરતો હતો. પરંતુ બાયજા ખાનદાન કુટુંબની હોવાથી તેના જેઠને કોઇ કાર્યમાં સફળતા મળી નહિ. જેઠની આવી ખરાબ દાનતને લીધે તેણે ભગવાનને પ્રાર્થના કરવા માંડી કે, હે નારાયણ મારા પર આ કેવી આફત આવી પડી છે ? હે ભગવાન, બાળપણમાં મેં આપના ચરણ પકડયા છે તો શું તે સેવાનું આ ફળ છે ? મને જે જીવનસાથી મળ્યો છે તે નપુંસક છે. આવું જાણીને ભાગ્યમાં શરીરસુખ નથી એવો વિચાર કરીને હું મનને કાબૂમા રાખવા પ્રયત્ન કરૂં છું. જે થયું તે પ્રારબ્ધને લીધે થયું. તો હે શેષશાયી, હું આપને પ્રાર્થના કરૂં છું કે પરપુરૂષનો વિચાર મનમાં ન આવે અને તમારી તરફ મારું ધ્યાન સદા રહે. એક વખત એક રાત્રે મોટા જેઠ બાયજા પાસે આવ્યો અને મનમાં દૃષ્ટ ઇચ્છા હતી તે કહી દીધી. જેઠની વાત સામે ગુસ્સા સાથે ઇન્કાર કરતી તે બોલી કે, તમને આવી વાતો કરતાં શરમ નથી આવતી ? શું લાજ મર્યાદાય પી ગયા છો ? મોટા જેઠ તો પિતા સમાન મનાય છે તેથી આવા ખોટા વિચારો તમે છોડી દો. કામાંધ ન બનશો. આટલું છતાં પણ માને ત્યારેને? કેમકે ખોટી વાસનાએ તેને કામાંધ બનાવ્યો હતો. વિષયી માણસની કામ વાસના જ્યારે જાગે છે ત્યારે તે ધર્મ અને નીતિને ભૂલી જાય છે. તે અવિચારથી ભાભીના ખભે હાથમૂકવાનો હતો ત્યાં તેનો છોકરો દાદર પરથી પડી ગયો. પડવાથી છોકરાના માથામાં ઘા પડયો. બાયજા દોડતી ત્યાં ગઈ અને છોકરાને ખોળામાં બેસાડી દવા લગાડી. ત્યાર પછી બાયજાએ પોતાના જેઠને કહ્યું કે, પારકી સ્ત્રી પર ખોટી દાનત રાખવી ખરાબ છે. છોકરો પડી ગયો તેથી તે ડરી ગયો. તેને તેના ખરાબ કૃત્ય પર પસ્તાવો થયો. ત્યાર પછી ભાભીની છેડછાડ કદી કરી નહિ. થોડા દિવસો પછી શિવરામ તેની પુત્રીને સાસરીમાંથી મુંડગાંવ લઇ આવ્યો ભુલાબાઇએ તેના પતિને કહ્યું કે, આપણે આપણી છોકરીને શેગાંવ લઇ જઇશું. અને મહારાજને તેના ભવિષ્યને માટેપૂછીશુ. પત્નીનું કહેવું પતિને સારું લાગ્યું. તે ત્રણેય શેગાંવ મઠમાં આવ્યા. જ્યારે છોકરીએ મહારાજને નતમસ્તકે પ્રણામ કર્યાં ત્યારે શિવરામે મહારાજને કહ્યું કે, મહારાજ આ છોકરી પર કૃપા કરો અને તેને






પુત્રપૌત્ર થાય તેવા આશીર્વાદ આપો. જ્યારે મહારાજે તેના મનની વાત જાણી ત્યારે તે હસીને બોલ્યા કે, અરે શિવરામ વિધાતાએ તેના ભાગ્યમાં પુત્ર લખ્યા નથી. આ દુનિયામાં જેટલા પુરૂષ છે તે બધા તેના પિતા થશે. આથી તેને બીજી જગ્યાએ વિવાહિત કરવાનો પ્રયત્ન ન કરશો. આ વાત સાંભળીને શિવરામ બહુજ દુ:ખી થયો, અને બાયજાને લઇને પાછો મુંડગાંવ આવ્યો. મા બાપ તો મહારાજના આ સત્ય કથનથી દુ:ખી થયા, પણ છોકરી તો આવું સાંભળીને ફૂલી ન સમાઈ તે દિવસથી ગજાનન મહારાજ પ્રત્યે શ્રધ્ધા હતી તે વધી ગઇ. પુંડલિક નામનો મહારાજનો ભક્ત મુંડગાંવમાં રહેતો હતો. તે પણ જુવાન હતો. તેની સાથે જ બાયજા દર્શન કરવા આવ્યા કરતી હતી. શરૂ શરૂમાં તો બાયજા પુંડલિક સાથે શેગાંવ જતી તેમાં કંઇ ભાંજગડ પડી નહિ. માબાપ વિચારતા રહ્યા કે, મહારાજના ચરણો પકડયા છે. મહારાજ કૃપા કરશે અને તેનું ભલું થશે. તે કદાચ જમાઈને પુરૂષત્વ પણ આપે. કેમકે સંત ચાહે તે કરી શકે છે. તેથી પુંડલિક સાથે શેગાંવ જવામાં બાયજાને મુશ્કેલી નડી નહિ, ન તો તેના માબાપે મના કરી પરંતુ આ વાત કાનોકાન ફેલાઇ ગઇ અને લોકો ખોટી રીતે મહેણા મારવા લાગ્યા, એક સાથે બંને શેગાંવ જતા હતા તે લોકોને એક જાતનું બહાનું લાગવા માંડ્યું. કેમકે જવાનીમાં માણસને ભક્તિ તરફ થોડું જ ધ્યાન જાય. બાયજા અને પુંડલિક બંને જુવાન હતા. તેથી વિષયવાસના તરફ ઝૂકીને દર મહિને સાથે જવાય તે એક બહાનું છે. અને જવાથી એકમેકને તક મળી શકે. અને તેમા કોઇ વાંધો નહિ. માટે જ તેઓએ આવી રીતે જવાનું નક્કી કરેલું છે. પરંતુ પુંડલિક જાતનો મરાઠા અને બાયજા જાતની માળી છે. એ બંને વચ્ચે કંઇક પાપાચાર ન થઇ જાય માટે બંનેને અલગ કરવા એજ સારૂ છે. તેવું લોકો વિચારવા લાગ્યા અને કહેવા પણ લાગ્યા. લોકો ગમે તે બોલતા હતા. પરંતુ તે બંનેનું હૃદય શુધ્ધ હતું અને તલભાર પણ તેમનામાં વિકાર ન હતો. એથી કામવિકાર પણ પેદા થયો ન હતો. પરંતુ તેમની શુદ્ધ ભાવના મા બાપ કે ગામવાળા માને ત્યારે ને ! લોકવાયકા જાણીને બાયજાની મા બોલી કે, રે છોકરી, તું પુંડલિકને ત્યાં વારંવાર કેમ જાય છે ? તેની કંઇ સમજ પડતી નથી. જવાનીમાં શું ખાક ભક્તિ થતી હશે. શેરડીના ખેતરમાં ગયા પછી શિયાળ ત્યાં શેરડી ખાધા વગર થોડું જ પાછું ફરવાનું છે ? અથવા લીલો ચારો સામે જોઇને ખાધા વગર બળદ થોડો આગળ વધવાનો છે ? રે કાળમુખી, તારા કૃત્યથી

અમારા માથે કલંક ન લગાડીશ. ભુલાબાઈએ તેના પતિને કહ્યું કે, હવે આને આવી ન રાખો. હરે કોઈ માળી જાતનો છોકરો જોઇને તેનો વિવાહ કરી નાંખો. તે પુંડલિકને ઘેર વારંવાર જાય છે. તેની સાથે વાતો કર્યા કરે છે તેથી જરૂર એમ લાગે છે કે વાતમાં કંઇક કાળુ છે જ. હવે શેગાંવ જઇ મહારાજને આના કારસ્તાન બતાવીએ. સંત તો બધું જ જાણે છે. તે તો ભક્તોમાં શુદ્ધ આચરણ હોવું જોઇએ તે જ ઇચ્છે છે. ચંદનમાંથી ખરાબ ગંધ કદી આવતી નથી. આખરે ભૂલાબાઇ, શિવરામ તેમજ બાયજાબાઈ અને પુંડલિક ભોકરે આ ચારે જણ મહારાજનાં દર્શન માટે શેગાંવ આવ્યા. પુંડલિકની સામે જોઇને દયાધન મહારાજ બોલ્યા કે, રે પુંડલિક, પૂર્વજન્મમાં બાયજા તારી બહેન હતી. લોકો ગમે તેટલા બળે અગર વાતો કરે. પણ તું તારી બહેનને છોડતો નહિ. બંને મળીને સચ્ચિદાનંદ પ્રભુનું ભજન કરજો. પછી ભુલાબાઇને મહારાજે કહ્યું કે, તારી છોકરી પર ખોટું દોષારોપણ કરીશ નહિ. ગયા જન્મે તે બંને ભાઈબહેન હતા. અને એ વાત ભૂલી ના જશો કે તેને પતિ મળવાનો નથી. કેમકે સંસાર માંડીને જીવનસુખ માણવા તે આ દુનિયામાં આવી નથી. જેવી રીતે પંઢરપુરમાં નામદેવજીને ત્યાં સંત જનાબાઈ હતી તેવી રીતે આ તારી છોકરી આખું જીવન વ્રતસ્થરહેશે. જનાબાઈના ગુરૂ નામદેવજી હતા. તારી છોકરી મારા શરણે આવી છે. તેથી મારી જનાબાઈને જરાય તકલીફ પડવા દેશો નહિ. મહારાજની આવી અમૃતવાણી સાંભળીને શિવરામ અને ભુલાબાઇ બંનેનું હૃદય ભરાઇ આવ્યું. એક પણ શબ્દ મોઢામાંથી નીકળવો મુશ્કેલ થઇ ગયો. ત્યારપછી પોતાની છોકરીને લઇને શિવરામ પાછો આવ્યો. આ પ્રસંગમાંથી બાયજા પુંડલિક સાથે યાત્રા માટે જતી.તેમાં કદી પણ રોકટોક કરી નહિ. મહારાજ પોતાના ભક્તોનું રક્ષણ કેવી રીતે કરે છે તેની આ વાત સાંભળો. ભાઉ રાજારામકર નામે એક ડોક્ટર ખાંમગાંવ દવાખાનાનો અધિકારી હતો. તે મહારાજનો ભક્ત હતો. એક વખત તેને મોટો ફોલ્લો થયો. ઉપચાર માટે ખામગાંવમાં મોટા મોટા ડોક્ટરોને બોલાવવામાં આવ્યા. બુલઢાણા, અકોલા, અમરાવતી વગેરે જગ્યાએથી ડોકટરો શસ્ત્રક્રિયા માટે ખામગાંવ આવ્યા. સારામાં સારી દવાઓ આપી. ફોલ્લા પર શસ્ત્રક્રિયા પણ કરી. મલમપટ્ટી પણ કરી. પરંતુ બધાના પ્રયત્નો નિષ્ફળ ગયા. ફોલ્લો ઓછો થવાને બદલે વધવા લાગ્યો. ભાઉનો મોટો ભાઇ આવું જોઇને દુ:ખી થયો. ભાઉ ભયંકર વેદનાને લીધે પથારીમાં ખૂબ જ







તરફડી રહ્યો હતો. આખરે તેણે મનમાં વિચાર કર્યો કે, હવે આના માટે એક જ ઇલાજ બાકી છે. અને તે સદ્ગુરૂના શરણમાં જવું. આ શિવાય અન્ય ઉપાય બચ્યો નથી. પથારીમાં પડ્યા પડ્યા તેણે હાથજોડ્યા અને પ્રાર્થના કરી કે, સદ્ગુરૂનાથ! હવે જલ્દી કરો. આ બાળકને વૃથા ના તલસાવશો. તેના પર દયા કરો. આવી રીતે પ્રભુનામ લેતાં લેતાં આખીય રાત વીતી ગઇ. રાત્રિનો એક વાગ્યાનો સમય હતો. ભયાનક અંધકાર છવાયેલો હતો. બધી બાજુ શાંતિ છવાઈ હતી. જંગલમાં શિયાળની હુઆહુઆ બુમ સંભળાઈ રહી હતી. એટલામાં છાપરાવાળી બળદગાડી દવાખાના તરફ આવતી દેખાઈ. ગાડીને હુષ્ટપુષ્ટ બળદ જોડેલા હતા. તેમના ગળામાં ઘૂઘરાની માળા પહેરાવેલી હતી. તેમાંથી મધુર અવાજ આવતો હતો. તે બળદગાડી દવાખાના પાસે આવીને ઊભી આ બધું ડોક્ટર ભાઉ પથારીમાં પડ્યા પડ્યા જોઇ રહ્યા હતા. બળદગાડીમાંથી એક બ્રાહ્મણ ઉતર્યો અને દરવાજો ખખડાવવા લાગ્યો. ડોક્ટરના ભાઈએ દરવાજો બોલ્યો અને પૂછવા લાગ્યા, કોણ છો ? ક્યાંથી આવ્યા છો? તે સાંભળીને જવાબ આપતાં તે બ્રાહ્મણ બોલ્યો કે, મારૂં નામ ગજા છે. હું તીર્થ તેમજ ભસ્મ લઇને શેગાંવથી આવ્યો છું. ડોક્ટર ભાઉકરને જયાં ફોલ્લો થયો છે ત્યાં આ ભસ્મ લગાડો અને આ તીર્થ પીવડાવવા માટે આપ્યું છે તે આપ લો અને હું હવે જાઉં છું કેમકે મારે જલ્દીથી પાછું પહોંચવાનું છે. તીર્થ તેમજ ભસ્મ આપીને બ્રાહ્મણ ત્યાંથી ચાલ્યો ગયો. તેને ખોળવા ભાઉએ એક માણસ મોકલ્યો. પરંતુ ના તો ગાડી દેખાઇ ના તો બ્રાહ્મણ દેખાયો. ભાઊમનમાં વિચારવા લાગ્યો પણ કંઈજ પત્તો લાગ્યો. નહિ. ફોલ્લા પર ભસ્મ લગાવતાં જ ફોલ્લો ફૂટી ગયો અને થોડી જ ક્ષણમાં પરૂ નીકળી ગયું. અને ત્યાર પછી ગાઢ ઉંઘ પણ આવી. ભાઉ તીર્થ અને ભસ્મથી વ્યાધિમુક્ત થઈ ગયો. ધીમે ધીમે ભાઉની તબિયત પહેલાંના જેવી થઈ ગઇ. તબિયત સારી થતાં ભાઉ દર્શન માટે શેગાંવ આવ્યા. તેમને જોતાં જ મહારાજ બોલ્યા કે, મારા બળદને તે દિવસે તેં ઘાસચારો પણ નથી આપ્યો. મહારાજની આવી સંજ્ઞાવાળી ભાષા ભાઉ તરત જ જાણી ગયા અને તેમનું હૃદય ભરાઇ આવ્યું. તે દિવસે જે બ્રાહ્મણ આવ્યો હતો. તે જરૂર ગજાનન મહારાજ પોતે જ હશે. અને મારા માટે જ ખામગાંવ આવ્યા હશે. ત્યારપછી બિમારી મટવાને લીધે ભાઉએ અન્નદાન કર્યું. ઓલિયા ગજાનન મહારાજ અંતરજ્ઞાની છે. તેની ફરી એકવાર ભાઉને પ્રતીતિ

થઇ. એક વખત મહારાજ ચંદ્રભાગા નદી ના કિનારે આવેલા પંઢરપૂરમાં વિઠ્ઠલદર્શન માટે જવા નીકળ્યા. સાથે ભક્ત લોકો પણ હતા. જવાનો દિવસ પણ નક્કી થયો. લોકો ખાસ ગાડીમાં જવા માટે નીકળ્યા.જગુ, આબા પાટીલ, હરિ, બાપૂના વગેરે લોકો શેગાંવથી નાગઝરી આવ્યા. ત્યાં ગામમાં એક ભોંયરામાં ગોમાજી નામના સાધુએ સમાધિ લીધી હતી.ત્યાં એક કુંડ છે તેના ગોમુખમાંથી હંમેશા પાણી આવ્યા કરે છે. આજુબાજુ નાના મોટાં ઘણાં ઝરણાં છે. તેથી તે ગામનું ગામ નાગઝરી પડ્યું છે. મહાદાજી પાટીલને પહેલીવાર અહીં ગોમાજી સાધુના આશીર્વાદ મળ્યા હતા. ત્યારપછી શેગાંવના પાટીલ પરિવારને ગોમાજી સાધુએ ગુરુઉપદેશ આપ્યો હતો. એટલા માટે પાટીલવંશના લોકો પહેલા ગોમાજીનાં દર્શન કર્યા પછી પંઢરપુર જવા નીકળે છે. આજે પણ એ પ્રથા ચાલુ છે. આ પ્રથાને લીધે જગુ, આબા પાટીલ વગેરે ભક્તો પહેલા નાગઝરી ગોમાજી સાધુનાં દર્શન કરીને રેલ્વે મારફત પંઢરપુર જવા નીકળ્યા. હરિ પાટીલની સાથે મહારાજ તથા બાપૂના, કાળે વગેરે આસરે પાંચ પચાસ ભક્તો હતા. અષાઢ સુદ નવમીથી જ વારકરી (બારેય મહિનાની એક એકાદશી ભરવાવાળા) ભેગા થવા માંડ્યા. હે શ્રોતાજન તે દિવસે આકાશ વાદળોથી છવાઇ ગયું અને થોડો ઘણો વરસાદ પણ પડ્યો. પૃથ્વી પરનું વૈકુંઠ એવું પંઢરપુર ખીચોખીચ ભરાઈ ગયું હતુ. જાણે કે સાગરમાં ભરતી આવી ગઇ. પરિક્રમાના રસ્તા પર કરતાલોના અવાજની સાથે સાથે જય જય રામકૃષ્ણ હરિના નામોચ્ચાર આકાશ સુધી ગૂંજી રહ્યો હતો. એકનો શબ્દ બીજા વડે સંભળાતો ન હતો એટલું આનંદનું બજાર ત્યાં મંડાયું હતુ તેનું વર્ણન ક્યાં સુધી કરી શકાય ? એકનાથ, નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સાંવતા, ગોરા કુંભાર, તુકારામ મહારાજ, સોપાન, મુક્તાબાઈ અને જનાર્દન વગેરે સંતોની પાલખીઓ નીકળી. ભક્તોએ આસોપાલવના પાનફુલના તોરણો બાંધ્યા તેનાથી એવું લાગતું હતું કે આકાશમાં લાલ-કાળા રંગનો ચંદરવો બાંધ્યો હોય. જ્યાંત્યાંથી મોહક સુગંધ આવી રહી હતી. તુલસી અને ફૂલોનો વરસાદ પડી રહ્યો હતો અને આવા સમયે મહારાજ ભક્તો સાથે પંઢરપૂર આવ્યા. અને કુકાજી પાટીલને ઘેર રહ્યા, જે પ્રદક્ષિણાના રસ્તા પર જ હતું. મંદિરના આગળ દર્શનાર્થીઓની ખૂબ ભીડ જામી હતી. એક એક હાથના અંતરે બંદોબસ્ત માટે પોલીસ ઊભી હતી. વારકરી તલ્લીન થઈને ભજન ગાઈ રહ્યા હતા. એકાદશીના દિવસે બાપૂના







કાળે સિવાય હરિ પાટીલ અને તેમના સાથીઓ વિઠ્ઠલનાં દર્શન કરવા માટે ગયા. બાપુના કાળે પાછળ રહી ગયો કેમકે તે ચંદ્રભાગામાં સ્નાન કરવા માટે ગયો હતો. તેને આવતાં વાર લાગી હોવાથી ભક્ત લોકો દર્શન કરવા મંદિર તરફ નીકળી ગયા. સ્નાન કરીને આવી જોયું તો બધા સાથીઓ દર્શન કરવા જતા રહ્યા હતા. પછી તે પણ મંદિર તરફ દર્શન માટે દોડ્યો. મંદિરની ચારે બાજુ ખૂબજ ભીડ હતી. ત્યાં એટલી બધી ભીડ જામી હતી કે ત્યાં જવું કીડીને પણ મુશ્કેલ હતું, આવી હાલતમાં બાપૂનાને ત્યાં જવા માટે રસ્તો કેવી રીતે મળે ? સાથે સાથે તે ગરીબ પણ હતો. તેથી લોકોની જેમ લાંચ આપીને મંદિરમાં દાખલ થવું તેના માટે મુશ્કેલ હતું, હતાશ થઈ મનમાં પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યો કે, હે વિઠ્ઠલ, ઋષીકેશ, મને દર્શન આપવામાં આટલા બધા કઠોર કેમ બની ગયા છો ? આપે તો ભક્ત સાંવતા માળી માટે શરણગાંવ તેના ઘરમાં જઇને દર્શન આપ્યા હતાં. તો શું મંદિર પાસે આવીને આપ મને દર્શન આપી નથી શકતા ? શરણગાંવતો આઠ કોસ દૂર હતું. પરંતુ હું તો આપના મંદિર પાસેજ ઊભો છું ભક્ત લોકો તને અનાથનો નાથકહે છે. તો પછી મારા માટે આપને કેમ તિરસ્કાર છે ? આવી રીતે દિલથી પ્રભુને પ્રાર્થના કરી. પ્રભુદર્શનની સાંજ સુધી રાહ જોઇને નિરાશ થઇ ઘેર પાછો આવ્યો. તેનું મોઢું પડી ગયું અને આખાય દિવસનો ઉપવાસી હતો છતાંય તેનું મન વિઠ્ઠલદર્શન માટે તલસી રહ્યું હતું. તેનુ શરીર ઘરમાં હતું પણ મન તો મંદિરની ચારે બાજુ ભમી રહ્યુ હતું. તેને લગની લાગી એમ કહે છે. બાપુનાની આવી હાલત જોઇને તેના સાથી હસવા લાગ્યા અને મેંણા મારવા લાગ્યા. અને બોલ્યા કે, આ કેટલો કમભાગી છે. આ બિચારો શેગાંવથી વિઠ્ઠલદર્શન માટે પંઢરપુર આવ્યો પરંતુ આમતેમ ભટક્યા જ કર્યું. તેની ભક્તિ દંભવાળી હોવાને લીધે શ્રીપતિનું દર્શન કેવી રીતે થાય ? ખરા મોકા વખતે કમભાગી ગુમ થયો હતો. કોઇ વ્યંગમાં બોલ્યા પણ ખરા કે, તે તો વેદાંતી છે. માટે મંદિરમાં તેનાથી કેમ જવાય ? દરેકના હૃદયમાં ભગવાન રહે છે તે વેદોનો સાર છે ભલા તેને પત્થરમાં ભગવાન કેવી રીતે દેખાય ? આપણે જ ગાંડા છીએ કે મંદિરમાં દર્શન માટે ગયા. બાપુનાના નારાયણ તો બધી જ જગ્યાએ છે. તે સાંભળી બીજો બોલ્યો કે, તે અહીં કેમ આવ્યો ? દરેક જગ્યાએ નારાયણ રહે છે તો નારાયણનાં દર્શન શેગાંવમાં રહ્યા રહ્યા પણ કરી શકે છે. ત્રીજો બોલ્યો કે, વેદાંતી લોકોને ખૂબ

જ્ઞાન શીખવે છે. પરંતુ પોતે તો તેમાં શૂન્ય જ રહે છે. સગુણ ઉપાસના કરવાથી જ્ઞાન પ્રાપ્ત થાય છે. બાળપણ ઠીક રીતે વીતાવવાથી જ જવાની પ્રાપ્ત થાય છે. દરેક વાત ક્રમ પ્રમાણે થવી જોઇએ. આવી રીતે બાપુનાના સાથીઓ મશ્કરી ઉડાવતા રહ્યા. બિચારો એકલો તેમનો સામનો કેવી રીતે કરી શકે ? એક તો આખોય દિવસ ઉપવાસી રહ્યો છતાંય વિઠ્ઠલદર્શન માટે બેચેન રહ્યો અને ઉપરથી આ બાજુ સાથીઓના મેંણા સાંભળવાના તે પડી ગયેલા મોઢે ચુપચાપ એકખૂણામાં બેસી ગયો. તેની હાલત અને સાથીઓની મશ્કરી મહારાજ જોતા હતા. સાધુ જ ગરીબનું દુ:ખ સમજે છે. જેને સાધુનો સત્સંગ મળે છે ભાગ્યવાન ગણાય છે. પછી મહારાજે બાપૂનાને કહ્યું કે, દુ:ખી ના થઇશ. હું તને રૂકિમણીરમણનાં દર્શન કરાવી આપું છું. આવું બોલી મહારાજ ઊભા થઈ ગયા. બંને પગને જોડીને બંને હાથકમર પર મૂક્યા. અને દર્શન કરવાનું કહ્યું, બાપૂના જોવા લાગ્યો તો એકદમ વિઠ્ઠલમૂર્તિ, ગળામાં તુલસીફૂલોની માળા, શ્યામ શરીર, તે એકીટશે જોઇ રહ્યો. અને ઝટ ઉભો થઇને તેમના ચરણ પકડી લીધા. વિઠ્ઠલદર્શન થયા પછી ફરી પાછો જુએ છે તો પાછી મહારાજની મૂર્તિ. આ ચમત્કાર જોઇને બાપુના બહુજ આનંદ પામ્યો. વિઠ્ઠલની જે મૂર્તિ ઘરમાં જોઇ તેને લોકો ખૂબ ભીડમાં જઇને દર્શન કરે છે. બાપૂનાના સાથીએ મહારાજને કહ્યું કે, અમને પણ વિઠ્ઠલના દર્શન કરાવી આપો. આ સાંભળીને મહારાજ બોલ્યા કે, પહેલાં બાપૂનાના જેવું ચોખ્ખું અને નિર્મળ મન કરીને લાવો ચિત્ત શુધ્ધ થવાથી જ ભગવાનનાં દર્શન થાય છે. ભગવાનનાં દર્શન બજારમાં મળતી કોઈ મામુલી ચીજ થોડી છે ? એટલા માટે પહેલાં મનને શુધ્ધ કરવાનો પ્રયત્ન કરો. હે શ્રોતાજનો, મહારાજે પોતાની લીલાથી બાપૂનાને ઘેર બેઠા જ વિઠ્ઠલદર્શન કરાવ્યાં. સંતપણું કંઈ જાદુના ખેલ જેવું નથી. સંત અને ભગવાન બંને એક જ હોય છે. ગોળ અને તેની મીઠાશ જુદી થોડી જ પાડી શકાય છે. કાલેનો પ્રસાદ લઇને મહારાજ ભક્તો સાથે શેગાંવ પાછા આવ્યા. મહારાજના વડે કરાયેલાં દર્શનથી બાપૂનાના હૃદય પર એક પત્થરની રેખા જેવી છાપ પડી ગઈ. મહારાજની કૃપાથી બાપૂનાને એક પુત્ર થયો. તે આગળ જતાં મહાન વિદ્વાન બન્યો. કોઇએ સાચું જ કહ્યું છે કે સંતની કરેલી સેવા કદી નિષ્ફળ જતી નથી. વિઠ્ઠલની કૃપાથી પુત્ર થયો. તેથી બાળકનું નામ નામદેવ પાડયું. વિદર્ભ પ્રાંતના બહાદુરા ગામનો વારકરી કવઠે કુકાજીના ઘેર







ઉપર બતાવેલા ભક્તો સાથે તે વખતે હાજર હતો. અષાડી બારસને દિવસે કોલેરાની ચેપી રોગની બિમારી શરૂ થઈ ગઈ હતી. પછી પૂછવાનું શું ? ડોક્ટરની સલાહથી લોકોને ઘરની બહાર કાઢવાનું શરૂ કર્યું. આ ચેપી રોગની બિમારી થવાને કારણે પોલીસ વારીકર લોકોને ઘરની બહાર કાઢી ગાડીમાં બેસાડીને ચંદ્રભાગાને બીજે કિનારે કુર્દુવાડી સ્ટેશન પર છોડી આવતી. આ કવઠે બહાદુરા વાળા પણ કોલેરાનો શિકાર થવાથી તેમને વારંવાર ઝાડા તેમજ ઉલ્ટી થતી હતી. હાથપગ પણ ભારે લાગવા લાગ્યા. આ ચેપીરોગને લીધે તેની સેવા કરવા માટે કોઈ પણ નજીક જતું નહિ. કોઇ ઉપાધિ ઉભી ન થાય માટે પોલીસમાં ખબર આપી ન હતી. રોગીને છોડીને લોકો શેગાંવ તરફ જવા લાગ્યા. આ બિચારાના સિવાય બધા જ ભક્તો જવાની તૈયારીમાં હતા. કોઇએ કહ્યૂં છે કે, આફત ટાણે કોઇ પણ સાથઆપવા તૈયાર થતું નથી. જ્યારે સુખ હોય છે ત્યારે બધાજ ભેગા થાય છે અને આફત આવતાં એક બીજાથી મોઢું ફેરવી લે છે. આ દુનિયાનો રિવાજ છે. પરંતુ આવા સમય સંત અથવા ભગવાન તેની રક્ષા કરે છે. તેની આવી હાલત જોઇને મહારાજ બોલ્યા કે, આ બિમારને આપણે આપણી સાથે લઇ જઇશું. તે વાત પર કોઇ આશંકાથી બોલ્યું કે, હે ગુરુરાય, આ કદાચ મરી જશે. જો આપણે તેને સાથે લઇ જઇશું તો આફત વહોરવી પડશે. આપણી સાથે પચાસ માણસો છે. અને કોલેરાએ તો કાળો કેર કરી મૂક્યો છે. એટલા માટે હવે આપણે રોકાયા વગર બને તેટલી ઉતાવળે ચંદ્રભાગાના બીજા કિનારે પહોંચી જઇએ તો સારૂં રહેશે. આવી વાત સાંભળી નારાજ થઇને મહારાજ બોલ્યા કે, તમે કેવી પાગલ જેવી વાત કરો છો? આપણા ગ્રામબંધુને છોડી જવામાં શું શોભા દેખાય છે ? માણસ માટે આ શરમની વાત છે. આવું કહીને મહારાજ દર્દીપાસે ગયા હાથપકડીને તેને બેસાડચો અને પ્રેમથી કહ્યું કે, ઉઠો આપણે આપણા વિદર્ભ પ્રાંતમાં પાછા જઇએ. તેમની વાત સાંભળી નિરાશ થઇને દર્દીબોલ્યો, મહારાજ, વિદર્ભ પ્રાંત હવે મારા ભાગ્યમાં ક્યાંથી ? એવું લાગે છે કે હવે મારું મૃત્યુ નજીક આવી ગયું છે. મારી પાસે કોઇ પોતાનું માણસ નથી. મહારાજ તેના બિસ્તરા પોટલા બંધાવતા બોલ્યા કે, અરે પાગલ, ડરવાની કોઈ વાત નથી. તારો ખરાબ સમય હવે પૂરો થયો છે. આવું કહીને મહારાજે તે દર્દીના માથા પર હાથમૂક્યો. થોડી જ ક્ષણોમાં તેના ઝાડા ઉલટી બંધ થઈ ગયા. મહારાજની કૃપાથી તેના

શરીરમાં શક્તિ આવી ગઇ અને તે ઉભો થઇ ગયો. સંતોએ જેને સહારો આપ્યો છે તેને યમરાજ થોડા લઇ જઇ શકે ? ત્યારપછી તે મહારાજની સાથે ચંદ્રભાગાના બીજા કિનારે પહોંચી ગયો. મહારાજના આશીર્વાદ પામીને તે બહુજ આનંદ પામ્યો. મહારાજના ચરણ કમળ પકડીને તે બોલ્યો કે, આપે મને મૃત્યુના મુખમાંથી બચાવી લીધો. આ ચમત્કાર જોઇને બધાએ મહારાજનો જય જયકાર કર્યો અને કુર્દુવાડી સ્ટેશને ચિંતા વગર આવી ગયા. પંઢરીની વારીયાત્રા કરીને યથા સમયે તે બધા જ મહારાજની સાથે શેગાંવ પહોંચી ગયા. એક કર્મકાંડી બ્રાહ્મણ શેગાંવ મહારાજના દર્શન માટે આવ્યો. તેણે લોકો પાસે મહારાજનો મહિમા સાંભળ્યો હતો. તેથી લાંબી મુસાફરી કરીને તે શેગાંવ આવ્યો હતો. તે મધ્યસંપ્રદાયનો હતો. તેથી અડકવું ના અડકવું માં વધારે માનતો અને ખ્યાલ પણ વધારે રાખતો. હતો પરંતુ મહારાજને ત્યા સ્પર્શાસ્પર્શની વાત ન જોતા મનમાં ઘણો નારાજ થયો. તે વિચારવા લાગ્યો કે, હું અહીં નકામો આવ્યો છું. મહારાજ તો ભ્રષ્ટ્રાચારના સાર્વભૌમ શિરોમણિ જણાય છે. અહીં અડકવું કે ના અડકવું એનું બંધન જ નથી, આવા પાગલને માથે ચડાવી રાખ્યો છે. તેવું દેખાય છે. તેણે જોયું કે મઠના સામે એક કાળો કૂતરો મરેલો પડ્યો છે. તેથી આવવા જવા માટે મુશ્કેલી પડે છે. તે કૂતરાને રસ્તા વચ્ચે પડેલો જોઇને બ્રાહ્મણ મનમાં ગુસ્સે થઇ ગયો કે આવી હાલતમાં કોઇ પાણી પણ કેવી રીતે લાવી શકે? આને કોઇ રસ્તા પરથી ખસેડતા પણ નથી. ઊલટું ગાંજો પીને એમની ધૂનમાં મસ્ત થયેલા પાગલને મહારાજ મહારાજ કહે છે. આવા સાધુત્વને ધિક્કાર છે. મારી સમજમાં નથી આવતું કે આના દર્શન માટે હું આટલે દૂર કેમ આવ્યો. સાક્ષાત્કારી મહારાજ તેના મનના વિચારોની ગડમથલને જાણી ગયા અને તે બ્રાહ્મણ પાસે આવીને બોલ્યા કે, આપ પૂજા કરો. આ કૂતરો મરી ગયો નથી. મનમાં કંઇ પણ શંકા રાખશો નહિ. મહારાજની વાત સાંભળી તે બ્રાહ્મણ ગુસ્સે થયો અને બોલ્યો કે, અરે પાગલ, હું તારા જેવો પાગલ નથી કૂતરું અહીં ચોખ્ખું મરેલુ દેખાય છે અને એક પ્રહરથી અહીં પડ્યું રહ્યું છે. કોઇના મનમાં વિચાર પણ ન આવ્યો કે આ મરેલા કૂતરાને રસ્તામાંથી ખસેડી લઇએ. બ્રાહ્મણની આ વાત સાંભળી મહારાજ બોલ્યા કે, અમે તો ભ્રષ્ટ છીએ. અમને તમારા જેવું જ્ઞાન ક્યાંથી હોય ? છતાંય આપ ચિંતા કરશો નહિ. હે બ્રાહ્મણ, પાણી માટે લોટો લઇને મારી પાછળ પાછળ આવો. આવું








કહીને મહારાજ કૂતરા પાસે આવ્યાં અને તે કૂતરા પર હાથફેરવવા લાગ્યા. ત્યાં તો કૂતરો ઉભો થઈ ગયો. આ ચમત્કાર નજરે જોતા બ્રાહ્મણ આશ્ચર્યચકિત થઇ ગયો. તે મનમાં ને મનમાં માનવા લાગ્યો કે ખરેખર એક ભગવાન જેવો જ મહારાજનો અધિકાર છે. મેં તેમની ખોટી જ નિંદા કરી. હું તેમને ઓળખી શક્યો નહિ. તરત જ તેણે મહારાજના ચરણ પકડી લીધા. અને બોલ્યો, કે હે ગુરૂરાજ મારા અપરાધની ક્ષમા કરો. અને મારા શીરે કૃપાનો હાથમૂકો. ખરેખર આ દુનિયામાં કહીએ તો સાચા અર્થમાં આપજ પવિત્ર છો. શુધ્ધ પણ છો. જનસમાજનો ઉદ્ધાર કરવા ભગવાને આપને અહીં મોકલ્યા છે. હે શ્રોતાજનો, તે દિવસથી બ્રાહ્મણના મનમાં સમભાવની પ્રીતિ જાગી. તેના મનમાં જે શંકાઓ હતી તે નિર્મૂળ થઈ જવાથી બ્રાહ્મણ મહારાજના ચરણોમાં લીન થઈ ગયો. પ્રસાદ લઇને તે પોતાના ગામે ગયો. મહારાજ પ્રત્યક્ષ ભગવાન છે. તેની તેને પ્રતીતિ થઈ. સ્વસ્તિ શ્રીદાસગણૂવિરચિત આ શ્રી ગજાનનવિજયનામનો ગ્રંથભાવિકોને સાચો રસ્તો બતાવે એજ દાસગણૂ ઇચ્છે છે.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥

॥ઇતિ અઢારમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: અઢારમો અધ્યાય સમાપ્ત॥











શ્રી ગજાનન મહારાજ હરિ પાટીલને લઈને, શ્રી વિઠ્ઠલને મળવા પંઢરપુર ગયા.

## અધ્યાય ઓગણીસમો

શ્રી ગણેશાય નમઃ, જય હો આનંદના કંદ, જય હો જય હો, જે ભેદ વગરના છે તેવા, અનન્ય પ્રેમભાવથી આપના ચરણકમળમાં હું સદાય નમેલો રહું. હે રાઘવ, રઘુપતિ. મારો અંત ના જોશો. મારા ઉપર તરતજ પ્રસન્ન થઇ જાવ. આપને પ્રસન્ન થવામાં વાર કેમ થઈ છે ? તે મારી સમજમાં નથી આવતું. જે ખરેખર મોટા હોય છે તેમને આટલું કઠોર થવામાં શોભા દેતી નથી. આ બાબતનો મનમાં વિચાર કરજો હે જગદીશ, જગનાયક હું આપને સાચા મનથી બોલાવું છું. મને દગો ના દેશો અને આ દાસગણૂ ઉપર કૃપા કરો. મહારાજનો શેગાંવમાં મુકામ હતો. એવામાં એક દિવસ કાશીનાથખંડેરાવ ગર્દે નામનો એક બ્રાહ્મણ મહારાજના દર્શન માટે આવ્યો. આવતાં જ તેણે મહારાજને નમસ્કાર કર્યા. મહારાજની પ્રસન્નમુદ્રા જોઇને તે બહુ જ આનંદ પામ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે મારા પિતાએ જીવનમુક્ત યોગીની વિશેષતા લખી છે. તેજ પ્રમાણે મહારાજની મૂર્તિ દેખાઈ રહી છે. હું ખરેખર ભાગ્યવાન જ છું. કે ખાંમગાંવથી અહીંયા મહારાજનાં દર્શન કરવા આવી શક્યો. તે એવો વિચાર કરી રહ્યો હતો એટલામાં મહારાજે કોણી વડે ધક્કો માર્યો અને પ્રેમથી કહ્યું કે, જા તારી મનોકામના પૂરી થઈ ગઇ છે. તરત જ ઘેર પાછો જા, તારવાળો તાર લઇને તારે બારણે ઉભો છે. મહારાજના કહેવાનો મતલબ કાશીનાથસમજી શક્યો નહિ. મારે અહીંયા કશુંજ કામ નથી. કશી પણ આશા મનમાં રાખ્યા વગર હું અહીંયા આવ્યો છું. પછી તારવાળો રાહ જોઇ રહ્યો છે. એનો અર્થ શું થઈ શકે છે ? તેમના બોલવાનો શું અર્થ છે તે પૂછવાની તેની હિંમત ચાલી નહિ. મહારાજને વંદન કરીને તે પાછો ખાંમગાંવ આવ્યો. ઘરની સામે જોયું તો ખરેખર તારવાળાને ઉભેલો જોયો. જલ્દીથી તાર હાથમાં લેતાં દિલમાં ધડક ધડક થતું હતું. તારમાં આવી રીતનો સંદેશો હતો તમને મોર્શીઇલાકામાં મુનસફની જગ્યાએ નીમ્યા છે. તાર વાંચતા તે ખુશ થયો અને મહારાજે સંકેત કર્યો હતો. તેનો મતલબ પણ સમજી ગયો. સંત અંતર્જ્ઞાની હોય છે. તેની તેને સાબિતી થઈ. એક વખત ગોપાળ બુટીજીએ આવવાનું આમંત્રણ આપ્યું હતું. તેથી મહારાજ નાગપુર ગયા. નાગપુર શહેર પહેલા રઘુજીરાજે ભોંસલેની રાજધાનીનું શહેર હતું. પરંતુ અત્યારે તે શહેરની હાલત બગડી ગઇ છે. પરતંત્ર થઇ જવાને લીધે સ્વતંત્રતારૂપી પ્રાણ નીકળી ગયા છે. ખરાબ કિસ્મતને લીધે જે અસલધણી હતો. તેને ભિખારી બનવાની નોબત આવી. આખાય શહેરમાં પારકાદેશના

રાજાની બોલબાલા થવા માંડી. જેવા રાજા તેવી તેની કરણી. હાથીની અંબાડી વિગેરે જતું રહ્યું. અને હવે રસ્તા ઉપર મોટરો દોડવા લાગી. આ તો કાળની ગતિનો મહિમા છે. તેમાં કોઇને પણ દોષિત કરવું તે સારું ના કહેવાય. ગોપાલ બુટીનો વાડો સિતાબર્ડીઉપર હતો. તે મકાનમાં મહારાજને રાખ્યા હતા. જાણે કે વાઘને કિલ્લામાં બાંધી રાખ્યો હોય તેમ. બુટીજીના મનમાં એવો વિચાર હતો કે મહારાજને કાયમ માટે સિતાબર્ડીમાં જ રાખે તેમને શેગાંવ જવા જ નહિ દઇએ. જેવી રીતે અક્રુરજી શ્રીકૃષ્ણને મથુરા લઇ ગયા, તેવીજ વાત અહીંયા બની મહારાજના વગર શેગાંવ ઉદાસી દેખાતું હતું આખાયે શેગાંવના લોકો મહારાજ વગર દુ:ખ અનુભવતા હતા. તેમણે મહારાજને શેગાંવમાં લઇ આવવા માટે હરિ પાટીલને વિનંતિ કરી. જ્યારે શરીરમાંથી પ્રાણ નીકળી જાય છે, ત્યારે નિષ્પ્રાણ શરીરને કોણ પૂછે છે? તેવી હાલત શેગાંવની થઈ ગઇ હતી. શેગાંવ ભૂત જેવું લાગતું હતું. ગામવાળાએ ભારપૂર્વક કહ્યું કે, આપ તો ગામના મુખી છો. તેથી આ માટે કાંઇક કરો. બુટી તો મહાન પૈસાદાર છે. અમારી દાળ કેવી રીતે ઓગળશે ? એક હાથી બીજા હાથી સાથે ટક્કર લે તો શોભા દેખાય ને ? ત્યાં અમારા જેવા શિયાળની શી કિંમત ? જંબુમાલીના સાથે લડવા માટે હનુમાનજી યોગ્ય હતા. કર્ણ સાથે મુકાબલો કરવા માટે પાર્થ અર્જુનની યોજના ઘડાઇ હતી. એટલા માટે આપને અમારા બધાની પ્રાર્થના છે કે આપ જઇને મહારાજને લઇ આવો, તો બધાં સુખી થાય. અહીંયા બુટીજીને ત્યાં મહારાજ રહેતા હતા પરંતુ હસ્તિનાપુરમાં જેમ કૃષ્ણ પ્રસન્ન રહેતા ન હતા. તેમ અહીંયા નાગપૂરમાં મહારાજ પ્રસન્ન ન હતા. તે વારંવાર બુટીજીને કહેતા હતા કે મને શેગાંવ જવા દો. તમારી આ ભવ્ય ઇમારતમાં મને ના રાખો. મહારાજની વાત ઉપર બુટીજીએ બહુ ધ્યાન આપ્યું અને મહારાજને નાગપુરમાં જ રાખ્યા. બુટીજી ભાવિક હતા, પરંતુ પૈસાને લીધે ગર્વ હતો, અને એમ અભિમાન રાખતા હતા કે તે કહે તેમજ થાય. દરરોજ મહારાજના લીધે બ્રહ્મભોજન પણ સારા પ્રમાણમાં થતું હતું. પરંતુ જો શેગાંવ નો કોઇપણ માણસ આવે તો તેને અંદર જવા માટે મનાઇ હતી, પહેરેગીરને આદેશ હતો કે શેગાંવના લોકોને મારી પરવાનગી વગર અંદર જવા દેતા નહિ. તેથી શેગાંવના લોકોના બધાં પ્રયત્નો નિષ્ફળ ગયા અને મહારાજને મળ્યા વગર દરેકને શેગાંવ પાછું જવું પડતું હતું. અને નક્કી કર્યા મુજબ હરિપાટીલે કેટલાક માણસો સાથે નાગપૂર જવાનું નક્કી કર્યું. તે રેલ્વેગાડીમાં બેસીને આવી રહ્યા છે. તેવી મહારાજને અંતર્જ્ઞાનથી ખબર પડી, ત્યારે મહારાજે ગોપાલ બુટીજીને કહ્યું કે, એ ગોપાલ, હરિ પાટીલ મને તેડવા માટે નાગપૂર આવી રહ્યા છે. તે અહીં આવે તે પહેલાં







જ મને શેગાંવ જવા દો. જ્યારે તે અહીં આવશે ત્યારે વાતાવરણ અશાંત થઇ જશે. અહીંયા આવ્યા પછી તેમની તાકાતથી તેઓ મને શેગાંવ લઇ જશે. તારા ધનની શક્તિ તે સમયે જરાપણ કામમાં નહિ આવે. યથા સમયે હરિ પાટીલ બુટીજીને ઘેર આવ્યા. પહેરેદારે તેમને રોકવાનો પ્રયત્ન કર્યો, પરંતુ પહેરેગીરને ધક્કો મારીને હરિપાટીલ બુટી સદનમાં પ્રવેશી શક્યા. ગોપાલ બુટીના ઘરમાં બ્રાહ્મણોની પંગત જમવાને માટે બેઠી હતી. જમણવારનો ઠાઠ તો કાંઈ ઓર જ હતો. બેસવા માટે દરેકને સીસમના પાટલા, ચાંદીની થાળી અને વાડકી. જુદી જુદી જાતના પકવાન સાથે જમવાનો સુંદર પ્રબંધ કર્યો હતો. પંગતની વચ્ચે મહારાજનું આસન રાખવામાં આવ્યું હતું આવો બુટીજીનો ઠાઠમાઠ હતો. તેનું વર્ણન ક્યાં સુધી કરીએ ? કેમકે બુટીજી નાગપૂર પ્રાંતના કુબેર મનાતા હતા. હરિપાટીલ આવ્યાની ખબર મળતાંજ મહારાજ ઉભા થઇ ગયા, અને મકાનના દરવાજા તરફ દોડયા. વાછરડાંને જોઇને ગાય તેની પાસે કેવી રીતે પહોંચી જાય છે. તેવી રીતે મહારાજ હરિપાટીલની તરફ દોડી ગયા તે બોલ્યા કે, ચાલો અત્યારે જ આપણે અહીંથી નીકળી જઇશું. હું હવે અહીંયા રોકાવા માંગતો નથી. તું મને લેવા માટે આવ્યો તે સારું કર્યું છે. હરિ પાટીલને એટલું કહીને મહારાજે જવા માટે કદમ આગળ વધાવ્યા. ગોપાલ બુટીજીએ આ બધું જોઇને મહારાજના પગ પકડયા, અને વિનયથી બોલ્યા કે, હે ગુરુરાજ, આ સમયે મને શરમાવશો નહિ. બે કોળિયા ખાઇને પછી આપને જ્યાં જવું હોય ત્યાં જજો. તેમણે પાટીલને પણ વિનંતી કરી કે, તમે પણ પ્રસાદ લઇ લ્યો. અને પછી મહારાજને લઇ જજો. મહારાજ અહીં નહિં જ રહે, તેમ મને ખબર પડી ગઇ છે. પરંતુ આવા વખતે મારી આબરૂ તમારા હાથમાં છે. પ્રસાદ લીધા વગર, જો તમે અને મહારાજ જતા રહેશો, તો લોકો પણ તેમજ કરશે. અને નાગપૂરમાં મારી બેઇજ્જતી થશે. આખરે મહારાજે તેમજ હરિપાટીલે બુટીજીનું કહ્યું માન્યું. જમણ થતાં સુધી તેઓ ત્યાં રોકાઇ ગયા, ભોજન પતતાં જ મહારાજ તેમના ભક્તો સાથે જઇ રહ્યા હતાં મહારાજને લીધે બુટી સદનમાં ખૂબજ ભીડ થઈ. ગોપાળ બુટીજીની ધર્મપત્ની જાનકીબાંઇ મહારાજની ખૂબજ ભાવિક ભક્ત હતી. તે સાચે જ ઘરની લક્ષ્મી હતી, તેણે મહારાજના ચરણ પકડયા, અને વિનયથી કહેવા લાગી કે, ગુરુરાજ, મારા મનની ઇચ્છા પૂર્ણ કરશો ? આવું સાંભળી મહારાજ બોલ્યા કે, તારા મનની ઇચ્છા મે જાણી લીધી છે. આવું કહીને મહારાજે તેને કંકુનો ચાંલ્લો કર્યોને આશીર્વાદ આપ્યા કે, તને એક પુત્ર થશે. તે પરમ સદ્ગુણી થશે. હે બાઈ, તું સૌભાગ્ય સાથે વૈકુંઠમાં જઇશ આવી રીતનો આશીર્વાદ આપીને મહારાજ સિતાબર્ડીથી નીકળી રઘુજી

ભોંસલેને ત્યાં આવી ગયાં. આ રાજા રઘુજી ભોંસલેને ભક્તિપૂર્ણ અંતઃકરણનો હતો. જેણે પોતાના શુધ્ધ આચરણથી રામને રાજી રાખ્યા હતા. તેનું લૌકિક રાજ્ય તો જતું રહ્યું. પરંતુ સદ્‌ગુરૂભક્તિનું શાશ્વત રાજ્ય તેના ઘરમાં ચિરંતન હતું. રાજાએ મહારાજનો બની શકે તેટલો આદર સત્કાર કર્યો. તેનાથી પ્રસન્ન થઇ મહારાજ રામટેક ગયા. ત્યાં રામનાં દર્શન કરી હરિ પાટીલની સાથે મહારાજ શેગાંવ પાછા આવ્યા. ધાર કલ્યાણના રંગનાથસ્વામી જે મોગલોના વખતમાં માન્યવંતા અને જાણકાર પ્રખ્યાત સાધુ હતા, તે મહારાજને મળવા માટે શેગાંવ આવ્યા. આધ્યાત્મિક વિષય ઉપર બેસીને વાતચીત થઇ પરંતુ તે વાત સાંકેતિક ભાષામાં હોવાને લીધે બીજા કોઈ જાણી શક્યા નહિ. શ્રી વાસુદેવાનંદ સરસ્વતી નામના એક કર્મયોગી હતા. શેગાંવ મહારાજને મળવા આવવાના હતા. પરંતુ તે આવે તે પહેલા સ્વામી ગજાનન સિધ્ધયોગીએ બાળાભાઉને કહ્યું કે, કાલે મારા ગુરૂભાઇ મને મળવા માટે આવવાના છે. તેમનું બની શકે તેટલું સન્માન કરજો. બહુજ ચુસ્ત છે માટે રસ્તામાં તેમને આવવાના માર્ગ ઉપર બિલકુલ કપડાના ટુકડા વિગેરે ના દેખાય તેનું ધ્યાન રાખજો. મઠનું આંગણું બિલકુલ સાફ રાખજો. રસ્તામાં અથવા પ્રાંગણમા એક પણ ચીંદરડું નજરે પડશે. તો તે ગુસ્સે થઇ જશે, જેમકે પરશુરામનો તે બીજો અવતાર છે. તે કરાડે બ્રાહ્મણ પવિત્ર અને જ્ઞાનસંપન્ન હોવા છતાં પણ તેમનામાં ચુસ્તપણાનું કવચ છે આ રીતની પ્રાથમિક સૂચના આગળથી જ બાળાભાઉને આપી દીધી. બીજા દિવસે પહેલા પહોરે મહારાજના ગુરૂભાઈ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી મઠમાં આવ્યા. બંને એક બીજાને જોતાં હસ્યાં. બંને એકબીજાને મળવાથી ખૂબજ આનંદ પામ્યા. એક કર્મનો સાગર, તો બીજો યોગ-યોગેશ્વર એક સુંદર મોગરો, તો બીજો ગુલાબનું લોભામણું ફુલ, એક ગંગાભાગીરથી તો, બીજી ગોદાવરી ગૌતમી નદી, એક સાક્ષાત શંકર તો બીજા સાક્ષાત શેષશાયી વિષ્ણુ ભગવાન. જ્યારે વાસુદેવાનંદ સરસ્વતી મઠમાં આવ્યા ત્યારે મહારાજ પલંગ ઉપર બેઠા બેઠા ચપટી વગાડી રહ્યા હતા. સ્વામીને સામે જોતાં જ મહારાજે ચપટી વગાડવાની બંધ કરી. અને એકબીજાની સામે જોવા લાગ્યા. એક ક્ષણવાર જોયા પછી સ્વામીજીએ નજરથી જવાની આજ્ઞા માંગી. દ્રઢ્રબહુજ સારૂગ્ન, તેમ કહીને મહારાજે (ગરદન ડોક હલાવી. સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી ચાલ્યા ગયા. આ બંનેના આંખોના સંકેતો જોઇ બાળાભાઉ ચકિત થઈ ગયા તેણે મહારાજને કહ્યું કે, તમારી આ મુલાકાત જોઇને મનમાં કાંઇક શંકા પેદા થઇ છે. મારી શંકાનું સમાધાન





કરો. બાળાભાઉએ પ્રશ્ન કર્યો કે, તમારો તેમજ તેમનો સાધના માર્ગ તો જુદો દેખાય છે પછી તે તમારા ગુરૂબંધુ કેવી રીતે થઇ શકે ? પ્રશ્ન સાંભળીને મહારાજ બોલ્યા કે અરે બાળ તેં દેખાય અહીંયા જે શંકા કરી તે સાચી છે, આ બહુજ ઊંડુ જ્ઞાન છે. અને ઇશ્વરની તરફ જવા માટે ત્રણ રસ્તા છે અને તે ત્રણેય માર્ગ છેવટની જ્ઞાનની નગરીમાં જઇને એક થાય છે. સામાન્ય દષ્ટિથી જોવા વાળાને તેનાં રૂપ અલગ અલગ દેખાય છે. તેથી લોકોના મન અણસમજમાં પડી જાય છે. કર્મમાર્ગમાં સ્પર્શાસ્પર્શ સંધ્યા, સ્નાન, વ્રત, અનુષ્ઠાન, ઉપાષણ વિગેરેનો મોટો ખ્યાલ રાખવો પડે છે. જે સાધક આ વસ્તુનો ખ્યાલ રાખીને સાધના કરે છે. તેને બ્રહ્મવેત્તા કર્મઠ કહેવાય છે. આ માર્ગની ખાસ વિશેષતા એ છે કે આમાં કાંઇ ભૂલ થઇ ગઇ અથવા તો કોઇ વસ્તુનો વધારો થઇ જાય તો હાથમાં કશુંય આવતું નથી. એટલા માટે સાધકને આ માર્ગે જતાં બહુજ સાવધાની રાખવી પડે છે. બીજાની સાથે અસભ્ય વર્તન તેમજ કોઇને ખરાબ લાગે તેવું બોલવું આ માર્ગમાં નુકશાનકારક છે. બીજો માર્ગ છે ભક્તિમાર્ગ, ભક્તિમાર્ગમાં જવાવાળાનું મન તેમજ આત્મા શુદ્ધ હોવો જોઇએ. જરાપણ કોઇ જાતની મલીનતા આ માર્ગમાં વાંધાજનક થઇ પડે છે. અને સાધકના હાથમાં કશુંજ આવતું નથી. ભક્તિમાર્ગમાં મન અને અંતર બંને શુદ્ધ હોવાં જોઇએ. એજ એક મહાન વાત છે. ભક્તિમાર્ગમાં દયા, પ્રેમ, માનવતા, એ બધુંજ જીવનનું મુખ્ય અંગ જ હોવું જોઇએ. શ્રવણ પૂજનમાં પણ અતુટ શ્રદ્ધાભાવ હોવો જોઇએ. આ બધા ભક્તિમાર્ગના સાધન છે. જે સાધક આ રીતે ભક્તિમાર્ગ અપનાવે છે. તેને જ હરિનાં દર્શન થાય છે. ભક્તિમાર્ગથી દર્શન આસાનીથી થાય છે. તેનો સાધનામાર્ગ કઠણ નથી. છતાં પણ ભક્તિમાર્ગનું આચરણ કર્મયોગ કરતાં કઠણ છે. જેવી રીતે આકાશ આંખોને નજીક દેખાય છે પણ ખરેખર બહુજ દૂર હોય છે. તેવી રીતે ભક્તિમાર્ગની અસલીયત છે. ત્રીજો માર્ગ યોગમાર્ગ છે. યોગમાર્ગ, બંને માર્ગથી જુદો જ છે તેની વિધિ પણ બહુજ લાંબી પહોળી છે. આ માર્ગ માં બહારની સામગ્રી આવતી નથી. બધી જ સામગ્રી સાધકની પાસે હોય છે. જે બ્રહ્માંડમાં છે તેજ પિંડમાં (પોતાનામાં) હાજર છે. પોતાનામાં જે સાધન છે તેનાથી યોગની સાધના થઇ શકે છે. યોગમાર્ગમાં આસન, રેચક, કુંભક, ઇડા પિંગલાનો ભેદ, ધોતિક્રિયા, મુદ્રા, ત્રાટક, વિગેરે અનેક પ્રકારનાં જ્ઞાન મેળવવા જરૂરી છે. કુંડળિની શક્તિ અને સુષુમ્તા નાડીના સંબંધમાં અભ્યાસ કરવો પડે છે. યોગ-સાધના ત્યારે જ થઇ શકે છે, કે જ્યારે સાધક આ બધી

શક્તિમાં સંપૂર્ણ હોય. આ ત્રણેયનું અંતિમફળ એકજ છે જ્ઞાનપ્રાપ્તિ છતાં પણ આ બધામાં ઇશ્વર પ્રત્યે અગાઢ પ્રેમ હોવો આવશ્યક છે. પ્રેમ વગર જે કર્મ કરીએ છીએ તેમાં સફળતા મળતી નથી. એટલા માટે આ ત્રણેય માર્ગોમાં પ્રેમ અને શ્રધ્ધા હોવી ખાસ જરૂરી છે. કાળા, ગોરા, ઠીંગણા, મોટા કુરૂપ અને સુંદર આ બધો શરીરનો ભેદ છે આત્માને તેમાં કોઇ જ લેવાદેવા નથી. બધાંનો આત્મા એક સરખો જ હોય છે. તેમાં કશોજ ફરક પડતો નથી. લૌકિક દષ્ટિથી શરીરનો ભેદ છે. પરંતુ તેમાં કાંઈ ખાસ વાત નથી. આવી રીતે આ ત્રણેય માર્ગોની સ્થિતિ છે. આ ત્રણેય માર્ગ જુદા છે. પણ તેમનો ઉદ્દેશ અને સારાંશ એકજ છે કે, જગદાત્માને મેળવવો. ધારેલી જગ્યાએ પહોંચ્યા પછી માર્ગનો વિચાર નથી રહોતો કેમકે ઇચ્છેલું સ્થાન એક જ છે. માર્ગ જુદા છે. પણ તે બધું ગૌણ છે. કેમકે દરેકનો ધ્યેય એકજ છે. જે સાધક જે રસ્તા ઉપર જાય છે તેને તેનો ગર્વ માલમ પડે છે. છતાં પણ સાધકને માર્ગનું અભિમાન છોડવું પડે છે. જે ધ્યેય સુધી નથી પહોંચ્યા તેવા પંથાભિમાનીઓમાં ઝઘડા જોવામાં આવે છે. ઝઘડા થયા કરે છે. જે સાધના કરીને ધ્યેય ઉપર જઇ પહોંચે છે. તેને સંત કહેવાય છે. અને તેમાં વેરભાવ રહેતો નથી. કર્મમાર્ગના રસ્તા ઉપર ચાલીને જે મંઝીલે પહોંચ્યા તેમાં વશિષ્ઠ, નામદેવ, જમદગ્નિ, અગ્નિ, પરાશર, એને શાંડિલ્ય મુનિ મુખ્ય છે. ભક્તિમાર્ગમાં મંઝીલે પહોંચવાવાળા વ્યાસ, નારદ, ધ્રુવકુમાર, હનુમાનજી, શબરી, અક્રુર, ઉધ્ધવ, સુદામા, અર્જુન અને વિદુર છે. એવી રીતે યોગમાર્ગે ચાલીને ધ્યેય પર પહોંચેલામાં શ્રી શંકરાચાર્ય, મછંદરનાથ, ગોરખનાથ, જાલંધરનાથવિગેરે મુખ્ય છે. જે લાભ વસિષ્ઠમુનિને થયો તેજ લાભ વિદુરજીને અને મછંદરનાથને મળ્યો હતો. ત્યાં ફળમાં કોઇ ફેર પડતો નથી, ફક્ત માર્ગ જુદા છે. તે પરંપરા આજે પણ ચાલી રહી છે. આજના આ આધુનિક યુગમાં કર્મમાર્ગમાં ગાણગાપુરના શ્રીપાદવલ્લભજી અને ઔદુંબરના નરસિંહ સરસ્વતીજી પ્રખ્યાત છે. નામદેવ, સાંવતામાલી, સેનાબાઈ, જ્ઞાનેશ્વર મહારાજ, ચોખામેલા, દામાજીપંત આ બધાં ભક્તિમાર્ગમાં આગળ પડતાં છે. યોગમાર્ગને ચાહવાવાળામાં શ્રી ગોંદિના શેખ મહંમદ, જાલનાના આનંદસ્વામી, અને અંજનગાંવના દેવનાથમુખ્ય છે. તેવી રીતે કર્મમાર્ગમાં શ્રેષ્ઠ સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી, મેં પોતે ભક્તિપંથઅપનાવ્યો છે. ભક્તિમાર્ગમાં બહુજ માણસોને સફળતા મળી છે. પલુસના ધોંડીબુવા, સોનગીરીના નાના બરવા, જાલનાના યશવંતરાવ વિગેરેને ભક્તિપંથમાં સફળતા મળી છે. ખાદ્મા આમ્મા,





શિરડીના સાઇબાબા, ગુલાબરાવ વિગેરે પાસે જ્ઞાનદષ્ટિ હતી. ચાંદુર નજીક વરખેડ ગામના સંત આડકુજીએ પણ ભક્તિમાર્ગ અપાનાવ્યો હતો. મુરહાગાંવના સંતરત્ન ઝિંગાજી અને નાગપૂરના તાજ્જુદીનબાબા પણ ભક્તિમાર્ગને ચાહવાવાળા હતા. આ બધા સંતોનાં આચરણ જુદાં જુદાં છતાં પણ તેમને કૈવલ્ય (મોક્ષ) પ્રાપ્ત થયું હતું. સાધનામાર્ગ ક્યો છે તે બધી વાતનું સ્થાન સામાન્ય છે. પરંતુ આખરે સાધક તેનો ધ્યેય પ્રાપ્ત કરે છે કે નહિ તે જ મહત્ત્વનું છે. આપણે બધાં ભાઈ આ પૃથ્વી ઉપર ભાવિક ભક્ત લોકોને સારા માર્ગ ઉપર લઇ જવા આવ્યા છીએ. જેને જે માર્ગ પસંદ પડે છે તે તે માર્ગનું અનુસરણ કરે છે, અને મોક્ષફળ પ્રાપ્ત કરે છે. બસ મેં જે કહ્યું તે ધ્યાનમાં રાખો. હવે કશુંજ આગળ ન પૂછશો. મેં જે ગાંડપણનો બુરખો ઓઢી રાખ્યો છે તેને તેમ જ રહેવા દો. જેને શ્રધ્ધા હશે, નિષ્ઠા હશે, અને જે મારું હશે, તેનું કામ થઇ જશે. બીજા લોકોની મને જરૂર નથી. જેને પશ્ચાત્તાપ થયો છે તેને જ બ્રહ્મજ્ઞાન બતાવવું યોગ્ય છે. નકામા તર્ક કરવાવાળાને આ જ્ઞાન બતાવવાનો કાંઈ જ અર્થ નથી. કોઇ ગમે તે બોલે પણ જો આપણે એકાંતમાં બેસીને ભગવત ભજન કરતાં રહીશુ તો ચોક્કસ જ જગદગુરૂ જગદાત્માનાં દર્શન થશે. મહારાજ પાસેથી આ ઉપદેશવાણી સાંભળીને બાળાભાઉના નેત્રમાંથી અવિરત પ્રેમાશ્રુ વહેવાં લાગ્યાં. તે રોકવાની તેની તાકાત પણ ન હતી. બાળાભાઉના આઠેય ભાવ જાગ્રત થયા શરીર રોમાંચિત થયું. અને દ્રદ્રવૈખરીવાણીનુંગ્ર કામ સમાપ્ત થયું. તેમણે જે વિદર્ભ પ્રાંતમાં ઉધ્ધાર કરવા અવતર્યા હતા, તે ગજાનન મહારાજને નમસ્કાર કર્યા. કણવશાખાની સાળુબાઇ નામની એક સ્ત્રી મહારાજની ભક્ત હતી. તેને મહારાજે એક દિવસ કહ્યું કે, મઠમાં જે આવે અને ભુખ્યાં હોય તેને જમાડવાનું કામ તારે કરવાનું છે. તે જ તારી સાચી સેવા હશે. અને તેથી તું ભગવાનને પ્રિય થઇશ. એ સાળુબાઈ મઠમાં આખર સુધી હતી. પ્રહલાદ બુવા જોષીને મહારાજની કૃપા પ્રાપ્ત થવાનો યોગ આવ્યો હતો. પરંતુ તેની દુર્દશાને લીધે તેને મહારાજની કૃપા ફળી નહિ. ખામગાંવના નજીક જલંબ નામનં એક ગામ છે. ત્યાં તુલસીરામ નામનો મહારાજનો ભક્ત હતો. તેમનો પુત્ર આત્મારામ ધંખેડ ડાહ્યો તેમજ તીવ્ર બુદ્ધિવાળો હતો. તેને વેદ વિદ્યા પ્રત્યે બહુજ પ્રેમ હતો. તેથી ધર્મપીઠ કાશીમાં અભ્યાસ માટે ગયો. ત્યાં આખા દિવસમાં ભાગીરથીનું સ્નાન, ભિક્ષા માંગીને જે કાંઇ મળે તેનાથી પેટપૂજા કરવી અને ગુરુના ઘરમાં અભ્યાસ કરવો આ તેની દિનચર્યા હતી. હે શ્રોતાજનો, સામાન્ય રીતે એવું જોવામાં આવે છે કે વિદ્યાર્થીઅભ્યાસ માટે

ઘેરથી જાય છે, છતાં પણ અભ્યાસ ને બદલે આરામ મોજ મજા કરતા ફરે છે. આવા આરામમાં મગ્ન બનેલા વિદ્યાર્થીથી અભ્યાસ કેવી રીતે થઈ શકે ? કેરીમાં જો કીડા પડી જાય તો પછી મીઠો રસ કેવી રીતે મળે? પરંતુ આ આત્મારામ એવો છકેલો વિદ્યાર્થીન હતો તે તો વિવેકી, સદાચારી, હોવાથી યથા સમય વિદ્યા પ્રાપ્ત કરીને તે પોતાને ગામ પાછો આવ્યો. પોતાને ગામ આવતાં જ તે તરત જ ગજાનન મહારાજનાં દર્શન માટે શેગાંવ ગયો. આત્મારામ વેદવિદ્યામાં પારંગત તો શ્રી ગજાનન મહારાજ જ્ઞાનસવિતા મહારાજની સામે આત્મારામે વેદ ગાવા માંડયો. કોઇ કોઇ જગ્યાએ ભુલ પડતી હતી. મહારાજ તેની ભૂલ સુધારી તેની સાથે સાથે વેદવાણી બોલતા હતા. મહારાજના વેદગાન તરફ આત્મારામ મગ્ન થઇને સાંભળતો રહ્યો. આત્મારામની વિદ્યાની ત્યાં કદર થઇ, કેમકે ઝવેરી જ રત્નની પરખ કરી શકે છે આખરે આત્મારામ બધુ જ છોડીને મઠમાં મહારાજની પાસે જ રહેવા લાગ્યો. મધ છોડીને મધમાખી આમતેમ શા માટે ફર્યા કરે ? તે મહારાજનો એકનિષ્ઠ ભક્ત હતો. તેણે મહારાજની એક પણ સેવા છોડી ન હતી. મહારાજની સમાધિની પૂજા, આરતી વિગેરે આત્મારામ આખર સુધી કરતો રહ્યો હતો. તેણે કોઇ પણ વસ્તુની આશા રાખ્યા વગર તે એકનિષ્ઠ સેવા કરતો હતો. આખરે તેણે પોતાની જે કાંઇ માલમિલકત હતી તે પણ મઠમાં અર્પણ કરી દીધી હતી. તેની સંપત્તિ ઓછી હતી, એક મકાન અને થોડી જમીન જ હતી. સંપત્તિની નહિ પણ સમર્પણની ભાવનાની કિંમત છે. શબરી ભીલડીએ સમર્પણની ભાવનાથી એંઠા બોર રામને ખવડાવી વશ કર્યા. આત્મારામનું પણ એમજ થયું. તેથી આ ઉપરના પ્રસંગનું વર્ણન કર્યું. મહારાજને બધુ જ સમર્પણ કરવાવાળા ભક્તો હતા. તેમાંથી દત્તાત્રેય કેદાર, નારાયણ જામકર, તથા મારૂતિ પટવારી મુખ્ય હતા. તેમાં નારાયણ જામકર દુગ્ધાહારી હતા, તે કાયમ દૂધ ઉપરજ રહેતા હતા. હવે મારૂતિ પાટીલનો વૃત્તાંત સાંભળો. હે શ્રોતાજન, મારૂતિ ખેતીવાડી કરતો હતો. પાકની રક્ષા માટે તિમાજી નામનો માળી કોમનો નોકર રાખ્યો હતો. એક વખત ખેતરમાં તેને ગાઢ ઊંઘ આવી ગઇ, બપોરના સમયે કુંભારના દશ, વીસ ગધેડાં ખેતરમાં આવી ચઢયા હતા. નોકર સૂતો હોવાથી, ખેતરમાં પેસતાં તેમને કોઇએ રોક્યા નહિ. તેથી ગધેડા ખુશીથી ચરવા લાગ્યા. તે ગધેડાં ખેતરમાં પેસીને જુવારનો ઢગલો હતો. તેમાંથી આરામથી ખાવા લાગ્યા. આ ખેતરનો માલિક મારૂતિ મહારાજનો પ્રેમી ભક્ત હતો, તેથી મહારાજે લીલા કરી. તે પલભરમાં મોરગાંવમાં આવ્યા અને







તિમાજીને બોલ્યા કે, અરે જલ્દી જાગી જા ગધેડાં ખેતરમાં પેસી ગયા છે. તિમાજીને જગાડીને મહારાજ ખેતરમાંથી અદશ્ય થઈ ગયા. તિમાજી ગભરાઇને જાગી ગયો. અને ઉઠીને જુએ છે તો દશબાર ગધેડાં જુવાર ખાઈ રહ્યા છે. આ જોઇને તે ગભરાવા લાગ્યો કેમકે માલિકે આ બધું સાચવવા માટે તો રાખ્યો છે. આજે મારાથી વિશ્વાસઘાત થઈ ગયો મારા ભરોસે માલિક નિશ્ચિંત રહ્યા અને હું અહીંયા સૂઇ જ રહ્યો. ગધેડાએ બહુજ અનાજ ખાઇને બગાડી નાંખ્યું. તેથી હવે માલિકને અનાજ ઓછું થવાનું કારણ શું બતાવું? તિમાજી બહુ જ દુ:ખી થયો. કેમકે તે ઇમાનદાર નોકર હતો. આજકાલ તો માલિકના બેફિકરા નોકર હોય છે. તેમને તો પૈસાની ફિકર હોય છે. પછી ચાહે ગમે તેટલું માલિકને નુકશાન થતું હોય તેની પડી નથી હોતી. પરંતુ તિમાજી એવો નમકહરામ ન હતો. જે બની ગયું તે વાત ખૂંચવા લાગી. માલિકને શું બતાવું. તેની તેને ચિન્તા થવા લાગી. ગમે તે થાય પણ માલિકની પાસે ક્ષમાયાચના માગી લેવી ને બનેલી હકીકતની જાણ કરી દેવી. તે સારા સ્વભાવના હોવાથી કદાચ ભૂલ માફ પણ કરી દેશે. આવી રીતનો વિચાર કરીને બીજે દિવસે તિમાજી ગામમાં આવ્યો. અને માલિકના પગ પકડીને વિનંતી ભર્યા શબ્દોમાં કહેવા લાગ્યો કે, રાતના મને ઊંઘ આવી ગઈ હતી અને ગધેડાં ખેતરમાં પેસીને જવાર ખાઈ ગયા છે. કેટલું નુકશાન થયુ છે. તે તો આપ જાતે આવીને જોઇ જાવ. આ સાંભળી મારૂતિએ કહ્યું કે, હું અત્યારે શેગાંવ જઉં છું મને ફુરસદ નથી. ગજાનન મહારાજનાં દર્શન કરીને આવ્યા પછી જોઈશ આવું કહીને લગભગ સવારના દશવાગે મારૂતિ મહારાજનાં દર્શન માટે શેગાંવ આવી પહોંચ્યો. તે વખતે મહારાજ આસન ઉપર બિરાજમાન હતા, સામે જગુપાટીલ અને બાળાભાઉ હતા. મારૂતિએ જ્યારે મહારાજનાં દર્શન કર્યા ત્યારે મહારાજ હસતાં હસતાં બોલ્યા કે, કાલે તારા લીધે મને રાતના તકલીફ થઇ. તું મારો ભક્ત છે એટલે મારે જાગવું પડે છે. જેના ભરોસે તું સુખેથી સુઈ જાય છે, તે નોકર પણ સુઇ જવાથી ખેતરની રક્ષા માટે મારે જાગવું પડે છે. ગધેડાં જ્યારે જુવાર ખાતાં હતા ત્યારે મારે ત્યાં જઇને તિમાજીને જગાડવો પડયો. આ સાંભળીને મારૂતિએ મહારાજના ચરણકમળ પકડી લીધાં ને તે બોલ્યા કે, મહારાજ, આપ જ અમારા રક્ષણકર્તા છો. અને અમને તમારો જ આધાર છે બાળકને માતાનો જ આધાર હોય છે. તે બંને વચ્ચે કોઇની પણ સત્તા હોતી નથી. ખેતર અને અનાજના આપ જ માલિક છો. લૌકિક દષ્ટિથી નોકર રાખેલ છે. રક્ષણકર્તા તો કોઇ બીજો જ હોય છે. બ્રહ્માંડની રક્ષા આપ અહીં બેઠે બેઠે કરો

છો. બાળકના લીધે માતાને ઉપાધિ વારંવારં સહન કરવી પડે છે. હું આપનો બાળક છું, મોરગાંવમાં જઇને આપે મારા ખેતરમાં અનાજની રક્ષા કરી. આવી રીતની કૃપા અમારા ઉપર નિરંતર જ રાખજો એજ આપને મારી પ્રાર્થના છે. હું હમણાં જઇને તિમાજીને નોકરીમાંથી છુટો કરી દઉં છું. મારુતિનું વિનયયુક્ત આત્મનિવેદન સાંભળીને મહારાજ પ્રસન્ન થયા અને સાથે સાથે બોલ્યા કે, અરે તિમાજીને નોકરીમાંથી છુટો ના કરશો. તેનું કારણ એ છે કે તમારો તિમાજી નોકર ઇમાનદાર છે. ગધેડાં એ જ્યારે જવાર ખાઇ નાંખી, ત્યારે તે બહુ જ બેચેન અને દુઃખી થયો હતો. આ વાત તો મેં ત્યારે જ જાણી લીધી હતી. રાતનાં જે કાંઇ બન્યું હતુ તેની બાતમી આપવા માટે બીજે દિવસે સવારે તે તમારે ત્યાં ડરતો ડરતો આવ્યો હતો. ત્યારે તે તેની વાત ન સાંભળી કાલે ત્યાં આવીશ, તેમ વાયદો કર્યો હતો. આ વાત સાચી છે ને ? આ ગુરૂવચન સાંભળીને મારૂતિ બધું જ જાણી ગયો. સંતની કરણી બહુજ અદ્‌ભુત હોય છે. આ વાતને સારી રીતે સમજી ગયો. ગધેડાં ખેતરમાં ગયા. તે વાત મહારાજે અંતર્જ્ઞાનથી જાણી લીધી. શકે ૧૮૧૬માં મહારાજ જ્યારે બાલાપુરમાં હતા, તે વખતે જે ઘટના બની તે હવે સાંભળો. બાલાપૂરમાં સુખલાલ બંસીલાલની દુકાનની એક બેઠક હતી. તે બેઠકના સામે મહારાજ પોતાની મસ્તીમાં મસ્ત બેઠા હતા. મુર્તિ સંપૂર્ણ દિગંબર હતી. શરીર ઉપર એકપણ વસ્ત્ર ન હતું. તે છતાં પણ ભાવિકભક્તો મનમાં કશો જ સંદેહ રાખ્યા વગર તેમને નમસ્કાર કરવા આગળ વધતાં. બજારમાં જવાનો મોટો રસ્તો હોવાને કારણે ખૂબજ ભીડથી ભરેલો આ રસ્તો હતો. તે રસ્તેથી એક પોલીસ હવાલદાર જઇ રહ્યો. તે હવાલદારનું નામ હતું નારાયણ આસરાજી. મહારાજને જોતાં જ તે ગરમ આગ થઈ ગયો. તે ટોણાં મારવા લાગ્યો કે, નાગો સાધુ જાણી જોઇને આવવા જવાના રસ્તે બેઠો છે. આ સાધુ નથી પણ ઢોંગી છે તેને દયા કરવી તે સારૂં નથી, આવું કહીને તે તેમની પાસે ગયો અને મોટેથી જેમ ફાવે તેમ બોલવા લાગ્યો. તે બોલ્યો કે, અરે પાગલ, રસ્તામાં નાગા ફરવામાં તલભાર પણ તને લજ્જા શરમ આવતી નથી ? તારા પાગલપણાનું લે આ ઇનામ આવું કહીને તેના હાથમાં જે દંડો હતો તેનાથી મહારાજને મારવા લાગ્યો, ડંડાની નિશાની શરીર ઉપર દેખાવા લાગી છતાં પણ તે હવાલદારે મહારાજને મારવામાં પીછે હઠ કરી નહિ. આવું જોઇને હુંડીવાળા નામનો સજ્જન દુકાનમાંથી આવીને હવાલદારના આગળ ઉભો થઈ ગયો. અને બોલ્યો કે, અરે નારાયણ, સત્પુરૂષ ઉપર હાથઉઠાવવો તે સારી વાત નથી. કેમકે







સંતોના તારણહાર તો શ્રી હરિ જ હોય છે. મહારાજની પીઠ ઉપર જે નિશાની ઉભરી આવ્યા છે તે શું તને નથી દેખાતાં? તારા આ અમાનુષી કૃત્યથી એવું જ દેખાય છે કે તારો અંતઃકાળ નજીક જ આવી ગયો છે. કેમકે મરણ પથારીએ પડેલો દરદી ડોક્ટર વૈદ્યની બતાવેલી ચરી પાળતો નથી. તેમ તારી વૃત્તિ આજે થઈ છે. આ કાંઇ સારૂં નથી કર્યું. છતાં પણ બચવાનો એક રસ્તો છે. જે અપરાધ તારાથી થઈ ગયો છે, તેના માટે મહારાજની દિલથી માફી માંગવી, તે સાંભળીને હવાલદાર બોલ્યો કે, મારે ક્ષમા માંગવાની શી જરૂર છે ? કાગડો શાપ આપે તેથી થોડું જ મરી જવાય છે ? આ નાગો, ગાંડો, રસ્તામાં વચમાં બેસીને ગમે તેમ વાતો કરતો બેઠો છે. આવા ઢોંગીને મારવાથી જો ઇશ્વરના દરબારમાં ગુન્હો થાય તો સાચો ન્યાય ક્યાં મેળવવો ? પરંતુ આ હેરાનગતિનું ફળ હવાલદારને મળ્યું. થોડા જ દિવસો પછી લોકોએ સાંભળ્યું કે હવાલદારનું મૃત્યુ થઇ ગયું છે. તેના પોતાના પણ પંદર દિવસની અંદર બધાં જ ચાલ્યાં ગયાં. સાધુ પર હાથઉઠાવવાનું ફળ તેને તરત જ મળી ગયું. કારણ વગર એક સાધુને હેરાન કરવાનું કેટલું ભયાનક પરિણામ આવે છે, તે લોકોએ પોતાની આંખોએ નજરો નજર જોયું એટલા માટે સંતો સાથે મર્યાદામાં જ વર્તન કરવું જોઇએ. અહમદનગર જીલ્લામાં પ્રવરાનદી કિનારે સંગમનેર નામનું એક નાનું સરખું સુંદર ગામ છે. તેનું વર્ણન કરી શકાતું નથી. અનંતકુંદી નામનો એક માણસ હતો. તેનું વૃત્તાંત હવે સાંભળો. આ હરિ જાખડયા યજુર્વેદી બ્રાહ્મણ હતો. પેટના ભરણ પોષણ માટે તેણે રખડવું પડતું હતું. આવી રીતે ફરતાં ફરતાં તે મહારાજના દર્શન માટે શેગાંવ આવ્યો, દર્શન કરીને તે મહારાજની સામે બેસી ગયો. મહારાજનાં દર્શન માટે ત્યાં ખૂબજ ભીડ થઈ હતી. કોઇ બ્રાહ્મણોને ભોજન કરાવીને પોતાની માન્યતા પૂરી કરતા હતા. તો કોઇ સાકરનો પ્રસાદ વહેંચતા હતા. આ બધુ જોઇ હરિ તેના મનમાં વિચારવા લાગ્યો કે આવડા મોટા જ્ઞાનવાળાં મહારાજના ચરણકમળ પાસે આવ્યા છતાં પણ મારે એમને એમ જ પાછું જવું પડશે ? કેમકે મારૂં તકદીર બહુજ ઉપાધિઓથી ભરેલું છે. પત્થર ઉપર બી વાવવાથી ફણગા થોડા જ ફૂટશે. આજે અન્ન મળ્યું તો કાલે ભગવાનના ભરોસે.આવી રીતની આજ સુધી જીંદગી વીતી છે. આજ સુધી મારાથી ધનનો સંગ્રહ થઇ શક્યો નથી. મારી પાસે ના તો ખેડીવાડી કે ના તો પેટના ભરણપોષણનું સાધન છે ભણીને હું વિદ્વાન પણ નથી થયો અને આવી હાલતમાં મને કન્યા પણ કોણ આપશે ? તેથી તે મનોમન પ્રાર્થના કરવા લાગ્યો કે હે સ્વામી ગજાનન દયાઘન, મારા અંતરમાં સંસાર સુખ

ભોગવાની ઇચ્છા ખૂબજ વધી રહી છે. તે આપ જરૂર પૂર્ણ કરશો. મને સુંદર સ્ત્રી મળે અને છોકરાં પણ થાય આવી રીતનો તેના મનમાં વિચાર ચાલી રહ્યો હતો, એટલામાં મહારાજ તેના ઉપર નમીને બોલ્યા કે, બેવકૂફ, લોકો મારી પાસે સંસારથી છુટકારો મેળવવાનું માગે છે, અને તું મારી પાસે સંસાર સુખ માગી રહ્યો છે ? જુઓ આ દુનિયાની કેવી અજબ રીત છે ! બધાં સંસાર સુખ માગે છે. પણ સચ્ચિદાનંદ શ્રી હરિને મેળવાનું કોઇ વિચારતું નથી. મહારાજ આવું બોલતાં બોલતા ફરીથી એક વખત જાખડયાની તરફ જોયું અને બોલ્યા કે, તારા મનમાં જે ઇચ્છા છે તે સફળ થઇ જશે. તને પુત્ર, પૌત્ર પણ થશે. અને થોડું ઘણું ધન પણ તારી પાસે રહેશે. હવે ઘેર જા પ્રસન્ન મનથી સંસાર માંડ પરંતુ એક વાત ધ્યાનમાં રાખજે કે ભગવાનને કદાપિ ભુલીશ નહિ. આવો ઉપદેશ આપીને મહારાજે તેને લગ્ન કરવા માટે થોડું ધન પ્રસાદરૂપે આપ્યું. સંગમનેરમાં હરિ જાખડયાનો સંસાર સુખપૂર્ણ થઇ ગયો. આવી રીતે મહારાજની સિધ્ધવાણી સાચી સાબિત થઇ. રામચંદ્ર નિમોણકર નામનો ઓવરસિયર હતો. તેની સાથે વાસુદેવ બેન્દ્રે નામનો એક સર્વેયર હતો. બંને સહ્યાદ્રિ પર્વતની મુક્તા નદી ઉપર આવ્યા આ મુક્તા નદી સહ્યાદ્રિ પર્વતમાં છે. જે નાસિક જીલ્લામાં ઇગતપુરી પ્રાંતમાં છે. મુક્તા નદીની પાસેની વનરાજી અત્યંત મોહક છે. તેનું વર્ણન કેવી રીતે અને ક્યાં સુધી કરાય ? મૃગનાં ટોળાં, હરણ વિગેરે નિર્ભય થઇને જંગલમાં દોડયા કરે છે. ફળના ભારથી વૃક્ષો નમી પડેલાં હોય છે. નાના પ્રવાહને કપિલાધારા પ્રવાહ કહેવાય છે. દરેક પર્વત ઉપર પવિત્ર તીર્થની માફક પવિત્ર તીર્થ માનીને ભાવિક લોકો ત્યાં સ્નાન માટે આવે છે. તેવી રીતે કોઇ પર્વ પર નિમોણકર ત્યાં સ્નાન માટે આવ્યા. તેમને થોડી યોગક્રિયાની જાણ હતી. યોગવિદ્યામાં પોતે સંપૂર્ણ રીતે પારંગત થાય તેવી તેમની ઇચ્છા હતી. તેમણે આ માટે બહુ જ સાધુઓને તેમજ ગોસાંઇઓને પૂછ્યું પણ તેમાં તેને સાચું માર્ગદર્શન કોઇ આપી શક્યું ન હતું. તેથી નિમોણકર હતાશ થઇ ગયા હતા. તે દિલથી ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ભગવાન હું હવે શું કરું? મને યોગાભ્યાસ શીખવાડવાવાળા સદ્‌ગુરૂ ક્યાં મળશે ? કૃપા કરીને પ્રભુ તમે મને બતાવો, તેમની પ્રાર્થના પુરી થઈ  ના થઇને એટલામાં જોયું તો એક વ્યક્તિ કપિલધારા પાસે બેઠી હતી. તેના હાથઘૂંટણ સુધી લાંબા હતા. તેમનું શરીર પણ  ઊંચુ પુરૂં હતું અને શાંતમુદ્રાથી ધ્યાનમાં બેઠા હતા. તેમને જોતાં જ નિમોણકરે ત્યાં જઇને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ઘણો જ સમય વીતી ગયો. સુરજ આથમવાની તૈયારીમાં હતો. પણ યોગીરાજ ચુપચાપ







જ બેઠેલા હતા. નિમોણકરે હજુ સુધી કાંઇજ ખાધું ન હતું. એ જે જગ્યાએ રોકાયા હતા, તે સ્થળ ત્યાંથી ખૂબજ દૂર હતું. સાંજ પડતાં યોગીરાજ તુંબડામાં કપિલધારાનું પાણી લેવા જવા લાગ્યા, ત્યાં આગળ પડીને નિમોણકર બોલ્યા કે, હે સમર્થસ્વામી ! આપ મારી પરીક્ષા ક્યાં સુધી કરશો ! અગર આપને યોગવિદ્યાનું જ્ઞાન હોય તો મને કાંઇક શીખવાડો. ત્યારે બિલકુલ અંધારું થવાના સમયે કૈવલ્યધની નિમોણકર સાથે બોલ્યા અને કહ્યું કે, લો આ ચિત્રનું પુસ્તક જેનાથી તમારૂં કામ પુરૂં થઇ જશે. તેના ઉપર સોળ અક્ષરનો મંત્ર લખેલો છે. તેનો કાયમ તમે જાપ કરો. મંત્રના પ્રભાવથી  તમને થોડો વધારે યોગ આવડશે. પરંતુ દરેક સાધના કરતાં યોગસાધના બહુજ કઠણ છે. શું લંગડો કોઇ વખત હિમાલય  ચઢી શકશે ? સાગરના છીપલા શું મેરૂ પર્વત ઓળંગી શકવાના છે ? અગર  બ્રહ્મચર્યનું પાલન  કરાય અને સાથે સાથે ખૂબજ મહેનત જો કરશો તો દશ, પાંચ આસન કરી શકશો. આગળ કાંઇ શંકાની પૂછતાછ કર્યા વગર ઘેર પાછા જાઓ, આ લો મારો પ્રસાદ. આમ કહીને મહારાજે એક લાલ પત્થર નિમોણકરને આપીને મહારાજ અદશ્ય થઇ ગયા. તે પછી મહારાજ નાસિકના ગંગાકિનારે મળ્યા હતા. નિમોણકરે જ્યારે તેમને નાસિકમાં જોયા ત્યારે તરત જ દોડીને તેમની પાસે જઇને ચરણોમાં પડી ગયા. તેમણે મહારાજને પૂછ્યું કે સ્વામી મારા ઉપર તમે કેમ નારાજ થયા છો ? મને આપનું નામ અને સરનામું બતાવ્યા વગર જતા રહ્યા ? નિમોણકરને મોટી મોટી આંખો બતાવતા મહારાજ બોલ્યા કે, તે દિવસે લાલ પત્થર આપીને તો મેં મારૂં નામ બતાવ્યું હતું. નર્મદાના ગણપતિ લાલરંગના હોય છે. પરંતુ તું બુદ્ધિહીન હોવાથી સાચો અર્થ સમજી શક્યો નથી. હું શેગાંવમાં રહું છું અને મારૂં નામ ગજાનન છે. મારી સાથે ધુમાલ સદનમાં ચાલો, ત્યા ફરી મુલાકાત થશે. તેમ કહી મહારાજ એકાએક અદશ્ય થઇ ગયા. બિચારાં નિમોણકર મહારાજને રસ્તામાં ખોળતા રહ્યા આખરે થાકીને ધુમાલ સદનમાં આવ્યા, અને સામે જોયું તો ગજાનન મહારાજ સામે વરંડામાંજ બેઠેલા હતા. કશુંજ બોલ્યા વગર નિમોણકરે મહારાજને સાષ્ટાંગ પ્રણામ કર્યા, અને પછી તેમણે ધુમાલજીને બધી વાત બતાવી દીધી. આ સાંભળીને ધુમાલજી બહુજ હર્ષિત થયા અને તરતજ તેમના મોઢામાંથી એકાએક શબ્દો નીકળ્યા કે યોગીરાજને શી બાબતની ખોટ છે. તે તો સામર્થ્યોની ખાણ છે. તેમને તો આખી દુનિયાના કોઇપણ પદની કિંમત નથી.

એટલે કે આખી દુનિયામાં જે પદવીઓ છે તેનાથી પણ તેઓ વિશેષ છે. તેમને જે એમના તરફથી લાલ પત્થર મળ્યો છે. તેને બાજોઠ પર રાખીને વિશુધ્ધ અંતઃકરણથી કાયમ તેની પૂજા કર્યા કરો. તે પત્થરની સામે શ્રધ્ધાપૂર્વક અંતઃકરણથી યોગાભ્યાસ કરો. જેથી તમને સફળતા મળશે. આગળ જતાં આ વાત સાચી પડી. શ્રી ગજાનન મહારાજની કૃપાથી નિમોણકર યોગાભ્યાસના કેટલાંક રહસ્યો સમજવા લાગ્યા. તુકારામ કોકાટે નામનો એક સજ્જન શેગાંવમાં રહેતો હતો. તેને સંતાનો જીવતા ન હતા. તેથી તેણે મહારાજની બાધા રાખી કે જો સંતતિને લાંબુ આયુષ્ય મળશે તો એક સંતાનને મહારાજની સેવામાં અર્પણ કરીશ. યથાકાળ તેની મનની ઇચ્છા મહારાજે પૂર્ણ કરી તુકારામને બે ત્રણ પુત્રો થયા, પરંતુ પુત્રના મોહમાં તે વચન ભુલી ગયો. એક દિવસ તેનો મોટો છોકરો નારાયણ ખૂબજ બિમાર  થઈ ગયો. દરેક જાતના ઉપચારો કર્યા છતાં પણ કોઇ પણ જાતનો ફાયદો થયો નહિ. નાડી પણ તૂટવા લાગી, ડોળા પણ ફરી ગયા અને મરણ પહેલાં થતી ક્રિયાઓ થવા લાગી. છોકરાની આવી ખરાબ હાલત જોઇને તુકારામે જે બાધા રાખી હતી તેની યાદ આવી ગઇ. અને તુકારામ બોલ્યો કે અગર મહારાજ આ છોકરો બચી જશે તો તેને ચરણમાં સેવા કરવા માટે હું આપી દઇશ. આવી રીતે તુકારામ બીજી વખત વચનબધ્ધ થઇ ગયો, તો મહારાજની કૃપાથી તેમનો છોકરો ધીમે ધીમે સારો થવા લાગ્યો. વ્યાધિમુક્ત થઇ ગયા પછી તુકારામે પોતાના છોકરા નારાયણને મઠમાં મહારાજના ચરણોમાં અર્પણ કર્યો. અને તેમ કરીને તેણે પોતાનું વચન પુરૂં કર્યું. તે નારાયણ મહારાજની સેવામાં મઠમાં આખર સુધી રહ્યો. મહારાજને જે બાધા માનવામાં આવતી તે ગમે તે કિંમતે ચુકવવી જ પડતી. નારાયણની બાબતથી એ સિધ્ધ થઇ ગયું કે સંતોને આપેલું વચન દરેકે પાળવું જોઇએ જ કેમકે સંતચરિત્ર કાંઇ મામુલી કથા કે વાર્તા નથી. ત્યારપછી વિઠલનાં દર્શન માટે આષાઢ માસમાં મહારાજ હરિપાટીલને સાથે લઇને પંઢરપૂર આવ્યા. વિઠલ સંતોના ઉચ્ચધ્યેયના વિષય છે. ભક્તોના કલ્પતરૂ છે. તે સર્વવ્યાપી છે. આ આખી દુનિયાના માલિક છે. વેદ જેનું ગુણગાણ કર્યા કરે છે એવાજ રૂકિમણી  પતિ દયાધન સંતોના હૃદયમાં ઘર કરીને બેઠેલા હોય છે. પંઢરપૂરમાં આવતા જ શ્રી ગજાનન મહારાજે ચંદ્રાભાગા  સ્નાન કરીને, મંદિરમાં વિઠલનાં દર્શન માટે આવી ગયા. દર્શન કરીને તેમણે પ્રાર્થના કરી કે હે પંઢરીનાથ, હે







અચિંત્ય, હે સમર્થ, હે ભક્તોના કલ્યાણકારી રૂકિમણીકાંત, આપની આજ્ઞાથી આજ સુધી આ ભૂમિ ઉપર ફરતાં ફરતાં જે જે ભાવિક હતા, તેમના મનોરથપૂર્ણ કર્યા છે. હે પુંડરિક વરદ વિઠલ આપ તો જાણો જ છો કે મારૂં અવતાર કાર્ય પૂર્ણ થઇ ગયું છે. હવે મને પોતાના ધામમાં આવવાની આજ્ઞા આપો. હે ભગવાન! ભાદરવા માસમાં સદાય વૈકુંઠમાં રહેવા માટે આપના ચરણ આગળ આવવા ઇચ્છુ છું. આવી પ્રાર્થના કરીને મહારાજે હાથજોડયા આંખોમાં આંસુ આવવાં લાગ્યા. કેમકે તેમના જેવા યોગીથી હરિનો વિરહ સહન થઇ શક્યો નથી. મહારાજની આંખોમાં આંસુ જોઇને હરિપાટીલે મહારાજને પૂછ્યું કે, હે સદ્‌ગુરુનાથ! આપની આંખોમાં આંસુ આ વખતે કેમ આવ્યા ?આપની સેવા કરવામાં મારાથી કાંઇ ભુલ તો નથી થઇ ને ? તેથી આપ નારાજ છો. આખરે આનું કારણ શું છે ? આ વાત થતાં હરિપાટીલનો હાથમહારાજે પોતાના હાથમાં લઇ લીધો અને બોલ્યા કે, આનું કારણ તું જાણી નહિ શકે, કેમકે આ મામલો બહુજ ગહન છે. તેથી આ બાબત જાણવા બહુ જીદના કરીશ. તારા પાટીલ વંશને કોઇ પણ જાતની કમી રહેશે નહિ. શેગાંવમાં જઇનેપંઢરપુરના માંવદ (એટલે આપણે ગંગાજી લાવીને જેમ ગંગાપૂજન, બ્રહ્મભોજન યજ્ઞ કરીને ઉત્સવ ઉજવીએ છીએ તેને વરાડીભાષામાં માંવદ કર્યા કહે છે.) કર્યું. મહારાજે જે પંઢરપૂરમાં સંકેત કર્યો હતો તેથી હરિપાટીલ બહુજ ચિંતા કરવા લાગ્યા તેમણે તેમના સાથીઓને તેમજ ભક્તોને કહ્યું કે, મહારાજે પંઢરપુરમાં મને કહ્યું હતું કે હવે મારો સહવાસ તમારી જોડે બહુજ ઓછો છે. થોડા દિવસો માટે જ છે. ત્યાર પછી  શ્રાવણમાસ પૂરો થયો. મહારાજના શરીરમાં ધીમે ધીમે શક્તિ ઘટવા લાગી ભાદરવો માસ આવી ગયા પછી મહારાજ બોલ્યા કે, ગણેશપૂરાણમાં લખ્યું છે કે પાર્થિવ (માટીની) ગણેશમૂર્તિ બનાવીને તેનું પૂજન વિગેરે કરવું જોઇએ. નૈવેદ્ય વિગેરે અર્પણ કરીને બીજે દિવસે વિસર્જન કરવું જોઇએ અને આજે તેજ દિવસ છે. હવે આ પાર્થિવ દેહનું તમે લોકો ઉત્સાહ સાથે વિસર્જન કરો જરાપણ શોક કે દુઃખ થવું ના જોઇએ. આ જગ્યા ઉપર મારૂં અસ્તિત્વ તમારી રક્ષા માટે સદાય બની રહેશે. ભક્તોને ભુલવાનો કોઇ પ્રશ્ન નથી જીર્ણવસ્ત્ર જેવી રીતે બદલવું પડે છે, તેવી રીતે આ શરીર પણ બદલવુ પડે છે. આ વાત ભગવતગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહી હતી. જે જે બ્રહ્મવેત્તા થઇ ગયા તેમણે પણ એવું જ કર્યું છે. ઠીક સમય પર

શરીરરૂપી વસ્ત્ર બદલી નાંખ્યું હતું. તે વાતને કદાપિ ભૂલવી નહિ જોઇએ. ચતુર્થીનો દિવસ મહારાજે ખૂબ જ આનંદમાં પસાર કર્યો. બાળાભાઉનો હાથપકડીને આસન ઉપર બેસાડયા અને બોલ્યા કે, હું ગયો છું એવું કદાપિ વિચારશો નહિ. ભક્તિમાં કદાપિ અંતર ના રાખશો મને ભૂલી જશો નહિ. કેમકે હું સદાય અહીં જ છું. આવી રીતનો ઉપદે


॥ શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥

॥ઇતિ ઓગણિસમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: ઓગણિસમો અધ્યાય સમાપ્ત॥



શ્રી ગજાનન વિજય ગ્રંથ – અધ્યાય ૨૦



શ્રી ગજાનન મહારાજ લક્ષ્મણ હરિ જાંજલને બોરીબંદર સ્ટેશનના પ્લેટફોર્મ ઉપર મળ્યા.

## અધ્યાય વીસમો

શ્રી ગણેશાય નમઃ, જય હો જય હો રૂકિમણીવર, હે ચંદ્રભાગા નદીના કિનારે વિચરનારા હે ભગવાન દાસગણૂના મસ્તક ઉપર આપનો વરદ હાથમૂકો. આપ તો રાજાઓના પણ મહારાજા છો. આખા વિશ્વનું સંચાલન આપના હાથમાં છે. છતાં મારી દરેક જગ્યાએ હું કેમ પાછળ રહ્યો છું? આપ આપની કૃપા દષ્ટિથી મારા પાપ તાપને બાળી નાખો. કેમકે આપનું ભજન કરવા માટે મારૂં મન ચોખ્ખું અને આનંદિત ઉમંગવાળુ થાય. જો આપ એવું નહિ કરો., તો આપના ઉપર ખોટો દોષ લાગશે . મોટાએ એમના મોટાપણામાં કલંક લાગવા દેવું ન જોઇએ. એટલા માટે હે શ્યામસુંદર, રૂકિમણીના પ્રિયપતિ પાંડુરંગ, વિશાળ અંતઃકરણથી મારી ઇચ્છા આપ પૂર્ણ કરજો. ગજાનન મહારાજે સમાધિ લીધા પછી નરનારીઓ બોલવા લાગ્યા કે હવે શેગાંવમાં શું રહ્યું છે શેગાંવમાં જ્ઞાનરૂપી સૂર્ય અસ્ત થઇ જવાથી ફક્ત અહીં માટી જ રહી છે. સાગરનું પાણી સુકાઇ જવાથી તેમજ ફુલનો છોડવો કરમાઈ જવાથી ફળફુલ આવતા બંધ થવાથી તેની તરફ ઉત્સુકતાથી કોણ જોશે ? હવે શેગાંવમાં કોઇ શા માટે આવશે ? જ્યાં મંદિરમાં ભગવાન રહ્યા નથી તો તેના ઉંબરે ફુલ ચઢાવવાનો શો અર્થ ? આવું કેટલાંક લોકોના મનમાં, આવી જાતની શંકા થવા લાગી. પરંતુ તેમની આવી શંકા નકામી નીકળી. કેમકે મહારાજની દિવ્યજ્યોતિ અદશ્યરૂપી અહીં હાજર છે. ઇંદ્રાયણીના કિનારે જ્ઞાનેશ્વર મહારાજે જીવતાં સમાધિ લીધી હતી. જેનું અંતઃકરણ ભક્તિપૂર્ણ છે. તેમને આજે પણ દર્શન થાય છે. તેવી રીતે શેગાંવમાં જેમને મહારાજ ઉપર દઢ શ્રધ્ધા છે તેમને આજે પણ શ્રી ગજાનન સ્વામી સમર્થ સંતના દર્શન થાય છે. તેના અનુસંધાનમાં એક ભાવિક, ગૃહસ્થહતો. તે રેલી કંપનીનો શેગાંવમાં એજન્ટ હતો. મહારાજની સમાધિના દર્શન કરવાનો તેને નિત્ય નિયમ હતો. તે દરરોજ સાંજના સમયે મઠમાં આવતો અને શ્રધ્ધા ભક્તિથી સમાધિના દર્શન કરી મહારાજનું સ્તવન કરી કેટલોક સમય રોકાતો હતો. એક દિવસ ગણપતના મનમાં વિચાર આવ્યો કે કાલે વિજયાદસમી છે. સમાધિ ઉપર અભિષેક કરીશું અને યથાશક્તિ બ્રાહ્મણોને ભોજન કરાવીશું. તેણે અભિષેકની તૈયારી કરી જમણ બનાવવા માટે પુષ્કળ સીધુ મઠમાં મોકલી આપ્યું ત્યારે તેમની પત્ની બોલી કે હે પ્રાણનાથઆ બધું શું થઇ રહ્યું છે ? પૈસા ખર્ચ કરતી વખત તમે આગળ પાછળનો વિચાર કરતાં નથી. કાલે વિજયાદસમી વર્ષનો મોટો તહેવાર છે. માટે

છોકરાઓ માટે થોડાં કપડાં, દાગીના લાવો. આ અભિષેક બ્રાહ્મણભોજન વિગેરે માટે પૈસા ખર્ચ કરી નાંખવા તે સારી વાત નથી. ભગવાનની કૃપાથી આપણને ચાર છોકરા છે. મારા શરીર ઉપર સૌભાગ્યના ચિન્હની એક પણ ચીજ નથી. માનો કે અલંકાર વગરની સુહાગણ છું સંસારી માણસની આ તે કેવી રીત છે ? ગૃહસ્થાશ્રમી માણસે તો થોડો પૈસો બચાવવો જોઇએ. પોતાની પત્નીનો હિતોપદેશ ગણપતરાવને ગમ્યો નહિ. કેમકે તે તો સ્વાર્થ કરતાં પરમાર્થ ને વધારે માનવાવાળો હતો. આ વખતે તેની પત્નીને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં મહારાજ બોલ્યા કે, પતિને હેરાન ના કરીશ. તે જે કરે છે તે કરવા દે અરે ગાંડી અનિત્ય ચીજ વસ્તુની મનમાં ઇચ્છા રાખવી વ્યર્થ છે. પડછાયો પકડવાની કોશિષ ના કરીશ. આ ભુમિ ઉપર પેદા થવાવાળી બધીજ ચીજવસ્તુ અહીંયા છોડીને માણસને જવું પડે છે. સાથે ફક્ત પાપ અને પુણ્ય આ બે જ આવે છે. અભિષેક, બ્રાહ્મણ ભોજન કરાવવું તે પરમાર્થના પૂણ્યની વાત છે. તેના માટે જે ખર્ચ કરવુ પડે છે. તે નકામું નથી. ખેતરમાં વાવેલા અનાજની માફક આ વાત છે. આથી હે કન્યા પતિના કાર્યમાં રોકટોક ના કરીશ. સવાર થતાંજ તેણે તેના પતિને આ બધી સ્વપ્નની વાત કહી નાંખી. આ બધું સાંભળીને તેનો પતિ આનંદ પામ્યો. અને પત્નીને કહેવા લાગ્યો કે, જોયોને મહારાજનો ચમત્કાર. હવે આજથી મનની કલ્પના છોડી દે જે સંતતિ, ધન દૌલત સંસારના વિષયોની ચિંતા મનમાંથી કાઢી નાંખ આ બધાંના માલિક તો શ્રી ગજાનન મહારાજ છે. ગણપતરાવે મહારાજનું પૂજન ભક્તિભાવથી કર્યું. તેના માટે ઘણોજ ખર્ચ થઇ ગયો. આ ગણપતરાવને મહારાજ પ્રત્યે પહેલેથી શુધ્ધ સ્વરૂપથી ભક્તિભાવ હતો. લક્ષ્મણ હરિ જવ જાળ પણ આવી રીતે અનુભવ થયો બોરીબંદર સ્ટેશન ઉપર આ ઘટના બની આ લક્ષ્મણ મહારાજનો ભક્ત હતો. કાંઇક કામ માટે તે મુંબઇ ગયો હતો. ઘરની કાંઇક ઉપાધિઓને લીધે તે બહુજ દુઃખી હતો. કામ પતી ગયા પછી ઘેરે પાછા જવા માટે તે બોરીબંદર સ્ટેશન ઉપર આવ્યો. અને ત્યાં તેમને એક સંન્યાસી મળ્યા. તેમના હાથઘૂંટણસુધી લાંબા હતા શરીરનું ઉંચુ કદ, સ્થિર દષ્ટિ અને મોઢામાંથી ઓમકાર જપ જપી રહ્યા હતા. તેમણે લક્ષ્મણને કહ્યું કે, તુ ગજાનન મહારાજનો શિષ્ય છે ને ? પછી આવો દુઃખી કેમ દેખાય છે ? તે કાંઇ સમજમાં આવતું નથી અમરાવતીમાં તે તારા ઘરે પુણ્યતિથિને લીધે ચારસો માણસોની ભોજનની તૈયારી કરી હતી. તે વખતે ગોપાળરાવ પેઠકર અને બાપટ માસ્તર ઉપર શું વીતી હતી તેનો જરા વિચાર તો કર







બાપટજીને પુત્રનો શોક હતો. છતાં પણ પ્રસાદ માટે તારે ઘેર આવ્યા હતા. શું આ વાત સાચી છે ? પેઠકરજીથી બ્રાહ્મણ ભોજનનું આયોજન કેમ ના થઇ

શક્યું ? અરે, મહારાજ તે બંનેના સ્વપ્નમાં ગયા. બનેને ઉપદેશ આપ્યો. ત્યારે તો તે બંને પ્રસાદ લેવા આવ્યા આ વાત આટલી જલ્દીથી કેમ ભૂલી જાય છે ? આ બધી વાત સાંભળી લક્ષ્મણને શંકા આવી કે, આ બધી સાચીવાત બતાવનાર આખરે આ કોણ હશે ? કશુંજ તેની સમજમાં આવ્યું નહિ, લક્ષ્મણે સંન્યાસીને વિનયથી નમસ્કાર કર્યા અને આ શું આશ્ચર્ય ! તે તેમની આંખો ના સામે જ બોરીબંદર સ્ટેશન ઉપરથી આલોપ થઈ ગયા તે પ્રસંગથી લક્ષ્મણ ઘર પર પહેલાંની માફક હળીમળીને રહેવા લાગ્યો ત્યારથી દરેક વર્ષે પુણ્યતિથિની પ્રથા સાચવી રાખી. અવધૂત જયરામ એડકરને સાંહિત ગાંવમાં મહારાજે સંન્યાસી રૂપમાં દર્શન આપ્યાં. માધવ માર્તંડ જોષી નામનો એક મહારાજનો ભક્ત હતો. તે કળંબકસુર ગામની જમીનની માપણી માટે એક વખત આવ્યો હતો, તે સરકારી રેવન્યુ ઓફીસર હતો. તેને ગજાનન મહારાજ ઉપર શ્રધ્ધા હતી. દિવસભરનું કામ પુરુ થઇ ગયું સાંજના વખતે શેગાંવ જવાની ઇચ્છા થઇ. આજે ગુરુવારનો દિવસ છે. અને મહારાજના દર્શન માટે શેગાંવ જઇશું તેવો વિચાર કરી સિપાઇનેહુકમ કર્યો કે, બળદગાડી તૈયાર કરો. અત્યારે જ આપણે શેગાંવ જઇશું રાતના ત્યાં રોકાઇશું અને સવારે આપણે અહીંયા પાછા આવી જઇશું. આ સાંભળીને સિપાઇ કુતુબુદ્દીને કહ્યું કે, જુઓ તો ખરા આકાશ તો વાદળોથી ભરાયેલ છે. મન નદીમાં પાણી હમણાં ઓછું છે અને તે પણ ગંદુ છે માટે જવા માટે ફરીથી વિચાર કરજો ! જોષી બોલ્યો કે, નહીં એમજ પાર કરી દઇશું તમે જાવ અને બળદગાડીની વ્યવસ્થા કરો વધારે કરીને ફસાવો નહિ. બિચારો આખરે તો નોકર જ ને ? તેણે બળદગાડી તૈયાર કરીને સામે લાવીને ઉભી રાખી જોષીજી અંદર બેસી ગયા અને શેગાંવ જવા માટે નીકળી પડયા. જેવી બળદગાડી નદીમાંથી પસાર થઇ રહી હતી ત્યાંજ એકદમ નદીમાં પૂર આવવા લાગ્યું. મુશળધાર વરસાદ શરૂ થઇ ગયો અને આવી આંધીમાં ખેડૂતના ઘરના છાપરાં ઉડવા લાગ્યા, ઘર પડવા માંડયા આવી બધી ઉપાધિ આવેલી જોઇને કુતુબુદ્દીન બોલ્યો કે, સાહેબ હવે આપણે અહીંયા જળસમાધિ લેવી જ પડશે. માધવજોષી પણ મનમાં ગભરાવા લાગ્યા. મહારાજ ને પ્રાર્થના કરવા લાગ્યા કે, હે સમર્થ સ્વામી ગજાનન, આવી પડેલા સંકટમાં અમારી રક્ષા કરજો. આપના સિવાય અત્યારે અમારો કોઇ જ તારણહાર નથી. પુરાણમાં કથા સાંભળી છે કે સાગરમાં ડૂબતાં જહાજ ને સંતે હાથલગાડી ને

(પકડીને) સંકટમાં લોકોની રક્ષા કરી હતી આપતો મહાન સંત છો. હે બ્રહ્મવેત્તા, કરુણાધન, આ સંકટમાં અમારી રક્ષા કરો એટલામાં બળદગાડીમાં પાણી ભરાવા લાગ્યા. તેથી બળદો ખુબજ ગભરાવા લાગ્યા. જોષીજી આગળ ગયા અને સિપાઇને કહ્યું કે, તું હવે પાછળ બેસીજા, દિલથી ઓલિયાનું ભજનકર ચિંતા કરીશ નહિ ભગવાન જ આપણી રક્ષા કરશે. જોષીજીએ સમર્થને પ્રાર્થના કરી કે, હે સ્વામી આપની સત્તા તો અગાધ છે અમારી રક્ષા કરો ક્યાં તો ડુબાડી દેજો. જે કાંઇ આપની ઇચ્છા હોય તેમ કરશો. આવું કહેતાંકને લગામ પકડી હતી તે છોડી દીધી. અને બંનેએ આંખો બંધ કરી દીધી. આગળનો પ્રસંગ આવી રીતે બન્યો. આવી રીતની ઉપાધિમાં પ્રભુકૃપાથી બળદગાડી બીજા કિનારે પહોંચી ગઇ અને શેગાંવ જવાના રસ્તા ઉપર આવીને ઉભી થઇ ગઇ. આંખો ખોલીને બંનેએઆ ચમત્કાર જોયો ત્યારે તેઓ બંને ખુબજ હર્ષ પામ્યા. ઓલિયાબાબાની આ નિરંકુશ સત્તા જુઓ તો ખરા કે પૂર જેવી આવેલી આફતમાંથી કેવી રીતે તેમણે ભક્તોની રક્ષા કરી. બીજા દિવસે જોષીજીએ દાનધર્મ કર્યું. જતીવખતે બાળાભાઉને બ્રહ્મભોજન માટે ખુબ જ પૈસા આપ્યા. બાળાભાઉ ને બનેલી ઘટના બતાવી દીધી અને બોલ્યા કે, સંકટમાંથી હુ બચી ગયો છું. બ્રાહ્મણોને મારા તરફથી ભોજન કરાવી દશો. કેમકે મારે રજા નથી. કામ પર જવું ખાસ જરૂરી છે. આવું કહીને જોષીજી ફરીથી સમાધિના દર્શન કરવા માટે ગયા. હિંગણીના યાદવ ગણેશ સુબેદાર નામના એક સજજન વિદર્ભમાં કપાસનો વેપાર કરતા હતા. એક વર્ષે તેને ધંધામાં દશહજાર રૂપિયાનું નુકશાન થયું તેથી તે બહુ જ ચિંતા કરવા લાગ્યો. અને દુ:ખી થયો છતાં પણ ધંધાને કેવી રીતે છોડી શકાય ? ધંધામાં ફાયદો થવાની આશા તેણે છોડી દીધી છતાં પણ કોશિષ કરતો રહ્યો, ચુપચાપ ન બેસી રહેતા તે વેપાર તો કરતો જ રહ્યો. કાંઇક કામને માટે તે એક વખત વર્ધા આવી પહોંચ્યો. અને વિનાયક આસિરકરને ત્યાં રોકાયો. એટલામાં ત્યાં એક ભિખારી માંગવા માટે આવ્યો. તેનો પહેરવેશ તો ગરીબ માણસ જેવો જ હતો. હાથમાં એક મોટી લાકડી અને માથે કાથીની મેલી ટોપી હતી વૃદ્ધાવસ્થાને લીધે તેનું શરીર કંપતુ હતું. તેને જોતાં જ આસિરકર ક્રોધિત થયા, અને બોલ્યો કે પાછા જાવ, ત્યાં તમને ભિક્ષા મળશે, આગળ વધશો નહિ છતાં પણ તેણે આસિરકરની વાત ન સાંભળતા તે વરંડામાં યાદવજી પાસે નજીક આવીને બેસી ગયો. અને બોલ્યો કે, કાંઇક ભિક્ષા આપો. આવું બોલીને તેણે ભિક્ષાપાત્ર યાદવજીના સામે ધર્યું, યાદવજી વિચારવા લાગ્યા કે, ભિખારી કેટલો બેશરમ છે. જે ના







પાડી છતાં પણ પાસે આવીને બેસી ગયો. તેમણે જરા ધ્યાનથી જોયું તો તે ભિખારી શેગાંવના શ્રી ગજાનન મહારાજ ના જેવો જ દેખાતો હતો. તેજસ્વી આંખો, બોલવાનું મહારાજની માફક સ્પષ્ટ, ફક્ત ફરક એટલો જ કે તેમને ગજાનન મહારાજ માનો તો તેમણે સમાધિ લીધે બહુ જ દિવસો થાય છે તે હવે અમને થોડા જ દેખાઈ પડે ? ગમે તે હોય પણ ગજાનન મહારાજ માનીને આ ભિખારીને થોડા પૈસા શા માટે ના આપુ? ભિખારીએ આપેલા પૈસા હાથમાં લઇ લીધા અને બોલ્યા કે, ગજાનન મહારાજ માટે થોડા બીજા આપો જેથી ગોળનો પ્રસાદ વહેંચાય. ગોળનો પ્રસાદ વહેંચવાનો વાયદો આજસુધી તમે કેટલીયવાર કર્યો. પરંતુ આજે હું તમારું ટાળવાનું નહિ માનું તમનેતો ધંધામાં દશહજારનું નુકશાન થયુ છે. તેનો વિચાર કરીને થોડા રૂપિયા મને બીજા વધારે આપો. ચાલો કાઢો ગજવામાંથી પૈસાનું પાકીટ જે કાંઇ તમે મને આપ્યું છે તેનાથી મને સંતોષ થયો નથી. થોડા વધારે રૂપિયા આપો. યાદવજી એ થોડા વધારે રૂપિયા કાઢયા અને ભિખારીના હાથમાં મૂક્યા. એટલામાં વિનાયક આસિરકર કાંઇક કામ માટે અંદર ગયા. આસિરકર ના વરંડામાં યાદવરાવ એકલા રહ્યા. ત્યારે ભિખારીએ કહ્યું કે, ગજાનન મહારાજના માટે તને શંકા કેમ આવે છે ? કપડાં કાઢીને એક વખત મારા સામે ઉભા થઈ જાવ મારે એક વખત તારા શરીર ઉપર દૃષ્ટિ નાંખવી છે, કેમકે તેથી તારો વ્યાધિ દૂર થઇ જાય અરે તું તો મારા છોકરા જેવો જ છે. મારાથી શરમાઇશ નહિ. આવું કહીને ભિખારીએ તેની પીઠ ઉપર હાથફેરવ્યા ત્યારપછી આખાયે શરીર ઉપર પ્રેમથી હાથફેરવ્યો, એટલામાં આસિરકર બહાર આવ્યા. યાદવરાવથી રૂપિયા લઇને તે ભિખારી ચાલી ગયો. તેને ખોળવાની તેમણે બહુ જ કોશિષ કરી પણ તેને ખોળવામાં જરા પણ સફળતા મળી નહિ, કાંઇક વિચાર કરતાં પછી તેમણે લાગ્યું કે, ભિખારીના રૂપમાં તે જ શ્રી ગજાનન મહારાજ હતા, તો આજે મને ચોક્કસ ધંધામાં ફાયદો થશે. એટલામાં યાદવજીના કપાસની બળદગાડી વેચાઇ ગઇ અને કિંમત પણ ખુબજ સારી મળી તેથી યાદવરાવ બહુજ ખુશ થયા. અને તેથી તે જાણી ગયા કે, આજે ભિખારીના રૂપમાં શ્રી ગજાનન મહારાજે મારી ઇચ્છા પૂર્ણ કરી. અગર ભક્તોની દૃઢનિષ્ઠા હશે તો મહારાજ કોઇપણ સંજોગોમાં આજે પણ રક્ષણ કરે છે. ભાઉરાજારામ કબર જે ખામગાંવમાં ડોકટર હતા. તેમની તેલ્હારામાં બદલી થઈ ગઈ તેથી તે પોતાના પરિવાર સહિત મહારાજના દર્શન માટે ખામગાંવથી નીકળ્યા. સાંજના સમયે તે શેગાંવ પહોંચ્યા દર્શન કરીને તે જવા લાગ્યા. એટલામાં

મઠાધિપતિ બાળાભાઉ હતા. તે પ્રાર્થના કરીને ભાઉ રાજારામ કબરને બોલ્યા કે, પ્રસાદ લઇને જજો. આજસુધી તમે પ્રસાદ લીધા વગર ગયા નથી. તો આજે આમ મનમાં કેમ વિચારો છો ? અને તે છતાંય આજે વ્યતિપાત છે. જે અશુભ મુહુર્ત મનાય છે. ભાઉએ કહ્યું કે, તમારી વાત સાચી છે પરંતુ મારે હજુ ઘણુંજ કામ છે. આજે રાતના હું પ્રસાદ લઇને જઇશ મને રોકાવાનો આગ્રહ કરશો નહિ. જમવાનું જમીને ડોક્ટર પોતાના પરિવાર સાથે તેજ રાતે બળદગાડામાં બેસીને નીકળી ગયા. રાત ખૂબજ અંધારી હતી જાણે એવું લાગતું હતું કે પતિ વિયોગને લીધે તે શોક કરી રહી છે. એટલામાં એક ચમત્કાર થયો. ગાડાવાળો તેલ્હારાનો રસ્તો ભૂલી ગયો. અગર કોઇક સાચા રસ્તા માટે પૂછે તો પણ કોને પૂછે, રસ્તામાં કોઇપણ મળતું ન હતું રસ્તો બહુજ નાનો હતો. બંને તરફ બાવળ ના ઝાડ હતા. તેના એક તો કાંટા વાગતા હતા. અને ગાડું તળાવના કિનારે ઉભું હતું. આવી હાલત જોઇને ગાડી ચલાવવાવાળો બોલ્યો કે, સાહેબ આપણે રસ્તો ભૂલી ગયા છીએ અને આપણે ભુલા પડયા છીએ. આ સાંભળી ડોક્ટર ફરી વિચારમાં પડયા. તે નીચે ઉતરીને જોવા લાગ્યા તો વિચિત્ર અને નજોયેલું દેખાવા લાગ્યું, ગુસ્સે થઇને ગાડાવાળાને ગમે તેવા અપશબ્દો બોલવા લાગ્યા કે, તું તો તેલ્હારા ગામનો છે. એટલે તારી સાથે નક્કી કર્યું અને તે તો ગાડુ સુમસામ જગ્યા ઉપર લાવીને ઉભુ કરી દીધું. શું આવતી વખતે તે દારૂ પીધો હતો ? શું રસ્તામાં તને ઉંઘ આવી ગઇ હતી ? કે બળદોએ ખોટા રસ્તે ગાડું લાવીને ઉભું રાખ્યુ. તું કહેતો હતો કે, તેલ્હારાનો રસ્તો તો મારો જાણીતો છે. આમતેમ કટુવચનો ડોક્ટર ભાઉના સાંભળતા, ગાડાવાળો વિનયથી બોલ્યો કે, સાહેબ મને કેમ અને શા માટે ગાળો આપો છો ? મારા હાથથી કાંઇજ અપરાધ થયો નથી. હું હંમેશા તેલ્હારાથી જ ગાડું લઇ જાઉં છું મને સારીરાતે રસ્તાની ખબર છે. તેથી હું ગમે તે સમયે આવજા કરી શકું છું બળદને પણ મે આમતેમ વાળ્યા નથી તે તો સીધે સીધા જ ચાલી રહ્યા છે સામે તળાવ જોઇને બળદ રોકાઇ ગયા છે. આ રસ્તો તેલ્હારાનો નથી તે સમજાય છે. ભાઉ કબરને મનમાં શંકા ઉત્પન્ન થઇ કે, આ બધો જ ચમત્કાર મહારાજનો જ હશે, કેમકે હું તેમનો પ્રસાદ લીધા વગરજ નીકળી ગયો. હવે સાચો રસ્તો કોણ બતાવશે ? તે પ્રાર્થના કરવા લાગ્યા કે, હે ગજાનન મહારાજ, આ ભયંકર જંગલમાં મારી રક્ષા કોણ કરશે ?આપ જ અમારા તારણહાર છો. એટલામાં તળાવના દુર કિનારેથી બળદોના ઘુઘરાનો ડોક્ટરે અવાજ સાંભળ્યો. તેથી તેમને ડર ઓછો થઇ ગયો. એમણે ગાડાવાળાને કહ્યું કે, અહીંથી







રસ્તો દુર નહિ હોય તેમ લાગે છે. તેથી ઘુઘરાનો અવાજ આવે છે. તે બાજુ ગાડુ હંકારો ગાડાવાળાએ તેમજ કર્યું અને મહામુસીબતે ગાડું રસ્તા ઉપર આવ્યું ડોક્ટરે રસ્તા ઉપર ગાડું આવતા પૂછપરછ કરી તો જવાબ મળ્યો કે, આ તો શેગાંવનીજ સરહદ છે. ડોક્ટરે ગાડાવાળાને કહ્યું કે, ગાડી પાછી શેગાંવ લઇ ચાલો પ્રભાતના સમયે ભાઉ કબર મઠમાં આવ્યા, અને બનેલી હકીકત બાળાભાઉને કહી બતાવી. ડોક્ટરની બધી જ વાતો સાંભળીને બાળાભાઉએ કહ્યું કે, જે કાંઇ થયું તે સારું જ થયું છે. મહારાજે તમને વ્યતિપાતમાં કમુહુર્તમાં આગળ જવા દીધા નથી. હવે આજે તમે પ્રસાદ લો અને આવતી કાલે જ તેલ્હારા જજો. ભક્તે પ્રસાદનો કદાપિ ઇન્કાર કરવો જોઇએ નહિ. મહારાજના તમે સાચા ભક્ત છો જેથી તે તમને અહીંયા પાછા લઇ આવ્યા. જો પ્રભુની કૃપા ન હોય તો માનવી પોતાનો સંકલ્પ પૂરો કરી શકતો નથી. સંતોના મનમાં જે હોય છે તે સફળ થઇ જાય છે. એટલા માટે તેમના ઉપર ભરોસો રાખીને માણસે સંપૂર્ણ નિશ્ચંત રહેવું જોઇએ. બીજા દિવસે પ્રસાદ લઇને ભાઉ કબર તેલ્હારા ગામ તરફ જવાને નીકળ્યા. હવે આગળની વાત સાવધાનીથી સાંભળો. ભાવસાર જ્ઞાતિનો રતનશા નામનો એક સજ્જન હતો. તેમને એક વર્ષનો છોકરો હતો. તેને સુકું ગળું પડચું હતું. અને તેથી તે દિનપ્રતિદિન સુકાઇ જતો હતો. તેના શરીરમાં ફક્ત હાડકાં જ દેખાતા હતા. એટલા માટે મોટા વૈદ્યો બોલાવ્યા હતા. છતાં પણ તેઓ સફળ થયા નહિ. છોકરો કાયમ રડયા જ કરતો હતો. અને તેણે દૂધ પીવાનું પણ છોડી દીધું હતું. શરીરમાં કાયમ તાવ રહેતો હતો.વૈદ્યોએ રતનશાને કહ્યું કે, છોકરાની બચવાની આશા બહુ ઓછી છે. આવા વખતે ધીરજથી કામ લો. વિચારથી કાંઇ સાગર ઉપર પુલ બાંધી શકાશે નહિ. જ્યારે વૈદ્યરાજ એમ બોલ્યા કે, હવે મારો કોઇ ઇલાજ માફક આવશે નહિ. ત્યારે તે રતનશા રડવા લાગ્યા ત્યારપછી રતનશાને એક વિચાર આવ્યો. આ છોકરો અંતિમ શ્વાસ લઇ રહ્યો છે તો છેલ્લે એક ઉપાય કેમ ના કરીએ. આવી હાલતમાં રતનશાએ છોકરાને ઉંચકી લીધો. અને મહારાજની સમાધિ પાસે મૂકી દીધો, અને બાધા રાખી કે, અગર આ છોકરો સારો થઇ જશે તો પાંચ રૂપિયાનો પ્રસાદ વહેંચીશ. મહારાજ આપ તો ઘણાંની ઇચ્છા પુર્ણ કરી દો છો, તો હું તો આપનો જ છું મારા તરફથી મોં કેમ ફેરવી લો છો ? મારો છોકરો તમારા બારણે મરી જશે તો આખાયે વિદર્ભ પ્રાંતમાં આપના નામને કલંક લાગી જશે. હે સ્વામી ગજાનન લોકો એમ કહે છે કે આપના ચરણ તો અમૃતના સમાન છે તો આપ મારા ઉપર કૃપા કરો અગર મારો

છોકરો સાજો નહિ થાય તો હું આપના ચરણો ઉપર માથું પછાડીને મરી જઇશ, એવો મેં મનમાં ચોક્કસ જ સંકલ્પ કર્યો છે. હે મહાપુરૂષ ગજાનન આપની દૃષ્ટિ અમૃત સમાન છે. તો તે મારા છોકરા ઉપર ફેરવો મને દુઃખી ના કરશો. કેટલોક સમય આમજ વીતી ગયો ત્યાર પછી આવી રીતે એક ચમત્કાર થયો. તે બિમાર છોકરો હાથપગ હલાવવા લાગ્યો. આ જોયેલી હકીકતથી લોકો બહુ જ હર્ષ પામ્યા મહારાજની જ્યારે કૃપા થાય છે ત્યારે દુઃખ નાસી જાય છે. પ્રભાત થવાના સમયે જેમ અંધારાનો નાશ થાય છે. તેમ મહારાજની કૃપા થતાં દુઃખનો નાશ થવા લાગ્યો. અને થોડાંક દિવસોમાં છોકરો તંદુરસ્ત બની ગયો. બાધા જો સાચા દિલથી માનવામાં આવે તો તેમા ચોક્કસ જ સફળતા મળે છે તે સાચી વાત છે. દાદા સાહેબ કોલ્હટકરને રાજા નામનો એક પુત્ર હતો. તે પણ મહારાજના આશિષનું ફળ હતું. સંતકૃપાનું મૂલ્ય અંકાતુ નથી. ચંદ્રભાગા રામચંદ્ર પાટીલની અઢાર વર્ષની જુવાન કન્યા હતી તેની સાસરી લાડેગાંવમાં હતી. યથા સમયે તે ગર્ભવતી થઇ તે વખતે તેની હાલત બહુ જ ખરાબ થઇ હતી. નારી જાતિને પ્રસુતિ પછીના જીવનને નવો જન્મ મનાય છે. મહાન કષ્ટથી ગમે તે રીતે તેને પ્રસુતિ થઈ પણ ત્યારપછી ચંદ્રભાગાને તાવ ચઢી આવ્યો. તે ફક્ત તાવ જ નહિ પણ સુવારોગ હતો. અને તેમાં તાવ ઉતરતો પણ ન હતો. પોતાની છોકરી માટે તેના પિતાએ ઇલાજમાં જરાપણ કસર રાખી ન હતી વૈદ્ય, ડોક્ટર પણ નિષ્ફળ નિવડયા. દવાઓથી થોડો ઘણો ફેર પડયો પણ તે સંપૂર્ણ રીતે તંદુરસ્ત થઇ શકી નહિ. ચંદ્રભાગા વારંવાર બિમાર થવા લાગી. તેથી તેના પિતાજી તપાસ કરાવવા માટે તેને અકોલા લઇ આવ્યા કોઇ વૈદ્ય કે ડોક્ટરે ક્ષયરોગ છે તેમ કહ્યું. એકનું નિદાન બીજાને મળતું આવે જ નહિ. પાટીલ તેને દરેક જગ્યાએ બતાવી બતાવીને થાકી ગયો હતો. ત્યારે તે વિચારવા લાગ્યો કે, હવે અમારા ખરા વૈદ્યરાજ ગજાનન મહારાજ તે છોકરીને મારો કે જીવાડો તે છોકરીને તીર્થ પીવડાવતો હતો. અને ભસ્મ લગાવતો હતો. તેને પણ મહારાજ ઉપર અતૂટ શ્રદ્ધા હતી. આ તીર્થ અને ભસ્મના લીધે તે ધીમે ધીમે તંદુરસ્ત થવા લાગી આ ઇલાજ પહેલાં તો તેને પથારીમાંથી ઉઠવાનું પણ અશક્ય હતું. પરંતુ આ તીર્થ અને ભસ્મના ઉપચારથી ધીમે ધીમે શક્તિ આવી ગઇ અને તે ધીમે ધીમે ચાલીને મઠમાં દર્શન કરવા આવવા લાગી આ બધો જ પ્રભાવ તીર્થ અને ભસ્મનો છે. જે ભક્ત નિષ્ઠાવાળો હોય છે. તેને ભગવાન જરૂર મળે છે. ઉપાસકે પોતાના ઉપાસ્ય પ્રત્યે સંપુર્ણ શ્રધ્ધા રાખવી જોઇએ. રામચંદ્રની પત્ની જાનકીબાઈ સારા લક્ષણો વાળી હોવા છતાં







પણ કર્મભોગ ભોગવવા પડયા હતા. વાયુના વિકારને લીધે તેને પેટમાં દર્દ થતું દવા લેતાં થોડા દિવસ પેટમાં દર્દ ઓછું થતું તો પાછું થોડા દિવસો પછી પાછું ફરીથી શરૂ થઇ જતું આવી રીતે ઘણાંજ દિવસો વીત્યા ધીરે ધીરે વાયુવિકારની અસર મગજ ઉપર પણ થવા માંડી. તેની વિચાર શક્તિ નાશ પામી અને તેથી તે ગાંડપણ કરવા લાગી અને ગમે તેમ મનફાવે તેમ બોલવા લાગી હતી. કોઈ વખત ખાધા વગર સુઇ જતી તો કોઇ વખત, ખા, ખા, જ કર્યા કરતી હતી. તેની આવી વર્તણુકને લીધે લોકો કહેતા કે, તેને ભુત વળગ્યું છે. તો કોઇ લોકો કહેતા કે, આને કોઇએ કાંઇ કરી મુક્યું છે. જે ગામમાં મુખી હોય છે. તેને દુશ્મની બહુ જ જગ્યાએ હોય છે. અને એવા લોકો આવું, તેવું કરીને પોતાનો બદલો લે છે. પાટીલ છે તો પૈસાદાર, તે દુઃખમાં છે તે જાણીને પોતાનો જ સ્વાર્થ સિધ્ધ કરવા ધુતારાઓએ નક્કી કરી લીધું. કોઇ તો વળી બીજો કોઇ જાદુ હોવાનું બહાનું કાઢીને પૈસા લઇ જતા હતા. પત્નીના ઇલાજ માટે તેમણે ખુબજ ઉપચાર કર્યા છતાં પણ તેમાંય તેમને સફળતા મળી નહિ. ત્યાર પછી એક આખરી ઉપચાર કરવાનું મનમાં નક્કી કરી લીધુ, હવે મારા વૈદ્યરાજ ફક્ત એક જ ગજાનન મહારાજ છે. તેમને જે કરવું હોય તે કરે મારી પત્ની તો તેમની પુત્ર-વધુ છે. એવી મને શ્રધ્દા છે. પછી મારે અન્ય ઉપાયની કાંઇ જરૂર નથી. તેમણે તેમની પત્નીને કહ્યું કે, કાલે સવાર થતાં જ સ્નાન કરો. અને મઠમાં જઇને મહારાજની સમાધિની પ્રદક્ષિણા કરો. તેણે પતિની આજ્ઞા માની લીધી અને નિયમિત રીતે મઠમાં જઇને મહારાજની સમાધિની પ્રદક્ષિણા કરવા લાગી. તેનો આ નિયમ અસફળ ના થયો. તેની શ્રધ્દા જોઇને શ્રી ગજાનન મહારાજ પ્રસન્ન થયા તેને વાયુનો વિકાર ઘટવા લાગ્યો. અને ટુંક સમયમાં જ તે પહેલાની જેવી તંદુરસ્ત થઇ ગઇ. સંતોની કરેલી સેવા કદાપિ નિષ્ફળ જતી નથી. મહારાજ પછી બાલાભાઉ મઠાધિપતિ થઇ ગયા. તેમનાથી પણ કાંઇક ચમત્કાર થઇ ગયા. બાલાભાઉ વૈશાખ વદ છઠના દિવસે શેગાંવમાં વૈકુંઠવાસી થઇ ગયા. તેમના પછી ગાદી ઉપર નારાયણ બેઠા. બાળાભાઉ જ્યારે વૈકુંઠવાસી થયા ત્યારે નાંદુરા ગામમાં નારાયણને સ્વપ્નમાં ગજાનન મહારાજ આવ્યા. તે હવે સાંભળો. હે માળી, શેગાંવમાં જીવ અને ભાવિક ભક્તોની રક્ષા કરો આ મારો આદેશ છે. આવું કહીને સ્વપ્નમાં મહારાજ જતા રહ્યા. તેથી નારાયણ શેગાંવ આવ્યા. ગાદી ઉપર બેસીને તેમણે પણ કાંઇક સેવા કરી. ચૈત્ર સુદ છઠને દિવસે તેમણે સમાધિ લીધી પૂર્વના પુણ્ય વગર સંતોની સેવા કરી શકાતી નથી. સંતની સેવામાં જે પુણ્ય મળે છે તે અક્ષય છે. શ્રી ગજાનન

લીલાનો મહિમા સાચા અર્થમાં જાણવો મુશ્કેલ છે. કેમકે આકાશમાં તારા ખર્યા કરે છે, ભલા તેને કોણ ગણી શકશે ? હું તો અજ્ઞાની, બુદ્ધિ વગરનો ગરીબ માણસ છું આવી સ્થિતિમાં મારાથી આ લીલા સાગરનું વર્ણન કેવી રીતે કરી શકાય. તેમણે જે કહ્યું હતું તે જ મેં કહ્યું છે. કલમથી અક્ષર જરૂર લખાય છે, પણ તેમાં તેનું જરાપણ સામર્થ્ય નથી. જેની હાથમાં કલમ છે તેમણે જ આ અક્ષરો લખ્યા છે. કલમતો અક્ષર લખવાનું સાધન છે. તેવી રીતે અહીંયા બન્યું છે. મે લખવાનું કામ કર્યું. લખવા લખાવવાળા તો તો સ્વયં શ્રી ગજાનન મહારાજ છે. તેમની કૃપાથી આ લખાણ લખાયું છે. તેમાં મારી જરાપણ મોટાઇ નથી. સ્વસ્તિ શ્રી દાસગણૂ રચિત આ શ્રી ગજાનન વિજય નામનો ગ્રંથકલશના નજીક એટલે કે જેમ મંદિર પૂર્ણ થયા પછી કળશ ચઢાવે છે તેમ આ અધ્યાય કલશને ચઢાવવાની તૈયારી રૂપે છે. કલશો અધ્યાય તો આગલો અધ્યાય છે.

॥શ્રી હરિહરાર્પણમસ્તુ શુભંભવતુ॥


॥ઇતિ વીસમો અધ્યાય સમાપ્ત॥

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથ: વીસમો અધ્યાય સમાપ્ત॥





**શ્રી ગજાનન વિજય ગ્રંથ – અધ્યાય ૨૧**



**શ્રી ગજાનન મહારાજ ગોંસાઈના રૂપમાં, રામચંદ્ર પાટીલને દષ્ટાંત આપી રહ્યા છે.**

## અધ્યાય એકવીસમો

શ્રી ગણેશાય નમઃ, જય હો, જય હો, અનેક સ્વરૂપવાળા, જય હો જય હો અવિનાશ, જય હો જય હો પરેશ, બ્રહ્માંડના પતિ તમને નમસ્કાર હો. હે ભગવાન આપ પતિત પાવન નામથી ઓળખાવ છો. તે વાતને ધ્યાનમાં રાખશો. જે પાપી છે, પાપ કરે છે તેના ઉપર આપને પ્રેમ હોય છે. પાપી લોકોને લીધે આ દુનિયામાં આપનો મહિમા ખુબ જ વધ્યો છે. હે ઋષિકેશ, એટલા માટે જ મારા પાપો ઉપર ધ્યાન આપશો. મેલાં કપડાં પાણીથી સ્વચ્છ થાય છે. એથી હે દયાળુ પાપીઓ ઉપર દયા કરવાનું ભુલી ન જતાં. શું આવા લોકોથી ધરતીમાતા મોં ફેરવી લે છે ? પતિતોને પાવન કરવાનું અને પુણ્યથી પાવન કરવાનું આપના જ હાથમાં હોય છે. અંધારાનો નાશ કરવા સુરજને કષ્ટ થોડું જ લેવું પડે છે. અંધારા માટે કશુંજ તેમને કરવું પડતું નથી. સુરજને અંધારૂ જ્યારે મળવા માટે આવે છે ત્યારે તે સ્વયં પ્રકાશ બનીને બધે જ ફેલાઇ જાય છે. નારાયણ સાનિધ્યમાં પાપરૂપીની વાસના તો આપ જ મનુષ્યમાં પેદા કરો છો. આપની મોટાઇ જેવી છે તેવી કાયમ રહે માટે આપ જ મનુષ્ય પાસે પાપ કરાવો છો. પરંતુ ગમે તે થાય, મારો સ્વીકાર કરીને મને ચિંતા રહિત કરો એજ દાસગણૂની આપને પ્રાર્થના છે. હે પાંડુરંગ, આખીયે દુનિયા આપને વશ છે, અને આપના સિવાય મારો કોઇ પણ બીજો તારણહાર નથી જ. હે શ્રોતાજનો, આ કલશો (છેલ્લો) અધ્યાય ચિત્ત એકાગ્ર કરીને સાંભળો. આપ સંત કથા સાંભળી રહ્યા છો તે મહાન ભાગ્યની વાત છે. ગજાનનના ચરણકમળમાં જેમની દઢતમ નિષ્ઠા થઈ ગઈ, તેમના દુઃખ સંકટોની ચોક્કસ હોળી થઈ જાય છે. જ્યારે મંદિર બનાવવાનું કામ ચાલી રહ્યુ હતું, તે વખતે કામ કરતાં કરતાં એક મજૂર શિખર ઉપર પહોંચી ગયો, જે મિસ્ત્રીના હાથમાં પત્થર આપતો હતો. એક વખત પત્થર આપતા આપતા તે મજૂરનો પગ ખસી ગયો, અને ત્રીસ ફુટની ઊંચાઇએથી તે નીચે પડી ગયો. જેમણે આ જોયું, તે તો એવું જ સમજી બેઠા કે ચોક્કસ આ મજૂર મરી જશે. કેમકે સ્વાભાવિક જ છે કે જે આટલે ઊંચેથી પડવામાં સખત માર પડે જ. પરંતુ ધાર્યા કરતાં કંઇક જુદું જ બન્યું. લોકોએ તેની પાસે જઇને જોયું તો તેને જરાપણ ઇજા થયેલી દેખાતી ન હતી. જેવી રીતે દડો ઝીલી લઇએ છી તેવી રીતે તેને કોઇએ ઝીલી લઇને નીચે મૂકી દીધો જેવી રીતે નિસરણીની મદદથી માણસ નીચે ઉતરી શકે છે, તેવી રીતે આ મજુર નીચે આવી ગયો. શું થયું તે બાબતમાં મજુર કહેવા લાગ્યો કે, જ્યારે મારો

પગ ખસ્યો કે તરત જ મને કોઇએ પકડી લીધો અને નીચે મુકી દીધો અને જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું તો ત્યાં કોઇ જ ન હતું. આ હકીકત સાંભળીને બધાં જ ખુશ થયા. લોકો બોલવા લાગ્યા કે મઠના કામ કરતી વખતે આ માણસ મરી ગયો તેવી બદનામી મહારાજ ઉપર ના આવે તેથીજ મહારાજે તેને બચાવી લીધો. લોકો મજુરને કહેવા લાગ્યા કે, તારે પડી જવાનું તો એક નિમિત્ત હતું. તને બચાવવા માટે મહારાજના હાથતારા શરીરે અડકયા. આ કેટલી સૌભાગ્યની વાત છે. આવું તે ભાગ્યવાન કોણ હોય ? એક દિવસ રાજપૂત સ્ત્રી રાજસ્થાનથી શેગાંવ આવી હતી. ભૂતે તેના શરીરમાં પ્રવેશ કરેલો હતો. તે સ્ત્રીને દત્તાત્રેય મારફતે સ્વપ્નમાં ખબર મળી કે, રામ નવમીના દિવસે શેગાંવ પહોંચી જાવ, ત્યાં શ્રી ગજાનન સદગુરુનાથનો સદાય વાસ છે. તે તમારી આ વળગાડને દૂર કરશે, અને ભુતને મુક્તિ આપી દેશે. આ સ્વપ્નના આધારે તે મહિલા પોતાના બંને બાળકોને લઇને રામનવમીના અવસર ઉપર શેગાંવમાં આવી ગઇ. પડવાના દિવસથી ઉત્સવ શરૂ થઇ ગયો અને ખૂબજ ભીડ થવા લાગી. તે વખતે મંદિરમાં સભામંડપનું કામ ચાલી રહ્યું હતું. આ મંડપના આધાર માટે મોટા પત્થરના થાંભલા જે દોઢ ફુટ પહોળા અને પાંચ ફુટ લાંબા હતા, તે ઉભા કરવામાં આવેલા હતા. કેમકે ઉત્સવના લીધે કામ બંધ રાખવામાં આવ્યુ હતું અને થાંભલા એમને એમજ ઉભા રાખવામાં આવ્યા હતા. સમય થતાં જ રામજન્મ ઉત્સવ શરૂ થયો, પ્રસાદ મેળવવા લોકોની એટલી બધી ભીડ થઇ હતી તે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. આ રજપૂત મહિલા લોકોની ભીડમાંજ હતી. ભીડથી કંટાળીને આ મહિલા એક થાંભલાને ટેકવીને ઉભી રહી. તે થાંભલો ધડાક દઇને પડી ગયો અને તે મહિલા થાંભલાની નીચે દબાઈ ગઇ. લોકોને શંકા થવા લાગી કે તે મહિલા થાંભલાની નીચે દબાવાથી મરણ પામી હશે. એ કોણ હશે ? એ ક્યાંની રહેવાવાળી હશે ? તેના સાથે બે બાળકો પણ છે. તરત જ દસ, વીસ માણસોએ થાંભલાને ખસેડી નાંખ્યો અને મહિલાના મોઢામાં પાણી રેડ્યું. પછી તેને ડોક્ટર લોબો પાસે લઇ ગયા, આ ડોક્ટર લોબો શસ્ત્રક્રિયામાં નિષ્ણાત હતા. તે જાતની ક્રિશ્ચન હતી, અને ઇસુ ખ્રિસ્તની ભક્ત હતી. તેણે તે મહિલા ઉપર ઉપચાર કર્યો અને શરીરની તપાસ કરીને કહ્યું કે, આ મહિલાને બહારની કે અંદરની જરાપણ ઇજા થઇ નથી. તે પોતે જ વિચારમાં પડી ગઇ કે આવડો મોટો પત્થર પડ્યો છતાં પણ તેને કશું જ થયું નથી, આ બધું કેવી રીતે બન્યું ? આ ચમત્કાર જોઇને બધાંજ લોકો અચંબામાં પડી ગયા. ખરેખર સમજો કે તે આ







સંકટમાંથી બચી ગઇ. આ બનાવનું એક એ કારણ પણ માની શકાય કે થાંભલો પાડીને તેના શરીરમાં જરાપણ અસર થઇ ન હતી. તે મહિલા તંદુરસ્ત થઇ ગઇ અને પછી જયપુર પાછી જતી રહી. અને ખુશીથી જીવન વીતાવવા લાગી. સમાધિસ્થહોવા છતાં પણ એકવાર મંદિરમાં એક ઉત્સવ ઉજવાઇ રહ્યો હતો. તે ઉત્સવની સમાપ્તિ વખતે નાઈકનવરે નામનો એક માણસ મંડપના દોરડા વિગેરે ખોલવાનું કામ કરી રહ્યો હતો. એટલામાં એક લાકડાનો ભારે ગોળો અચાનક ઉપર છુટ્યો અને સીધોજ નાઈકના માથા ઉપર આવી પડ્યો. પણ મહારાજની કૃપાદષ્ટિને લીધે તેને પણ જરા સરખીયે ઇજા પહોંચી ન હોતી. શેગાંવમાં કૃષ્ણાજી પાટીલને રામચંદ્ર નામનો એક છોકરો હતો. તે મહારાજનો પરમ ભક્ત હતો. એક દિવસ બપોરના સમયે તેના ઘરે મહારાજ ગોસાંઇના રુપમાં આવી પહોંચ્યા અને રામચંદ્ર પાટીલને બહારથી જ બુમો પાડવા લાગ્યા કે, મને ભુખ લાગી છે, શું કાંઇક ખાવાને માટે અન્ન મળશે? પાટીલ તો ભાવિકવૃત્તિનો હતો. ગોસાંઇની બુમ સાંભળીને તે બારણા પાસે આવ્યો. તેણે ગોસાંઇની તરફ ધ્યાનપૂર્વક જોયું તો જાણ પડી કે પુણ્યરાશિ શ્રી ગજાનન મહારાજ જ આ ગોસાંઇના રૂપમાં સામે ઉભેલા છે. તેણે ગોસાંઇનો હાથપકડી લીધો. અને અંદર લઇ ગયા બેસવા માટે તકિયો આપ્યો અને પગની પૂજા કરી. ગોસાંઇએ તેને કહ્યું કે, આજે અહીંયા હું તને ખાસ વાત કહેવા આવ્યો છું. તે વાત ધ્યાનથી સાંભળો. તારે જે દેવું છે, તે સમયસર ચુકવાઇ જશે, તેની ચિંતા તું કરીશ નહિ. અરે ગ્રીષ્મઋતુમાં જેમ ગોદાવરી સુકાઇ જાય છે તેમ આ એક મામુલી વાત છે. જ્યારે શ્રી હરિની કૃપા થાય છે. ત્યારે ધનની વર્ષા થઇ જાય છે. જે જગ્યાએ મારો એંઠવાડ પડશે તે ઘરમાં કોઇ પણ વાતની ખામી રહેશે નહિ. એટલા માટે ખાવાની થાળી લઇ આવ. જો ઇચ્છા હોય તો ઓઢવા માટે એકાદ ચાદર પણ આપી દે. અન્ન અને દક્ષિણા આપવાથી યાચક પ્રસન્ન થઇ જાય તો તે ગૃહસ્થપર ભગવાનની કૃપા થઇ જાય છે. આ વાત ઉપર ધ્યાન રાખો. પરંતુ જેને કાંઇ આપવાનું થાય તે યાચક પોતે શુદ્ધ અંતઃકરણનો હોવો જોઇએ. તો જ આ ચમત્કાર બની શકે છે. પાટીલ થાળી પીરસીને લઇ આવ્યો. ગોસાઇએ ખુશીથી ભોજન કર્યું. પાટીલે દક્ષિણા તરીકે પાંચ રૂપિયા આપ્યા. પાંચ રૂપિયા પાછા આપ્યા અને કહ્યું કે, મને આની જરૂર નથી હું એજ ચાહું છું કે તું ગજાનન મહારાજના મઠની દેખભાળ રાખ એજ મારી દક્ષિણા છે અને તે લેવા માટે જ હું અહીંયા આજે આવ્યો છું. મારી દક્ષિણા મને આપી દે તેથી તારૂં હંમેશા કલ્યાણ થશે. સમર્થની સેવાની

દક્ષિણા આપીને મને સંતોષ કર. કેમકે તારા જેવો ભક્ત આ કામ માટે બીજો કોઇજ નજરે પડતો નથી. તારી પત્ની વારંવાર બિમાર પડે છે. તે પણ મારી દક્ષિણા આપવાથી સારી થઇ જશે. હવે તારા પુત્રને બોલાવ હું તેના ગળામાં એક તાવીજ બાંધવા માંગુ છું. તાવીજ બાંધ્યા પછી ભુત, પિશાચ તેમજ ત્રાટક વિગેરેની ઉપાધિ તેને નડશે નહિ. કેમકે આ મુખી પણું દુનિયામાં બહુજ કઠણ છે. માનો કે પાણી સાથે પણ વેર બાંધવું પડે છે. હે રામચંદ્ર તમારા આ પાટીલપણાની જવાબદારી ખોટો રૂવાબ બતાવવાની છે. છતાં પણ તે અધિકારનો ગેરલાભ તારે ઉઠાવવાનો નથી મનમાં કોઇના માટે દ્વેષ ના હોવો જોઇએ. સારી નીતિ છોડવી ના જોઇએ અને રાજાની વિરૂદ્ધ જરા પણ દ્રોહ કરવો નહિ. આ બધી ખરાબ વાતોથી જો તું દૂર રહીશ તો શ્રી નિવાસ સદાય તારા ઋણી રહેશે. મારા આ વચનને સત્ય માનીને ધ્યાનમાં રાખજે. આવક જોઇને ખર્ચ કર્યા કરો. અને અભિમાન, આડંબરથી દુર રહો. સાધુ, સંત જ્યારે ઘેર આવે ત્યારે તેમને કદી ખાલી હાથે પાછા મોકલવા નહિ. અગર સંતોનું અપમાન કરશો, તો ઇશ્વર અપ્રસન્ન અને કોપાયમાન થાય છે. એટલા માટે સંતચરણોમાં પ્રેમ અને શ્રધ્ધા રાખજો. કદી નીચે પાડવા નહિ, સગાસંબંધિઓનો સમય અનુસાર આદર સત્કાર કરવો જોઇએ. લોકો પાસે કામ લેતી વખતે ઉપરથી ક્રોધ બતાવો, પરંતુ અંદર દયા અને પ્રેમ હોવો જોઇએ. હું તારી રક્ષા કરીશ તે વાત ધ્યાનમાં રાખજે. છોકરાના હાથે તાવીજ બાંધી ગોસાંઇ બહાર ગયા. બહાર જતાંજ જોતજોતામાં તેઓ અંતર્ધ્યાન થઇ ગયા. રામચંદ્ર પાટીલ આખાય દિવસ દરમ્યાન વિચારતો રહ્યો કે આ ગોસાંઇ તો કોઇ બીજો જ માલુમ પડતો હતો. આખરે સ્વયં ગજાનન મહારાજ પોતેજ ગોસાંઇના રૂપમાં આવ્યા હવે તે વાત ચોક્કસ જ છે. તેમાં શંકાને સ્થાન નથી. તેને રાતમાં સ્વપ્ન આવ્યું અને તેના મનમાં જે શંકા હતી તે દૂર થઇ ગઇ. આવી છે ગજાનન મહારાજની ભક્ત વત્સલતા ! શ્રી ગજાનન ચરિત્ર પરમ પવિત્ર અને તારક જરૂર છે. પરંતુ ભકતોને તે માટે એટલીજ દઢ શ્રધ્દા હોવી જરૂરી છે. હું હવે આ ચરિત્ર ગ્રંથની આખીજ કથા ટુંકમાં કહી દઉં છું. તેને સાવધાન ચિત્તથી સાંભળો. સારા કામ કરવામાં વિલંબ ના કરશો. પહેલા અધ્યાયમાં મંગલાચરણ કરીને દેવ ગુરુને વંદન કર્યા ત્યારપછી ગજાનન મહારાજના પૂર્વચરિત્રની વાત કરી માગસર મહિનામાં સાતમને દિવસે સમર્થ શેગાંવમાં દેવીદાસના મકાન પાસે પ્રથમ નજરે પડયા. બંકટલાલ અને દામોદર બંને હોશિયાર હોવાથી ગજાનન મહારાજને ઓળખી ગયા. બીજા અધ્યાયની કથા આ પ્રમાણે છે.







ગોવિંદ બુઆના કીર્તનમાં મહારાજ આવીને બેસી ગયા. પીતાંબર દરજીને રસ્તા ઉપર ચમત્કાર બતાવ્યો. ત્યારપછી મહારાજ બંકટલાલની ઘેર ગયા. સજ્જનો ! ત્રીજા અધ્યાયમાં ગોસાંઇએ સમર્થને ગાંજો પીવડાવવાની માનતા રાખી. મહારાજે તેની ઇચ્છા પુર્ણ કરી. અને ત્યારથી શેગાંવના મઠમાં ગાંજો પીવાની પ્રથા શરૂ થઈ. મહારાજે પોતાના ચરણનું તીર્થ પીવડાવીને જાનરાવ દેશમુખનું દુ:ખ તેમજ ખરાબ દશા દૂર કરી. મૃત્યુના કેટલા પ્રકાર હોય છે તે બાબતમા સવિસ્તર વર્ણન કરી, સમજ પાડી મહારાજે ઢોંગી વિઠોબાને માર માર્યો. ચોથા અધ્યાયની કથા આ પ્રમાણે છે. જાનકીરામ સોનીએ મહારાજને ચલમ પીવા માટે દેવતા ના આપ્યો. એટલા માટે ખાટિયામાં કીડા, મકોડા, દેખાવા લાગ્યા. અને તેથી રાંધેલું અનાજ નકામું થયું. ત્યારપછી જાનકીરામે પોતાનાથી જે ભુલ થઇ ગઇ હતી તે માટે પોતે ક્ષમાયાચના કરી. મહારાજે તેનો અપરાધ માફ કર્યો, અને ખાટિયું પહેલાની જેમ સ્વચ્છ બની ગયું તે દિવસથી જાનકીરામ મહારાજના ભક્ત બની ગયા. માટલામાં બે ગુઝિયા મુકી હતી. તે ચંદુમુખીની પાસે મહારાજે ખાવા માટે માંગી ચિંચોલીના માધવને યમલોક બતાવીને મહારાજે તેને જન્મમરણના ફેરામાંથી મુક્તિ અપાવી. સાંજના સમયે શિષ્યો પાસે વસંતપૂજા કરી. પાંચમા અધ્યાયમાં મહારાજ પિંપલગાંવ આવ્યા. અને શંકરના મંદિરમાં પદ્માસન લગાવીને બેઠા ગાયભેંસ ચરાવવા વાળાઓએ મંદિરમાં મહારાજની પૂજા કરી, અને બીજે દિવસે ઠાઠમાઠથી સરઘસ આકારે મહારાજને ગામના લોકો પિંપલગાંવ લઇ આવ્યા. જ્યારે આ વાતની ખબર બંકટલાલને પડી, ત્યારે મહારાજને પાછા શેગાંવ આવવા માટે પિંપલગાંવ ગયા અને સમર્થને પોતાની સાથે જ પાછા લઇ આવ્યા. ત્યાં થોડા દિવસ રોકાઇને મહારાજ અકોલામાં ભાસ્કરનો ઉધ્ધાર કરવા માટે આવ્યાં કેટલાંય વર્ષોથી સુકા પડેલા કુવામાં મહારાજે પોતાની લીલાથી પાણી ભરી દીધું. મહારાજના માટે જે ભાસ્કર ને અવિશ્વાસ હતો. તે આ પ્રસંગથી દુર થયો. અને તે ભક્ત બની ને, મહારાજ સાથે શેગાંવ આવ્યો આ કથા પાંચમાં અધ્યાયમાં છે. છઠ્ઠા અધ્યાયમાં એવી કથા છે. કે બંકટલાલ,, મહારાજને મકાઇ ખાવા માટે પોતાના ખેતરમાં લઇ ગયા. ધુમાડો થવાથી આંબલીના ઝાડ ઉપરની મધમાખીઓના ટોળાએ, નીચે બેઠેલા લોકોનાં ટોળા ઉપર હુમલો કર્યો. ડરના માર્યા લોકો આમતેમ નાસી ગયા પરંતુ માખીઓએ મહારાજને જરાપણ તકલીફ આપી નહિ. આ બનેલ પ્રસંગથી મહારાજે બંકટલાલના શિષ્યત્વની પરીક્ષા

કરી. નરસિંહજીને મળવા માટે મહારાજ અકોટ ગાંવમાં ગયા. કોતશાઅલ્લીના નરસિંહજી શિષ્ય હતા. થોડા દિવસ અકોટમાં રહીને પોતાના ગુરુભાઈ સાથે ખાનગી ચર્ચા કરી. ચંદ્રભાગાના કિનારે શિવરગામમાં જઉને વ્રજભૂષણ ઉપર કૃપા કરી. શ્રાવણમાસમાં હનુમાનજીના મંદિરમાં ઉત્સવ માટે મહારાજ ત્યાં રહેવા માટે ગયા. અહીં છઠ્ઠો અધ્યાય સમાપ્ત થયો સાતમાં અધ્યાયમાં શેગાંવના પાટીલ બંધુઓ બળવાન અને અભિમાની થઇ જવાથી મહારાજને હેરાન કર્યા કરતાં હતા. હરિ પાટીલની સાથે મહારાજ કુસ્તી  લડયા અને મલ્લવિદ્યા પ્રત્યક્ષ બતલાવી. શેરડીનો ચમત્કાર બતાવીને પાટીલ બંધુના અભિમાનના ચુરેચુરા કરી નાંખ્યા, ખંડુ કડતાજી પાટીલને ભીખો નામનો છોકરો આપ્યો. અને દરેક વર્ષ બ્રાહ્મણોને કેરીના રસનું જમણ આપવાનું વચન લીધું આવી કથા સાતમા અધ્યાયમાં કહી છે.  પાટીલબંધુઓને મહારાજ તરફ શ્રધ્દા  થઇ ગઇ. આઠમા અધ્યાયમાં આવી રીતની કથાઓ છે. પાટીલ અને દેશમુખમાં અંદરોઅંદર વેર હતું તેથી દેશમુખના કહેવાથી, ઢેડાએ, પાટીલના વિરૂદ્ધ સરકારમાં ફરિયાદ દાખલ કરી ખંડુ પાટીલના ઉપર આ જાતની ફરિયાદ થઇ. સમર્થની કૃપાથી ખડુ પાટીલ આ કેસમાંથી છુટી ગયો. તૈલંગી બ્રાહ્મણો ને મહારાજે વેદ ગાઇને પોતાનો મહિમા બતલાવી દીધો.  કૃષ્ણાજી પાટીલ ની વાડીમાં મહારાજ આવ્યા  અને ત્યાં છાપરૂ લગાવી શિવમંદિરના વરંડામાં રહ્યા દ્રદ્રનૈનંછિન્દતિગ્ન આ શ્લોકનો સાચો અર્થ કરી બતલાવીને બ્રહ્મગિરિ ગોસાંઇના અભિમાનના ચુરેચુરા કરી નાખ્યા. બળતા પલંગ ઉપર સ્થિર ચિત્ર કરીને મહારાજે એવું દેખાડયું કે સાચા સંતને અગ્નિ બાળી શકતો નથી. નવમા અધ્યાયની કથા આ પ્રમાણેની છે. ટાકળીકરના નટખટ ઘોડાને કાબૂમાં કરી લીધો. બાલાપુરના બે સજ્જનોને, ગાંજાની માનતા રાખી હતી, તેની યાદ દેવડાવી દાસનવમીના ઉત્સવ વખતે બરાબર સમયસર સમર્થ બાલાપુરમાં આવી ગયા. અને બાલકૃષ્ણ શિષ્યનો હાથપોતાના હાથમાં લઇને અંદર ગયા. બાલકૃષ્ણને સમર્થ રામદાસસ્વામીનાં દર્શન કરાવીને તેને રામદાસના માટે શંકા વગરનો કર્યો. દશમાં અધ્યાયની કથા તો બહુજ સુંદર છે. અહીંયા બાળાભાઉને ખાત્રી થઈ ગઇ, ગણેશઅપ્પા ચંદ્રાબાઇ બંને પતિપત્નિએ શ્રી ગજાનન મહારાજના ચરણોમાં ભાવભકિતથી પોતાનો સંસાર અર્પણ કર્યો .  ગણેશ દાદા ખાપર્ડેને મહારાજે આશીર્વાદ આપ્યો. બાળાભાઉને માર મારીને તેની પરીક્ષા કરી. સુખલાલની નટખટ ગાય, મહારાજની કૃપાદષ્ટિથી ગરીબ બની ગઇ. ઘુટેની દાંભિક ભક્તિની પોલ







ખોલી નાખી. અગિયારમાં અધ્યાયમાં ભાસ્કરને કૂતરું કરડયું તેને સાથે લઇને મહારાજ ત્ર્યંબકેશ્વર જઇને ગોપાલદાસને મળ્યા. શ્યામસિંગે પ્રાર્થના કરી હતી, તેથી મહારાજ અડગાંવ આવી ગયા. યથાસમયે ભાસ્કર પોતાના ધામમાં જતો રહ્યો, તેના દેહને દ્વારકેશ્વરના સામે સતીબાઈના પાસે રાખી સમાધિ બાંધી. કાગડાઓને આજ્ઞા કરી કે આ જગ્યાએ આવશો નહિ. ગણુ જવરયાને બળતી સુરંગથી બચાવી લીધો. બારમાં અધ્યાયમાં શેઠ બચૂલાલની કથા છે. મહારાજ એક વિરકત જીવનની મૂર્તિ હતા. દરજી જાતીના પીતાંબર નામના ભક્તે મહારાજનું આપેલું વસ્ત્ર પહેર્યું હતું તે પોતાની ઇચ્છાથી કોંડોલી ગાંવમાં આવી ગયા, બળિરામના ખેતરમાં પાંદડા વગરના સુકા આંબાના ઝાડને પાંદડા લાવીને મહારાજે કૃપાથી ચમત્કાર કર્યો. ત્યારપછી લોકોની ઇચ્છાથી પીતાંબર કોંડોલીમાં જ રહ્યો અને ત્યાંજ સમાધિ લીધી. મહારાજની ઇચ્છા થી શેગાંવમાં નવા મઠની સ્થાપના થઇ. મહારાજ જુના મઠમાંથી નીકળ્યા, અને રેતીના ગાડા ઉપર બેસીને નવા મઠની સ્થાપના  થઇરહી હતી ત્યાં આવ્યા. શ્યામસિંગ ગજાનન મહારાજને લીધે ભંડારામાં વિઘ્ન આવ્યું શ્યામસિંગે પોતાની તમામ માલમિલકત મહારાજના ચરણે ધરી દીધી. શ્રી કૃપાથી પૂંડલીકની પ્લેગની ગાંઠ દબાઇ ગઇ. તેરમાં અધ્યાયમાં ગોસાંઇનો મહારોગ મટાડયો સમર્થની કૃપાથી બંડૂતાત્યાનું ભાગ્ય ખીલી ઉઠ્યું. સોમવતી અમાસના પર્વઉપર મહારાજના ભક્તો નર્મદા સ્નાન માટે ગયા. નાવડીની વચ્ચે કાણું પડયું અને નાવ ડુબવા લાગી ત્યારે નર્મદા મૈયાએ તેમને પ્રત્યક્ષ આવીને બચાવી લીધા પાનનું બીડું શિષ્ય સાથે માધવનાથને મોકલ્યું. આ કથા ચૌદમાં અધ્યાયમાં છે. અધ્યાય પંદરમાં તો શિવજયંતિ મહોત્સવનું વર્ણન છે. આ મહોત્સવના લીધે બાળ ગંગાધર ટિળકજી અકોલા આવ્યા. જવારના રોટલાનો પ્રસાદ કોલ્હટકરજી મારફત લોકમાન્યને આપવા માટે મુંબઇ મહારાજે મોકલ્યો. શ્રીધર ગોવિંદ કાળેને મહારાજે ઉપદેશ આપ્યો કે વિલાયત જવાનો ઇરાદો મનમાંથી કાઢી નાંખ કેમકે બધુંજ અહીંયા હાજર છે. સોળમાં અધ્યાયમાં પુંડલિકને મહારાજનું સ્વપ્ન આવ્યું કે અંજનગાંવમાં આવીશ નહિ. શ્યામસિંગની સાથે મહારાજે પોતાની પાદુકા પુંડલિકના માટે મોકલી ભાઉ કબરનો શાક  રોટલીનો પ્રસાદ મહારાજે પ્રસન્ન થઇને ખાઇને તેમની ભાવના પૂરી કરી તુકારામ ના કાનમાંથી છરો કાઢયો. તે કથા સોળમાં અધ્યાયમાં આવી છે. સત્તરમાં અધ્યાયમાં રસ ભરેલી કથાઓ છે. મલકાપૂરમાં વિષ્ણુશા  ને ઘેર જવા સમર્થ રેલગાડીમાં ગયા તે નગ્ન ફર્યા કરતા

હતા. તેથીપોલીસે તેમના ઉપર કેસ કરી કોર્ટમાં મુકદમો ચલાવ્યો. તેની પછવાડે સાચાને જ સજા થવી જોઇએ એજ કારણ હતું. હિન્દુ, મુસલમાન બંને માટે સાચો ઉપદેશ દઇને મહેતાબશા સાંઇ ને પંજાબ મોકલી દીધા બાપૂરાવની પત્નીની જે વળગાડની તકલીફ હતી તે દૂર કરી અકોટ ગાંવના કુવામાં ગંગાભાગીરથી મૈયાંને મળ્યા. અઢારમા અધ્યાય બાયજા માળણની કથા છે. કબર ડોક્ટરના ફોલ્લાની વાત આ અધ્યાયમાં છે. બહાદૂરાના વારકરી પ્લેગ રોગથી બિમાર હતા. મહારાજે તે પળવારમાં સારો કર્યો. મરેલા કુતરાને જીવતો કરીને એક કર્મકાંડી બ્રાહ્મણનું કર્માભિમાન તોડી પાડચું. ઓગણીસમાં અધ્યાયમાં કથા એ છે કે કાશીનાથપંતને હર્ષિત થઇને મહારાજે આશીર્વાદ આપ્યો. ગોવાળ ગોવિંદજી બુટ્ટી મહારાજને પોતાને ત્યાં નાગપૂર લઇ આવ્યા.તેની પોતાની ઇચ્છા એવી હતી કે સદાય મહારાજ તેમને ઘેર જ રહે. પરંતુ હરિપાટીલ મહારાજને શેગાંવ પાછા લઇ આવ્યા. કેટલીય વાર આવવા જવાનું થતું હતું શ્રી વાસુદેવાનંદ સરસ્વતી જે કર્મમાર્ગની સાક્ષાત મૂર્તિ હતા. તેમની અને મહારાજની દૃષ્ટિ મળતાં બહુ જ આનંદિત થયા હતા. બાલાભાઉના મનમાં જ્યારે શંકા ઉત્પન્ન થઇ ત્યારે મહારાજે તેને ઉપદેશ આપીને શંકારહિત કર્યો હતો. ગધેડાથી જવારને બચાવી લીધી હતી. સમર્થને મારપીટ કરવાથી નારાયણ હવાલદારનું મૃત્યું થયું હતું ગજાનન મહારાજની કૃપાથી જાખડચાના લગ્ન થઈ  ગયા હતા. કપિલધારા આગળ નિમોણકરને મંહારાજે દર્શન આપ્યા હતા. તુકારામે તેમના પુત્રને જેનું નામ નારાયણ હતું તેને મઠમાં સેવા કરવા માટે મહારાજને અર્પણ કર્યો. પંઢરપૂરમાં જઇને પાંડુરંગની આજ્ઞા લઇને મહારાજ શેગાંવ આવ્યા આગળ ભાદરવા મહિનામાં ઋષિપંચમીના શુભદિવસે આ આધુનિક યુગના ઋષિ શેગાંવમાં સમાધિવસ્થથઇ ગયા. વીસમા અધ્યાયમાં મહારાજનું શરીર જતું રહ્યું શ્રી સમાધિસ્થથયેલા હોવા છતાં પણ ચમત્કાર બન્યા તેનું વર્ણન છે. તેમનું ચૈતન્ય સદાય શેગાંવમાં છે. તેની સાબિતી  આજે પણ ભક્તોને થાય છે. જે જે ભાવિક ભક્તો છે અને મહારાજ પ્રત્યે શ્રધ્ધા રાખે છે તેમને આજે પણ મહારાજ દર્શન આપે છે. એટલું જ નહિ પરંતુ જે જે કામના હોય છે તે પૂર્ણ પણ  કરી દે છે. હવે આ એકવીસમો અધ્યાય બધાં જ અધ્યાયોનો કળશ છે. માનો કે બધી જ કથાનો સારાંશ છે.દરેક અધ્યાય માં જે જે પ્રસંગોના વર્ણન કર્યા છે તેનો અનુભવ આજે પણ થાય છે. તેથી આ અધ્યાયને આ ગ્રંથનો સારાંશ કહ્યો છે. લોકોએ આર્થિક મદદ કરી તેથી તો મંદિરની મહાન







ઇમારત સાકાર થઇ. ઉઘરાણી કરવાનું કામ ભક્તોએ દિલથીજ કર્યું હતું. આવું સુંદર આલીશાન મંદીર બીજે ક્યાંય જોવા મળતું નથી. મંદિરની આસપાસ ધર્મશાળા બનાવવાથી ભક્તોને સગવડ થઇ ગઇ. આ ભવ્ય ઇમારત ઉભી કરવામાં ઘણા હાથાએ મદદ કરી છે. અગર જો તેમનું નામ લખીએ તો ગ્રંથનો વિસ્તાર બહુ જ મોટો થઇ જાય. પરંતુ તેમાં જે મુખ્ય હતા, તેમના નામ આ પ્રમાણે છે. કુકાજીનો પુત્ર જેમનું નામ હરિપાટીલ હતું, સાંગવી ગામના બનાજી, ઉમરીના ગણાજી, બટવાડીના મેસાજી, લાડેગાંવના ગંગારા, ભાણ, નંદુ, ગુજાબાઇ, અકોલાની જનાબાઈ જે વાસુદેવ પાટીલની માહિતી. આ ભક્તોએ હજારો રૂપિયા આપ્યા પાટીલ રામચંદ્ર કૃષ્ણાજી, દતુભિકાજી, પળસખેડના સુખદેવજી, શેગાંવના માર્તંડ ગણપતિ, બાલચંદના રતનલાલ,પંચગવ્હાણના દતુલાલ, તે જ ગાંવના કિશનલાલ, ટાકલીકર અંબરસિંગ, કિસન બેલમંડળેકર, હસનાપુરના ગંગારામ, આ બધાંને મહારાજના પ્રત્યે દૃઢભક્તિ હોવાને કારણે તેઓએ મુક્ત હાથે દાન આપ્યું હતું. એથી તો મઠ, સમાધિ મંદિર વગેરે બની ગયું હતું. ઓફિસ, કોઠાર, રસોઇ બનાવવાની જગ્યાતો સમાધિની આસપાસ જ છે. લોકોથી જે દાન ભેગું થયું તે તો બાંધકામમાંજ વપરાઇ ગયું બીજું ઘણુંયે કામ બાકી હતું તેથી દાન ભેગું કરવા માટે એક બીજી રીત વિચારી કાઢી તે આ પ્રકારની હતી. ખેડૂતો જે માલ વેચે તેટલા રૂપિયા દીઠ એક આનાનું દાન લેવામાં આવતું હતું. આનો ઉપયોગ ધાર્મિક કાર્ય માટે થતો હતો. તેથી ખેડૂતોને આમાં કોઇજ જાતનો વાંધો નડતો ન હતો, તેથી આપવામાં જરાપણ અચકાતાં નહિ. જે માલ ખેડૂત બજારમાં વેચવા માટે લઇ જાય તેના ગાડાની પાછળ અડધા આનાની ટિકિટ લગાડી દેતા હતાં. બધાજ ખેડૂતોને સમર્થ મહારાજ પ્રત્યે નિષ્ઠા હોવાથી ખુશીથી દાન આપી દેતા હતા. સમાધિની આગળ અનેક જાતના યજ્ઞો પણ થયા હતા. તેમાં ચાર યજ્ઞો મોટા થઇ ગયા. કિશનલાલ શેઠજીએ બ્રાહ્મણો દ્વારા શતચંડી યજ્ઞનું અનુષ્ઠાન કરાવ્યું હતું આ શતચંડી યજ્ઞની વિધિ બહુ જ કઠણ છે. જગદંબા કાલિકામાતાને આ યજ્ઞમાં બહુ જ સાચવવા પડે છે. કેમકે આ વિધિમાં જરાપણ ખામી રહી જાય તો તરત જ તેનું માઠું પરિણામ  આવે છે. કેમકે કામ્ય અનુષ્ઠાનમાં એક ડર હંમેશા રહ્યા કરે છે. કિસનલાલ ના પિતા બંકટલાલ હતા. તે તો પહેલેથી જ મહારાજના ગાઢ ભક્ત હતા. શતચંડી અનુષ્ઠાનની પૂર્ણાહુતિના દિવસે બંકટલાલ ના શરીરમાં બિમારી પેદા થઇ ગઇ. તે આખરનો છેલ્લો શ્વાસ લઇ રહ્યા હતા. આવું જોઇને કિસનલાલ તેમજ તેમનો

પરિવાર ખુબજ ગભરાઇ ગયો, તે વિચારવા લાગ્યા કે આ શતચંડીના અનુષ્ઠાન વખતે આ વિઘ્ન કેમ આવી પડ્યું ? પરંતુ પૂત્રને બંકટલાલને હિંમત આપીને કહ્યુ કે, મારી તમે જરાપણ ચિંતા કરશો નહિ. મારા તો તારણહાર આ સમાધિમાં બેઠેલા જ છે. તે મારી રક્ષા કરશે, કાંઇ પણ ફિકર કરશો નહિ. પુર્ણાહુતિનું કાર્ય શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણેજ થવા દો. સ્વામી ગજાનન મહારાજ આવા મંગલ પ્રસંગે કદી કોઇપણ જાતનું વિઘ્ન આવવા નહિ દે, તે વાત ઉપર શ્રધ્દા રાખો ભક્તો ની રક્ષા કરવા માટે તો મહારાજ અહીંયા બેઠા છે. બંકટલાલની ભાખેલી વાણી સાચી પડી. તે થોડાકજ દિવસોમાં વ્યાધિમુક્ત થઇ ગયા. આ શતચંડી અનુષ્ઠાનમાં એક સ્ત્રીને ભુત નડતું હતું તે દૂર થઇ ગયું. બનાજી તિડકે સાંગવીકરે યજ્ઞ કર્યો. કસુરા રહેવાવાળી ગુજાબાઇ નામની એક મહિલા અને ચાપડ ગાંવના શ્યામરાવના પુત્ર વામન આ બંનેએ મહારાજની સમાધિની આગળ એક યજ્ઞ કર્યો, આવી રીતે ઘણાંજ ધાર્મિક કાર્યો સમાધિના આગળ થઇ ગયા. ખરેખર સાચે જ શ્રી ગજાનન મહારાજ બહુજ આગળ પહોંચેલા સાક્ષાત્કારી યોગીરાજ છે. જ્યાં સુધી વિદર્ભપ્રાંતના લોકો નિષ્ઠાવંત હતા, ત્યાં સુધી સુખસમૃદ્ધિ હતા પરંતુ લોકોને પ્રત્યે નિષ્ઠા ઓછી થઇ ગઇ હોવાથી ગરીબ અવસ્થા આવી ગઇ હતી માનો કે આને લીધે ગરીબીની માળા પહેરી લીધી હતી. ધરતીમાતાએ વધારે અનાજ પકવવાનું પણ છોડી દીધુ હતું. આખાય વિદર્ભ પ્રાંતમાં નવી આફત શરૂ થઈ ગઇ હતી. વિદર્ભ પ્રાંતની આવી ખરાબ હાલત મહારાજ થી સહન થઇ શકી નહિ. એટલા માટે તેમણે પાણીનું વહેણ બંધ કરી દીધું. ત્રીસ ફુટ જેવી ઉંડાઇએ ખોદવાથી જ પાણી મળતું તેથી એમ લાગતું કે મહારાજ ગુસ્સે થઇ ગયા છે. અને આમ આસપાસ તો જ્યાં જુઓ તો પાણી જ પેદા કરેલ છે. જો વિદર્ભ પ્રાંતની પ્રજાને પહેલા જેવી સુખ સમૃદ્ધિ જોઇતી હોય તો બધાએ શ્રી ગજાનન મહારાજ પ્રત્યે પહેલાં જેવી નિષ્ઠા રાખવી જોઇએ, તો જ સુખ શાંતિથી રહી શકાશે. જો લોકો તેમ નહિ કરે તો વિદર્ભ પ્રાંતની હાલત આનાથી પણ વધારે ખરાબ થઈ જશે. આ બાબતનો લોકોએ ખાસ વિચાર કરવો જોઇએ. આ માટે ગજાનન મહારાજના ચરણકમળમાં અતુટ અને દૃઢ શ્રધ્ધા રાખો અને પછી તેનો અનુભવ પ્રાપ્ત કરો. આ વાત ઉપર કોઇએ પણ મનમાં જરાયે ખોટી શંકા લાવવી જોઇએ નહિ આ ગજાનન રૂપી જમીનમાં જેટલા બી વાવશો, તેનાથી બમણાં થઇ તમને મળશે. પત્થર ઉપર બી વાવવાથી કોઇજ જાતનો ફાયદો થતો નથી. તે વાત કદાપિ ભૂલવી જોઇએ નહિ. આ વાત ઉપર મનથી ખૂબ







વિચારો. મનરૂપી દ્વારમાંથી ધર્મરૂપી શ્રધ્ધા અગર જો નિકળી જશે તો દુર્વાસનાંનું શિયાળ નિશ્ચય આવીને અડ્ડો જમાવી દેશે. ભક્તિ (શુચિંભુત અંગના) પવિત્ર થયેલી સ્ત્રી છે. તો અભક્તિ વેશ્યા છે. અભક્તિ પાછળ લાગવાથી એટલે કે ખોટેરસ્તે જવાથી આજસુધી કોઇનું ભલુ થયું છે ? એટલા માટે સન્નિતિને પકડી રાખવી જોઇએ. અને ધર્મપ્રત્યેની ભાવના કદાપિ ઓછી થવા દેવી ના જોઇએ, કોઇને પણ શત્રુ માન્યા વગર બધાંને જ આપણા ભાઇ સમજીને તેમની સાથે સારી રીતે વર્તવું જોઇએ. અને જો દરેક સાથે સારી રીતે વર્તશો તો શક્તિ વધી જશે, અગર જો લોકો આવી રીતે શુદ્ધ આચરણથી ચાલશે તો વિદર્ભ પ્રાંતમાં ફરીથી સારા દિવસો આવી જશે, આ ખાસ વાત ભુલશો નહિ. ઓછામાં ઓછું વર્ષમાં એક વખત શેગાંવ મહારાજના દર્શન માટે જવું જોઇએ. વર્ષમાં એક વખત શ્રી ગજાનન મહારાજના ચરિત્રનું પારાયણ થવું જોઇએ. આ એકવીસ અધ્યાયોના શ્રી ગજાનન વિજય નામના ગ્રંથરૂપી એકવીસ લાડુ (મોદક) નો પ્રસાદ મહારાજને અર્પણ કરવો. અથવા આ અધ્યાયોની એકવીશ દુર્વા પારાયણ કરીને મહારાજના ચરણોમાં સમર્પિત કરવી સદ્ભાવનાજ માનો કે ચતુર્થીનો દિવસ છે. તે દિવસે પ્રેમરૂપી ચંદ્રનો ઉદય થાય છે. હે સજ્જનો, આ ગ્રંથને કલ્પિત કે ઉપન્યાસ માનશો નહિ, આ તો મહારાજની પોતાની લીલાઓ છે. અગર આ બાબતમાં જરાપણ કોઇને શંકા ઉત્પન્ન થશે તો તે અવશ્ય દુઃખી બરબાદ થઇ જશે. શ્રી ગજાનન સ્વામીનું ચરિત્ર જેઓ નિયમિત વાંચશે, તો મહારાજની કૃપાથી તેમના મનોરથપૂર્ણ થઇ જશે. આ ગજાનન ચરિત્ર ભાગીરથી અને કથાઓ પાણી અને ઓવી (પદ્ય) માનો કે પાણી પરની લહેરો છે. અથવા સ્વામી ચરિત્ર કલ્પવૃક્ષ છે. અને અધ્યાય વૃક્ષની ડાળીઓ છે. પદ્યરચના આ વૃક્ષના પાંદડા છે. જે આ ગ્રંથઉપર દૃઢ શ્રધ્ધા રાખશે તેમના ઉપર શ્રી ગજાનન સ્વામી પ્રસન્ન રહેશે. અને દુઃખમાં તેને સહાય કરશે. આ ગ્રંથને ચિંતામણિ માનો, આથી ધારેલું, ઇચ્છેલું ફળ અવશ્ય મળશે જ. આના ઉપર અતુટ શ્રધ્ધા હોવી જોઇએ. જ્યાં શ્રી ગજાનન ચરિત્રનું વાંચન થાય છે, ત્યાં હંમેશા લક્ષ્મીનો વાસ રહે છે, ગરીબને ધન મળશે. આ ગ્રંથવાંચવાવાળા હંમેશા ચિંતા વગરના રહેશે. દશમ, એકાદશી, અને બારસના દિવસે જે આ ગ્રંથનું પારાયણ કરશે તે શ્રી ગજાનન કૃપાથી ભાગ્યવાન થશે, જે ગુરુ પુષ્યનક્ષત્રના પવિત્ર દિવસે નાહી ધોઇ પવિત્ર થઇ એકજ જગ્યાએ બેસીને પારાયણ કરશે, તો તેની જે પણ હશે તે મનોકામનાઓ ચોક્કસ પણે પૂર્ણ થઇ જશે. જ્યાં આ ગ્રંથપુજાય છે, ત્યાં ભુત,


પિશાચ વિગેરે નડી શકતા નથી. અને તેમને કોઇ પણ જાતની તકલીફ રહી શકતી નથી. જે ભાવિક ભક્ત હશે તેને જરૂરથી ખાત્રી થશે જ. પરંતુ જે ખોટી બુદ્ધિવાળો, ખરાબ રસ્તે જવાવાળો, દુર્જન માણસ હશે તેને આની સાબિતી મળશે નહિ. માનસરોવર રાજહંસ માટે હોય છે. તેવી રીતે જ આ સ્વામી ચરિત્ર સંત-સજ્જનોને માટે માનસરોવર સમાન છે. પુર્વના વખતે (પહેલાંના) જ્ઞાનેશ્વર મહારાજ, મીરાં, નરસિંહ મહેતા, કબીર, નામદેવ, સાંવતામાલી, ચોખા મહાર, ગોરાકુંભાર બોધલા અને દામાજી પંત, ઉબરખેડીના એકનાથ, અમલનેરમાં સખારામ, દેવમામલેદાર, યશવંત , માણિક પ્રભુ એવી રીતે વિદર્ભ પ્રાંતમાં સદ્ગુરુ ગજાનન સ્વામી છે. આ બધામાં કોઇ જ ફરક નથી. શ્રી ગજાનન મહારાજના ચરણ કમળમાં હંમેશા પ્રેમ રાખશો એજ ભાવિક ભક્તોને પ્રાર્થના છે. કેમકે તેનાથી જન્મ મરણનો ફેરો નહિ આવે આ દુષ્કર ભવસાગર તરીને આપ પસાર થઇ જશો. હવે હે સ્વામી દયાધન, દાસગણૂ /ગજાનન વિજય નામનો ગ્રંથભાવિકોને ભવસિંધુ પાર કરવા માટે નૌકારૂપી થાઓ.

શુભં ભવતુ શ્રી હરિહરાર્પણ મસ્તુ   ઇતિ એકવીસમો અધ્યાય સમાપ્ત.

પુંડલીક વરદ હરિ વિઠ્ઠલ.   સીતા કાંત સ્મરણ જય જય રામ.   પાર્વતિ પતે હર હર મહાદેવ

॥ શ્રી ગજાનનવિજય ગ્રંથઃ એકવીસમો અધ્યાય સમાપ્ત॥







શ્રી ની ગાદી, પાદુકા



પારાયણનો ભવ્ય મંડપ





શ્રી નો ગજ અને ઘોડો

## : ગણ ગણ ગણાંત બોતે :

ગણ ગણ ગણાંત બોતે, આ ભજન પ્રિય સદ્દગુરૂને
આ શ્રેષ્ઠ મહાન ગજાનન ગુરૂ છે, તમે યાદ કરતા રહો સદાયે
અમૃત છે, નથી સ્તોત્ર આ, એવી આપી મંત્રની યોગ્યતા
તે સંજીવની સમાનજ છે, તે પૂજા સમયે જ વપરાય છે.
મંત્રનો અનુભવ પામો, જે ભણે તેને જ જ્ઞાન થાઓ.
મંત્રના પાઠ કરતાં, દુઃખ દરિદ્ર જાયે, અંતે સુખ વૈભવ પામે.
ખરે જ તેમણે કરાવ્યો અનુભવ છે, શ્રી ગજાનને સર્વને
આવેલ અવસર ન ચૂકશો, મનમાં ભાવ ભક્તિ ભરીલો
કલ્યાણ અંત સુધી થાશે, દુઃખ દરિદ્ર મૂળમાંથી નાસશે.
શરીરનો રોગ તે જાશે, મનોકામના તે પૂર્ણ કરશે.
અમને તેનો અનુભવ છે, તેથી જ અમને તેની રટ છે.
આવો ને તમે શેગાંવમાં, જાતે અનુભવ પામવા
આ કંઇ દંતકથા નથી, આતો છે, વાણી શ્રી પ્રભુ તણી,
ગણ ગણ ગણાંત બોતે, આ ભજન પ્રિય સદ્દગુરુને

અનુવાદક : મહેન્દ્રભાઈ જે. જોષી,
વડોદરા.

: શ્રી ગજાનન મહારાજની આરતી :

જય દેવ જય દેવ જય સ્વામી ગણરાયા
ભાવે આરતી લેજો (૨) જનકલ્યાણાય.....જય દેવ

જય જય સચ્ચિત રૂપ છો, સ્વામી ગજાનન છો
ભૂમિ પર અવતરીયા (૨) મંદને ઉદ્ધારો....જય દેવ

નિર્ગુણ બ્રહ્મ સનાતન અવ્યય અવિનાશી
ચરને અચર આ જગમાં (૨) મૂર્તિ રહી બાકી....જય દેવ

તત્ તું સત્ય અસંશય શિવ તું સુંદર નામ
લીલા વિનોદ કાજે (૨) આવ્યા માનવ ધામ....જય દેવ

માયા ઢાંકણ રાખે કળવા કદી ન દે
ગણ ગણ ગણાંત બોતે (૨) નિત્ય ભજન તું વદે.....જય દેવ

બ્રહ્મ હરિ હર તું ગુરૂ સુખનું ધામ ગુરુ
દષ્ટિ અટકે જ્યાં જઇ (૨) ત્યાં નીરખે રે ગુરુ......જય દેવ



લીલા ઘણી બતાવી, બંકટ ભવન મહીં
વિના દેવતા સળગી (૨) ચલમમાં અગ્નિ નહીં....જય દેવ

સૂકા કૂવા ઉભરે, જેના મધુજળ નીસરે ખૂબ
બ્રહ્મગિરિનો ગર્વને (૨) દોષો ભાગ્યા દૂર...જય દેવ

આધિ વ્યાધિ નિવાર્યાં, દીધા ધનને ધાન્ય ઘણાં
વ્હાલા વિઠ્ઠલ દર્શન (૨) કરતાં રીઝે ભક્ત ઘણા....જય દેવ

ભવસાગરને તરવા નૌકા, હોજો તારા ચરણ
દાસગણૂના સ્વામી (૨) લેજો, ભાવ કરી આ કવન.....જય દેવ

અનુવાદક : ડૉ. જયદેવ અ. જાની
(વડોદરા)

: અ. દા. આઠવલે રચિત નમસ્કારાષ્ટકમ્:

લોકાન્ ભવો પહત સર્વ વિચાર શક્તીન્
અંન્ધાન્ ચ મોહતમસા મરણાભિ ભૂતાન્
ઉદ્દ તુંમેવ ધૃતમાનવ વિગ્રહં તં
શ્રીમદ્ ગજાનન ગુરૂં શિરસા નમામિ (૧)

સંસારને લીધે જેમની વિચાર શક્તિ ઢંકાઇ ગઇ છે તેવા, માનવ શરીર ધારણ કરનારા શ્રી ગજાનન ગરૂને હું મસ્તકથી નમું છું.

શાસ્ત્રેરના કક્ષિત મસ્તિ મહો યદીયં
સંબોધિતં શ્રુતિગણૈર્વચનેન નેતિ.
આવિર્બભૂવ સગુણાંત્વિહ તત્પરં તં
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ (૨)

શાસ્ત્રોવ્રડે જેનું તેજ કળી શકાયું નથી, તેવા, જેને શાસ્ત્રોએ નેતિ નેતિ (આ નહીં, આ નહીં) એ વચન વડે સંબોધ્યા છે. તેવા આ જગત ઉપરના, સગુણ રૂપે અવતરેલા શ્રી ગજાનન ગુરૂને હું મસ્તકથી નમું છું.

યદ્ દર્શનાદ્ ભવતિ ફુલ્લતરં હદબજં
અન્તર્દધાત્યુડુ ગણં મદમોહરૂપં
અજ્ઞાનધોર તિમિરસ્ય દિવાકરં તં
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ (૩)

જેમના દર્શનથી હૃદયકમળ બધુ ખીલે છે, અને મદ તેમજ મોહરૂપી નક્ષત્રસમૂહો અદશ્ય થઈ જાય છે તેવા, અજ્ઞાન રૂપી ઘોર અંધકારના સૂર્ય શ્રી ગજાનન ગુરુને મસ્તકથી હું નમું છું.



કુંઠં મનો ભવતિ યદ્ વિષયે વિચારે
મૂકાયતે ચ રસના સ્તવને પ્રવૃત્તા.
તં ભક્તિ ગમય મમૃતં ત્રિગુણૈરતીતં,
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ (૪)

જેમના વિષે વિચાર કરતાં મન કુંઠિત થઈ જાય છે. તેમજ સ્તુતિ કરતાં જીભ પણ મૂંગી થઈ જાય છે. તેવા, તે ભક્તિ વડે પમાતા અમર અને ત્રિગુણથી પર એવા શ્રી ગજાનન ગુરુને મસ્તકથી હું નમું છું.

સચ્ચિત્સુખં પરમમંગલમાત્મ રૂપં
જાગ્રત્સુષુપ્તિરહિતં સતતં તુરીયં.
ધ્યાન સ્પિતં પદનતાર્તિ વિનાશિનં તં
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ. (૫)

સચ્ચિદાનંદ સ્વરૂપ, પરમ મંગળધામ, આત્મસ્વરૂપ, જાગ્રત અને સુષુપ્તિ રહિત, સદા સમાધિસ્થ, ચરણોમાં નમનારા (ભક્તો) ના દુ:ખોનો નાશ કરનારા એવા શ્રી ગજાનન ગુરૂને મસ્તકથી હું નમું છું.

પાદોદકેન ખલુ યેન સુધામયેન
શ્રી જાનરાવ મરણં કૃપયાં નિરસ્તં.
માર્કંડસૂનું વરદં શિવરૂપિણં તં
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ. (૬)

અમૃત જેવા ચરણતીર્થથી જે મણે જાનરાવના મરણને કૃપા પૂર્વક દૂર કર્યું છે, માર્તંડ (પાટીલ)ના પુત્રને વરદાન આપનારા એવા શિવરૂપ શ્રી ગજાનન ગુરૂને મસ્તકથી હું નમું છું.

વાપી જલેન રહિતાપિ ચકાર પૂર્ણા,
યો વારિણા સુમધુરેણ નિજપ્રભાવાત્.
ભકત્યા ચ શુષ્ક–હૃદયં સજલં કરોતિ,
શ્રીમદ્ ગજાનન ગુરૂ શિરસા નમામિ. (૭)

જેમણે પોતાના પ્રભાવથી સૂકા કૂવાને મધુર જળથી ભરી દીધો, અને જે શુષ્ક હૃદયવાળા (નાસ્તિકો) ને ભક્તિથી સજળ કરે છે એવા શ્રી ગજાનન ગુરૂને મસ્તકથી હું નમું છું.

ભક્તિર્દઢાસ્તુ સતતં હૃદયે મહીયે,
મામે મનો ભવતુ મોહમયં કદાપિ.
શ્લોકૈશ્ચ વસ્તુરચિતૈર્ગણૂદાસ શિષ્યઃ
તં શ્રી ગજાનન ગુરૂ સધ્યં સ્તવીતિ (૮)

દૃઢભક્તિ સદા મારા હૃદયમાં રહેજો. મારું મન ક્યારેય મોહમાં ન પડે. તેવી (ગ્રંથના) વિષય વસ્તુવાળા શ્લોકો વડે. દાસગણૂનો શિષ્ય એવો હું દયાળુ એવા તે શ્રી ગજાનન ગુરૂનું સ્તવન કરુ છું.

અનુવાદક : ડૉ. જયદેવ અ. જાની
વડોદરા



: પ્રાર્થના ભજન :

આવ્યો આવ્યો શરણે તમારે હે ગજાનન સ્વામી (૨)
ધ્યાન દઇને સાંભળજો અરજી, હે રે અંતરયામી ............આવ્યો આવ્યો............ ધ્યાન
ઘટ ઘટમાં તું વ્યાપી રહ્યો છે, દયા કરજો સ્વામી............આવ્યો આવ્યો............ ધ્યાન
જ્યાં જ્યાં જાઉં દુ:ખડાપામું, પગ પગ ઠોકર ખાઉં..........આવ્યો આવ્યો............ ધ્યાન
મને ના મળતો કોઇ સહારો, આધાર એક જ તારો..........આવ્યો આવ્યો............ ધ્યાન
ભવસાગરમાં નાવ મારી ડોલમ ડોલા થાયે..................આવ્યો આવ્યો............ ધ્યાન
મોહબંધનમા હું અંધ બન્યો છું, મોક્ષનો માર્ગ બતાવો.......આવ્યો આવ્યો............ ધ્યાન
દીન દુ:ખીયાના બેલી તમે છો, વેગે વહારે ધાવા...........આવ્યો આવ્યો............ ધ્યાન
અનેકોને તમે ઉગાર્યા, ભવના બંધન કાપ્યા રે..............આવ્યો આવ્યો............ ધ્યાન
ભક્ત જનો સહુ વિનવે, તેને ના ઠુકરાઓ..................આવ્યો આવ્યો............ ધ્યાન
આવ્યો આવ્યો શરણે તમારે હે ગજાનન સ્વામી............આવ્યો આવ્યો............ ધ્યાન
ધ્યાન દઇને સાંભળજો અરજી હે રે અંતરયામી..............આવ્યો આવ્યો............ ધ્યાન

શ્રી મહેન્દ્રભાઈ જે. જોષી (વડોદરા)

શ્રી અનંતકોટી બ્રહ્માંડનાયક, મહારાજા ધિરાજ યોગીરાજ પરબ્રમ્હ સચ્ચિદાનંદ શેગાંવ
નિવાસી સમર્થ સદ્ગુરૂ શ્રી ગજાનન મહારાજની જય
શુભં ભવતુ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

### શ્રી ગજાનન જય ગજાનન

શ્રી ગજાનન સંત યોગી મહાન
ગણ ગણ ગણાંત જપે રાતદિન
જાઓ તમે કરી તેમના આવો દર્શન
નમન કરો પ્રેમે, નિત્ય જપો પ્રેમથી
નષ્ટ થાશે પાપ, શ્રીના નામ રટણથી
જશે દરિદ્ર તેમના નામ સ્મરણથી
યમ તણો ભય ના રહે કદાપી
ગયા વગર ફળ ના પામો કદાપી
જાતે જઇ શેગાંવ અનુભવ કરશો.
નગરી શેગાંવની શોભા જાતે નિહાળશો.
નમસ્કાર મારા તમે પ્રેમ સ્વીકારશો.

શ્રી મહેન્દ્રભાઈ જે. જોષી (વડોદરા.)







શ્રી ગુલાબરાવ મહારાજ



શ્રી સંત તુકારામ મહારાજ



શ્રી મહર્ષી વેદ વ્યાસ



શ્રી સંત જ્ઞાનેશ્વર મહારાજ



શ્રી સ્વામી સમર્થ, અક્કલકોટ



શ્રી સંત નરસી મેહતા

# આનંદસાગર



શ્રી ગજાનન મહારાજ મંદિર, શેગાંવ

